
# ષડશીતિ નામા ચતુર્થ કર્મગ્રંથ







સંપાદક : રસિકલાલ શાન્તિલાલ મહેતા (સુઈગામવાળા)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પૂ. આચાર્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

# ષડશીતિનામા ચતુર્થ કર્મગ્રંથ

-: મૂખ્ય દ્રવ્યસહાયક :-

પ. પૂ. આચાર્યદેવશ્રી **અરિહંતસિદ્ધસૂરીશ્વરજી** મ. સા. ના
આજ્ઞાવર્તિની પ. પૂ. **સાધ્વીશ્રી જ્યોતિપ્રભાશ્રીજી** મ. સા. ના
સુશિષ્યા પ. પૂ. **સાધ્વીશ્રી જયશીલાશ્રીજી** મ. સા. ની પ્રેરણાથી

-: સંપાદક :-

પં. રસિકલાલ શાન્તિલાલ મહેતા

(સુઈગામવાળા)

-: પ્રકાશક :-

શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન (સુરત)

C/o, શ્રેયસ કે. મર્ચન્ટ, નિશા.૧, ૧લે માળે,

કાજીનું મેદાન, તીનબત્તી, ગોપીપુરા, સુરત-૧.

# પ્રાપ્તિસ્થાન

આગમોદ્ધારક પ્રતિષ્ઠાન
C/o, શ્રેયસ કે. મર્ચન્ટ, નિશા.૧,
૧લે માળે, કાજીનું મેદાન, તીનબત્તી,
ગોપીપુરા, સુરત-૧.

પં. રસીકલાલ શાન્તિલાલ
૩૦૧, કુમુદચંદ્રકૃપા, સોની ફળીયા,
હિન્દુમિલન મંદિર પાસે,
સુરત-૩૯૫૦૦૧

ભૂરીબહેન કકલદાસ જૈન પાઠશાળા
ઓસવાળ મહોલ્લો, ગોપીપુરા, સુરત

| વિક્રમ સં. | વીર.સં. | સને |
|---|---|---|
| ૨૦૬૧ | ૨૫૩૧ | ૨૦૦૫ |

ચૈત્ર સુદ પાંચમ, તા. ૧૩-૪-૨૦૦૫

પ્રકાશન - આવૃત્તિ પહેલી

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતને અધ્યયનાર્થે ભેટ...

કિંમત રૂા. ૭૫-૦૦

: મુદ્રક :
ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩

# આ ગ્રંથ પ્રકાશનમાં પ્રાપ્ત થયેલ
# દ્રવ્ય સહાયતા

પ. પૂ. સા.શ્રી વસંતશ્રીજી મ. સા.ના શિષ્યા
પ. પૂ. સા. શ્રી જ્યોતિપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા
પ.પૂ.સા. શ્રી જયશીલાશ્રીજી મ.ની પ્રેરણાથી

| | |
|---|---|
| ૨૫૦૦૦/- | સિદ્ધિ-રિદ્ધિ શ્રી કુંથુનાથ જૈન તપગચ્છ સંઘ ભુરીબેન કકલદાસ અજબાણી આરાધના ભવન, (સંઘવી કોમ્પલેક્ષ)ની બહેનોની જ્ઞાનખાતાની થયેલ ઉપજમાંથી. |
| ૨૧૦૦૦/- | આદર્શ સોસાયટી જૈન તપગચ્છ સંઘ ભુરીબેન કકલદાસ અજબાણી આરાધના ભવન જૈનમ્ ઉપાશ્રયની આરાધક બહેનોની જ્ઞાનખાતાની થયેલ ઉપજમાંથી. |
| ૧૧૦૦૦/- | અઠવાલાઈન્સ જૈન સંઘની આરાધક બહેનોની થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી. |
| ૫૦૦૦ | સુશીલાબેન માણેકચંદ શાહ (બારડોલીવાળા) |
| ૨૦૦૦ | રક્ષાબેન રોહિતભાઈ ભાવ (ઘાટકોપર-મુંબઈ) |
| ૧૦૦૦ | પારૂલ વિજયભાઈ શાહ (ચેમ્બુર-મુંબઈ) |
| ૧૦૦૧ | મીનાબેન જગદીશભાઈ શાહ (સુરત) |
| ૧૦૦૦ | જશુબેન બિપીનભાઈ શાહ (નંદુરબારવાળા-સુરત) |
| ૧૦૦૦ | નયનાબેન નરેન્દ્રભાઈ શાહ (સુરત) |
| ૧૦૦૦ | આરાધક બહેનો (સુરત) |
| ૧૦૦૦ | વસુબહેન- જક્ષાબેન - ઉર્વશીબેન (સુરત) |

# એ ઉપકાર તમારો કદીય ન વિસરે

પ. પૂ. નીતિ-હર્ષ- મહેન્દ્ર -
મંગલપ્રભસૂરીશ્વરજી મ.સા.
વર્તમાન ગચ્છાધિપતિ પ. પૂ
આચાર્ય ભગવંતશ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સા.
સરળ સ્વાભાવી પ. પૂ. હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.
માતૃહૃદયા પ. પૂ. સાધ્વીશ્રી કંચનશ્રીજી મ.સા.
પ. પૂ. વિદુષી સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ.સા.
પ. પૂ. વિદુષી સાધ્વીશ્રી વસંતશ્રીજી મ.સા.
પ. પૂ. સાધ્વીશ્રી જ્યોતિપ્રભાશ્રીજી મ.સા.
પ. પૂ. સાધ્વીશ્રી પૂર્ણભદ્રાશ્રીજી મ.સા.
પ. પૂ. સાધ્વીશ્રી જયમાલાશ્રીજી મ.સા.
પ. પૂ. સાધ્વીશ્રી કિરણમાલાશ્રીજી મ.સા.
પ. પૂ. સાધ્વીશ્રી પ્રજ્ઞપ્તાશ્રીજી મ. સા.
પ. પૂ. સાધ્વીશ્રી વારિષેણાશ્રીજી મ.સા.
આદિના પુનિત કરકમલમાં સાદર સમર્પણ

લી :- આપની કૃપાકાંક્ષી સા.
જયશીલાશ્રી આદિ સપરિવાર

નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરીશ્વરેભ્યો નમઃ

# ગુરુ-ગુણ સ્તુતિ

વાંકાનેરની દિવ્યભૂમિ પર, ગુરુ નીતિસૂરિ ચમકી ગયા,
હર્ષસૂરિ ને મહેન્દ્રસૂરીશ્વર ગુરુની પાટ શોભાવી ગયા,
મંગલપ્રભસૂરિ પટ્ટપ્રભાવક, અરિહંતસિદ્ધસૂરિ શોભી રહ્યા,
સરળ સ્વભાવી હેમપ્રભસૂરિ, શિષ્ય પરિવારે શોભી રહ્યા. ૧

વાંકાનેરે જનમ લઈને, જે થયા નીતિસૂરિ,
આત્માકેરી નિશદિન કરી, સાધના શુદ્ધ ભૂરી,
દીધો ડંકો જગતભરમાં, ધર્મનો શ્રેયકારી,
હોજો એવા સુગુરુ ચરણે વંદના નિત્ય મારી. ૨

શ્વાસે શ્વાસે સિદ્ધાચલનું, ધ્યાન સદા ધરનારા,
કલિકાલમાં નિર્મોહી ગુરુ, ખાખી નામે પંકાયા,
પ્રવચનમાતા કેરી ગોદે, નિશદિન જે રમનારા,
મંગલમય મંગલ કરનારા, મંગલપ્રભસૂરિ ગુરુરાયા,
ભાવભીના અંતરથી નમીયે, અરિહંતસિદ્ધસૂરિ ગુરુરાયા. ૩

ઉગતી વયમાં સંસાર ત્યાગી, શાસન શાન બઢાઈ,
આત્મ સમર્પણ કેરી વાટે, જીવન જ્યોત જગાવી,
જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગમાં, જેણે જીવન નૈયા ઝુકાવી,
"વસંતશ્રીજી" ગુરુદેવ ચરણે વંદના હોજો અમારી. ૪

વં દ ના

# સંપાદકીય નિવેદન

અનાદિ સંસાર સાગરમાં જીવોના પરિભ્રમણના કારણરૂપ કર્મનું સ્વરૂપ અકળ અને અગમ્ય છે. છતાં સર્વજ્ઞ ભગવંતાએ કેવલજ્ઞાન દ્વારા જોએલા અને વર્ણવેલા તે કર્મોનું વિશદ વર્ણન ગણધર ભગવંતોએ આગમગ્રંથોમાં ગુંથ્યું છે.

આ અગાધ જ્ઞાનના સમુદ્રરૂપ શાસ્ત્રોમાં અલ્પબુદ્ધિ, અલ્પાયુષ્યવાળા જીવો અવગાહી શકે નહી - જાણી શકે નહી. તે સ્વરૂપને જાણવાની જીજ્ઞાસાવાળા જીવોના ઉપકાર માટે પૂર્વાચાર્યો-પૂર્વમહર્ષિઓએ કર્મ વિષયક અનેક ગ્રંથો બનાવ્યા છે.

તે પૂર્વાચાર્યોમાંના તપસ્વી હીરલા પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજાના **શિષ્ય પૂ. આ. ભગવંતશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા**એ નવ્ય પાંચ કર્મગ્રંથ બનાવ્યા છે.

જો કે પ્રાચીન કર્મગ્રંથો પણ પૂર્વાચાર્યોના બનાવેલા છે. તે હમણાં ગાથાર્થ સાથે પ્રકાશિત થયેલ છે. તેમજ નવ્ય કર્મગ્રંથો પણ વિવેચન સાથે **મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળ, પં. ભગવાનદાસભાઈ** તરફથી **પં. અમૃતલાલ પુરષોત્તમદાસ** તરફથી પ્રકાશિત થયેલ છે.

વળી આ નવ્ય કર્મગ્રંથ સવિસ્તૃત વર્ણન સાથે પં. શ્રી ધીરૂભાઈના અને પૂ. સાધ્વી શ્રી રમ્યગુણાશ્રીજી મહારાજના ઉપદેશથી પણ પ્રકાશિત થયેલ છે.

આ કર્મગ્રંથોમાં સપ્તતિકા કર્મગ્રંથ મહેસાણા સંસ્થા સિવાય કોઈનો પ્રકાશિત થયેલ નહી હોવાથી અને તે ગ્રંથમાં ભાંગાની ભિન્ન ભિન્ન સંખ્યા તથા તેના ઉપર સત્તાસ્થાનો અભ્યાસસકવર્ગને સરળતાથી સમજાય તો અધ્યયન કરવામાં સુલભતા રહે, તે ઉદ્દેશથી મેં પ્રથમ સપ્તતિકા કર્મગ્રંથનું સંપાદન કર્યું અને પ્રકાશિત કરવામાં આવ્યો.

ત્યારબાદ અભ્યાસ કરતાં પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોની વારંવારની માગણીથી શતક, બંધસ્વામિત્વ અને કર્મસ્તવકર્મગ્રંથના તે તે વિષયોને મૂખપાઠ કરી શકાય અને સરળતાથી સમજી શકાય તે અપેક્ષા રાખી તે ગ્રંથોનું પણ સંપાદન-પ્રકાશન કરાયું.

ત્યારબાદ તે કર્મગ્રંથના વિષયોનો અભ્યાસ કરાવતાં **પૂ. સા. શ્રી જયશીલાશ્રીજી મ.સા.** નાં **પૂ. સા. શ્રી મંગલવર્ધનાશ્રીજી મ. સાહેબ, પૂ. સા. શ્રી મૈત્રીવર્ધનાશ્રીજી મ. સા.** તથા **આનંદવર્ધનાશ્રીજી મ. સા.** આદિએ ષડશીતિનામા કર્મગ્રંથની વિસ્તૃત નોટ બનાવી અને અભ્યાસ દરમ્યાન અનેક સુધારા વધારા કરાવી વ્યવસ્થિત લખાણ કરાવ્યું.

ત્યારપછી તે લખાણ વાંચી તેમાં જરૂરી પાઠો ઉમેરી પ્રેસ મેટર તૈયાર કરાવ્યું. આ રીતે ગ્રંથનું વિવેચન તૈયાર કરવામાં **પૂ. મંગલવર્ધનાશ્રીજી મહારાજ**ની મહેનત અનુમોદનીય છે.

આ પ્રેસ મેટર તૈયાર થયા પછી અભ્યાસ દરમ્યાન પ. પૂ. આ.ભ. **શ્રી અશોકચન્દ્રસૂરીશ્વરજી મ. સા.**ના શિષ્ય **પૂ. સંયમચંદ્રવિજયજી મહારાજ** તથા **પૂ. તપાગચ્છાધિપતિ આ. ભ. શ્રી રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)**ના શિષ્ય આગમજ્ઞાતા પ.પૂ. આ. ભ. **શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.** ની પ્રેરણાથી પ. પૂ. મુનિરાજ **શ્રી વિનીતચંદ્રવિજયજી** મ. સાહેબે મેટર વાંચી યોગ્ય સૂચનો કરેલ. તે મુજબ પણ સુધારા વધારા કરેલ છે.

આ પ્રમાણે આ પુસ્તક તૈયાર કરવામાં તે સર્વનો અત્યંત ઋણી અને આભારી છું.

આ રીતે અભ્યાસ કરતા અનેક પૂ. સાધુ-સાધ્વીજી મ.સા. ના સહકારથી આ પુસ્તક તૈયાર થયેલ છે.

આ મેટર તૈયાર થયા પછી જલ્દીથી પ્રકાશિત થાય તે માટે **પૂ. સા. શ્રી જયશીલાશ્રીજી મ. સાહેબ**ના ઉપદેશથી આર્થિક સહકાર મળેલ છે અને તેથી જ આ ગ્રંથ જલ્દીથી પ્રકાશિત થઈ શકેલ છે. આમ પૂ. સા. શ્રી **જયશીલાશ્રીજી** મ. સા. અને આર્થિક સહકાર આપનાર સર્વ દાતાઓનો પણ આભારી છું.

કર્મ સાહિત્યનું અધ્યયન અને ચિંતવન શ્રાવકવર્ગ ગૃહસ્થવર્ગ કરી શકે તે રીતે આ લખાણ તૈયાર કરવામાં આવેલ છે. તો શ્રાવક-શ્રવિકાવર્ગ પણ આ ગ્રંથ ભણે તેવી અપેક્ષા છે.

આ રીતે આ પુસ્તક તૈયાર કરવામાં આર્થિક સહકારમાં અને પ્રકાશન કરવામાં જે કોઈનો પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર પ્રાપ્ત થયો છે તે સર્વનો આ ક્ષણે ઉપકાર અને આભાર વ્યક્ત કરું છું.

આ ગ્રંથ પ્રકાશન કરવામાં પ્રકાશન અંગેની અન્ય વ્યવસ્થા પૂ. **પૂર્ણચંદ્રસાગરજી મ.સાહેબ**ના ઉપદેશથી શ્રી આગમોદ્ધારક સંસ્થાએ સ્વીકારી હોવાથી ગ્રંથ પ્રકાશિત કરવામાં સુગમતા પ્રાપ્ત થઈ છે. તેથી પૂજ્યશ્રીનો અને સંસ્થાનો આભારી છું.

આ ગ્રંથના લખાણમાં જિનાજ્ઞા વિરૂદ્ધ થયેલ ક્ષતિની ક્ષમાયાચના પૂર્વક અભ્યાસકવર્ગને ક્ષતિ તરફ ધ્યાન દોરવા અથવા કંઈ પણ સુધારો-વધારો કરવા જેવું હોય તે જણાવવા આગ્રહપૂર્વક વિનંતી છે.

**૩૦૧, કુમુદચંદ્ર કૃપા, સોની ફળીયા**
**હિન્દુ મિલન મંદિર પાસે, સુરત** **રસિકલાલ શાન્તિલાલ મહેતા**
**વિક્રમ સંવત્ ૨૦૬૧, ચૈત્ર સુદ ૫**

## શુદ્ધિપત્રક

| પેજ નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૯ | ૨૪ | કવલાહારા | કવલાહાર |
| ૫૬ | ૨ | तेरस | तेर |
| ૬૪ | ૧૮ | અપયાપ્ત | અપર્યાપ્ત |
| ૭૩ | ૧૧ | ગાથા ૨ની વૃત્તિ | ગાથા ૩૨ની વૃત્તિ |
| ૧૦૧ | ૯ | દેશવિ૦ " | દેશવિ૦થી |
| ૧૨૬ | ૧૭ | पच्यइया | पच्चइया |
| ૧૨૬ | ૧૯ | पच्यइया | पच्चइया |
| ૧૭૨ | ૨૪ | ભંગો | ભાંગો |
| ૧૭૪ | ૨૮ | -------- | ૩ ૩ ૩ ૩ ૧ |

# મૂળ ગાથાઓ

नमिय जिणं जियमग्गण-गुणठाणुवओगजोगलेसाओ ॥
बंधप्पबहूभावे, संखिज्जाइ किमवि वुच्छं ॥१॥
नमिय जिणं वत्तव्वा, चउदस जिअठाणएसु गुणठाणा ।
जोगुवओगो लेसा, बंधुदओदीरणा सत्ता ॥ १ ॥
तहमूलचउदमग्गण-ठाणेसु बासट्ठि उत्तरेसु च ।
जिअगुणजोगुवओगा लेसप्पबहुं च छट्ठाणा ॥ २ ॥
चउदसगुणेसुजिअ-जोगुवओग लेसा य बंधहेऊ य ।
बंधाइ चउ अप्पा, बहुं च तो भावसंखाई ॥ ३ ॥
इह सुहुमबायरेगिंदि-बितिचउअसन्निसन्नि पंचिंदी ।
अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियठाणा ॥२॥
बायरअसन्निविगले, अपज्जि पढमबिअसन्निअपजत्ते ।
अजयजुअ सन्निपज्जे, सव्वगुणा मिच्छ सेसेसु ॥३॥
अपजत्तछक्कि कम्मुरल-मीसजोगा अपज्जसंनीसु।
ते सविउव्वमीस एसु, तणुपज्जेसु उरलमन्ने॥ ४ ॥
सव्वे सन्निपजत्ते, उरलं सुहुमे सभासु तं चउसु ।
बायरि सविउव्विदुगं, पज्जसन्निसु बार उवओगा ॥५॥
पज्ज चउरिंदि असन्निसु, दुदंस दुअनाण दससु चक्खु विणा।
संनि अपज्जे मणनाण-चक्खु-केवलदुगविहुणा॥ ६॥
सन्नि दुगि छलेस, अपजबायरे पढम चउ ति सेसेसु।
सत्तट्ठ बंधुदीरण, संतुदया अट्ठ तेरससु ॥ ७॥
सत्तट्ठछेगबंधा, संतुदया सत्त अट्ठ चत्तारि।
सत्तट्ठछपंचदुगं, उदीरणा सन्निपज्जत्ते॥ ८॥
गइ इंदिए य काए, जोए वेए कसायनाणे य ।
संजम दंसण लेसा, भवसम्मे सन्निआहारे ॥ ९॥

सुरनरतिरिनिरयगई, इगबियतियचउपणिंदि छक्काया।
भूजलजलणानिलवणतसा य मणवयणतणुजोगा॥ १०॥
वेय नरित्थि नपुंसा, कसाय-कोह-मय-माय-लोभत्ति ।
मइसुयवहिमणकेवल-विभंगमइसुअनाणसागारा ॥११॥
सामाइय छेय परिहार, सुहूम अहखाय देस जय अजया ।
चक्खु अचक्खु ओही, केवल दंसण अणागारा ॥ १२॥
किण्हा नीला काउ, तेऊ पम्हा य सुक्क भव्वियरा ।
वेयग खइगुवसम मिच्छ, मीस सासाण सन्नियरे ॥१३॥
आहारेयर भेया, सुरनरयविभंगमइसुओहिदुगे ।
सम्मत्ततिगे पम्हा, सुक्कासन्नीसु सन्निदुगं ॥१४॥
तमसन्निअपज्जजुयं, नरे सबायर अपज्ज तेउए।
थावर इगिंदि पढमा, चउ बार असन्नि दुदु विगले॥ १५॥
दस चरिम तसे अजयाहारगतिरितणुकसायदुअन्नाणे ।
पढमतिलेसाभवियर अचक्खुनपुमिच्छि सव्वे वि ॥१६॥
पजसन्नी केवलदुगे, संजममणनाण देसमणमीसे ।
पण चरिम पज्ज वयणे, तिय छ व पज्जियर चक्खुंमि ॥१७॥
थीनरपणिंदि चरमा चउ, अणहारे दु सन्नि छ अपज्जा ।
ते सुहुम अपज्ज विणा, सासणि इत्तो गुणे वुच्छं ॥१८॥
पण तिरि चउ सुरनिरए, नरसंनिपणिंदिभव्वतसि सव्वे ।
इगविगलभूदगवणे, दु दु एगं गइतसअभव्वे ॥१९॥
वेय तिकसाय नव दस, लोभे चउ अजय दु ति अनाणतिगे ।
बारस अचक्खुचक्खुसु, पढमा अहखाइ चरम चऊ ॥ २०॥
मणनाणि सग जयाई, सामाइयछेय चउ दुन्नि परिहारे ।
केवलदुगि दो चरमा-जयाइ नव मइ सुओहिदुगे ॥ २१॥
अड उवसमि चउ वेअगि, खइए इक्कारमिच्छतिगि देसे।
सुहुमे य सठ्ठाणं तेरस, जोगे आहार सुक्काए॥ २२॥

असन्निसु पढमदुगं, पढमतिलेसासु छच्च दुसु सत्त ।
पढमंतिमदुगअजया, अणहारे मग्गणासु गुणा॥ २३॥
सच्चेअर मीस असच्चमोस मण वइ विउव्विआहारा॥
उरलं मीसा कम्मण, इय जोगा कम्ममणहारे॥ २४॥
नरगइ पणिंदि तस तणु, अचक्खु नर नपु कसाय सम्मदुगे।
सन्नि छलेसाहारग, भव मइसुओहिदुगि सव्वे॥ २५॥
तिरि इत्थि अजय, सासण, अन्नाण उवसम अभव्व मिच्छेसु।
तेराहारदुगूणा, ते उरलदुगूण सुरनिरए॥ २६॥
कम्मुरलदुगं थावरि, ते सविउव्विदुग पंच इगि पवणे।
छ असन्नि चरमवइजुय, ते विउव्विदुगूण चउ विगले॥ २७॥
कम्मुरलमीस विणु मण, वइ समइय छेय चक्खु मणनाणे।
उरलदुगकम्मपढमंतिममणवइ केवलदुगंमि ॥ २८॥
मणवइउरला परिहारि, सुहुमि नव ते उ मीसि सविउव्वा।
देसे सविउव्विदुगा, सकम्मुरलमिस अहखाए॥ २९॥
तिअनाण नाण पण चउ, दंसण बार जिअलक्खणुवओगा।
विणु मणनाण दुकेवल, नव सुरतिरिनिरयअजएसु॥ ३०॥
तस जोअ वेअ सुक्का-हार नर पणिंदि सन्नि भवि सव्वे।
नयणेअर पणलेसा, कसाय दस केवलदुगूणा॥ ३१॥
चउरिंदिअसन्निदुअन्नाण दुदंस इगबिति थावरि अचक्खु।
तिअनाणदंसणदुगं अनाणतिगि अभव्वि मिच्छदुगे॥ ३२॥
केवलदुगे नियदुगं, नव तिअनाण विणु खइयअहक्खाए ।
दंसणनाणतिगं देसि मीसि अन्नाण मीसं तं ॥ ३३ ॥
मणनाण चक्खुवज्जा, अणहारि तिन्नि दंसणचउनाणा ।
चउनाणसंजमोवसम-वेयगे ओहिदंसे य ॥ ३४ ॥
दो तेर तेर बारस, मणे कमा अट्ठ दु चउ चउ वयणे ।
चउ दु पण तिन्नि काये, जिअगुणजोगुवओगन्ने ॥ ३५ ॥

छसु लेसासु सठाणं, एगिंदि असन्निभूदगवणेसु ।
पढमा चउरो तिन्नि उ, नारयविगलग्गिपवणेसु ॥ ३६ ॥
अहक्खायसुहुमकेवल-दुगि सुक्का छावि सेसठाणेसु ।
नरनिरयदेवतिरिया, थोवा दु असंखणंतगुणा ॥ ३७ ॥
पण चउ ति दु एगिंदी, थोवा तिन्नि अहिआ अणंतगुणा ।
तस थोव असंखग्गी, भूजलनिलअहियवणणंता ॥ ३८ ॥
मणवयणकायजोगी, थोवा असंखगुण अणंतगुणा ।
पुरिसा थोवा इत्थी, संखगुणाणंतगुण कीवा ॥ ३९ ॥
माणी कोही माई लोभी अहिय मणनाणिणो थोवा ।
ओहि असंखा मइसुय, अहिअ सम असंख विब्भंगा ॥ ४० ॥
केवलिणो णंतगुणा,मइसुयअन्नाणि णंतगुण तुल्ला ।
सुहुमा थोवा परिहार, संख अहक्खाय संखगुणा ॥ ४१ ॥
छेय समइय संखा, देस असंखगुण णंतगुणा अजया ।
थोव असंख दुणंता, ओहि नयण केवल अचक्खु ॥ ४२ ॥
पच्छाणुपुव्वि लेसा , थोवा दो संख णंत दो अहिया ।
अभवियर थोव णंता, सासण थोवोवसम संखा ॥ ४३ ॥
मीसा संखा वेयग, असंखगुण खइय मिच्छ दु अणंता ।
सन्नियर थोव णंता, णहार थोवेयर असंखा ॥ ४४ ॥
सव्वजिअट्ठाण मिच्छे, सग सासणि पण अपज्ज सन्निदुगं ।
सम्मे सन्नी दुविहो, सेसेसुं सन्निपज्जत्तो ॥ ४५॥
मिच्छदुगि अजइजोगाहारदुगूणा अपुव्वपणगे उ।
मणवइउरलं सविउव्व, मीसि सविउव्वदुग देसे ॥ ४६॥
साहारदुग पमत्ते, ते विउव्वाहार मीस विणु इयरे ।
कम्मुरलदुगंताइममणवयण सजोगि न अजोगी ॥ ४७ ॥
तिअनाण दुदंसाइमदुगे अजइ देसि नाणदंसणतिगं ॥
ते मीसि मीसा समणा जयाइ केवलदुअंतदुगे ॥ ४८ ॥

सासणभावे नाणं विउव्वाहारगे उरलमिस्सं ।
नेगिंदिसु सासाणो, नेहाहिगयं सुयमयं पि ॥ ४९ ॥
छसु सव्वा तेउतिगं, इगि छसु सुक्का अजोगि अल्लेसा ।
बंधस्स मिच्छ अविरइ, कसाय जोग त्ति चउ हेऊ ॥ ५० ॥
अभिगहियमणभिगहिया-भिनिवेसियसंसइयमणाभोगं ।
पण मिच्छ बार अविरइ, मणकरणानियमु छजियवहो ॥ ५१ ॥
नव सोल कसाया पनर, जोग इय उत्तरा उ सगवन्ना।
इग चउ पण तिगुणेसु, चउतिदुइगपच्चओ बंधो॥ ५२ ॥
चउ मिच्छ मिच्छअविरइ-पच्चइया साय सोल पणतीसा।
जोग विणु तिपच्चइया-हारगजिणवज्ज सेसाओ॥ ५३ ॥
पणपन्न पन्ना तिअछहिअ - चत्तगुणचत्त छचउदुगवीसा ।
सोलस दस नव नव सत्त हेउणो न उ अजोगिंमि ॥ ५४॥
पणपन्न मिच्छिहारग दुगूण सासाणि पन्न मिच्छविणा।
मीसदुगकम्मअण विणु तिचत्त मीसे अह छचत्ता॥ ५५ ॥
सदुमिस्सकम्म अजए, अविरइकम्मुरलमीसबिकसाए।
मुत्तु गुणचत्त देसे, छवीस साहारदु पमत्ते॥ ५६ ॥
अविरइ इगार तिकसाय, वज्ज अपमत्ति मीसदुगरहिआ।
चउवीस अपुव्वे पुण, दुवीस अविउव्वियाहारे॥ ५७॥
अछहास सोल बायरि, सुहुमे दस वेअसंजलणति विणा।
खीणुवसंति अलोभा, सजोगि पुव्वुत्त सग जोगा॥ ५८ ॥
अपमत्तंता सत्तट्ठ, मीस अपुव्व बायरा सत्त।
बंधइ छस्सुहुमो एगमुवरिमा बंधगाजोगी ॥ ५९ ॥
आसुहुमं संतुदए, अट्ठ वि मोह विणु सत्त खीणंमि।
चउ चरिमदुगे अट्ठ उ, संते उवसंति सत्तुदए॥ ६० ॥
उइरंति पमत्तंता, सगट्ठ मीसट्ठ वेयआउ विणा।
छग अपमत्ताइ तओ, छ पंच सुहुमो पणुवसंतो॥ ६१ ॥

उइरंति पमत्तंता, सगट्ठ मीसट्ठ वेयआउ विणा।
छग अपमत्ताइ तओ, छ पंच सुहुमो पणुवसंतो॥ ६१॥
पण दो खीण दु जोगी, णुदीरगु अजोगी थोव उवसंता।
संखगुण खीण सुहुमानियट्टिअपुव्व सम अहिया॥ ६२॥
जोगि अपमत्त इयरे, संखगुणा देससासणा मीसा।
अविरइ अजोगिमिच्छा, असंख चउरो दुवेणंता॥ ६३॥
उवसमखयमीसोदय-परिणामा दु नव ट्ठार इगवीसा ।
तिअभेअ सन्निवाइय, सम्मं चरणं पढमभावे ॥ ६४॥
बीए केवलजुअलं, सम्मं दाणाइलद्धि पण चरणं ।
तइए सेसुवओगा, पण लद्धी सम्मविरइदुगं ॥ ६५ ॥
अन्नाणमसिद्धत्ता-संजमलेसाकसायगइवेया ।
मिच्छं तुरिए भव्वा-भव्वत्तजिअत्तपरिणामे ॥ ६६ ॥
चउ चउगइसु मीसग, परिणामुदएहिं चउ सखइएहिं ।
उवसमजुएहिं वा चउ, केवलिपरिणामुदयखइए ॥ ६७॥
खयपरिणामि सिद्धा, नराण पण जोगुवसमसेढीए ।
इय पनर सन्निवाइयभेया वीसं असम्भविणो ॥ ६८ ॥
मोहेव समो मीसो, चउ घाइसु अट्ठकम्मसु य सेसा ।
धम्माइ पारिणामियभावे खंधा उदइए वि ॥ ६९ ॥
सम्माइ चउसु तिग चउ भावा चउ पणुवसामगुवसंते ।
चउ खीणापुव्वे तिन्नि, सेसगुणठाणगेगजिए ॥ ७० ॥
संखिज्जेगमसंखं, परित्तजुत्तनियपयजुयं तिविहं ।
एवमणंतं पि तिहा, जहन्नमज्झुक्कसा सव्वे ॥ ७१॥
लहु संखिज्जं दुच्चिअ, अओ परं मज्झिमं तु जा गुरुअं ।
जंबुद्दीवपमाणय, चउ पल्लपरूवणाइ इमं ॥ ७२॥
पल्लाणवट्ठियसलाग पडिसलागमहासलागक्खा ।
जोयणसहसोगाढा सवेईयंता ससिहभरिया ॥ ७३॥

ता दीवुदहिसु इक्किक्क सरिसवं खिवियनिट्ठिए पढमे ।
पढमं व तदंतं चिय, पुण भरिए तंमि तह खीणे ॥७४॥
खिप्पइ सलागपल्लेगु सरिसवो इय सलागखवणेणं ।
पुन्नो बीओ अ तओ, पुव्वंपिव तंमि उद्धरिए ॥ ७५॥
खिणे सलागतइए, एवं पढमेहिं बीअयं भरसु ।
तेहिं तइअं तेहि य, तुरिअं जा किर फुडा चउरो ॥ ७६ ॥
पढमतिपल्लुद्धरिआ, दीवुदही पल्ल चउ सरिसवा य ।
सव्वो वि एगरासी, रूवूणो परमसंखिज्जं ॥ ७७ ॥
रूव जुअं तु परित्ता संखं लहु अस्स रासि अब्भासे ।
जुत्तासंखिज्जं लहु, आवलिआ समय परिमाणं ॥ ७८ ॥
बितिचउपंचमगुणणे कमा सगासंख पढमचउसत्ता ।
णंता ते रूवजुआ, मज्झा रूवूण गुरु पच्छा ॥ ७९॥
इय सुत्तुत्तं अन्ने वग्गिअमिक्कसि चउत्थयमसंखं ।
होइ असंखासंखं लहु रूवजुयं तु तं मज्झं ॥ ८० ॥
रूवूणमाइमं गुरु, तिवग्गिउं तत्थिमे दसक्खेवे ।
लोगागासपएसा, धम्माधम्मेगजिअदेसा ॥ ८१ ॥
ठिइबंधज्झवसाया, अणुभागा जोगच्छेयपलिभागा ।
दुण्ह य समाण समया, पत्तेअ निगोअए खिवसु ॥ ८२ ॥
पुण तंमि तिवग्गियए, परित्तणंत लहु तस्स रासीणं ।
अब्भासे लहु जुत्ताणंतं अभव्वजिअमाणं ॥ ८३ ॥
तव्वग्गे पुण जायइ, णंताणंत लहु तं च तिक्खुत्तो ।
वग्गसु तहवि न तं होइ, णंत खेवे खिवसु छ इमे ॥ ८४ ॥
सिद्धा निगोअजीवा, वणस्सई काल पुग्गला चेव ।
सव्वमलोगनहं पुण, तिवग्गिउं केवलदुगंमि ॥ ८५ ॥
खित्ते णंताणंतं, हवेइ जिट्ठं तु ववहरइ मज्झं ।
इय सुहुमत्थविआरो, लिहिओ देविंदसूरीहिं ॥ ८६ ॥

卐卐卐卐卐

# અ...નુ...ક્ર...મ...ણિ...કા


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ગાથા |
|---|---|---|---|
| ૧ | મંગલાચરણ, દ્વારગાથા, દ્વારો | ૧ | ૧ |
| ૨ | જીવસ્થાનકને વિષે આઠ દ્વારો | ૮ | ૨ થી ૮ |
| ૩ | જીવસ્થાનકને વિષે દ્વાર યંત્ર | ૨૭ | |
| ૪ | ૧૪ મૂળ અને ૬૨ ઉત્તર માર્ગણાની સમજુતી | ૨૮ | ૯, ૧૦ |
| ૫ | માર્ગણા ઉપર દ્વારો અને યંત્રો | ૩૧ | ૧૧ થી ૪૫ |
| ૬ | માર્ગણાનું વિશેષ માપ (પ્રમાણ) | ૯૮ | |
| ૭ | ૧૪ ગુણસ્થાનક વિષે જીવભેદ, યોગ, ઉપયોગ | ૧૦૪ | ૪૬ થી ૪૮ |
| ૮ | કર્મગ્રંથકાર અને સિદ્ધાન્તકારાદિના મતાન્તરો | ૧૧૦ | ૪૯ |
| ૯ | ગુણસ્થાનકને વિષે લેશ્યા, મૂળ અને ઉત્તર બંધહેતુ | ૧૨૨ | ૫૦ થી ૫૪ |
| ૧૦ | ગુણસ્થાનકોને વિષે બંધહેતુ અને ભાંગા | ૧૨૯ | ૫૫ થી ૫૮ |
| ૧૧ | ગુણસ્થાનકને વિષે બંધસ્થાનકાદિ દ્વારો | ૧૬૧ | ૫૯ થી ૬૨ |
| ૧૨ | અનિત્ય ગુણસ્થાનકોના એકસંયોગી આદિ ભાંગા | ૧૬૮ | |
| ૧૩ | અનિત્ય ગુણસ્થાનકને વિષે એક-અનેકાદિના ભાંગા | ૧૭૪ | |
| ૧૪ | એક જીવાશ્રયી ગુણનો નિરંતરકાળ, પ્રાપ્તિ વિરહકાળ | ૧૭૯ | |
| ૧૫ | અનેક જીવાશ્રયી ગુણનો નિરંતરકાળ, પ્રાપ્તિ વિરહકાળ | ૧૮૧ | |
| ૧૬ | ગુણસ્થાનકોને વિષે દ્વાર યંત્ર, અલ્પબહુત્વાદિ | ૧૮૩ | ૬૩ |
| ૧૭ | પાંચ ભાવનું વર્ણન, ભાંગા | ૧૮૫ | ૬૪, ૬૫, ૬૬ |
| ૧૮ | આઠ કર્મને વિષે, છ દ્રવ્યને વિષે, પાંચ ભાવ | ૧૯૪ | ૬૭ થી ૬૯ |
| ૧૯ | એક જીવ, અનેક જીવ આશ્રયી ગુણમાં ભાવ | ૨૦૧ | ૭૦ |
| ૨૦ | ગુણમાં પાંચ ભાવનું યંત્ર | ૨૦૩ | ૭૧ થી ૮૦ |
| ૨૧ | સંખ્યાતાદિનું સ્વરૂપ -મતાન્તર સાથે | ૨૦૮ | ૮૧ થી ૮૬ |
| ૨૨ | ઉપશમસમ્યકત્વાદિ ઉપર યંત્રો | ૨૩૩ | |

श्रीनागेश्वर पार्श्वनाथाय नमः
શ્રીમહાવીરસ્વામિને નમઃ
શ્રીગૌતમસ્વામિને નમઃ

# ષડશીતિ નામા ચતુર્થ કર્મગ્રંથ

## મંગલાચરણ અને અભિધેય

**नमिय जिणं जियमग्गण,-गुणठाणुवओग जोग लेसाओ ।**
**बंधप्प बहुभावे, संखिज्जाई किमवि वुच्छं ॥१॥**

**नमिय** - નમસ્કાર કરીને
**जिणं** - જિનેશ્વરને
**अप्पबहू** - અલ્પબહુત્વ
**किमवि** - કંઈક (સ્વરૂપ)

**અર્થ :-** જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને જીવસ્થાનક, માર્ગણાસ્થાનક, ગુણસ્થાનક, ઉપયોગ, યોગ, લેશ્યા, બંધ, અલ્પબહુત્વ, પાંચભાવો, અને સંખ્યાતાદિનું કંઈક સ્વરૂપ હું કહીશ (૧)

**વિવેચન :-** પ્રથમના ત્રણ કર્મગ્રંથની જેમ પૂજ્ય દેવેન્દ્રસૂરીશ્વરજીએ આ ષડશીતિ નામનો ચોથો કર્મગ્રંથ બનાવ્યો છે. પ્રથમના ત્રણ કર્મગ્રંથોનો અભ્યાસ થયા પછી તેના વિશે વધુ ઉંડાણથી માહિતીની પ્રાપ્તિ માટે આ ચોથો કર્મગ્રંથ છે. આ ગ્રંથની ૮૬ ગાથા હોવાથી તેનું 'ષડશીતિ' એવું નામ આપવામાં આવેલ છે. તથા અભ્યાસ કરતી વખતે ત્રણ કર્મગ્રંથ પછી આ ભણવો સુગમ બને માટે ''ચતુર્થ કર્મગ્રંથ'' પણ કહેવાય છે.

દરેક ગ્રંથની પ્રથમ ગાથામાં અનુબંધ ચતુષ્ટ્ય કહેવામાં આવે તેમ આ ગ્રંથમાં પણ આ પ્રમાણે છે. આ મહાન ગ્રંથ રચવામાં કોઈ વિઘ્ન ન આવે માટે 'નમિઅ જિણં' પદથી **મંગલાચરણ.** કર્યું છે. ''જિઅમગ્ગણથી સંખિજ્જાઈ'' સુધીના પદથી **વિષય** બતાવ્યો છે. ''કિમવિ'' પદથી આ ગ્રંથનો અન્ય આગમગ્રંથો સાથે **સંબંધ** બતાવ્યો છે જે આગમ ગ્રંથોમાં આ વિષયનું વર્ણન વિસ્તારથી છે. પરંતુ અલ્પાયુષ્ય અને અલ્પ બુદ્ધિવાળા આ યુગના જીવો તે વિસ્તારને પામી ન શકે માટે આ ગ્રંથમાં સંક્ષેપથી તે વિષય બતાવ્યો છે. માટે આ ગ્રંથનો સંબંધ તે ગ્રંથો સાથે છે. **પ્રયોજન** ઉપલક્ષણથી સમજવું. આ રીતે પહેલી ગાથામાં અનુબંધ ચતુષ્ઠય કહેલ છે.

પ્રથમ ગાથામાં જે દશ દ્વારો બતાવ્યા છે. તેના ક્રમની વિચારણા કરવી જોઈએ તેથી તેનો ઉપન્યાસ ક્રમ વિચારાય છે. જે કારણ સહિત આ પ્રમાણે છે.

(૧) માર્ગણાસ્થાન, ગુણસ્થાનક વગેરે જીવોના ભેદો વિના જાણી શકાય નહિ માટે સૌ પ્રથમ **જીવસ્થાનક** મૂક્યું.

(૨) જીવોનું વિસ્તારથી નિરૂપણ કરવું હોય, ભેદ પ્રતિભેદથી જાણવું હોય તો ૬૨ માર્ગણા વડે જ જાણી શકાય માટે બીજું **માર્ગણાસ્થાનક** છે.

(૩) માર્ગણામાં વર્તતા જીવો કોઈ પણ ગુણસ્થાનકથી યુક્ત હોય તે જણાવવા ત્રીજું **ગુણસ્થાનક** દ્વાર છે.

(૪) ચૌદે ગુણસ્થાનકો ઉપયોગ યુક્ત જીવને જ હોય, અજીવને નહિ માટે ચોથું **ઉપયોગ** દ્વાર છે.

(૫) ઉપયોગવાળા જીવો જ મન, વચન, અને કાય યોગને પ્રવર્તાવે છે. તેથી પાંચમું **યોગ** દ્વાર છે.

(૬) યોગ દ્વારા ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોમાં લેશ્યા દ્વારા જ રસબંધ અને સ્થિતિબંધ થાય માટે છઠ્ઠું **લેશ્યા** દ્વાર છે.

(૭) લેશ્યાના ભાવથી પરિણામ પામેલા જીવો આઠે કર્મના બંધ,

ઉદય, ઉદીરણા અને સત્તા પ્રાપ્ત કરે છે માટે સાતમું **બંધાદિ** દ્વાર છે.

(૮) કર્મોના તીવ્ર-મંદ અને મધ્યમ બંધના કારણે જીવો અલ્પ કે બહુ હોય તેથી આઠમું **અલ્પબહુત્વ** દ્વાર છે.

(૯) અલ્પબહુરૂપે વર્તતા જીવો ઔપશમિક આદિ કોઈ ભાવથી યુક્ત હોય માટે નવમું **ભાવ** દ્વાર છે.

(૧૦) પાંચે ભાવોમાં વર્તતા જીવો સંખ્યાતા આદિ કોઈ એક આંકથી નિયત હોય તે જણાવવા દસમું **સંખ્યાતાદિ** દ્વાર છે.

આ પ્રમાણે કુલ દશ દ્વાર છે. પણ ગ્રંથના વિષયને વધારે સ્પષ્ટ કરવા માટે ત્રણ ગાથા પ્રક્ષેપની (વધારાની) મૂકેલી છે. જે જીવવિજયજીકૃત ટબામાં આપેલ છે તેથી ગ્રંથને ત્રણ વિભાગમાં વહેંચી આપ્યો છે.

તેમાં પ્રથમ વિભાગમાં **જીવસ્થાનક** સમજાવી તેની ઉપર ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા, અને સત્તા એમ આઠ દ્વાર કહેવાશે.

પછી બાસઠ માર્ગણા ઉપર જીવસ્થાનક, ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા અને અલ્પબહુત્વ એમ છ દ્વાર કહેવાશે.

છેલ્લે ચૌદ ગુણસ્થાનકને વિશે જીવસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધહેતુ, બંધાદિચાર, અલ્પબહુત્વ, પાંચ ભાવ અને સંખ્યાતાદિનું સ્વરૂપ એમ કુલ ૧૨ દ્વાર કહેવાશે આ પ્રમાણે આ ત્રણ વિભાગમાં ૨૬ દ્વારો સમજાવાશે.

**જીવસ્થાનક** ઉપર આઠ દ્વાર ગાથા દ્વારા કહેવાય છે.

**नमिय जिणं वत्तव्वा, चउदस जिअठाणएसु गुणठाणा ।**
**जोगुवओग लेसा, बंधुदओदीरणा सत्ता ॥१॥**

**અર્થ :-** જિનેશ્વરભ૰ને નમસ્કાર કરીને ચૌદ જીવસ્થાનકને વિષે ગુણઠાણા, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા, અને સતા એમ આઠ દ્વાર કહેવાશે.

**માર્ગણાસ્થાનક** ઉપર ૭ દ્વારની ગાથા

**तहमूल चउद मग्गण, ठाणेसु बासट्ठि उत्तरेसुंच ।**
**जिअगुण जोगुवओगा, लेसप्पबहुंच छट्ठाणा ॥२॥**

**અર્થ :-** તેમજ ચૌદ મૂળ માર્ગણા અને ઉત્તર બાસઠ માર્ગણાને વિશે જીવસ્થાનક, ગુણસ્થાનક, યોગ, ઉપયોગ લેશ્યા, અને અલ્પબહુત્વ એમ ૭ દ્વારો કહેવાશે.

**ગુણસ્થાનક** ઉપર ૧૨ દ્વારની ગાથા

**चउदस गुणेसु जिअ, जोगुवओग लेसा य बंधहेऊ य ।**
**बंधाइ चउ अप्पा, बहुंचतो भाव संखाई ॥३॥**

**અર્થ :-** ચૌદ ગુણસ્થાનકોને વિશે જીવસ્થાનક, યોગ, ઉપયોગ લેશ્યા, બંધહેતુ, બંધાદિ ચાર, અલ્પબહુત્વ, ભાવ અને સંખ્યાતાદિનું સ્વરૂપ કહેવાશે.

હવે પ્રથમ **ચૌદ જીવસ્થાનક** કહે છે.

**इह सुहुम बायरेगिंदि, बितिचउ असन्नि सन्नि पंचिंदी ।**
**अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियठाणा ॥२॥**

**શબ્દાર્થ**

| | | |
|---|---|---|
| **इह** - અહિ | **बितिचउ** - બેઈન્દ્રિય | **कमेण** - અનુક્રમે |
| **सुहुम** - સૂક્ષ્મ | તેઈન્દ્રિય ચઉરિન્દ્રિય | **चउदस** - ચૌદ |
| **बायर** - બાદર | **असन्नि** - અસંજ્ઞી | |

**અર્થ :-** અહિ સૂક્ષ્મ - બાદર એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અસંજ્ઞી-સંજ્ઞી પંચેન્દ્રિય આ સાત અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ અનુક્રમે કુલ ચૌદ જીવસ્થાનકો (જીવભેદ) જાણવા.

**વિવેચન :-** આ ચૌદ જીવભેદનું વર્ણન નવતત્વ આદિ ગ્રંથોમાં બતાવેલ છે, માટે અહીં તેનું વર્ણન કરેલ નથી.

અહિ અપર્યાપ્તા જીવભેદ છે તે લબ્ધિપર્યાપ્ત એવા કરણ અપર્યાપ્તાની અપેક્ષાએ વિવક્ષા કરી છે, પરંતુ કેવલ લબ્ધિઅપર્યાપ્તાને અપર્યાપ્ત જીવભેદમાં ગણ્યા નથી. એટલે લબ્ધિપર્યાપ્તા અને કરણઅપર્યાપ્તાને પણ અપર્યાપ્ત જીવભેદમાં ગ્રહણ કરવા.

જો કે લબ્ધિઅપર્યાપ્તા પણ (૧) આહાર (૨) શરીર અને (૩) ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ આગામી ભવનું આયુષ્ય બાંધે છે. એટલે ઇન્દ્રિયપર્યાપ્તિથી પર્યાપ્તાને કેટલાકના મતે કરણપર્યાપ્તા કહેલા છે.

## જીવસ્થાનકને વિષે ગુણસ્થાનક.

**बायर असन्नि विगले, अपज्जि पठम बिअ सन्नि अपज्जे ।**
**अजयजुअ सन्नि पज्जे, सव्वगुणा मिच्छ सेसेसु ॥३॥**

### શબ્દાર્થ

**अजयजुअ** - અવિરતસમ્ય.ગુણ.સહિત
**सव्वगुणा** - સર્વગુણસ્થાનક
**मिच्छ** - મિથ્યાત્વગુણસ્થાનક
**अपज्जे** - અપર્યાપ્તામાં
**सेसेसु** - બાકીના જીવભેદમાં

**અર્થ :-** બાદર એકેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય, અને વિકલેન્દ્રિય (આ પાંચ) અપર્યાપ્ત જીવભેદમાં પહેલું અને બીજું એમ બે ગુણસ્થાનક હોય. સંજ્ઞી પંચે૦ અપર્યાપ્તને અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાનક સહિત ત્રણ ગુણ૦ હોય. સંજ્ઞી પંચે૦ પર્યાપ્તમાં સર્વ ગુણસ્થાનક હોય. બાકીના સાતજીવભેદોમાં માત્ર મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

**વિવેચન–** બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત વગેરે પાંચ તે કરણ અપર્યાપ્તા સમજવા. કારણ કે લબ્ધિ અપર્યાપ્તામાં સાસ્વાદનભાવવાળા જીવો ઉત્પન્ન થતા નથી માટે લબ્ધિ અપર્યાપ્ત નહી પરંતુ લબ્ધિપર્યાપ્તા એવા કરણ અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન ગુણ. પૂર્વભવમાંથી લઈને આવેલું હોય તે આ પ્રમાણે.

સાસ્વાદન ગુણસ્થાનકમાં ઉપશમ સમકિતથી પડેલ જીવ આવે. બાદર એકેન્દ્રિયમાં નવુ ઉપશમ સમકિત પમાય નહિ. પણ દેવ-મનુષ્ય કે તિર્યંચના ભવમાં જો પહેલા એકેન્દ્રિયનું આયુષ્ય બંધાયુ હોય, છેલ્લા અંતર્મુ૦માં ઉપશમ સમકિત પામે અને મૃત્યુ વખતે ઉપશમસમ્ય૦માંથી સાસ્વાદન ગુણ૦ પામે અને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે સાસ્વાદન લઈને જાય તેથી બાદર એકેન્દ્રિય અપર્યાપ્તામાં સાસ્વાદન ગુણસ્થાનક સંભવે - હોઈ શકે. આ રીતે ઈશાન સુધીના દેવો અપ૦ એકે૦માં જાય. પરંતુ તેઓ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પં૦માં ન જાય.

અપર્યાપ્ત વિકલેન્દ્રિયમાં નવું ઉપશમ સમ૦ પમાય નહિ પણ મનુષ્ય કે તિર્યંચના ભવમાં પહેલાં બેઇન્દ્રિયાદિનું આયુષ્ય બંધાયુ હોય પછી અંતે ઉપશમ સમ૦ પામે ઉપ૦સમ્ય૦વમી સાસ્વાદન ગુણસ્થાનક લઈ બેઇન્દ્રિયાદિમાં ઉત્પન્ન થાય ત્યાં છ આવલિકા સુધી સાસ્વાદન ગુણ. હોય, પછી અવશ્ય મિથ્યાત્વ પામે. આ રીતે પાંચે અપર્યાપ્ત જીવભેદોમાં **બે** ગુણસ્થાનક હોય છે.

**સંજ્ઞી અપર્યાપ્તામાં** ૧, ૨, અને ૪થું એમ ત્રણ ગુણસ્થાનક હોય છે. તે આ પ્રમાણે :- તીર્થંકર પરમાત્મા આદિ મહાપુરુષો દેવ અથવા નરકમાંથી જ્યારે આવે છે ત્યારે સમ્યક્ત્વ સહિત ઉત્પન્ન થાય છે, તેમજ શ્રેણિક મહારાજા વગેરે ક્ષાયિક સમ્યક્ત્વ સહિત નરકમાં ઉત્પન્ન થાય છે આમ સમ્યક્ત્વી જીવ મનુષ્ય વગેરે ચારે ગતિમાં જઈ શકે છે. તેથી સંજ્ઞી અપર્યાપ્તામાં ચોથું ગુણઠાણુ પણ સંભવે છે. તેમજ સૂક્ષ્મ અપર્યા૦ વિના છ અપર્યા૦માં સાસ્વાદન ગુણઠાણુ પરભવમાં ઉપશમ સમકિત પામી ત્યાંથી વમીને સાસ્વાદન લઈને આવે તો જ ભવાન્તર સંબંધી ઘટે, પરંતુ ત્રીજા વગેરે ગુણસ્થાનક સંભવતા નથી કારણ કે ત્રીજું લઈને ભવાંતરમાં જવાય નહિ. મિશ્રગુણ વગેરે ગુણ૦ પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે, વિગ્રહગતિમાં ૧લું, ૨જું, અને ચોથું ગુણસ્થાનક લઈને જવાય માટે અપ૦સંજ્ઞીમાં **ત્રણ** ગુણસ્થાનક જ સંભવે. બાકીના ગુણસ્થાનક સંભવે નહિ.

તેમજ ૫૦ સંજ્ઞી વિના **૬ પર્યાપ્ત** જીવભેદમાં અને સૂક્ષ્મઅપર્યાપ્તમાં એક **મિથ્યાત્વ** ગુણસ્થાનક હોય. સાસ્વાદન ગુણસ્થાનક લઈને સૂક્ષ્મ એકેન્દ્રિયમાં ઉત્પન્ન ન થાય. બાકીના પર્યાપ્ત સંજ્ઞી વિના **૫** પર્યાપ્ત જીવભેદમાં પણ સાસ્વાદન ગુણ. હોય નહિ કારણકે સાસ્વાદન ગુણસ્થાનક લઈને આ જીવભેદોમાં ઉત્પન્ન થવાય પણ સાસ્વાદન છ આવલિકા સુધી હોય અને તે અપર્યાપ્તાવસ્થામાં હોય પર્યાપ્તા તો સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી થાય એટલે કે અંતર્મુહૂર્ત બાદ જ થાય. ત્યારે તો સાસ્વાદન ગુણસ્થાનક ચાલ્યું જાય તેથી સંભવે નહિ. તેમજ **પર્યાપ્તા સંજ્ઞી**માં બધા ગુણસ્થાનક હોય, અહીં પર્યાપ્તા એટલે લબ્ધિપર્યાપ્તા એવા કરણપર્યાપ્તા જાણવા જો કે ૧૩મા સયોગી ગુણ૦માં ભાવ મન હોય નહી. અને અયોગીમાં યોગ ન હોય તો પણ સંજ્ઞીમાં તે બે ગુણ૦ કહ્યાં છે. કેવલી ભગવાનને દ્રવ્ય મન હોય. તેથી કેવલીને સંજ્ઞી કહ્યા છે. અને ચૌદમું ગુણ. સંજ્ઞી જ પામે તે અપેક્ષાએ કહેલ છે. શતકચૂર્ણિમાં કહ્યું છે કે - मणकरणं केवलिणो वि अत्थि तेण संन्निणो मन्नति । मणोविण्णाणं पडुच्च ते संन्निणो न भवंति त्ति एटले કેવલી.ભગ૦નો સન્ની નોઅસન્ની કહ્યા છે.

આ પ્રમાણે ચૌદે જીવસ્થાનક ઉપર **ગુણસ્થાનક** નામનું પ્રથમ દ્વાર પૂર્ણ.

## "ચૌદ જીવસ્થાનકોમાં યોગ"

**अपजत्त छक्कि कम्मुरल, मीसजोगा अपज्ज संनीसु ।**
**ते सविउव्व मीसएसु, तणुपज्जेसु उरलमन्ने ॥४॥**

### શબ્દાર્થ

**कम्मुरल मीस** - કાર્મણ-ઔદારિક મિશ્ર
**जोगा** - યોગ
**सविउव्वमीस** - વૈક્રિયમિશ્રસહિત
**एसु** - એ સાત અપર્યાપ્તામાં
**तणुपज्जेसु** - શરીરપર્યાપ્તિએ પર્યાપ્તમાં
**अन्ने** - અન્ય આચાર્યો

**અર્થ :-** છઅપર્યાપ્તામાં કાર્મણ અને ઔદારિકમિશ્ર (એમ બે) યોગ અને સંજ્ઞી અપર્યાપ્તામાં વૈક્રિયમિશ્રયોગ સહિત ૩ યોગ હોય. અન્ય આચાર્યો આ સાત અપર્યાપ્તા જીવભેદોમાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થાય ત્યારે ઔદારિક કાયયોગ માને છે.

**વિવેચન :-**

**કર્મગ્રંથના મતે :-** છઅપર્યાપ્તા જીવભેદમાં કાર્મણ અને ઔદારિક મિશ્રયોગ એમ બે યોગ હોય તેમાં વિગ્રહગતિમાં અને ઉત્પતિના પ્રથમ સમયે કાર્મણ કાયયોગ, ઉત્પતિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઔદારિક મિશ્રયોગ, બાકીના ૧૩ યોગ હોતા નથી કારણ કે ઔદારિક કાયયોગ પર્યાપ્તા અવસ્થામાં જ હોય, તેમ જ વૈક્રિયલબ્ધિવાળા બાદર વાયુકાય પર્યાપ્તા અવસ્થામાં જ વૈક્રિયશરીર બનાવી શકે તેથી બાદર એકેન્દ્રિયને અપર્યાપ્તા અવસ્થામાં વૈક્રિયમિશ્ર કે વૈક્રિય કાયયોગ ન હોય. એકેન્દ્રિયાદિક તિર્યંચોને આહારકલબ્ધિ ન હોવાથી આહારક શરીર બનાવી શકે નહિ. તેથી આહારકમિશ્ર અને આહારક કાયયોગ હોય નહિ. એકેન્દ્રિયને ભાષાપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ નથી તેમજ અપર્યાપ્ત વિકલેન્દ્રિયને ભાષાપર્યાપ્તિ અપર્યાપ્ત અવસ્થામાં પ્રાપ્ત ન થાય અને મનપર્યાપ્તિ હોય જ નહિ માટે છ અપર્યાપ્તાને મનયોગના અને વચનયોગના ૪ ભેદ. ઘટી શકે નહિ. આ રીતે સંજ્ઞી અપર્યાપ્તા સિવાય છ અપર્યાપ્તામાં બે યોગ હોય.

**સિદ્ધાંતના મતે :-** છ અપર્યાપ્તા જીવભેદમાં શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ઔદારિક કાયયોગ હોય તેમ માને છે. તેથી ૩ યોગ ઘટે તે આ પ્રમાણે-વિગ્રહગતિમાં અને ઉત્પતિના પ્રથમ સમયે કાર્મણ કાયયોગ, ઉત્પતિના બીજા સમયથી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિક મિશ્ર અને શરીર પર્યાપ્તિથી એકેન્દ્રિયને ચાર, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી અપર્યાપ્તાને પાંચ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિક કાયયોગ હોય. પછી પર્યાપ્તાવસ્થામાં પણ હોય.

**કર્મગ્રંથના મતે :-** સંજ્ઞી અપર્યાપ્તામાં ૩ યોગ ઘટે તે આ

પ્રમાણે—વિગ્રહગતિમાં અને ઉત્પતિના પ્રથમ સમયે ચારે ગતિના જીવોને કાર્મણકાયયોગ, ઉત્પતિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી મનુષ્ય-તિર્યંચને ઔદારિકમિશ્ર, અને દેવ-નારકીને વૈક્રિયમિશ્રયોગ હોય, શેષ યોગ ઘટે નહિ, કારણ કે મનુષ્ય-તિર્યંચને ઔદારિક કાયયોગ, દેવ-નારકીને વૈક્રિયકાયયોગ પર્યાપ્તા અવસ્થામાં જ હોય, વૈક્રિય કે આહારક લબ્ધિ અપર્યાપ્ત અવસ્થામાં ફોરવે નહિ. મનઃપર્યાપ્તિ કે ભાષા પર્યાપ્તિ અપર્યાપ્તા અવસ્થામાં પૂર્ણ થાય નહિ. તેથી મનના અને વચનના યોગ હોય નહિ આમ સંજ્ઞી અપર્યાપ્તાને ૩ યોગ જ ઘટે, બાકીના યોગ ઘટે નહિ.

**સિદ્ધાંતના મતે :-** સંજ્ઞી અપર્યાપ્તાને ૪ અથવા ૫ યોગ હોય. તે આ પ્રમાણે. વિગ્રહગતિમાં અને ઉત્પતિના પ્રથમ સમયે ચારે ગતિના જીવોને કાર્મણ કાયયોગ, ઉત્પતિના બીજા સમયથી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી મનુષ્ય તિર્યંચને ઔદારિકમિશ્ર, અને ગાથામાં કહેલ 'ઉરલં' શબ્દથી શરીરપર્યાપ્તિ પછી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિક કાયયોગ. તેમજ દેવનારકીને તો ઉત્પતિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી વૈક્રિયમિશ્ર યોગ હોય આ પ્રમાણે **૪ યોગ** ઘટે.

આ પ્રમાણે શીલાંકાચાર્યાદિનો મત છે તે પાઠ આ પ્રમાણે - औदारिककाययोगः तिर्यग्मनुष्ययोः शरीरपर्याप्तेरुध्वम् । तदारतस्तु मिश्रः

**પાંચ યોગ :-** વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે ચારે ગતિના જીવોને કાર્મણ કાયયોગ, ઉત્પત્તિના બીજા સમયથી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી મનુષ્યતિર્યંચને ઔદારિકમિશ્ર અને દેવનારકીને વૈક્રિયમિશ્ર, શરીરપર્યાપ્તિથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી મનુષ્યતિર્યંચને ઔદારિક કાયયોગ અને દેવનારકીને વૈક્રિય કાયયોગ હોય. આ રીતે સંજ્ઞી અપર્યાપ્તામાં **પાંચ યોગ** ઘટે. એટલે "ગાથાનું उरलं अन्ने" એ પદના ઉપલક્ષણથી વૈક્રિય શરીરવાળાને પણ ઘટાડવાથી પાંચ યોગ જાણવા. એ પ્રમાણે વૃત્તિમાં કહેલ છે. (ગા. ૪ની વૃત્તિ)

## "સાત પર્યાપ્તામાં યોગ"

**सव्वे सन्नि पजते उरलं सुहुमे सभासु तं चउसु ।**
**बायरि सविउव्विदुगं पजसन्निसु बार उवओगा ॥५॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **सुहुमे** - સૂક્ષ્મએકેન્દ્રિયમાં | **बायरि** - બાદર એકેન્દ્રિયમાં |
| **सभासु** - ભાષાનાયોગ સહિત | **उवओगा** - ઉપયોગ |

**અર્થ :-** સંજ્ઞી પર્યાપ્તામાં સર્વ (૧૫) યોગ હોય છે. સૂક્ષ્મ પર્યાપ્તામાં માત્ર એક ઔદારિક કાયયોગ હોય. (અસત્ય અમૃષા) ભાષાસહિત તેજ ઔદારિક કાયયોગ એમ બે-યોગ ચાર પર્યાપ્તા જીવભેદમાં હોય છે. બાદર એકે. પર્યાપ્તામાં તે ઔદારિક કાયયોગ વૈક્રિયદ્વિક સહિત હોય છે. અને સંજ્ઞી પર્યાપ્તામાં બાર ઉપયોગ હોય છે.

**વિવેચન :- સંજ્ઞી પર્યાપ્તામાં** સર્વ યોગ હોય છે તે આ પ્રમાણે સર્વ પર્યાપ્તિ પૂર્ણ થઈ હોવાથી મનના ચાર અને વચનના ચાર યોગ ઘટે. પર્યાપ્તા મનુષ્ય તિર્યંચને ઔદારિક કાયયોગ, દેવ નારકીને વૈક્રિય કાયયોગ, મનુષ્ય તિર્યંચ જ્યારે વૈક્રિય લબ્ધિ ફોરવે ત્યારે પ્રારંભમાં★ અને સંહરણકાળે અંતર્મુહૂર્ત સુધી વૈક્રિયમિશ્ર અને આહારક લબ્ધિ ફોરવે ત્યારે પ્રારંભમાં★ અને સંહરણકાળે આહારક મિશ્ર અને આહારક શરીર બનાવ્યા પછી આહારક કાયયોગ હોય. તેમ જ કેવલી સમુદ્ઘાતમાં બીજા-છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્રયોગ અને ત્રીજા-ચોથા-પાંચમા સમયે કાર્મણકાયયોગ હોય આ પ્રમાણે પર્યાપ્તા સંજ્ઞીમાં સર્વયોગ ઘટી શકે - કેવલીભગવાનને કેવલીસમુદ્ઘાતમાં યોગ માટે ઉમાસ્વાતિજી મહારાજે કહ્યું છે કે - औदारिक प्रयोक्ता प्रथमाष्टम-समयोरसा विष्टः मिश्रौदारिकयोक्ता सप्तमषष्ठद्वितीयेषु । कार्मणकाययोगी चतुर्थे पञ्चमे तृतीये च ॥ (પ્રશમરતિ કારિકા)

---

★ સિદ્ધાન્તના મતે વૈક્રિય અને આહારક શરીર બનાવતી વખતે ઔ. મિશ્ર હોય

**પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયને** પર્યાપ્ત અવસ્થામાં માત્ર ઔદારિક કાયયોગ જ ઘટે. વૈક્રિયાદિ લબ્ધિ ન હોવાથી તેમજ મન અને ભાષા પર્યાપ્તિ ન હોવાથી મનયોગ અને વચનયોગ ન હોય. વળી પર્યાપ્તાવસ્થા હોવાથી કાર્મણ અને ઔદારિકમિશ્રયોગ પણ ન હોય, આ પ્રમાણે મનના ચાર, વચનના ચાર, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, વગેરે યોગો ઘટે નહિ.

**પર્યાપ્તા વિકલેન્દ્રિય, ૫. અસંજ્ઞી પંચે. :-** આ ચાર પર્યાપ્તા જીવભેદમાં શરીર પર્યાપ્તિ પૂર્ણ થવાથી ઔદારિક કાયયોગ અને જિહ્વા મુખાદિ અંગો હોવાથી અવ્યક્ત ભાષારૂપ ''સાચું પણ નહિ અને ખોટું પણ નહિ'' એ ચોથો અસત્યઅમૃષા એક જ વચનયોગ હોય તેમજ દીર્ઘકાલિકી સંજ્ઞા ન હોવાથી અસંજ્ઞી કહેવાય તેથી મનના ચાર યોગ પણ ઘટે નહિ તેમને વૈક્રિયાદિ લબ્ધિ પણ હોય નહિ. આ રીતે ચાર જીવભેદમાં **બે યોગ** જ હોય.

**બાદર એકેન્દ્રિય પર્યાપ્તામાં** વૈક્રિયદ્વિક સહિત ૩ યોગ હોય. શરીર દ્વારા પ્રવૃત્તિ કરે તેથી ઔદારિક કાયયોગ, ૫૦ બાદર વાયુકાયને વૈક્રિયલબ્ધિ હોય છે. તેથી પ્રારંભકાળે વૈક્રિયમિશ્ર અને પછી વૈક્રિયકાયયોગ. એમ વાઉકાયની અપેક્ષાએ ૫૦ બા૦ એકેન્દ્રિયમાં ત્રણ યોગ જાણવા.

આ પ્રમાણે ચૌદે જીવસ્થાનક ઉપર **યોગ** દ્વાર પૂર્ણ.

## ''જીવસ્થાનકને વિષે ઉપયોગ''

**पजचउरिंदि असन्निसु दुदंस दुअनाण दससु चक्खु विणा ।**
**संनि अपज्जे मणनाण, चक्खु केवलदुगविहुणा ॥६॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **दुअनाण** - બે અજ્ઞાન | **मणनाणे** - મન:પર્યવજ્ઞાન |
| **चक्खुविणा** - ચક્ષુદર્શન વિના | **केवलदुगविहुणा** - કેવલદ્વિક વિના |

**અર્થ :-** પર્યાપ્તા ચઉરિન્દ્રિય અને પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિયમાં બે દર્શન અને બે અજ્ઞાન એમ ચાર ઉપયોગ હોય છે. દશ જીવભેદોમાં

તેમાંના ચક્ષુદર્શન વિના બાકીના ત્રણ ઉપયોગ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન, કેવલજ્ઞાન, અને કેવલદર્શન વિના બાકીના આઠ ઉપયોગ હોય છે.

**વિવેચન :-** પદાર્થમાં રહેલા સામાન્ય અને વિશેષ ધર્મને જાણવાની આત્માની શક્તિનો વપરાશ તે **ઉપયોગ** કહેવાય છે.

**પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયમાં બારે** ઉપયોગ હોય છે. સમ્યક્ત્વ વિનાના મનુષ્યાદિને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન તથા ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એમ પાંચ ઉપયોગ તથા સમ્યગ્દૃષ્ટિ એવા મનુષ્યાદિને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન હોય. સર્વવિરતિધર મનુષ્યને મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાની ને કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય તેથી બાર ઉપયોગ પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયમાં હોય છે. જો કે એક સમયે એક ઉપયોગ જ હોય. બે જ્ઞાન કે જ્ઞાન-દર્શન એમ એક કરતાં વધારે સાથે ઉપયોગ હોય નહી. કહ્યું છે કે

**नाणंमि दंसणम्मि य, एत्तो एगयरयम्मि उवउत्ता ।**
**सव्वस्स केवलिस्स, जुगवं दो नत्थि उवओगा**

(આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૯૭૯)

**પર્યાપ્તા ચઉરિન્દ્રિય** અને **પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય**માં મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન અને ચક્ષુદર્શન એમ કુલ **ચાર** ઉપયોગ હોય છે. સમ્યક્ત્વ ન હોવાથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અવધિદર્શન ન હોય. સર્વવિરતિનો અભાવ હોવાથી મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન અને કેવલદર્શન ન હોય અને તેમને વિભંગજ્ઞાન પણ હોય નહિ.

**સંજ્ઞી અપર્યાપ્તામાં** અપર્યાપ્તાવસ્થા હોવાથી વિરતિનો અભાવ છે તેથી મનઃપર્યવજ્ઞાન નથી. ક્ષપકશ્રેણી પર્યાપ્તાવસ્થામાં જ થાય તેથી કેવલજ્ઞાન અને કેવલદર્શન પણ નથી. સર્વપર્યાપ્તિ પૂર્ણ થયેલ ન હોવાથી શરીરની રચના સંપૂર્ણ બની નથી હોતી તેથી ચક્ષુદર્શન પણ ન **હોય તેથી શેષ ૮ ઉપયોગ** હોય તે આ પ્રમાણે.

સમ્યક્ત્વ વિનાના દેવ-નારકને અપર્યાપ્તાવસ્થામાં વિભંગજ્ઞાન મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન હોય. સમ્યગ્દૃષ્ટિ દેવ-નારક તથા તીર્થંકરના આત્મા વગેરેને વિગ્રહગતિમાં તેમજ અપર્યાપ્તાવસ્થામાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન અને સર્વને વિગ્રહગતિમાં અને અપર્યાપ્તાવસ્થામાં અચક્ષુદર્શન હોય આ પ્રમાણે સંજ્ઞી અપર્યાપ્તાને કુલ **૮ ઉપયોગ** હોય છે.

શેષ **દશ જીવભેદોમાં** ચક્ષુ ન હોવાથી ચક્ષુદર્શન પણ ન હોય તેથી **૩ ઉપયોગ** હોય.

**પ્રશ્ન**-અહીં કર્મગ્રંથની વૃત્તિમાં કહ્યું છે કે - ભાવશ્રુત તે ભાષા અને મનલબ્ધિવાળાને હોય. તેથી એકેન્દ્રિય આદિને કેવી રીતે ઘટે.

**ઉત્તર** - ક્ષુધા વેદનીયાદિથી થયેલ આહારની અભિલાષા રૂપ અને ''આ આહાર મને પુષ્ટિકારક છે. જેથી આ મેળવાય.'' આ અભિલાષારૂપ અનિર્વચનીય શબ્દોલ્લેખરૂપ ભાવશ્રુત★ હોય.

**બેઇન્દ્રિય વગેરે ચાર અપર્યાપ્તા** જીવભેદોમાં જે **૩ ઉપયોગ** કહ્યા તે **કર્મગ્રંથના મતે** જાણવા, **સિદ્ધાંતના મતે** આ ચાર જીવભેદોમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ સંભવે છે એટલે કુલ **૫ ઉપયોગ** હોય. કારણ કે સાસ્વાદન ભાવ લઈને આ ચારે જીવભેદમાં જવાય એમ કર્મગ્રંથ અને સિદ્ધાંતકાર માને છે, પરંતુ કર્મગ્રંથના મતે સાસ્વાદનભાવે અજ્ઞાન અને સિદ્ધાંતકારના મતે સાસ્વાદનભાવે જ્ઞાન હોય છે. તેથી પાંચ ઉપયોગ સિદ્ધાંતના મતે ઘટે.

પંચસંગ્રહાદિ કોઈ ગ્રંથોમાં ચઉરિન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય આ ત્રણેને અપર્યાપ્તામાં ચક્ષુદર્શન હોય એમ પણ કહ્યું છે. ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થઈ હોવાથી ચક્ષુની શક્તિ થાય છે. માટે શેષ પર્યાપ્તિ પૂર્ણ ન થઈ હોવા છતાં પણ ચક્ષુની રચના થઈ ચૂકી છે. માટે

★ जइ सुहुमं भाविंदियनाणं दव्विंदियाण विरहे वि दव्वसुयाभावंमि वि भावसुयं पत्थिवाइणं (વિશેષ આવશ્યક ગા. ૧૦૩)

ચક્ષુદર્શનનો ઉપયોગ હોય. (જુઓ પંચસંગ્રહ દ્વાર ૧લું ગા. ૮ની સ્વોપજ્ઞ ટીકા)

આ પ્રમાણે જીવસ્થાનક ઉપર **ઉપયોગ** નામનું ત્રીજું દ્વાર પૂર્ણ થયું.

### "જીવસ્થાનકમાં લેશ્યા"

**सन्नि दुगि छलेस, अपजबायरे पठम चउति सेसेसु ।**
**सत्तट्ठ बंधुदीरण, संतुदया अट्ठ तेरससु ॥७॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **छलेस** - ૭ લેશ્યા | **बंधुदीरण** - બંધ અને ઉદીરણા |
| **तिसेसेसु** - શેષમાં ત્રણ લેશ્યા | **संतुदया** - સત્તા અને ઉદય. |

**અર્થ :-** સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તાને ૭ લેશ્યા હોય છે. અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયમાં પ્રથમની ચાર લેશ્યા હોય છે. શેષ જીવભેદોમાં ત્રણ લેશ્યા હોય છે. તથા તેર જીવસ્થાનકોમાં સાત-આઠ કર્મોનો બંધ અને ઉદીરણા હોય છે. તથા આઠ કર્મોની સત્તા અને ઉદય હોય છે.

**વિવેચન :- પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય**ને અપર્યાપ્તાવસ્થામાં શુભ અને અશુભ એમ બન્ને પરિણામનો સંભવ હોવાથી **છએ લેશ્યા** હોઈ શકે, જેમ તીર્થંકર આદિ મહાપુરુષો જ્યારે અપર્યાપ્તાવસ્થામાં હોય ત્યારે તેઓને શુભ લેશ્યા સંભવે અને કેટલાક કરણ અપર્યાપ્તા જીવોને અને લબ્ધિ અપર્યાપ્તાને અશુભ પરિણામના કારણે અશુભ લેશ્યા સંભવે આ રીતે સંજ્ઞી પર્યાપ્તા અને સંજ્ઞી અપર્યાપ્તામાં છએ લેશ્યા હોય. અહીં **લેશ્યા**-જેના વડે આત્મા કર્મથી લેપાય તે, એટલે કૃષ્ણાદિ દ્રવ્યલેશ્યા (કાળા વગેરે વર્ણના પુદ્ગલો)ની પ્રધાનતા (નિમિત્ત)થી આત્માનો શુભાશુભ પરિણામ તે. કહ્યું છે કે-

**कृष्णादिद्रव्यसाचिव्यात् परिणामश्च आत्मनः ।**
**स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दो प्रवर्तते ॥१॥**

**અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય**માં કૃષ્ણાદિ પ્રથમની **ત્રણ લેશ્યા** ભવસ્વભાવે હોય છે. પણ ભવનપતિથી ઈશાન દેવલોક સુધીના દેવોને તેજોલેશ્યા પણ હોય છે, તે તેજોલેશ્યાવાળા દેવો પૃથ્વી, જલ કે પ્રત્યેક વનસ્પતિ રૂપ એકેન્દ્રિયનું આયુષ્ય બાંધ્યું હોય તો ★"જે લેશ્યાએ આયુષ્ય બાંધ્યું હોય તેજ લેશ્યામાં મરણપામી તે લેશ્યા સહિત પરભવમાં જાય" એ નિયમથી તેજો લેશ્યા લઈને બાદર (લબ્ધિ) પર્યાપ્તા પૃથ્વી વગેરે એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય અને અંતર્મુહૂર્ત સુધી તે લેશ્યા રહે. તેથી અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયમાં તેજો લેશ્યા પણ ઘટે પછી ભવસ્વભાવે કૃષ્ણાદિ અશુભલેશ્યા તેઓને આવી જાય.

**पुढवीआउवणस्सइगब्भेपज्जत्तसंखजीवीसु ।**
**सग्गचुआणं वासो सेसपडिसेहियाठाणा ॥** (બૃહત્ સંગ્ર-૧૮૦)

અર્થ - સ્વર્ગમાંથી ચ્યવેલાઓનો પૃથ્વી, અપ, વનસ્પતિ ગર્ભજ પ૦ સંખ્યાત વર્ષવાળામાં વાસ (ઉત્પન્ન) થાય. શેષ સ્થાનોમાં નહીં.

શેષ સર્વ જીવ ભેદોમાં ભવસ્વભાવથી અશુભ લેશ્યાનો પરિણામ હોવાથી કૃષ્ણાદિ ૩ અશુભલેશ્યા જ હોય છે.

આ પ્રમાણે જીવસ્થાનક ઉપર **લેશ્યા** નામનું ચોથું દ્વાર પૂર્ણ થયું.

### "જીવસ્થાનકમાં બંધસ્થાનાદિ"

**બંધસ્થાનક :-** એકી સાથે બંધાતા કર્મના સમૂહને **બંધસ્થાનક** કહે છે. કુલ બંધસ્થાનક ચાર છે. સાત, આઠ, છ અને એકનું.

સાત-આઠ આદિ કર્મોનું **બંધસ્થાનક :-** સંસારી જીવો અનાદિકાળથી માંડીને નવમા ગુણસ્થાનક સુધી પ્રતિસમયે આયુષ્ય વિના ૭ કર્મોને બાંધે છે. માટે સાત કર્મનું બંધસ્થાનક હોય અને આયુષ્યકર્મ એકભવમાં એક જ વાર (ત્રીજા વિના) ૧થી ૭, ગુણસ્થાનક સુધી અંત-

★ जल्लेसे मरइ तल्लेसे उववज्जई

મુહૂર્ત કાળ સુધી બંધાય છે. ત્યારે આઠકર્મોનું બંધસ્થાનક છે. તેમજ દશમા ગુણઠાણે આયુષ્ય અને મોહનીય વિના ૬ કર્મોને બાંધે છે. તેથી છનું બંધસ્થાનક હોય છે. ૧૧થી ૧૩ ગુણસ્થાનકે એક જ વેદનીય કર્મ બાંધે એટલે ૧નું બંધસ્થાનક હોય આ પ્રમાણે ૪ બંધસ્થાનક જાણવા.

**સાત-આઠ આદિ બંધ સ્થાનકોનો કાળ અને ગુણઠાણા.**

**આઠના બંધનો કાળ અને ગુણઠાણા :-** જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે કારણ કે આયુષ્ય કર્મ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી સતત બંધાય છે તેથી આઠના બંધસ્થાનકનો કાળ પણ અંતર્મુહૂર્ત છે. એટલે આયુષ્ય બાંધતા અંતર્મુહૂર્ત કાળ થાય. **ગુણસ્થાનક.** ૧થી ૭ (ત્રીજા વિના.)

**સાતના બંધનો કાળ :-** જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગ સહિત છ માસ ન્યૂન ૩૩ સાગરોપમ છે.

**ગુણઠાણા :-** ૧થી ૯

૮ના બંધમાંથી ૭ના બંધની શરૂઆત કરે ત્યારથી બીજા ભવમાં આયુષ્ય ન બાંધે ત્યાં સુધી ૭ના બંધનો કાળ ગણાય.

મનુષ્ય-તિર્યંચ ચાલુભવનું અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય અને પરભવનું તિર્યંચ-મનુષ્યનું અંતર્મુહૂર્ત પ્રમાણનું આયુષ્ય બાંધે તો તે જીવ ચાલુભવના શેષ અંતર્મુહૂર્ત સુધી અને પરભવમાં ઉત્પન્ન થયા પછી પોતાના અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્યના બે ભાગ પૂર્ણ થાય ત્યાં સુધી સતત આયુષ્ય સિવાય ૭ કર્મોને બાંધે છે. આમ જઘન્યથી ૭ના બંધનો કાળ અંતર્મુહૂર્ત છે.

અને જે પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે અનુત્તર દેવ કે સાતમી નરકનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધે★ અંતર્મુહૂર્ત પછી આયુષ્ય કર્મનો બંધ

★ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા તિર્યંચો નરકનું ૩૩ સાગરોપમનું અને પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા મનુષ્યો નરક અને અનુત્તરદેવનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધે. તે અપેક્ષાએ ઘટે

પૂર્ણ થાય. તે મનુષ્ય અંત૦ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગ સુધી અને અનુત્તર દેવ કે સાતમી નરકમાં ઉત્પન્ન થયા પછી પોતાના આયુષ્યના છ માસ બાકી રહે ત્યાં સુધી સતત આયુષ્ય વિના ૭ કર્મોને બાંધે તેથી ૭ ના બંધનો ઉત્કૃષ્ટ કાળ—**અંત૦ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગ સહિત છમાસ ન્યૂન ૩૩ સાગરોપમ છે.** પં૦ તિર્યંચમાં પણ સાતમી નારકીની અપેક્ષાએ ઘટે.

છમાસ આયુષ્ય બાકી રહે ત્યારે ભવાન્તરનું આયુષ્ય અંતર્મુ૦ સુધી બાંધે તેથી વચ્ચે આઠનો બંધ થવાથી સાતના બંધનો નિરંતરકાળ ઉપર મુજબ છે.

**છના બંધનો કાળ :-** જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત૦ **ગુણઠાણા :- ૧૦મું.**

ઉપશમ શ્રેણીમાં ચઢતા કે પડતા ૧૦ મે ગુણસ્થાનકે આવે, ૧ સમય રહે અને જો આયુષ્ય પૂર્ણ થાય તો (મરણપામી દેવમાં) ચોથા ગુણસ્થાનકને પામે. ત્યાં ૭ કર્મોનો બંધ કરે તેથી જઘન્યથી ૧ સમય ઘટે.

૧૦મા ગુણસ્થાનકનો કાળ ઉત્કૃ૦ અંતર્મુહૂર્તનો છે તેથી ઉત્કૃષ્ટથી છના બંધનો કાળ અંતર્મુહૂર્ત છે. ૧૦ મે ગુણઠાણે જ છ કર્મો બંધાય છે, બીજા ક્યાંય છ કર્મો બંધાતા નથી.

**૧ના બંધસ્થાનકનો કાળ :-** જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ. ૧ના બંધસ્થાનકના **ગુણઠાણા :-** ૧૧થી ૧૩.

જે મનુષ્ય ઉપશમ શ્રેણીમાં ૧૧ મે ગુણઠાણે ૧ સમય રહી (ભવક્ષયે) આયુષ્ય પૂર્ણ થવાથી બીજા સમયે દેવના ભવમાં જાય. તે દેવના ભવમાં પ્રથમ સમયથી ૭ કર્મો બાંધે તેથી જઘન્યથી ૧ સમય ૧ના બંધનો કાળ ઘટે.

કોઈ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય સાધિક ૯ વર્ષની★ (૧૦ વર્ષમાં કંઈક ન્યૂન) ઉંમરે ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાનને

★ સાધિક નવ વર્ષમાં બે ત્રણ મત છે. જે આગળ કહેવાશે.

પ્રાપ્ત કરે, તે દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી એક વેદનીય કર્મને બાંધે, આ પ્રમાણે ૧ ના બંધનો ઉત્કૃષ્ટ કાળ દેશોનપૂર્વક્રોડ વર્ષ ઘટે.

**ઉદયસ્થાનક :-** એકી સાથે ઉદયમાં રહેલા કર્મના સમૂહને **ઉદયસ્થાનક** કહેવાય. કુલ ઉદયસ્થાનક ત્રણ છે. આઠનું, સાતનું અને ચારનું, સર્વ સંસારી જીવોને અનાદિકાળથી ૧થી ૧૦મા ગુણસ્થાનક સુધી આઠે કર્મો ઉદયમાં હોય, ૧૧મા અને ૧૨મા ગુણઠાણે મોહનીય વિના સાત કર્મોનો ઉદય હોય તથા ૧૩ અને ૧૪ મે ગુણઠાણે ચાર અઘાતી કર્મોનો જ ઉદય હોય છે.

**૮ના ઉદયના ગુણ૰ ૧થી ૧૦, કાળ :-** અભવ્યની અપેક્ષાએ **અનાદિ અનંત** ભવ્યની અપેક્ષાએ **અનાદિ સાંત** અને ઉપશાંત મોહ ગુણઠાણેથી પતિત જીવની અપેક્ષાએ **સાદિ સાંત** છે.

સાદિસાંતનો કાળ **જઘ૰થી** અંતર્મુહૂર્ત અને **ઉત્કૃષ્ટથી** દેશોન અર્ધપુદ્‌ગલપરાવર્ત. તે આ પ્રમાણે-ઉપશમશ્રેણિમાં ૧૧ મે ગુણઠાણે મોહનીય વિના ૭ કર્મોનો ઉદય હોય છે. ત્યાંથી કાલક્ષયે પડતાં ૧૦મે ગુણઠાણે કે ભવક્ષયથી પડતા ૪થે ગુણઠાણે આવે ત્યારે આઠ કર્મોનો ઉદય શરૂ થાય. તે વખતે આઠ કર્મના ઉદયની સાદિ. અને તે જ જીવ ફરીવાર જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ ગયા પછી કાળક્ષયે પડેલ શ્રેણી માંડે અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્‌ગલપરાવર્ત કાળ ગયા પછી શ્રેણી માંડે ત્યારે ૧૧-૧૨ આદિ ગુણઠાણે આઠ કર્મના ઉદયનો અંત આવે છે. તે વખતે સાન્ત, તેથી આઠ કર્મના ઉદયનો કાળ સાદિ સાંત ઘટે.

**૭ના ઉદયના ગુણ૰ ૧થી ૯, કાળ :-** જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત, તે આ પ્રમાણે. જે જીવ ઉપશમશ્રેણીમાં ૧૧ મે ગુણઠાણે ૧ સમય રહી આયુષ્ય પૂર્ણ થવાથી ભવક્ષયે વૈમાનિક દેવમાં જાય, તે જ સમયે આઠે કર્મોનો ઉદય શરૂ થાય. તેથી તે જીવને ૭નો ઉદય ૧૧ ગુણ૰ માં ૧ સમય હોય.

તેમજ ૧૧ અને ૧૨ ગુણઠાણે ૭ કર્મોનો ઉદય હોય છે. આ બન્ને ગુણઠાણાનો કાળ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તનો છે. તેથી બન્નેમાંથી કોઈ પણ એકમાં રહેતાં ૭નો ઉદય ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ ઘટે.

**ચારના ઉદયના ગુણ૦ ૧૩-૧૪, કાળ :-** જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડ વર્ષ, તે આ પ્રમાણે

જે મનુષ્ય પોતાનું અંતર્મુહૂર્ત જ આયુષ્ય બાકી હોય અને ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે તે મનુષ્યને સયોગી કેવલી અને અયોગી કેવલી અવસ્થામાં અંતર્મુહૂર્ત રહી મોક્ષે જાય તેથી અંતર્મુહૂર્ત કાળ ચાર કર્મોના ઉદયનો છે. આ રીતે જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ ઘટે.

તેમજ જે પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય સાધિક ૯ વર્ષની વયે (કંઈક ન્યૂન ૧૦ વર્ષે) ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે તેને દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી ચાર કર્મોનો ઉદય હોય છે.

**ઉદીરણાસ્થાનક :-** એકી સાથે જેટલા કર્મની ઉદીરણા થાય છે તેટલા કર્મના સમૂહને **ઉદીરણાસ્થાનક** કહેવાય છે. કુલ ઉદીરણાસ્થાનક પાંચ છે. સાતનું, આઠનું, છનુ, પાંચનું અને બેનુ. એમ પાંચ છે તે આ પ્રમાણે

**આઠની ઉદીરણા :-** અનાદિકાળથી સંસારમાં રહેલા જીવને મિથ્યાત્વથી માંડીને ૬ઠ્ઠા ગુણઠાણા સુધી આઠે કર્મની ઉદીરણા હોય.

**સાતની ઉદીરણા :-** ત્રીજા વિના ૧થી ૬ ગુણઠાણા સુધી. જ્યારે ભોગવાતા આયુષ્યની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યારે ઉદયાવલિકાથી આગળ કર્મદલિક હોય નહી તેથી આયુષ્યની ઉદીરણા ન થાય તે વખતે આયુષ્ય વિના ૭ કર્મની ઉદીરણા હોય. એમ ૧થી ૬ (ત્રીજા વિના) ગુણઠાણે બે ઉદીરણાસ્થાન હોય, અન્ય ગુણઠાણે રહેલો જીવ પોતાના આયુષ્યનું છેલ્લું એક અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે તથાસ્વભાવે ત્રીજું ગુણસ્થાનક પ્રાપ્ત કરે નહિ. તેથી આયુષ્ય કર્મની છેલ્લી આવલિકા બાકી રહે ત્યારે મિશ્રગુણઠાણું હોય નહિ તેથી મિશ્રગુણઠાણે આઠ કર્મોની જ ઉદીરણા હોય છે.

**છની ઉદીરણા :-** ૭મા આદિ ૧૦ ગુણઠાણા સુધી અપ્રમત્ત દશામાં આયુષ્ય અને વેદનીય વિના ૬ કર્મની ઉદીરણા થાય છે. તેમાં ક્ષપક અને ઉપશામકની અપેક્ષાએ ૭મા ગુણ૦થી ૧૦મા ગુણઠાણાની છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધી છ કર્મની ઉદીરણા થાય છે.

**પાંચની ઉદીરણા :-** ૧૦મા ગુણસ્થાનકની છેલ્લી આવલિકાથી માંડીને ૧૧મા ગુણસ્થાનક સુધી મોહનીય વિના પાંચ કર્મની ઉદીરણા ઉપશામકને હોય છે. અને ક્ષપકને ૧૦માની છેલ્લી આવલિકાથી માંડીને ૧૨મા ગુણઠાણાની છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધી મોહનીય વિના પાંચ કર્મની ઉદીરણા હોય છે. **૨ની ઉદીરણા**-૧૨મા ગુણઠાણાની છેલ્લી આવલિકાથી માંડીને ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી નામ અને ગોત્ર એ બે જ કર્મની ઉદીરણા થાય છે. **અનુદીરક** ૧૪મા ગુણઠાણે યોગ ન હોવાથી ઉદીરણા હોય નહી.

**આઠ કર્મની ઉદીરણાના ગુણ૰ ૧થી ૬ અને કાળ :-** જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૧ આવલિકા ન્યૂન ૩૩ સાગરોપમ૰ તે આ પ્રમાણે અપ્રમત્ત ગુણઠાણે વર્તતો મુનિ આયુષ્ય અને વેદનીય વિના ૬ કર્મની ઉદીરણા કરે. છેલ્લે પોતાના આયુષ્યની સમયાધિક આવલિકા બાકી હોય અને છટ્ઠે ગુણઠાણે આવે ત્યારે આઠ કર્મની ઉદીરણા થાય. ૧ સમય પછી આયુષ્યની ૧ આવલિકા બાકી હોવાથી આયુષ્ય વિના ૭ કર્મની ઉદીરણા થાય. આ પ્રમાણે જઘન્ય **૧ સમય** ઘટે; અને ૩૩ સાગરોપમના આયુષ્યવાળા દેવ નારકોને પોતાના ભવના પ્રથમ સમયથી માંડીને આયુષ્યની છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધી આઠે કર્મની ઉદીરણા હોય આમ ઉત્કૃષ્ટથી **૧ આવલિકા ન્યૂન ૩૩ સાગરોપમ** ૮ની ઉદીરણા ઘટે.

**૭ની ઉદીરણાનાં ગુણ૰ ૧થી ૬ અને કાળ :-** જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૧ આવલિકા—તે આ પ્રમાણે અપ્રમત્ત ગુણઠાણે વૃર્તતો મુનિ ૬ કર્મની ઉદીરણા કરે, ભોગવાતું આયુષ્ય ૧ સમયનું બાકી રહે અને છટ્ઠે ગુણઠાણે આવે તો ૧ સમય સુધી ૭ની ઉદીરણા (વેદનીય સહિત) કરે. ૧ સમય પછી આયુષ્ય પૂર્ણ થયે ભવાંતરમાં જાય ત્યાં ૮ની ઉદીરણા થાય. આ રીતે **૧ સમય** ઘટે; અથવા પ્રમત્ત ગુણઠાણે વર્તતા જીવને ૮ની ઉદીરણા હોય. અને ભોગવાતુ આયુષ્ય ૧ આવલિકા બાકી રહે ત્યારે ૭ની ઉદીરણા થાય અને ૧ સમય પછી જો

તે ૭મે ગુણઠાણે જાય ત્યારે વેદનીય વિના ૬ની ઉદીરણા થાય, આ રીતે ૭ની ઉદીરણા **૧ સમય ઘટે**

૧થી ૬ ગુણ૦માં વર્તતા કોઈ પણ જીવને પોતાના આયુષ્યની છેલ્લી આવલિકા બાકી રહે છે ત્યારે આયુષ્ય વિના ૭ કર્મની ઉદીરણા હોય છે તેથી ૭ની ઉદીરણા ઉત્કૃષ્ટથી **૧ આવલિકા** છે.

**છની ઉદીરણાના ગુણ૦ ૭થી ૧૦ દ્વિ૦ આવલિકા સુધી, કાળ :-** જઘન્યથી ૧ સમય ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત તે આ પ્રમાણે ૧૧ મે ગુણઠાણે પાંચની ઉદીરણા હોય ત્યાંથી ૧ સમય આયુષ્ય બાકી હોય અને પડીને ૧૦મા ગુણઠાણાને પામે ત્યારે મોહનીય સહિત ૬ની ઉદીરણા થાય આયુષ્ય ક્ષય થયે છતે દેવના ભવમાં જાય ત્યાં પ્રથમ સમયથી ૮ની ઉદીરણા થાય. આમ **૧ સમય ઘટે;**

અથવા ૬ઠ્ઠે ગુણ૦ વર્તતો જીવ પોતાનું આયુષ્ય ૧ આવલિકા બાકી રહે ત્યારે ૭ની ઉદીરણા કરે અને ભોગવાતુ આયુષ્ય ૧ સમય બાકી રહે અને અપ્રમત્ત ગુણઠાણે જાય તો ૬ની ઉદીરણા કરે. ૧ સમય રહી ભવક્ષયે દેવમાં ચોથે ગુણ૦ જાય ત્યાં ૮ની ઉદીરણા થાય આ પ્રમાણે જઘન્યથી **૧ સમય**-૬ની ઉદીરણા થાય.

૭માથી ૧૦મા ગુણસ્થાનકની દ્વિચરમ આવલિકા સુધી ઉપશામકને અને ક્ષપકને આશ્રયી ૬ કર્મની ઉદીરણા થાય. ત્રણે ગુણઠાણાનો કુલ કાળ અંતર્મુહૂર્તનો છે. તેથી ઉત્કૃષ્ટથી **અંતર્મુહૂર્ત** કાળ ૬ની ઉદીરણા ઘટે.

**પાંચની ઉદીરણાનાં ગુણ૦ ૧૦ ચરમ આવ૦થી ૧૨ દ્વિ૦ આવ૦ સુધી, કાળ :-** જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંત૦ તે આ પ્રમાણે. ઉપશમ શ્રેણીવાળાને અને ક્ષપકને ૧૦ માની દ્વિચરમ આવલિકા સુધી ૬ની ઉદીરણા હોય.

દશમાની છેલ્લી આવલિકામાં પાંચની ઉદીરણા કરે. સમયન્યૂન ચરમ આવલિકા દશમા ગુણસ્થાનકની બાકી રહે અને આયુષ્ય જો પૂર્ણ થાય અને દેવમાં ઉત્પન્ન થાય ત્યાં પ્રથમ સમયથી ૮ કર્મની ઉદીરણા શરૂ થાય તેથી ઉપશામક આશ્રયી પાંચની ઉદીરણાનો **૧ સમય** જઘન્ય

કાળ થાય. તથા ૧૦ મા ગુણ૦ની છેલ્લી આવલિકાથી ૧૨ માની દ્વિચરમ આવલિકા સુધી પાંચ કર્મની ઉદીરણા હોય તેથી ઉત્કૃષ્ટથી પાંચની ઉદીરણા અંતર્મુહૂર્ત સુધી ઘટે.

**૨ની ઉદીરણાનાં ગુણ૦-૧૨ ચરમ આવલિકાથી ૧૩ સુધી, કાળ :-** જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોનપૂર્વક્રોડ વર્ષ. તે આ પ્રમાણે જે મનુષ્ય પોતાનું અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામે, તેને ૧૨માની છેલ્લી આવલિકાથી સયોગી કેવલી અવસ્થામાં અંતર્મુહૂર્ત સુધી ૨ કર્મની ઉદીરણા થાય છે.

પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય સાધિક ૯ વર્ષ (કંઈક ન્યૂન ૧૦ વર્ષની)ની ઉમરે ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે તેને દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી નામ અને ગોત્ર એ બે જ કર્મની ઉદીરણા થાય છે. તેથી ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ કાળ જાણવો.

**સત્તાસ્થાન :-** એકી સાથે સત્તામાં રહેલા કર્મના સમૂહને **'સત્તાસ્થાન'** કહેવાય છે કુલ સત્તાસ્થાન **ત્રણ** છે. **સાતનુ. આઠનું** અને **ચારનું**

સર્વ સંસારી જીવને અનાદિકાળથી ૧૧મા ગુણસ્થાનક સુધી ૮ કર્મની સત્તા હોય છે. ૧૨મા ગુણસ્થાનકે મોહનીય વિના સાત કર્મની સત્તા હોય છે. તથા ૧૩મે અને ૧૪મે ગુણસ્થાનકે ચાર અઘાતી કર્મની સત્તા હોય છે.

**આઠની સત્તાનો કાળ :-** અભવ્યની અપેક્ષાએ **અનાદિ અનંત** અને ભવ્યની અપેક્ષાએ **અનાદિ સાંત** છે. અભવ્યને અનાદિકાળથી આઠે કર્મની સત્તા હોય છે. ક્ષીણમોહાદિ ગુણસ્થાનક અભવ્ય ક્યારેય પ્રાપ્ત કરવાનો નથી તેથી એક પણ સત્તાનો નાશ થવાનો નથી તેથી અનંતકાળ સુધી ૮ની સત્તા રહેવાની. ભવ્યને અનાદિકાળથી આઠે કર્મની સત્તા છે પણ કાલાંતરે ક્ષીણમોહ ગુણઠાણું પ્રાપ્ત કરશે ત્યારે મોહનીયની સત્તાનો નાશ થશે. તેથી મોહનીય કર્મની સત્તાનો અંત આવવાથી આઠની સત્તાનો અંત આવશે માટે અનાદિ સાંત. અહીં પતિતને સાદિસાંત ભાંગો ઘટે નહિ, કારણ કે મોહનીયની સત્તા ક્ષપકને જ ૧૨મે ગુણસ્થાનકે જાય. ઉપશામકને સત્તા હોય. અને મોહનીયની

સત્તા ગયા પછી ફરી મોહનીયની સત્તા આવતી નથી તેથી સાદિ થાય નહિ માટે સાદિ સાંત ભાંગો ઘટે નહિ.

ગુણ૦ ઉપશમ આશ્રયી ૧થી ૧૧, ક્ષપક આશ્રયી ૧થી ૧૦

**૭ની સત્તાનો કાળ :-** જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત તે આ પ્રમાણે-૭ કર્મની સત્તા ૧૨મા ગુણસ્થાનકે જ હોય, તે ગુણસ્થાનકનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે માટે સાતની સત્તાનો કાળ અંતર્મુહૂર્ત છે. ગુણ૦ ૧૨ મું.

**૪ની સત્તાનો કાળ :-** જઘન્યથી અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડ વર્ષ, તે આ પ્રમાણે-જે મનુષ્ય પોતાનું અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય અને ઘાતી કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે તે મનુષ્યને સયોગી કેવલી અને અયોગી કેવલી અવસ્થામાં અંતર્મુહૂર્ત સુધી ચાર અઘાતી કર્મની સત્તા હોય છે. ત્યારપછી ચાર અઘાતી કર્મ ક્ષય કરી મોક્ષ પામે.

તથા જે મનુષ્ય પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો સાધિક ૯ વર્ષની (કંઈક ન્યૂન ૧૦ વર્ષની) વયે ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તેને દેશોનપૂર્વક્રોડ વર્ષ સુધી ૪ અઘાતી કર્મની સત્તા હોય છે. ગુણ૦-૧૩, ૧૪

**અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ ૧૩ જીવભેદમાં બંધસ્થાનાદિ.**

**બંધસ્થાનક : (બે) સાત કે આઠ કર્મનું** એ બે બંધસ્થાનકમાં આયુષ્ય બાંધે ત્યારે આઠનું, અને ન બાંધે ત્યારે સાતનો બંધ હોય છે. ૧૦મું વગેરે ગુણસ્થાનક ન હોવાથી છ અને એક નો બંધ તે જીવોને ઘટે નહીં.

**ઉદય અને સત્તાસ્થાનક :- (એક) ૮ કર્મનું,** હંમેશાં આઠ કર્મનો ઉદય હોય છે. સાત કે ચાર કર્મનું ઉદયસ્થાનક અને સત્તાસ્થાન તેમને ઘટે નહિ કારણકે તેઓ ઉપશાંત મોહ વગેરે ગુણસ્થાનક પ્રાપ્ત કરી શકતા નથી.

**ઉદીરણા સ્થાનક :- (બે) સાત કર્મનું, આઠ કર્મનું,** તે આ પ્રમાણે-ભોગવાતા આયુષ્યની છેલ્લી એક આવલિકા સ્થિતિસત્તા બાકી રહે ત્યારે આયુષ્ય વિના સાત કર્મની ઉદીરણા હોય. તે સિવાયના કાળમાં આઠે કર્મની

ઉદીરણા હોય. અપ્રમત્ત આદિ ગુણઠાણા ન હોવાથી પાંચ-છ કે બે કર્મનાં ઉદીરણા સ્થાનો તેર જીવભેદમાં સંભવે નહી.

**''પર્યા૦ સંજ્ઞી પંચેન્દ્રિયમાં બંધસ્થાનકાદિ ચાર દ્વારો''**

**सत्तट्ठ छेग बंधा, संतुदया सत्त अट्ठ चत्तारि ।**
**सतट्ठ छ पंचदुगं उदीरणा सन्निपज्जते ॥८॥**

**શબ્દાર્થ**

**सत्तट्ठ** - સાત અને આઠ || **छेगबंधा** - છ અને એકનો બંધ

**અર્થ :-** સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સાત-આઠ-છ અને એકનું બંધસ્થાનક, આઠ સાત અને ચાર એમ ત્રણ ઉદયસ્થાન અને સત્તાસ્થાન તથા આઠ, સાત, છ પાંચ અને બે એમ પાંચ ઉદીરણા સ્થાન હોય છે. (૮)

**વિવેચન :-** પર્યાપ્તા સંજ્ઞી પંચે૦ને ચાર બંધસ્થાનક હોય તે આ પ્રમાણે - **આઠ કર્મબંધ**-સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાને સર્વ ગુણસ્થાનક હોય છે. તેથી ત્રીજા વિના ૧થી ૭ ગુણસ્થાનક સુધી જ્યારે આયુષ્ય કર્મ બંધાતું હોય ત્યારે આઠ કર્મનો બંધ હોય. **સાતનો બંધ**-તે સિવાયના કાળમાં ૧થી ૯ સુધી સાત કર્મ બંધાય છે. તેમાં ત્રીજા આઠમા અને નવમા ગુણઠાણે આયુષ્ય વિના ૭ કર્મોનો જ બંધ હોય છે. **છકર્મનો બંધ**-દશમા ગુણઠાણે ૬ કર્મોનો બંધ હોય છે. **એકનો બંધ**-અને ૧૧થી ૧૩ ગુણઠાણા સુધી એક કર્મનો બંધ હોય છે. આ પ્રમાણે સાત-આઠ-છ અને એક એમ કુલ ૪ બંધસ્થાનક હોય છે. આ બંધસ્થાનકોનો પૂર્વ જણાવેલ ઉત્કૃષ્ટ બંધકાળ સંજ્ઞી પંચે૦ની અપેક્ષાએ જ જાણવો.

પ૦સંજ્ઞી પંચે૦માં ઉદયસ્થાનક ૮નું, ૭નું ૪નું એમ ત્રણ ઉદયસ્થાનક હોય તે આ પ્રમાણે-

**આઠનો ઉદય**-૧થી ૧૦ ગુણસ્થાનક સુધી આઠે કર્મનો ઉદય હોય **સાતનો ઉદય**-૧૧ અને ૧૨મા ગુણસ્થાનકે મોહનીય વિના સાત કર્મનો ઉદય **૪નો ઉદય**-૧૩મે અને ૧૪મે ગુણસ્થાનકે ચાર અઘાતી કર્મોનો ઉદય હોય આ પ્રમાણે સાત-આઠ અને ચાર એમ ૩ ઉદયસ્થાનક હોય.

ઉદીરણાસ્થાનક પાંચ હોય તે આ પ્રમાણે-

**આઠની ઉદીરણા-** ૧થી ૬ ગુણસ્થાનક સુધી આયુષ્યની ચરમ આવલિ૦ વિના આઠ કર્મની ઉદીરણા હોય, **સાતની ઉદીરણા**-૧થી ૬ ગુણ૦માં ભોગવાતા આયુષ્યની છેલ્લી એક આવલિકા માત્ર સ્થિતિ બાકી રહે ત્યારે આયુષ્ય વિના ૭ કર્મની ઉદીરણા થાય. **છની ઉદીરણા**-૭મા ગુણસ્થાકનથી૧૦માની દ્વિચરમ આવલિકા સુધી આયુષ્ય અને વેદનીય વિના ૬ કર્મની ઉદીરણા હોય. **૫ ની ઉદીરણા**-૧૦મા ગુણઠાણાની છેલ્લી આવલિકાથી ૧૨માની દ્વિચરમ આવલિકા સુધી આયુષ્ય વેદનીય અને મોહનીય વિના પાંચ કર્મની ઉદીરણા હોય છે. **૨ની ઉદીરણા** ૧૨માની ચરમ આવલિકાથી ૧૩મા ગુણઠાણા સુધી નામ અને ગોત્ર એમ બે કર્મની જ ઉદીરણા હોય. આ પ્રમાણે પર્યા૦ સંજ્ઞીને સાત-આઠ-છ પાંચ અને બે એમ પાંચ ઉદીરણા સ્થાનક હોય.

સત્તાસ્થાન ત્રણ હોય તે આ પ્રમાણે-**આઠકર્મની સત્તા-પર્યાપ્તા** સંજ્ઞીને ૧૧ ગુણસ્થાનક સુધી આઠે કર્મની સત્તા હોય. **૭ કર્મની સત્તા-** ૧૨મા ગુણઠાણે મોહનીય વિના સાત કર્મની સત્તા **૪ કર્મની સત્તા-** ૧૩મે અને ૧૪ મે ગુણસ્થાનકે ચાર અઘાતી કર્મની સત્તા હોય, આ પ્રમાણે સાત-આઠ અને ચાર એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે.

**પર્યાપ્તા સંજ્ઞી પંચે૦માં બંધસ્થાનકાદિનાં ગુણસ્થાનક અને કાળનું કોષ્ઠક**
**બંધસ્થાનક :- ચાર-૮-૭-૬-૧નું**

| બંધસ્થાનક | ગુણસ્થાનક | જઘ૦ કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|
| ૮નું | ૧થી૭ (ત્રીજાવિના) | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૭નું | ૧થી૯ | અંતર્મુહૂર્ત | અંત૦ન્યૂન૦ પૂર્વક્રોડના ત્રીજાભાગ સહિત છ માસ ન્યૂન ૩૩ સાગરોપમ |
| ૬નું | ૧૦મે | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧નું | ૧૧થી ૧૩ સુધી | ૧ સમય | દેશોન પૂર્વક્રોડ વર્ષ |

**ઉદયસ્થાનક :- ત્રણ ૮-૭-૪નું**

| ઉદયસ્થાનક | ગુણઠાણા | જઘ૦ કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|
| ૮નું | ૧થી૧૦ | અંતર્મુહૂર્ત | અભવ્ય-અનાદિ અનંત. ભવ્યને અનાદિ સાંત, પતિત-સાદિસાંત ઉ૦દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત. |
| ૭નું | ૧૧-૧૨ | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૪નું | ૧૩-૧૪ | અંતર્મુહૂર્ત | દેશોન પૂર્વક્રોડ વર્ષ |

**ઉદીરણાસ્થાનક :- પાંચ ૮-૭-૬-૫-૨નું**

| ઉદીરણાસ્થાનક | ગુણસ્થાનક | જઘ૦ કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|
| ૮નું | ૧થી૬ | ૧ સમય | ૧ આવલિકા ન્યૂન૩૩ સાગ૦ |
| ૭નું | ૧થી૬ (ત્રીજાવિના) | ૧ સમય | ૧ આવલિકા |
| ૬નું | ૭થી૧૦માની દ્વિચરમ આવ૦ સુધી | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૫નું | ૧૦માની ચરમ આવલિકાથી ૧૨માની દ્વિચરમ આવલિકા સુધી | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૨નું | ૧૨માની ચરમ આવ૦થી ૧૩માના ચરમ સમય સુધી | અંતર્મુહૂર્ત | દેશોન પૂર્વ ક્રોડ વર્ષ |

## સત્તાસ્થાનક :- ત્રણ-૮-૭-૪નું

| સત્તાસ્થાનક | ગુણઠાણા | જઘ૦ કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|
| ૮નું | ૧થી૧૧ | — | અભવ્ય-અનાદિ અનંત, ભવ્ય અનાદિસાંત |
| ૭નું | ૧૨ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪નું | ૧૩-૧૪ | અંતર્મુહૂર્ત | દેશોન પૂર્વક્રોડ વર્ષ |

## ચૌદ જીવભેદને વિશે ગુણસ્થાનકાદિ આઠ દ્વારોનું યંત્ર

| ક્રમ | જીવસ્થાનક | ગુણ. | યોગ | ઉપયોગ | લેશ્યા | બંધ સ્થા. | ઉદય સ્થા. | ઉદી. સ્થા. | સત્તા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અપર્યા.સૂક્ષ્મ એકે. | ૧ | ૨,૩ | ૩ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮★ |
| ૨ | પર્યા. સૂક્ષ્મ એકે. | ૧ | ૧ | ૩ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૩ | અપર્યા. બાદર એકે. | ૧,૨ | ૨,૩ | ૩ | ૪ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૪ | પર્યા. બાદર એકે. | ૧ | ૩ | ૩ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૫ | અપર્યા. બેઇન્દ્રિય | ૧,૨ | ૨,૩ | ૩ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૬ | પર્યા. બેઇન્દ્રિય | ૧ | ૨ | ૩ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૭ | અપર્યા. તેઇન્દ્રિય | ૧,૨ | ૨,૩ | ૩ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૮ | પર્યા. તેઇન્દ્રિય | ૧ | ૨ | ૩ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૯ | અપર્યા. ચઉરિન્દ્રિય | ૧,૨ | ૨,૩ | ૩ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૧૦ | પર્યા. ચઉરિન્દ્રિય | ૧ | ૨ | ૪ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૧૧ | અપર્યા. અસંજ્ઞીપંચે. | ૧,૨ | ૨,૩ | ૩ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૧૨ | પર્યા. અસંજ્ઞી પંચે. | ૧ | ૨ | ૪ | ૩ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૧૩ | અપર્યા.સંજ્ઞી પંચે. | ૧,૨,૪ | ૩,૪,૫ | ૮ | ૬ | ૭,૮ | ૮ | ૭,૮ | ૮ |
| ૧૪ | પર્યા. સંજ્ઞી પંચે. | ૧થી૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૭,૮, ૬,૧, | ૭,૮- ૪ | ૭,૮ ૬,૫, ૨ | ૮,૭, ૪ |

★ અહીં બંધ ઉદય આદિમાં જે સંખ્યા બતાવેલ છે તેટલી મૂળ પ્રકૃતિનું બંધસ્થાનક વગેરે સમજવા, જેમકે અપર્યા૦ સૂક્ષ્મ એકે૦ને ૭ કર્મનું અને ૮ કર્મનું એમ બે બંધસ્થાનક સમજવા પરંતુ સાત-આઠ બંધસ્થાનક ન સમજવા. યોગમાં ૨ અથવા ૩ યોગ એમ સમજવું.

## "બાસઠ માર્ગણાસ્થાનો"

**गइ इंदिए य काए, जोए वेए कसाय नाणेसु ।**
**संजम दंसण लेसा भवसम्मे सन्नि आहारे ॥९॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **काए जोए** - કાય અને યોગ | **भवसम्मे** - ભવ્ય અને સમ્યક્ત્વ |
| **वेए** - વેદ | **आहारे** - આહારી માર્ગણા |

**અર્થ :-** ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહારી એમ ૧૪ મૂલ માર્ગણા છે. (૯)

**વિવેચન :-** હવે બાસઠ માર્ગણાસ્થાનક ઉપર જીવસ્થાનક આદિ છ દ્વારો સમજાવવાના છે તેથી સૌ પ્રથમ ચૌદ મૂલ માર્ગણા બતાવે છે.

**માર્ગણા :-** શોધવાના સ્થાનો, વસ્તુતત્ત્વનો વિચાર કરવા માટેના દ્વાર-તે, સ્થાનો કહેવાય તે મૂલ ૧૪ છે. અને તેના ઉત્તર ભેદ ૬૨ માર્ગણા છે.

(૧) **ગતિ માર્ગણા :-** ભવને યોગ્ય પર્યાયની પ્રાપ્તિ તે. તેવા પ્રકારના કર્મથી પ્રધાન જીવો વડે જે નરક, તિર્યંચ, મનુષ્ય, દેવાદિ પર્યાય (ભાવ) પ્રાપ્ત કરાય તે ગતિમાર્ગણા કહેવાય.

(૨) **ઇન્દ્રિય માર્ગણા :-** ભિન્ન ભિન્ન આકૃતિવાળા સમાન સંખ્યાની ઇન્દ્રિયવાળા જીવોને એક શબ્દથી વ્યવહાર કરવાપણું તે ઇન્દ્રિય માર્ગણા અથવા. ઇન્દ્ર એટલે આત્મા અને તેને ઓળખવાની નિશાની તે, શરીરમાં આત્મા છે કે નહી તે ઇન્દ્રિયો દ્વારા જણાય છે. ઇન્દ્રિયો વિષયને ગ્રહણ કરે તો શરીરમાં આત્મા છે. તેથી આત્માને ઓળખવાની નિશાની.

(૩) **કાય માર્ગણા :-** ઔદારિક, વૈક્રિય વગેરે વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરી પિંડરૂપે જે બનાવાય તે શરીર એટલે એકઠું કરાય

તે કાય. કાય એટલે શરીર અથવા ઔદારિક આદિ પુદ્‌ગલોના જથ્થાથી બનાવેલ પિંડ, જથ્થો, સમૂહ તે.

(૪) **યોગ માર્ગણા :-** મન-વચન-કાયા વડે આત્મપ્રદેશમાં પ્રવર્તતો વ્યાપાર.

(૫) **વેદ માર્ગણા :-** ઈન્દ્રિયજન્ય સુખ ભોગવવારૂપ ઈચ્છા તે અથવા વિષય સુખભોગની જે અભિલાષા તે વેદ.

(૬) **કષાય માર્ગણા :-** કષ-એટલે સંસાર અને આય એટલે લાભ-જેનાથી સંસાર વધે અર્થાત્ જન્મ મરણોની પરંપરા રૂપ સંસારની વૃદ્ધિ અથવા બીજાના હૃદયને દુઃખ પહોંચાડવું, હૃદય દુભાવવું તે.

અથવા જેમાં જીવો દંડાય તે **કષ-સંસાર, અને આય-લાભ,** વધે તે.

(૭) **જ્ઞાન :-** જેના વડે વસ્તુઓમાંના વિશેષ ધર્મનો બોધ કરાય તે.

(૮) **સંયમ :-** ''સં+યમ્'' પાંચ ઈન્દ્રિય અને મનને કાબૂમાં રાખવું તે એટલે કે પાંચ ઈન્દ્રિયના વિષયમાં જીવ રાગદ્વેષ ન કરે તે. એટલે આત્મા પાપ-વ્યાપારથી જેના વડે વિરમે તે સંયમ.

(૯) **દર્શન :-** જેના વડે વસ્તુઓમાંના સામાન્ય ધર્મનો બોધ કરાય તે.

(૧૦) **લેશ્યા :-** આત્મા કર્મો વડે જેનાથી લેપાય—જોડાય તે અથવા સ્વભાવનું બંધારણ.

(૧૧) **ભવ્ય :-** મોક્ષે જવાનું યોગ્યપણું જેનામાં હોય તે.

(૧૨) **સંજ્ઞી :-** ભૂત ભાવી અને વર્તમાન કાળના ભાવોની વિચારણારૂપ દીર્ઘકાલિકી સંજ્ઞા જેને હોય તે સંજ્ઞી

(૧૩) **સમ્યક્ત્વ :-** વસ્તુની યથાર્થપણાની બુદ્ધિ તે સમ્યક્ત્વ. જે પદાર્થ જે સ્વરૂપે છે તેને તે સ્વરૂપે જાણવું, વિચારવું, સમજવું તે સમ્યક્ત્વ.

(૧૪) **આહારી :** ઓજાહાર, લોમાહાર, અને કવલાહારા ત્રણમાંથી કોઈ પણ આહારવાળો હોય તે આહારી, ગ્રહણ કરાય-**આહ્રિયતે** ઈતિ આહાર-તે જેને હોય તે આહારી કહ્યું છે કે-

सरिरेणेयाहारो, तयाइ फासेण लोमाहारो
पक्खेवाहारो पुण, कावलिओ होइ नायव्वो

(પ્રવ૦ ગા. ૧૧૮૦)

કાર્મણથી લેવાય તે ઓજાહાર, ત્વચાથી લેવાય તે લોમાહાર કવલાદિથી લેવાય તે પ્રક્ષેપાહાર છે.

અહીં જણાવાનું કે-દરેક માર્ગણામાં પ્રતિપક્ષી ભેદપણું તે માર્ગણામાં જ ગણેલ છે, જેમ ભવ્ય માર્ગણામાં અભવ્ય, સંજ્ઞી માર્ગણામાં અસંજ્ઞી વગેરે.

## "ગતિ આદિ માર્ગણાઓના ભેદ"

**सुरनरतिरि निरयगई इगबियतिय चउ पणिंदि छक्काया ।**
**भूजल जलणा निलवण, तसाय मणवयण तणुजोगा ॥१०॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **निरयगई** - નરકગતિ | **जलणानिल** - અગ્નિકાય-વાયુકાય |
| **छक्काया** - છકાય | **वणतसा** - વનસ્પતિકાય-ત્રસકાય |
| **भूजल** - પૃથ્વીકાય, અપ્કાય | **तणुजोगा** - કાયયોગ |

**અર્થ :-** દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એમ ચાર ગતિ છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એમ પાંચ ઇન્દ્રિય છે. પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એમ છકાય છે તથા મન, વચન અને કાય એમ ત્રણ યોગ છે. (૧૦)

**વિવેચન :-** ઉપરમાં જણાવેલ મૂળ ચૌદ માર્ગણાના ઉત્તરભેદ ૬૨ છે, તે બાસઠ ઉત્તર ભેદનું પ્રથમ વર્ણન કરાય છે. તેમાં ★ગતિમાર્ગણાના ચાર ભેદ છે તે આ પ્રમાણે-

૧. (૧) **દેવગતિ :-** દિવ્ય આભરણના સમૂહથી અને પોતાના શરીરની કાંતિથી જે સારી રીતે શોભે તે સુર-દેવગતિ કહેવાય. તેવા ભવની જીવે પ્રાપ્તિ કરવી તે દેવગતિ.

અથવા જેના ઉદયથી દેવપણું મળે તે દેવગતિ सुष्ठु राजन्ते इति सुराः, दिव्यन्ति-क्रीडन्ति इति देवाः

૨. (૨) **મનુષ્યગતિ :-** नृणान्ति इति नराः બુદ્ધિ અને વિવેકવાળું જીવન પ્રાપ્ત કરે તે નર, તેવો ભવ મેળવવો તે નરગતિ.

૩. (૩) **તિર્યંચગતિ :-** तिरः अञ्चन्ति (गच्छन्ति) इति तिर्यञ्चः જે તિર્ચ્છા ચાલે, વાકાં ચાલે અર્થાત્ વિવેકહીન હોય તે તિર્યંચ આવા ભવોને મેળવવો તે તિર્યંચગતિ.

૪. (૪) **નરકગતિ :-** पापान् नरान् पापफलोपभोगार्थं कायन्ति इति नरकाः પાપ કરનારા મનુષ્યો અને તિર્યંચોને પાપોનું ફલ ભોગવવા માટે જાણે બોલાવતા હોય તે નરક તેવો ભવ જીવ પ્રાપ્ત કરે તે નરકગતિ.

★ બીજી **ઇન્દ્રિય માર્ગણાના** પાંચ ભેદ છે તે આ પ્રમાણે.

૫. (૧) **એકેન્દ્રિય :-** સ્પર્શ નામની એક ઇન્દ્રિયપણું મળવું તે એકેન્દ્રિય ભિન્ન ભિન્ન આકૃતિવાળા જીવોને એક શબ્દથી જે વ્યવહાર કરાય છે તેના કારણરૂપ કર્મ તે જાતિનામકર્મ, તેવા ભવમાં જવું તે એકેન્દ્રિયજાતિ.

૬. (૨) **બેઇન્દ્રિય :** સ્પર્શન અને રસન એમ બે ઇન્દ્રિયપણું મળવું તે બેઇન્દ્રિય જાતિ.

૭. (૩) **તેઇન્દ્રિય :** સ્પર્શન, રસન, ઘ્રાણ એમ ત્રણ ઇન્દ્રિયપણું મળવું તે તેઇન્દ્રિય જાતિ.

૮. (૪) **ચઉરિન્દ્રિય :-** સ્પર્શનાદિ ચાર ઇન્દ્રિયપણું મળવું તે

૯ (૫) **પંચેન્દ્રિય :-** સ્પર્શનાદિ પાંચ ઇન્દ્રિયપણું મળવું તે.

**પ્રશ્ન-** એક ઇન્દ્રિય મળવી વગેરે અંગોપાંગ અને પર્યાપ્ત નામકર્મના ઉદયથી મળે છે છતાં જાતિમાર્ગણામાં કેમ ગણ્યું ?

જવાબ- ભિન્ન ભિન્ન આકૃતિ વાળા અને એક સરખી ઇન્દ્રિયોની સંખ્યાવાળા જીવોને એક એક શબ્દથી વ્યવહાર કરાય છે

તેના કારણરૂપ કર્મ તે જાતિનામકર્મ કહેવાય છે. તેથી તે મળવું તે જાતિ.

★ હવે **કાય** માર્ગણાના છ ભેદ છે તે આ પ્રમાણે.

૧૦. (૧) **પૃથ્વીકાય** : પૃથ્વીરૂપે શરીરવાળા જીવો અથવા પૃથ્વીના જીવોનો જે સમૂહ તે પૃથ્વીકાય.

૧૧. (૨) **અપ્‌કાય** :- પાણીરૂપે શરીરવાળા જીવો અથવા પાણીના જીવોનો જે સમૂહ તે.

૧૨ (૩) **તેઉકાય** :- અગ્નિરૂપે શરીરવાળા જીવો અથવા અગ્નિના જીવોનો જે સમૂહ તે.

૧૩ (૪) **વાયુકાય** :- વાયુરૂપે શરીરવાળા જીવો અથવા વાયુના જીવોનો જે સમૂહ તે.

૧૪. (૫) **વનસ્પતિકાય** : ઝાડ, પાન, ફલ, ફુલાદિ વનસ્પતિરૂપે શરીરવાળા જીવો અથવા વનસ્પતિના જીવોનો જે સમૂહ તે વનસ્પતિકાય.

૧૫. (૬) **ત્રસકાય** : સુખ દુઃખના પ્રસંગોમાં ઈચ્છા મુજબ ગમનાગમન કરી શકે તેવા શરીરવાળા જીવોનો સમૂહ તે ત્રસકાય.

★ **યોગ ત્રણ પ્રકારે** છે, તે આ પ્રમાણે.

૧૬. (૧) **મનયોગ** : વસ્તુતત્વના વિચારમાં પ્રવર્તતો આત્મપ્રદેશમાં વીર્યનો વપરાશ. તે મનયોગ.

૧૭. (૨) **વચનયોગ** :- ભાષાવર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરી ભાષારૂપે પરિણમાવવા અને તેને છોડવામાં પ્રવર્તતો આત્મપ્રદેશમાં વીર્યનો વ્યાપાર તે વચનયોગ.

૧૮. (૩) **કાયયોગ** :- ઔદારિકાદિ શરીર દ્વારા આત્મપ્રદેશોમાં વીર્યનો જે વ્યાપાર તે કાયયોગ કહેવાય છે.

અહિ યોગ શબ્દથી યોગી જીવો જાણવા એટલે મનયોગવાળો તે મનયોગી વગેરે.

યોગના પર્યાયવાચી શબ્દો-યોગ-વીર્ય-બલ-પરાક્રમ-ચેષ્ટા-શક્તિ-સામર્થ્ય વગેરે જાણવા.

**वेय नरित्थि नपुंसा, कसाय कोह मय माय लोभत्ति ।**
**मइसुयवहिमण केवल, विभंग मइसुअनाणसागारा ॥११॥**

## શબ્દાર્થ

| | |
|---|---|
| **नरित्थि** - પુરુષ અને સ્ત્રી વેદ | **विभंग** - વિભંગજ્ઞાન |
| **मइसुय** - મતિ અને શ્રુત | **मइसुयनाण** - મતિ અને શ્રુત અજ્ઞાન |
| **वहिमण** - અવધિજ્ઞાન અને મનઃપર્યવ જ્ઞાન | **सागारा** - આઠ સાકારોપયોગ |

**અર્થ :-** પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસક વેદ એમ ત્રણ વેદ છે. ક્રોધ, માન માયા અને લોભ એ ચાર કષાયો છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન કેવલજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ આઠ જ્ઞાન માર્ગણાના ભેદ છે. (૧૧)

★ **વિવેચન :** પ્રથમ વેદના ૩ ભેદ જણાવે છે.

૧૯. (૧) **પુરુષવેદ :-** પુરુષ આકારે શરીરની રચના તે દ્રવ્યથી પુરુષવેદ તે શરીર નામ૰ અને અંગોપાંગ નામકર્મથી થાય છે. અને સ્ત્રીની સાથે સંભોગાદિની અભિલાષા તે ભાવ પુરુષવેદ, તે વેદ મોહનીય કર્મના ઉદયથી થાય છે.

૨૦. (૨) **સ્ત્રીવેદ :-** સ્ત્રી સંબંધી રચનાવાળું જે શરીર તે દ્રવ્યથી સ્ત્રીવેદ અને પુરુષ સાથે સંભોગાદિની અભિલાષા તે ભાવથી સ્ત્રીવેદ છે.

૨૧. (૩) **નપુંસકવેદ :-** સ્ત્રી અને પુરુષના, કેટલાક-કેટલાક અવયવ એમ બન્ને જેને હોય તે દ્રવ્યથી નપુંસક અને સ્ત્રી-પુરુષ એમ બન્ને પ્રત્યે ભોગની જે અભિલાષા તે ભાવ નપુંસકવેદ

કહેવાય છે. આ ત્રણે વેદોમાં દ્રવ્યવેદ શરીરની રચના સ્વરૂપ હોવાથી અને શરીર તથા અંગોપાંગ નામકર્મજન્ય હોવાથી નામકર્મના ઉદયથી હોય છે તેથી તેરમા ગુણસ્થાનક સુધી ત્રણે વેદ હોય. પણ અભિલાષા રૂપ ભાવવેદ તે મોહનીય કર્મના ઉદયરૂપ હોવાથી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી જ હોય છે. પછી જીવ વેદના ઉદય રહિત થાય છે.

★ હવે ચાર પ્રકારના **કષાય કહે છે.**

૨૨-૨૩.
૨૪-૨૫. ક્રોધ, માન, માયા અને લોભ આ ચારે કષાયો એ વિભાવ પ્રકૃતિરૂપ.જીવના શુદ્ધ સ્વરૂપને રોકનાર છે. અનેક જન્મ-મરણની પરંપરા વધારનાર છે. તેથી તે ત્યાગ કરવા યોગ્ય છે. **ક્રોધ-આવેશ, દ્વેષ૦ માન**-ગર્વ, અભિમાન **માયા**-કપટ, પ્રપંચ, છલ૦ **લોભ**-તૃષા, મેળવવાની ઈચ્છા, અતૃપ્તિ, અસંતોષ.

★ **જ્ઞાનના** ભેદ આ પ્રમાણે છે.

૨૬. (૧) **મતિજ્ઞાન :-** પાંચ ઈન્દ્રિય અને મન વડે મર્યાદામાં રહેલા પદાર્થના વિશેષ ધર્મને જાણવાની શક્તિ તે મતિજ્ઞાન.

૨૭. (૨) **શ્રુતજ્ઞાન :-** શબ્દના ઉલ્લેખવાળું, અથવા શબ્દ ઉપરથી અર્થનું અને અર્થ ઉપરથી શબ્દનું જે જ્ઞાન, અથવા સાંભળવા વડે કરીને જે થાય તે અથવા પાંચ ઈન્દ્રિય અને મનના નિમિત્તથી શાસ્ત્રનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન.

૨૮. (૩) **અવધિજ્ઞાન :-** પાંચ ઈન્દ્રિય અને મન વિના મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનું આત્મસાક્ષાત્ જ્ઞાન અથવા દેવની અપેક્ષાએ નીચે નીચે વિસ્તૃત એવું રૂપી પદાર્થનું **આત્મ-સાક્ષાત્** જ્ઞાન તે અવધિજ્ઞાન.

૨૯. (૪) **મનઃપર્યવજ્ઞાન :-** અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનરૂપે પરિણામ પામેલા મનોગત ભાવને

આત્મસાક્ષાત્ જુવે તે. **મનઃપર્યાય,** એટલે બીજાના મનના પર્યાયને જાણવા. મનઃપર્યવ એટલે ચારે બાજુથી મનના ભાવોને જાણવા.

૩૦. (૫) **કેવલજ્ઞાન :-** સર્વ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું એક સમયમાં એકી સાથે સંપૂર્ણ જ્ઞાન તે કેવલજ્ઞાન.

૩૧. (૬) **મતિઅજ્ઞાન :-** મિથ્યાદષ્ટિનું જે મતિજ્ઞાન તે મતિઅજ્ઞાન.

૩૨. (૭) **શ્રુતઅજ્ઞાન :-** મિથ્યાદષ્ટિનું જે શ્રુતજ્ઞાન તે શ્રુતઅજ્ઞાન.

૩૩. (૮) **વિભંગજ્ઞાન :-** મિથ્યાદષ્ટિનું જે અવધિજ્ઞાન તે અથવા વિપરીત(બોધ) ભંગવાળું જ્ઞાન તે વિભંગજ્ઞાન કહેવાય.

આ આઠ જ્ઞાન માર્ગણા તે જ્ઞાનોપયોગ છે. તેનું બીજુ નામ સાકારોપયોગ અથવા વિશેષોપયોગ કહેવાય છે. કોઈપણ પદાર્થ સામાન્ય અને વિશેષ એમ બે ધર્મયુક્ત છે. તેમાંથી વિશેષ ધર્મોને જે જાણવા તે જ્ઞાનોપયોગ કહેવાય. તેમાં વસ્તુનો આકાર (વિશેષધર્મો) જ્ઞાનની અંદર પ્રતિબિંબ થતા હોવાથી સાકારોપયોગ પણ કહેવાય છે.

**सामाइय छेय परिहार सुहूम अहक्खाय देस जय अजया ।**
**चक्खु अचक्खु ओहि, केवल दंसण अणागारा ॥१२॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| **परिहार** - પરિહારવિશુદ્ધિ | **अजया** - અવિરતિ |
| **छेय** - છેદોપસ્થાપનીય | **केवल** - કેવલદર્શન |
| **देसजय** - દેશવિરતિ | **अणागारा** - અનાકારોપયોગ |

**અર્થ :-** સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ અને અવિરતિ એમ ચારિત્રમાર્ગણાના સાત ભેદ છે, તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અવધિદર્શન અને કેવલદર્શન એમ ચાર અનાકારોપયોગ દર્શનમાર્ગણા છે. (૧૨)

★ **વિવેચન** :- આ ગાથામાં **સંયમ** માર્ગણાના સાત ભેદ અને **દર્શન** માર્ગણાના ચાર ભેદો જણાવ્યા છે.

૩૪. (૧) **સામાયિક :- સમ**-જ્ઞાન-દર્શન ચારિત્રનો **આય**-લાભ-અર્થાત્ જ્ઞાન દર્શન ચારિત્રનો જેમાં લાભ થાય તે અથવા સમતાનો જેમાં લાભ થાય તે સામાયિક, તેના ઈત્વરકથિક અને યાવત્કથિત એમ બે ભેદ છે.

૩૫. (૨) **છેદોપસ્થાપનીય ચારિત્ર** :- પૂર્વપર્યાયનો છેદ કરી ફરી મહાવ્રતોને જીવમાં જે ઉપસ્થાપના-સ્થાપના કરવી તે છેદોપસ્થાપનીય કહેવાય. તેના સાતિચાર અને નિરતિચાર એમ બે ભેદ છે.

૩૬. (૩) **પરિહારવિશુદ્ધિ** :- પરિહાર એટલે તપવિશેષ, તેના દ્વારા શુદ્ધિ વિશેષ જેમાં છે તે ચારિત્ર પરિહારવિશુદ્ધિ, તપ કરવા વડે જે ચારિત્ર નિર્મળ બને તે, તેના પણ નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક એમ બે ભેદ છે.

૩૭. (૪) **સૂક્ષ્મસંપરાય** :- સૂક્ષ્મ સંજ્વલન લોભરૂપ કષાયના ઉદય વખતનું જે ચારિત્ર તે સૂક્ષ્મસંપરાય, અનંતાનુબંધી આદિ કષાયોને ઉપશમાવી અથવા ખપાવીને શ્રેણીમાં ચડેલા જીવો નવમે ગુણઠાણે સંજ્વલન ક્રોધ-માન-માયા અને બાદર લોભને ઉપશમાવી અથવા ખપાવી દશમે ગુણઠાણે કિટ્ટી-ચૂર્ણરૂપ કષાય જ્યાં ઉદયમાં હોય ત્યારે જે ચારિત્ર વિશુદ્ધ હોય તે સૂક્ષ્મસંપરાય કહેવાય.

૩૮. (૫) **યથાખ્યાત :- યથા** એટલે જેવું કહેલ છે તેવું **ખ્યાત** એટલે પ્રસિદ્ધ-શાસ્ત્રમાં જેવું કહ્યું છે એવું પ્રસિદ્ધ ચારિત્ર એટલે કે-કષાય રહિત ચારિત્ર, આ મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓ સર્વથા ઉપશમ અથવા ક્ષય થવાથી શુદ્ધ ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર.

૩૯. (૬) **દેશવિરતિ :-** દેશથી જેમાં વિરતિ હોય, પરંતુ સંપૂર્ણ વિરતિ ન હોય તે દેશવિરતિ અથવા એક વ્રતથી માંડીને બારવ્રતાદિવાળું જે ચારિત્ર. અથવા મન વચન અને કાયાના ત્રણ કરણના નવભાંગામાંથી જઘન્યથી એક ભાંગાથી ઉત્કૃષ્ટથી આઠ ભાંગા સુધીના નિયમવાળું પચ્ચક્ખાણ તે. ઉત્કૃષ્ટ દેશવિરતિ એટલે સંવાસાનુમતિ સિવાય સર્વ ભાંગે અવિરતિનો ત્યાગ તે.

૪૦. (૭) **અવિરતિ :-** સર્વથા કોઈ વ્રત જેને નથી તે અવિરતિ અર્થાત્ વિરતિ ન હોય તેવી જીવની અવસ્થા તે અવિરતિ કહેવાય.

અહીં જોકે ચારિત્ર નથી તથાપિ કોઈપણ એક મૂલમાર્ગણામાં સર્વ સંસારી જીવોનો સમાવેશ કરવા માટે છ ચારિત્રમાં ન આવતા જીવોને ચારિત્રમાર્ગણામાં સમાવી લેવા માટે ચારિત્રથી વિપરિત અવિરતિને આ માર્ગણામાં મૂક્યું છે, જેમ ભવ્ય માર્ગણામાં અભવ્ય તેમ અવિરતિને પણ ચારિત્ર માર્ગણામાં ગ્રહણ કરેલ છે. જેમ સારી આદતને ટેવ કહેવાય અને ખરાબ ટેવને પણ જેમ ટેવ (આદત) કહેવાય તેમ.

★ દર્શન માર્ગણા-

૪૧. (૧) **ચક્ષુદર્શન :-** ચક્ષુદ્વારા વસ્તુને સામાન્ય પણે સામાન્યધર્મરૂપે જાણવી એટલે જોવું તે. ચક્ષુદર્શન.

૪૨. (૨) **અચક્ષુદર્શન :-** ચક્ષુવિનાની શેષ ઈન્દ્રિયો અને મન વડે વસ્તુમાં રહેલા સામાન્ય ધર્મને જાણવા તે અચક્ષુદર્શન.

૪૩. (૩) **અવધિદર્શન :-** પાંચ ઈન્દ્રિય અને મન વિના મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનું સામાન્ય ધર્મને જાણવા તે અવધિ-દર્શન.

૪૪. (૪) **કેવલદર્શન :-** લોકાલોકમાં રહેલા સર્વ પદાર્થોના ત્રણેકાળના સામાન્ય ધર્મોને જાણવાની આત્માની શક્તિ તે કેવલદર્શન કહેવાય.

અહિ દર્શનથી માત્ર વસ્તુ-પદાર્થનું સામાન્ય જ્ઞાન થાય છે. તેથી તે અનાકારોપયોગ કહેવાય છે. અહીં જાણવાની શક્તિ તે જ્ઞાન અને દર્શન કહેવાય અને તે શક્તિનો વપરાશ તે જ્ઞાનોપયોગ-દર્શનોપયોગ કહેવાય.

**किण्हानीलाकाउ, तेऊपम्हाय सुक्कभव्वियरा ।**
**वेयग खइगुवसम, मिच्छमीस सासण सन्नियरे ॥१३॥**

## શબ્દાર્થ

| | |
|---|---|
| **वेयग** - વેદક ક્ષાયોપશમિક | **खइगुवसम** - ક્ષાયિક અને ઉપશમ |
| **भव्वियरा**-ભવ્ય અને અભવ્ય | **मीस** - મિશ્ર સમ્યક્ત્વ |

**અર્થ :-** કૃષ્ણ, નીલ, કાપોત, તેજો પદમ અને શુક્લ એમ છ લેશ્યા છે. ભવ્ય અને અભવ્ય-ભવ્યમાર્ગણા છે. ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔપશમિક મિથ્યાત્વ, મિશ્ર અને સાસ્વાદન એ છ સમ્યક્ત્વ માર્ગણા છે. તથા સંજ્ઞી અને અસંજ્ઞી તે સંજ્ઞી માર્ગણા છે. (૧૩)

**વિવેચન :-** લેશ્યા બે પ્રકારની છે. દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા કાળા વગેરે વર્ણના પુદ્‌ગલો યોગની સાથે અંતર્ગત રહેલા તે દ્રવ્ય લેશ્યા અને દ્રવ્ય લેશ્યા વડે જે પરિણામ-સ્વભાવ ઉત્પન્ન થાય તે ભાવલેશ્યા.

★ લેશ્યા માર્ગણા

૪૫. (૧) **કૃષ્ણલેશ્યા :-** કાળાવર્ણવાળા પુદ્‌ગલો યોગની સાથે અંતર્ગત થવાથી તીવ્રતમ અશુભ પરિણામ તે કૃષ્ણલેશ્યા. તે લેશ્યાના પરિણામોનું વર્ણન કરતાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે अतिरौद्रः सदाक्रोधी, मत्सरी धर्मवर्जितः । निर्दयो वैरसंयुक्तः कृष्ण-लेश्याधिको नरः ॥

કૃષ્ણલેશ્યાવાળો જીવ અતિરોદ્ર, સદાક્રોધી, ઈર્ષ્યાળુ, ધર્મરહિત, નિર્દય અને વૈરભાવવાળો હોય છે.

૪૬. (૨) **નીલલેશ્યા :-** અશોકવૃક્ષ જેવા નીલારંગના લેશ્યાજાતિય પુદ્‌ગલોથી આત્મામાં ઉત્પન્ન થતો પરિણામ તે નીલલેશ્યા. अलसो मंदबुद्धिश्च स्त्रीलुब्धः परवंचकः । कातरश्च सदामानी निललेश्याधिको भवेत् ॥

નીલલેશ્યાવાળો જીવ આળસુ, મંદબુદ્ધિ, સ્ત્રીલંપટ, બીજાને ઠગનાર, બીકણ અને અભિમાની હોય છે.

૪૭. (૩) **કાપોતલેશ્યા :-** કબુતરના ગળા જેવા રક્ત અને કૃષ્ણવર્ણના લેશ્યાજાતીય પુદ્ગલોથી આત્મામાં ઉત્પન્ન થતા પરિણામને 'કાપોતલેશ્યા' કહેવાય છે. शोकाकुलः सदारुष्टः परनिंदात्मशंसकः । संग्रामे दारुणो दुःस्थ कापोतक उदाहृतः ॥

કાપોતલેશ્યાવાળો જીવ શોકાકુલ, હંમેશા રોષવાળો, પરનિંદક, સ્વપ્રશંસક અને યુદ્ધ કરવામાં ભયંકર હોય છે.

૪૮. (૪) **તેજોલેશ્યા :-** પોપટની ચાંચ જેવા રક્તવર્ણના પુદ્ગલોથી આત્મામાં ઉત્પન્ન થતો જે પરિણામ તે તેજોલેશ્યા विद्वान् करुणायुक्तः कार्याकार्यविचारकः । लाभालाभे सदा प्रीतः पीतलेश्याधिको नरः ॥

તેજોલેશ્યાવાળો જીવ વિદ્વાન, દયાળુ, કાર્ય અકાર્યનો વિચાર કરનાર અને લાભ કે અલાભમાં પ્રસન્ન રહેનાર હોય છે.

૪૯. (૫) **પદ્મલેશ્યા :-** હળદર જેવા પીળા વર્ણના લેશ્યાજાતીય પુદ્ગલોથી આત્મામાં ઉત્પન્ન થતો પરિણામ તે 'પદ્મલેશ્યા'. क्षमावान् निरतत्यागी देवार्चनरतो यमी । शूचीभूतः सदानंदः पद्मलेश्याधिको भवेत् ॥

પદ્મલેશ્યાવાળો જીવ ક્ષમાવાન, હંમેશા ત્યાગ રત, પરમાત્મ ભક્તિમાં મગ્ન, વ્રતયુક્ત, પવિત્ર અને સદા આનંદી હોય છે.

૫૦. (૬) **શુક્લલેશ્યા :-** શંખ જેવા શ્વેતવર્ણના લેશ્યાજાતીય પુદ્ગલોથી આત્મામાં ઉત્પન્ન થતો જે પરિણામ તે 'શુક્લલેશ્યા' रागद्वेषविनिर्मुक्तः शोकनिंदावविर्जितः । परात्मभाव संपन्न शुक्ललेश्यो भवेन्नरः ॥

શુક્લલેશ્યાવાળો જીવ રાગ-દ્વેષથી મુક્ત શોક અને નિંદા, જેણે છોડી દીધો છે. એવો અને પરમાત્મ ભાવથી (આત્મ સ્વભાવ) સંપન્ન હોય છે.

આ પ્રમાણે છ એ લેશ્યામાં યોગની અંતગર્ત રહેલા પુદ્ગલો તે દ્રવ્યલેશ્યા, જે તેરમા ગુણઠાણા સુધી હોય, અને દ્રવ્યલેશ્યા જન્ય જે (કષાયવાળો) આત્મિક પરિણામ તે ભાવલેશ્યા, જે દસ ગુણસ્થાનક સુધી હોય છે.

★ ભવ્ય માર્ગણા

૫૧. (૧) **ભવ્ય માર્ગણા :-** મોક્ષ પામવાની યોગ્યતા જેનામાં હોય તે ભવ્ય.

૫૨. (૨) **અભવ્ય માર્ગણા :-** મોક્ષમાં જવાની જેનામાં યોગ્યતા ન હોય તે અભવ્ય

A **અભવ્યજીવો** નીચેના ભાવો ન પામી શકે, (જુઓ અભવ્યકુલક)

તીર્થંકરપણું, કેવલીપણું, તીર્થંકરના માતપિતાપણું, ૬૩ શલાકાપુરુષપણું, શાસનના અધિષ્ઠાયક દેવ-દેવીપણું, પરમાધામીપણું, જિનપ્રતિમાને ઉપયોગી પૃથ્વી-પાણી અને વનસ્પતિપણું, અનુત્તરપણું, નારદપણું, કેવલિહસ્તે દીક્ષા, સંવત્સરી દાન, લોકાન્તિકદેવપણું, ત્રાયસ્ત્રિંસ્તપણું, પૂર્વધર લબ્ધિ આદિ લબ્ધિઓ, યુગપ્રધાનપણું, યુગ૰ મનુષ્યપણું વગેરે

★ **સમ્યક્ત્વ માર્ગણા**

૫૩. (૧) **ક્ષયોપશમિક (વેદક) સમ્યક્ત્વ :-** સમ્યક્ત્વ મોહનીયના ઉદય વખતનું સમ્યક્ત્વ તે. અનંતાનુબંધી ૪ કષાય મિથ્યાત્વ અને મિશ્ર આ છ પ્રકૃતિઓનો જ્યાં ક્ષયોપશમ છે. અને સમકિત મોહનીયનો રસોદય હોય તે ક્ષયોપશમિકસમ્યક્ત્વ કહેવાય. તથા ક્ષાયિક સમક્તિ પામતા પહેલાં સમકિતમોહનીયના છેલ્લા ગ્રાસને વેદતી વખતે વેદક સમ્યક્ત્વ કહેવાય છે. તેનો કાળ જ૰ અંતર્મુહૂર્ત ઉ૰ સાધિક ૬૬ સાગરોપમ.

૫૪. (૨) **ક્ષાયિક સમ્યક્ત્વ :-** દર્શનસપ્તકના સંપૂર્ણ ક્ષયથી આત્મામાં જે ગુણ પ્રગટ થાય તે ક્ષાયિક સમ્યક્ત્વ, આ ક્ષાયિક સમ્યક્ત્વ-પ્રથમ સંઘયણવાળા, ૮ વર્ષથી ઉપરની વયવાળા, મનુષ્ય, મોક્ષમાર્ગ વિદ્યમાન હોય ત્યારે જ મેળવી શકે, આવ્યા પછી ક્યારેય જતું નથી તેનો કાળ સાદિ અનંત છે.

૫૫. (૩) **ઔપશમિક સમ્યક્ત્વ :-** દર્શનસપ્તકનો ઉપશમ થવાથી આત્મામાં જે ગુણ પ્રગટ થાય તે ઉપશમ સમ્યક્ત્વ. અનાદિ મિથ્યાત્વીને ત્રણ કરણ કરવાપૂર્વક આ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તેમજ ૪થી ૭ ગુણસ્થાનકમાં ઉપશમશ્રેણી પ્રાપ્ત કરનારને શ્રેણીમાં હોય. આ સમ્યક્ત્વ ૪થી ૧૧ સુધી હોય, સંપૂર્ણ ભવચક્રમાં મિથ્યાત્વથી જાતિભેદથી એક વાર ગણાય છે તેનો કાળ જઘ૦ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનો છે. પરંતુ અનેક વાર પમાય છે. અને શ્રેણીનું ઉપશમસમ્યક્ત્વ ચાર વાર પમાય છે.

૫૬. (૪) **મિથ્યાત્વ :-** જિનેશ્વર ભગવંતે જે પદાર્થને જે સ્વરૂપે કહ્યા છે તેને તે સ્વરૂપે ન માનવા, નવતત્વાદિ ઉપર શ્રદ્ધા ન થાય તે, તેનો કાળ ત્રણ પ્રકારે છે. (૧) અનાદિ અનંત (૨) અનાદિસાંત અને (૩) સાદિ સાંત છે.

૫૭. (૫) **મિશ્રસમ્યક્ત્વ :-** જિનેશ્વર પરમાત્માના વચનો ઉપર રુચિ પણ ન થાય અને અરુચિ પણ ન થાય તે મિશ્ર તેનો કાળ જઘ૦ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે.

૫૮. (૬) **સાસ્વાદન સમ્યક્ત્વ :-** સમ્યક્ત્વનો જેમાં આસ્વાદ હોય તે. અનંતાનુબંધીના ઉદયવાળું અને મિથ્યાત્વના ઉદય વિનાનું જે સમ્યક્ત્વ તે સાસ્વાદન, તેનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકાનો છે. અને તે ઉપશમ સમ્યક્ત્વથી પડતાં જ આવે છે.

★ **સંજ્ઞી માર્ગણા**

૫૯. (૧) **સંજ્ઞી માર્ગણા :-** દીર્ઘકાલિકી સંજ્ઞા જેને હોય તે સંજ્ઞી.

૬૦. (૨) **અસંજ્ઞી માર્ગણા :-** દીર્ઘકાલિકી સંજ્ઞા જે જીવોને ન હોય તે સર્વે અસંજ્ઞી જાણવા. એકેન્દ્રિયથી સમુર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને સમુર્ચ્છિમ મનુષ્યો સુધીના અસંજ્ઞી છે.

દેવો અને નારકો બધા સંજ્ઞી જ હોય પં૦ તિર્યંચ અને મનુષ્યગતિમાં સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને હોય.

## 'માર્ગણામાં જીવસ્થાનક'

**आहारेयर भेया, सुरनिरयविभंग मइसुओहिदुगे ।**
**सम्मत्ततिगे पम्हा, सुक्का सन्नीसु सन्निदुगं ॥१४॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **सम्मत्ततिगे** - ઉપશમ-ક્ષાયોપશમ અને ક્ષાયિક એમ ત્રણ સમ્યક્ત્વમાં | **सन्निदुगं** - સંજ્ઞી પર્યા૦ અપર્યા૦ બે જીવભેદ હોય છે |

**ગાથાર્થ :-** આહારી અને અણાહારી એમ માર્ગણાના કુલ ૬૨ ઉત્તર ભેદો છે, દેવગતિ, નરકગતિ, વિભંગજ્ઞાન, મતિ, શ્રુત, અવધિદ્વિક, સમ્યક્ત્વત્રિક, પદ્મ, શુક્લલેશ્યા અને સંજ્ઞી માર્ગણા આ તેર માર્ગણામાં સંજ્ઞી પર્યાપ્તા અને સંજ્ઞી અપર્યાપ્તા એમ બે જીવભેદ હોય. (૧૪)

★ **આહારી માર્ગણા**

૬૧. (૧) **આહારી :-** ઓજાહાર, લોમાહાર, અને કવલાહાર આ ત્રણેમાંથી કોઈપણ એક પ્રકાર બે પ્રકાર અથવા ત્રણ પ્રકારનો આહાર જેને હોય તે આહારી એટલે ભવસ્થ સંસારી જીવો આહારી હોય, જો કે વિગ્રહતિમાં અને કેવલિસમુદ્ઘાતમાં અણાહારીપણું પણ હોય.

૬૨. (૨) **અણાહારી :-** આ ત્રણમાંથી એકે પ્રકારનો આહાર જેને ન હોય તે અણાહારી, વિગ્રહગતિમાં એક અથવા બે સમય, ક્વચિત્ ત્રણ સમય અણાહારી હોય છે.

જે જીવો ઋજુગતિએ પરભવમાં જાય અને જેને એક વક્રા એટલે બે સમયમાં પરભવમાં ઉત્પન્ન થાય, તેઓ આહારી હોય છે.[1] બે અથવા ત્રણ વક્રા કરે ત્યારે વચ્ચેના સમયોમાં અણાહારી હોય છે.

૧. સિદ્ધાન્તકારના મતે એક વક્રા કરનારને પ્રથમ સમયે અણાહારી પણું કહ્યું છે. કારણ પૂર્વના શરીરનો ત્યાગ થતો હોવાથી તે સમયે આહાર ન હોય.

કેવલીસમુદ્‌ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગમાં વર્તતો જીવ અણાહારી હોય અને ચૌદમા ગુણઠાણે તેમજ સિદ્ધાવસ્થામાં જીવ અણાહારી હોય છે.

આ પ્રમાણે બાસઠ માર્ગણાનું સંક્ષેપમાં વર્ણન કર્યું હવે સૌ પ્રથમ માર્ગણામાં **જીવભેદ** દ્વાર કહેવાય છે.

દેવગતિ આદિ ૧૩ માર્ગણામાં સંજ્ઞી પર્યાપ્તો અને અપર્યાપ્તો એમ બે જ જીવભેદ હોય છે. કારણકે દેવતા અને નારકી સંજ્ઞી પંચેન્દ્રિય હોવાથી એકેન્દ્રિય વગેરે ૧૨ જીવભેદ રૂપે તેઓ હોતા નથી. જ્યાં સુધી સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી સંજ્ઞી અપર્યાપ્તો અને પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી સંજ્ઞી પર્યાપ્તો હોય છે. તેથી **દેવગતિ નરકગતિ** માર્ગણામાં **બે જીવભેદ** હોય.

વિભંગજ્ઞાન લબ્ધિપર્યાપ્તા સંજ્ઞી જીવને ઉત્પન્ન થાય છે. દેવભવમાં કે નરકભવમાં★ પ્રથમ સમયથી મિથ્યાત્વીને અપર્યાપ્તા-વસ્થામાં વિભંગજ્ઞાન હોય છે. પરંતુ એકેન્દ્રિયાદિ ૧૨ જીવોને વિભંગજ્ઞાન હોય નહિ.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિદ્વિક, સમ્યગ્‌દૃષ્ટિ જીવને જ હોય છે દેવ નારકીમાંથી આવેલ તીર્થંકરો વગેરે કેટલાક જીવો ૩ જ્ઞાન સહિત મનુષ્યમાં જન્મે છે. તેથી અપર્યાપ્તા અવસ્થામાં તેમને ૩ જ્ઞાન હોય છે. સમ્યગ્‌દૃષ્ટિ દેવનારકને પણ અપર્યાપ્તા અવસ્થામાં અવધિજ્ઞાન અવધિદર્શન હોય છે. તેમજ લબ્ધિપર્યાપ્તા સંજ્ઞી જીવને પર્યાપ્તા-વસ્થામાં ક્ષાયિક વગેરે ત્રણે સમ્યક્ત્વ હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વ લઈને ચારે ગતિમાં જવાય, તેથી પર્યા૰ અપર્યા૰ના બે જીવભેદ ઘટે. ક્ષાયોપશમ સમકિત લઈને મનુષ્યમાં તેમજ[1] દેવમાં જવાય માટે અપર્યાપ્તાવસ્થાનો સંભવ હોવાથી બન્ને જીવભેદ ઘટે.

---

★ અસંજ્ઞીમાંથી દેવ-નરકમાં આવેલાને પર્યાપ્ત થયા પછી વિભંગજ્ઞાન થાય છે.

૧. સિદ્ધાંતના મતે ક્ષાયોપશમ સમ્ય. લઈને છ નારકી સુધી જવાય.

**મતાંતર :-** ઉપશમ સમકિત માર્ગણામાં બે જીવભેદ કહ્યા છે પણ ઉપશમ સમકિત લઈને ભવાંતરમાં જવાય નહિ અને અપર્યાપ્તાવસ્થામાં ઉપશમ સમકિત પમાય નહિ. તેથી અપર્યાપ્ત સંજ્ઞી જીવભેદ ઘટે નહિ પરંતુ સપ્તતિકા પંચસંગ્રહ વગેરે ગ્રંથકારો શ્રેણીનું ઉપશમ લઈને અનુત્તર દેવમાં જવાય એવું માને છે. તેથી શ્રેણીમાં મૃત્યુ પામે દેવમાં જાય તેમના મતે દેવની અપેક્ષાએ સંજ્ઞી અપર્યા૦ જીવભેદ પણ ઘટે.

उवसमसेढिं पत्ता मरंति उंवसमगुणेसु जे सत्ता । ते लवसत्तम देवा सवट्ठे खयसम्मत्तजुआ ॥१॥ જોકે ગ્રંથીભેદવાળું પ્રથમગુણ૦થી પમાતું ઉપશમ સમ્યક્ત્વ અપર્યા૦ અવસ્થામાં હોય નહી.

જો કે કેટલાક આચાર્યભગવંતો ઉપશમશ્રેણીમાં મરણ પામે પરંતુ વૈમાનિક દેવના ભવમાં પ્રથમ સમયથી ક્ષાયોપશમ સમ્યક્ત્વ આવે એવું માને છે તેથી તેમના મતે ઉપશમ સમ્યક્ત્વમાં એક જીવભેદ ઘટે.

૩થી ૫ દેવલોકના દેવોને પદ્મલેશ્યા અને ૬ઠ્ઠાથી અનુત્તર સુધીના દેવો શુક્લલેશ્યા હોય છે. ''જે લેશ્યાએ આયુષ્ય બાંધ્યું હોય તે લેશ્યા સહિત ભવાન્તરમાં ઉત્પન્ન થાય.'' તે શાસ્ત્રવચનાનુસારે આ દેવો મરણ પામીને લેશ્યા સહિત (દેવ-મનુષ્યરૂપ) સંજ્ઞી પર્યાપ્તામાં ઉત્પન્ન થાય છે. તેથી પર્યા૦ અપર્યા૦ જીવભેદ ઘટે બાકીના જીવોમાં શુભ પરિણામ હોય નહિ આ બન્ને લેશ્યા શુભ છે. માટે શેષ જીવભેદમાં આ લેશ્યા સંભવે નહિ. તેમજ સંજ્ઞી માર્ગણામાં પોતાના સંજ્ઞી પર્યા૦ અને અપર્યા૦ જીવભેદ હોય.

**तमसन्नि अपज्जजुयं, नरे सबायर अपज्ज तेउए ।**
**थावर इगिंदि पढमा चउ, बार असन्नि दुदु विगले ॥१५॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| **तं** - તે સંજ્ઞીદ્વિક | **सबायरापज्ज** - બાદર અપર્યા૦ સહિત |
| **असन्नि अपज्जजुयं**-અસંજ્ઞી અપર્યા૦ યુક્ત | **विगले** - વિકલેન્દ્રિયમાં |

**અર્થ :-** મનુષ્યગતિ માર્ગણામાં તે બે જીવભેદો અને અસંજ્ઞી અપર્યાપ્તાયુક્ત કરતાં ૩ જીવભેદ હોય, તેજોલેશ્યામાં અપર્યાપ્તા બાદર એકે૦ સહિત કરતા ૩ જીવભેદ પાંચ સ્થાવર કાયમાં અને એકેન્દ્રિયમાં પ્રથમના ચાર જીવભેદ હોય. અસંજ્ઞી માર્ગણામાં બાર જીવભેદ અને વિકલેન્દ્રિયમાં બે બે જીવસ્થાનક હોય છે. (૧૫)

**વિવેચન :-** મનુષ્ય ગર્ભજ અને સમુર્ચ્છિમ એમ બે પ્રકારે હોય છે. ગર્ભજ મનુષ્યો પર્યાપ્તા અને અપર્યાપ્તા હોય, જ્યારે સમુર્ચ્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે તે ઉત્પતિના પ્રથમ અંત૦માં મરણ પામે માટે અપર્યાપ્ત હોય છે. માટે **ત્રણ** જ જીવભેદ **મનુષ્યગતિ** માર્ગણામાં ઘટે.

ભવનપતિથી ઈશાન સુધીના જીવોને તેજોલેશ્યા હોય છે. તે દેવો તેજોલેશ્યા સહિત બાદર ૫૦ પૃથ્વી-અપ્-અને વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. તેથી બાદર એકે૦ (કરણ) અપર્યાપ્તાને અંતર્મુહૂર્ત સુધી તેજોલેશ્યા હોય. માટે અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય સિવાયના ૧૧ જીવભેદમાં અશુભ લેશ્યા જ હોવાથી તેજોલેશ્યા માર્ગણામાં તે જીવો ઘટે નહિ. એટલે તેજોલેશ્યામાં સંજ્ઞી દ્વિક, અપ૦બા૦ એકે૦ કુલ ૩ જીવભેદ છે.

પૃથ્વીકાયાદિ **પાંચ સ્થાવરકાય અને એકેન્દ્રિય** માર્ગણામાં **પ્રથમ ચાર** જ જીવભેદ ઘટે, બાકીના જીવભેદો ત્રસ છે. માટે સ્થાવર માર્ગણામાં ઘટે નહિ.

**અસંજ્ઞી** માર્ગણામાં પહેલા **૧૨ જીવભેદો** હોય છે. છેલ્લા ૨ જીવસ્થાનકો સંજ્ઞી છે તેથી અસંજ્ઞી માર્ગણામાં ન હોય. બેઇન્દ્રિય માર્ગણામાં બેઇન્દ્રિય પર્યાપ્તો અપર્યાપ્તો, એ બે જ જીવભેદ હોય બાકીના જીવભેદો બેઇન્દ્રિયરૂપે નથી, તે પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં પણ જાણવું.

**दसचरिम तसे अजया, हारगतिरि तणुकसाय दुअन्नाणे ।**
**पठमतिलेसा भवियर, अचक्खु नपुमिच्छि सव्वेवि ॥१६॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **तिरितणु** - તિર્યંચગતિ, કાયયોગ | **अजयाहारग** -અવિરતિ, આહારી |
| **भवियर** - ભવ્ય અને અભવ્ય | **नपुमिच्छि** - નપુંસકવેદ અને મિથ્યાત્વમાં |

**ગથાર્થ :-** ત્રસકાયમાર્ગણામાં છેલ્લા ૧૦ જીવસ્થાનક હોય. અવિરતિ, આહારી, તિર્યંચગતિ, કાયયોગ, ચારકષાય, બે અજ્ઞાન, પ્રથમની ત્રણલેશ્યા, ભવ્ય, અભવ્ય, અચક્ષુદર્શન, નપુંસકવેદ, અને મિથ્યાત્વ એ અઢાર માર્ગણામાં સર્વ જીવભેદ હોય. (૧૬)

**વિવેચન :- ત્રસકાય**માં **છેલ્લા દસ** જીવભેદ હોય કારણકે પહેલા ચાર જીવસ્થાનકના જીવો સ્થાવર જ છે, ત્રસ નથી.

અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયથી અપર્યાપ્તા સંજ્ઞી સુધીના જીવોને અવિરતિ જ હોય દેશવિરતિ કે સર્વવિરતિ ન હોય. અને પર્યાપ્ત સંજ્ઞીમાં પણ કેટલાય ઘણા જીવોને અવિરતિ હોય માટે **અવિરતિ**માર્ગણામાં **૧૪** જીવભેદ હોય.

અયોગી કેવલીભગવંત અને કેવલીસમુદ્ઘાતમાં ૩,૪,૫માં સમયે રહેલા સયોગી કેવલી ભગવંત સિવાયના દરેક સંસારી જીવોને ઉત્પતિના પ્રથમ સમયે ઓજાહાર અને બીજા સમયથી મૃત્યુ સુધી લોમાહાર હોય છે, તેથી સંસારી સર્વ જીવો આહારી હોય છે. તેથી **આહારી** માર્ગણામાં **૧૪** જીવભેદ હોય છે.

એકેન્દ્રિયથી પર્યા૦અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો તિર્યંચ હોય છે. અને સંજ્ઞી જીવો પણ કેટલાક તિર્યંચ પણ હોય તેથી **તિર્યંચ** માર્ગણામાં **૧૪** જીવભેદ હોય.

એકેન્દ્રિયથી સંજ્ઞી સુધીના જીવોને વિગ્રહગતિમાં કાર્મણ-શરીરરૂપ કાયયોગ અવશ્ય હોય તેથી **કાયયોગ** માર્ગણામાં **૧૪** જીવભેદ હોય.

એકેન્દ્રિયથી સંજ્ઞી સુધીના સર્વ સંસારીજીવોને કષાયમોહનીયનો ઉદય હોવાથી ક્રોધાદિ કષાય અવશ્ય હોય તેમજ એકેન્દ્રિયથી અસંજ્ઞી

પંચેન્દ્રિય જીવોને સમ્યક્ત્વ ન હોવાથી મતિઅજ્ઞાન, અને શ્રુતઅજ્ઞાન હોય, સંજ્ઞી જીવોમાં પણ કેટલાક સમ્યક્ત્વ વિનાના જીવોને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય છે. તેથી **કષાય-મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન** માર્ગણામાં **સર્વ** જીવભેદો હોય.

એકેન્દ્રિયથી અસંજ્ઞી સુધીના અને કેટલાક સંજ્ઞી જીવોમાં પણ અશુભ લેશ્યા હોય છે. ૧૪ જીવભેદોમાં કેટલાક ભવ્ય હોય અને કેટલાક અભવ્ય પણ હોય છે. એકેન્દ્રિયથી છદ્મસ્થ સુધીના જીવોને અચક્ષુદર્શન અવશ્ય હોય છે. એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના જીવો નપુંસક જ હોય છે. અસંજ્ઞી જીવોને ભાવવેદની અપેક્ષાએ નપુંસકવેદ હોય અને દ્રવ્યવેદની અપેક્ષાએ ત્રણે વેદ હોય છે. તેથી અસંજ્ઞી પંચેન્દ્રિય અને કેટલાક સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને નપુંસક વેદ હોય. અને એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો તેમજ સંજ્ઞીમાં કેટલાક જીવો મિથ્યાદષ્ટિ હોય, આ પ્રમાણે ૧૮ માર્ગણામાં ૧૪ જીવસ્થાનક હોય છે.

**पजसन्नी केवल दुगे संजममणनाण देसमणमीसे ।**
**पणचरिम पज्जवयणे तियछव पज्जिअर चक्खुमि ॥१७॥**

**શબ્દાર્થ**

**संजम** - પાંચ સંયમમાં
**पणचरिमपज्ज** - છેલ્લા પાંચ પર્યાપ્તા
**तियछव** - ત્રણ અથવા છ
**चक्खुमि** - ચક્ષુદર્શનમાં

**ગાથાર્થ :-** કેવલદ્વિક, પાંચસંયમ, મનઃપર્યવજ્ઞાન, દેશવિરતિ, મનયોગ અને મિશ્ર સમ્યક્ત્વ એમ ૧૧ માર્ગણામાં સંજ્ઞી પર્યાપ્તો એક જ જીવભેદ હોય છે. વચનયોગમાં છેલ્લા પાંચ પર્યાપ્તા જીવભેદ સંભવે છે. અને ચક્ષુદર્શનમાં પર્યાપ્તા ૩ અથવા અપર્યાપ્તા સહિત કરતા ૬ જીવભેદ હોય. (૧૭)

**વિવેચન :-** કેવલજ્ઞાન, કેવલદર્શન, સામાયિક આદિ પાંચ ચારિત્ર અને મનઃ-પર્યવજ્ઞાન આ ભાવો સંજ્ઞીમાં સર્વવિરતિધરને હોય. તેમજ પર્યા૰ સંજ્ઞી તિર્યંચ મનુષ્યોને દેશવિરતિ હોય છે. દેશવિરતિ કે

સર્વવિરતિ સાધિક ૮ વર્ષની ઉંમરે સંજ્ઞી જીવોને આવી શકે પરંતુ અપર્યાપ્તા અવસ્થામાં દેશવિરતિ કે સર્વવિરતિ હોય નહિ.

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ભવસ્વભાવે વિરતિના પરિણામ હોય નહી તેથી આ માર્ગણાઓમાં સંજ્ઞી પર્યાપ્તો એક જ જીવભેદ ઘટે.

સંજ્ઞી જીવોને મનઃપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્તા અવસ્થામાં જ મનયોગ હોય, એકે૰થી અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને મનઃપર્યાપ્તિ ન હોવાથી મનયોગ હોય નહિ માટે **મનયોગ**માં પણ **એક** જ ૫૦ સંજ્ઞી જીવભેદ હોય.

મિશ્રગુણઠાણે મિશ્રસમ્યક્ત્વ હોય એકે૰થી અસંજ્ઞી સુધીના જીવો મિશ્રગુણઠાણું પામે નહિ. સંજ્ઞી પર્યાપ્તા જીવોને જ મિશ્રગુણઠાણું હોય. કારણકે ઉપશમ સમકિત પર્યાપ્ત અવસ્થામાં પામે, ત્યાંથી અથવા મિથ્યાત્વ અથવા ક્ષાયોપશમ સમકિતમાંથી મિશ્રસમ્યક્ત્વ પામે. મિશ્રગુણઠાણું લઈને ભવાંતરમાં જવાય નહિ માટે અપર્યાપ્તા સંજ્ઞી **મિશ્ર સમ્યક્ત્વમાં** હોય નહિ.

બેઈન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને સ્વયોગ્ય સર્વ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી વચનયોગ હોય છે. એકેન્દ્રિય જીવોને ભાષાપર્યાપ્તિ હોય નહીં અને અપર્યાપ્તા બેઈન્દ્રિયાદિ જીવોને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થતી નથી માટે **પાંચ** પર્યાતા જીવભેદ **વચન**યોગ માર્ગણામાં હોય છે.

ચક્ષુદર્શન નેત્રવાળા જીવોને હોય છે. એકેન્દ્રિયથી તેઈન્દ્રિય જીવોને નેત્ર ન હોવાથી ચક્ષુદર્શન હોય નહિ.

**મતાંતર :-** સર્વ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી ચક્ષુદર્શન હોય એટલે ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિયને પર્યાપ્તા અવસ્થામાં ચક્ષુદર્શનનો ઉપયોગ હોય, તેથી **ચક્ષુદર્શનમાર્ગણાએ ૩ જીવભેદ ઘટે.** પરંતુ કેટલાક આચાર્યોના મતે ૩ અપર્યાપ્તા સહિત કરતા છ જીવભેદ કહ્યા કારણકે પંચસંગ્રહકારના મતે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ચક્ષુદર્શનનો ઉપયોગ હોઈ શકે. તેથી બાકીની પર્યાપ્તિ નહી

પૂરી કરેલા એવા અપર્યા૦ ચઉ૦, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિયને પણ ચક્ષુદર્શન હોય.

(જુઓ પંચસંગ્રહ દ્વા-૧ ગા૦ ૮ (સ્વોપજ્ઞ ટીકામાં) તે મતે ૭ જીવભેદ કહ્યા છે.)

**थीनर पणिंदि चरमाचउ, अणहारे दुसन्नि छअपज्जा ।**
**ते सुहुम अपज्जविणा, सासणि इतो गुणे वुच्छं ॥१८॥**

## શબ્દાર્થ

**चरमा चउ** - છેલ્લા ચાર જીવભેદ || **सासणि** - સાસ્વાદનમાં

**ગાથાર્થ :-** સ્ત્રીવેદ, પુરુષવેદ અને પંચેન્દ્રિય માર્ગણામાં છેલ્લા ચાર જીવભેદ હોય. અણાહારી માર્ગણામાં સંજ્ઞી પર્યાપ્તા, સંજ્ઞી અપર્યાપ્તા એમ બે અને ૭ અપર્યાપ્તા એમ કુલ ૮ જીવભેદ હોય છે. તે આઠમાંથી સૂક્ષ્મ અપર્યાપ્તા વિના શેષ ૭ જીવભેદ સાસ્વાદનમાં હોય છે. હવે પછી માર્ગણાને વિષે ગુણસ્થાનકોને કહીશું.

**વિવેચન :-** સ્ત્રીવેદ, પુરુષવેદ અને પંચેન્દ્રિય જાતિ એમ કુલ **૩ માર્ગણા**માં સંજ્ઞી-અસંજ્ઞી પર્યાપ્તા-અપર્યાપ્તા એમ **ચાર જીવભેદ** છે. જો કે સિદ્ધાંતમાં-ભગવતીસૂત્રમાં-એકેન્દ્રિયથી **અસંજ્ઞી પંચેન્દ્રિય** સુધીના સર્વજીવો નપુંસક કહ્યા છે તેથી સ્ત્રીવેદ અને પુરુષવેદમાં અસંજ્ઞી પર્યાપ્તા અપર્યાપ્તા જીવભેદ ઘટે નહિ. કારણકે સિદ્ધાંતમાં તેઓને નપુંસકવેદી કહ્યા છે, આ ભાવવેદને આશ્રયી જાણવું, પરંતુ સ્ત્રી આકારે અને પુરુષ આકારે શરીર મળવારૂપ જે દ્રવ્યવેદ છે તે અસંજ્ઞીમાં પણ હોય છે. તેથી દ્રવ્યવેદની અપેક્ષાએ ચાર જીવભેદ અહીં કહ્યા છે. કારણ કે ચઉરિન્દ્રિયાદિમાં ભમરો(નર) ભમરી (માદા) બોલાય છે. (જુઓ પંચસંગ્રહ દ્વા-૧ ગા. ૨૪ ટીકા).

**અણાહારી** માર્ગણામાં ૭ અપર્યાપ્તા અને સંજ્ઞી પર્યાપ્તો એમ **૮ જીવભેદ** હોય, વિગ્રહગતિમાં વધારેમાં વધારે ૨ અથવા ક્વચિત્ ૩ સમય સુધી જીવ અણાહારી હોય છે. તેમજ કેવલી સમુદ્ઘાતમાં ત્રીજા-ચોથા અને પાંચમા સમયે જીવ અણાહારી હોય છે અને અયોગી ગુણઠાણે પણ અણાહારી હોય છે આમ અણાહારીમાં ૮ જીવભેદ હોય.

**સાસ્વાદન** માર્ગણાએ સૂક્ષ્મ અપર્યાપ્તા વિના ઉપરના ૭ જીવભેદ કહ્યા તે આ પ્રમાણે :- સાસ્વાદન ગુણઠાણાવાળા જીવો કંઈક વિશુદ્ધ પરિણામવાળા હોય છે. તેથી ભવસ્વભાવે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. અને છ અપર્યાપ્તા જીવોમાં સાસ્વાદન આ રીતે હોય—આ ભવ પૂર્વે મનુષ્ય કે તિર્યંચના ભવમાં ઉપશમ સમકિત પામ્યા પહેલા એકેન્દ્રિય વિકલેન્દ્રિય કે તિર્યંચ પંચેન્દ્રિયનું આયુષ્ય બાંધ્યું હોય પછી અંતે ઉપશમ સમકિત પામે, ઉપશમસમ્યક્ત્વ ત્યાં વમી સાસ્વાદન ભાવ પામે અને સાસ્વાદન ગુણઠાણું લઈ ૬ અપર્યાપ્તામાં ઉત્પન્ન થાય. તેથી સાસ્વાદન માર્ગણામાં છ અપર્યાપ્તા ઘટે. સંજ્ઞી પર્યાપ્ત જીવ ઉપશમ સમકિત પામીને સાસ્વાદન પામે તેથી સાસ્વાદન માર્ગણામાં ૭ જીવભેદ ઘટે. લબ્ધિ પ૦ બા૦ એક૦માં દેવપણામાંથી સાસ્વાદન ગુણસ્થાનક સહિત ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણે બાસઠે માર્ગણાઓમાં **જીવસ્થાનક** દ્વાર પૂર્ણ થયું

## "માર્ગણાને વિષે ગુણસ્થાનક"

**पणतिरि चउ सुरनिरए, नरसन्नि पणिंदि भव्व तसि सव्वे ।**
**इगविगल भूदगवणे दुदुएगं गइ तस अभव्वे ॥१९॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **नरसन्नि** - મનુષ્યગતિ સંજ્ઞીમાં | **भूदगवणे** - પૃથ્વી, પાણી, અને વનસ્પતિ |
| **तसि** - ત્રસકાયમાં | **गइतस** - ગતિત્રસ (તેઉ-વાઉ) |

**ગાથાર્થ :-** તિર્યંચગતિમાં પાંચ ગુણસ્થાનક, દેવ નરકગતિમાં ચાર ગુણસ્થાનક, મનુષ્યગતિ, સંજ્ઞી. પંચેન્દ્રિય, ભવ્ય અને ત્રસકાય માર્ગણામાં સર્વ ગુણસ્થાનક હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિમાં બે-બે ગુણસ્થાનક-ગતિત્રસ (તેઉ, વાઉ) અને અભવ્યમાં એક જ ગુણસ્થાનક હોય. (૧૯)

**વિવેચન :- ૬૨ માર્ગણામાં ગુણસ્થાનક**—બાસઠ માર્ગણામાં ગુણસ્થાનક બતાવે છે. **તિર્યંચગતિ** માર્ગણામાં **પાંચ** ગુણસ્થાનક હોય. ત્યાં ભવસ્વભાવથી સર્વવિરતિ નથી, પરંતુ તિર્યંચમાં ત્રણે સમ્યક્ત્વ હોઈ શકે છે. નવુ ઉપશમ અને ક્ષાયોપશમ સમ્યક્ત્વ તિર્યંચગતિમાં પ્રાપ્ત કરાય છે. ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરાય નહિ, પણ પૂર્વબદ્ધ તિર્યંચ આયુષ્યવાળા મનુષ્ય ક્ષાયિક સમ્યક્ત્વ પામી યુગલિક તિર્યંચમાં જાય એ અપેક્ષાએ ચોથું ગુણસ્થાનક ત્યાં છે તેમજ જાતિસ્મરણાદિ જ્ઞાન થવાથી શ્રાવકના (અતિથિ સંવિભાગ વિના) ૧૧ વ્રતો તિર્યંચમાં હોય તેથી દેશવિરતિ ગુણઠાણુ હોય, તિર્યંચગતિમાં ચોથે ગુણઠાણે ત્રણે સમ્યક્ત્વ હોય. પણ પાંચમે ગુણઠાણે બે જ સમ્યક્ત્વ હોય, ક્ષાયિક હોય નહિ કારણકે ક્ષાયિક યુગલિકમાં હોય. તેઓને દેશવિરતિ નથી.

**દેવગતિમાં** અને **નરકગતિમાં** પ્રથમના **ચાર** ગુણસ્થાનકો હોય છે. ભવસ્વભાવે દેવ-નારકીને દેશવિરતિ કે સર્વવિરતિ હોય નહિ તેથી શેષ ગુણસ્થાનક ન હોય દેવ-નારકીને ત્રણે સમ્યક્ત્વ હોય છે. ક્ષાયિક પૂર્વભવમાંથી લાવેલું. નવુ ઉપશમ અને ક્ષાયોપશમ બન્ને પોતાના ભવમાં પામે. જો કે પારભવિક ક્ષયોપશમ ફક્ત દેવમાં જ હોય પરંતુ નરકમાં ન હોય કારણકે ક્ષયોપશમ સમ્યક્ત્વ લઈને નરકમાં જવાય નહિ. આ પ્રમાણે સમ્યક્ત્વ હોવાથી ૧થી ૪ ગુણસ્થાનક હોય.

**ગર્ભજ મનુષ્યો** અતિ સંક્લિષ્ટથી માંડીને સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ સુધીના સર્વશુભાશુભભાવોને પ્રાપ્ત કરી શકે છે. તેથી **૧થી ૧૪** ગુણઠાણા હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવો ભવ્ય અને ત્રસજીવોમાં મનુષ્યનો સમાવેશ થાય છે. તેથી તે માર્ગણાઓમાં પણ ૧થી ૧૪ ગુણઠાણા હોય છે.

**એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય** અને **વનસ્પતિકાયમાં બે** ગુણસ્થાનકો સંભવે છે. તે આ પ્રમાણે સામાન્યથી મિથ્યાત્વ તો સર્વને હોય છે. પરંતુ કોઈ સંજ્ઞી જીવે પ્રથમ એકે૦ અથવા વિકલેન્દ્રિયનું આયુષ્ય બાંધ્યું હોય અને પછી અંતે ઉપશમ સમકિત પામે અને સાસ્વાદન ગુણઠાણે આવે તો તે જીવ સાસ્વાદન ગુણઠાણું લઈને

એકેન્દ્રિય કે વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. ત્યાં તેને છ આવલિકા કાળ સુધી અપર્યાપ્તા અવસ્થામાં સાસ્વાદન ગુણઠાણું હોય, પછી મિથ્યાત્વ પામે. આ રીતે બે ગુણઠાણા હોય છે.

**ગતિત્રસ** એટલે **તેઉકાય, વાઉકાયમાં એક જ** મિથ્યાત્વ ગુણઠાણું હોય કારણકે કોઈપણ જીવ સાસ્વાદન ભાવ લઈને તેઉકાય અને વાઉકાયમાં ઉત્પન્ન થતો નથી. તેમજ એકેન્દ્રિય વિકલેન્દ્રિય ભવસ્વભાવે ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરતા નથી તેથી તેઉ-વાઉમાં સાસ્વાદનાદિ ગુણઠાણા ન હોય.

તેઉ-વાઉ જીવો **ગતિત્રસ** કહેવાય છે. એટલે ગમનાગમન ક્રિયા કરે છે. પરંતુ દુઃખ સુખના પ્રસંગે ઇચ્છા મુજબ ગતિ કરી શકતા નથી તેથી તે લબ્ધિત્રસ કહેવાય નહી. ફક્ત બીજાની પ્રેરણાથી ગતિ કરે છે એટલે **ગતિત્રસ** કહેવાય.

**અભવ્ય માર્ગણામાં મિથ્યાત્વ** એક જ ગુણઠાણું હોય છે કારણકે તે જીવોને તથાસ્વભાવે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી અને ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા વિના સાસ્વાનાદિ ગુણસ્થાનકો આવે નહિ.

**वेय ति कसाय नव दस लोभे चउ अजय दुति अन्नाण तिगे ।**
**बारस अचक्खु चक्खुसु पठमा अहखाइ चरम चउ ॥२०॥**

### શબ્દાર્થ

**अन्नाण तिगे** - અજ્ઞાનત્રિકમાં || **अहखाइ** - યથાખ્યાતચારિત્રમાં

**ગાથાર્થ :-** ૩ વેદ, ક્રોધાદિ ત્રણ કષાય, એમ છ માર્ગણામાં નવ, લોભમાં દસ અવિરતિમાં ચાર, અજ્ઞાનત્રિકમાં બે અથવા ત્રણ, અચક્ષુદર્શન અને ચક્ષુદર્શનમાં પ્રથમના બાર, અને યથાખ્યાત ચારિત્રમાં છેલ્લા ચાર ગુણસ્થાનકો હોય છે. (૨૦)

**વિવેચન :-** જ્યાં સુધી વેદનો ઉદય હોય ત્યાં સુધી વેદ માર્ગણા અને જ્યાં સુધી કષાયનો ઉદય હોય ત્યાં સુધી કષાય માર્ગણા કહેવાય. **વેદત્રિક** અને **ક્રોધાદિ ત્રણકષાયનો** ઉદય **૧થી ૯** ગુણઠાણા સુધી હોય

છે. ૧૦મે ગુણઠાણે ત્રણવેદનો અને ત્રણ કષાયનો સર્વથા ઉપશમ અથવા ક્ષય થાય છે. તેથી ૩ વેદ અને ત્રણ કષાયને ૧થી ૯ ગુણઠાણા હોય, **સંજ્વલન લોભનો ઉદય ૧૦** ગુણઠાણા સુધી હોય છે. ૧૧મે ગુણઠાણે લોભનો સંપૂર્ણ ઉપશમ અથવા ક્ષપકને ૧૨મે ગુણઠાણે ક્ષય થયેલો હોવાથી ૧થી ૧૦ ગુણઠાણા હોય.

**અવિરતિ માર્ગણામાં પ્રથમના ચાર** ગુણઠાણા સંભવે છે. કારણકે દેશવિરતિ આદિમાં વિરતિ હોય છે. જો સમ્યક્ત્વ નહી પામેલ આત્મા વિરતિ લે તો પણ અવિરતિ જ ગણાય, પણ દેશવિરતિ આદિ ગુણઠાણા ગણાતાં નથી.

**અજ્ઞાનત્રિકમાં બે** અથવા **ત્રણ** ગુણઠાણા હોય છે તેમાં કેટલાક ગ્રંથકાર એવું માને છે કે મિશ્રદૃષ્ટિ જીવ મિથ્યાત્વની સન્મુખ હોય તો અજ્ઞાનનું બહુલપણું અને જ્ઞાનનું અલ્પપણું હોય, તે અપેક્ષાએ અજ્ઞાન ત્રિકમાં ત્રણ ગુણઠાણા હોય, પણ જો મિશ્રદૃષ્ટિ જીવ સમ્યક્ત્વની સન્મુખ હોય તો જ્ઞાનનું બહુલપણું અને અજ્ઞાનનું અલ્પપણું હોવાથી બે ગુણઠાણા ગણાય.

કેટલાક ગ્રંથકાર ભગવંતનું એવું માનવું છે કે મિશ્રદૃષ્ટિને સમ્યક્ત્વ ન હોવાથી શુદ્ધજ્ઞાન નથી અને મિથ્યાત્વ ન હોવાથી શુદ્ધ અજ્ઞાન પણ નથી પણ શુદ્ધાશુદ્ધ મિશ્રજ્ઞાન હોય છે. મિશ્રજ્ઞાનને અજ્ઞાન માનવું જોઈએ, કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યક્ત્વ વિનાનું જ્ઞાન તે અજ્ઞાન છે. તેથી ૧થી ૩ ગુણઠાણામાં અજ્ઞાન માનવું જોઈએ.

જો ત્રીજે ગુણઠાણે સમ્યક્ત્વનો અંશ છે એમ માની અજ્ઞાનને જ્ઞાન માનીએ તો બીજા ગુણઠાણે પણ સમ્યક્ત્વનો અંશ હોવાથી અજ્ઞાનને બદલે જ્ઞાન [illegible]વું પડે. પરંતુ કર્મગ્રંથકારો બીજા ગુણઠાણે અજ્ઞાન જ માને છે. માટે અજ્ઞાન ત્રિકમાં ત્રણગુણઠાણા હોય છે.

અહીં અલ્પજ્ઞાન તે અજ્ઞાન નહીં પરંતુ વિપરીત જ્ઞાન તે અજ્ઞાન જાણવું. આ રીતે અજ્ઞાનત્રિકમાં વિવિધ અપેક્ષાએ ૨થી ૩ ગુણસ્થાનક હોય છે.

દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી **ચક્ષુદર્શન** અને **અચક્ષુદર્શન** પ્રાપ્ત થાય છે. ક્ષયોપશમ ભાવ **૧૨** ગુણઠાણા સુધી જ હોય છે. તેરમે અને ચૌદમે ગુણઠાણે ક્ષાયિક ભાવ છે, માટે **ચક્ષુદર્શન** અને અચક્ષુદર્શનનો ઉપયોગ ૧૩મે ૧૪મે ગુણઠાણે ન હોય પરંતુ શરીરમાં વ્યક્તચક્ષુ વગેરે ઈન્દ્રિયો હોય. માટે પ્રતિમા આદિમાં ચક્ષુ રાખવાં જોઈએ.

મોહનીય કર્મનો સંપૂર્ણ ઉપશમ કે ક્ષય થવાથી **યથાખ્યાત ચારિત્ર** પ્રાપ્ત થાય છે. **૧૧થી ૧૪** ગુણઠાણે કષાયો ન હોવાથી જેવું વીતરાગ પરમાત્માએ કહ્યું છે. તેવું યથાર્થચારિત્ર છે. ૧૧મે ગુણઠાણે ઉપશમ ભાવનું યથાખ્યાત, બારમે તેરમે અને ચૌદમે કષાયોનો ક્ષય કરેલ હોવાથી ક્ષાયિકભાવનું યથાખ્યાત ચારિત્ર હોય છે. બીજી રીતે ૧૧-૧૨માં ગુણ૦માં છાદ્મસ્થિક યથાખ્યાત અને ૧૩-૧૪મે ગુણ૦માં કૈવલિક યથાખ્યાત હોય.

**मणनाणि सग जयाई समइय छेय चउ दुन्नि परिहारे ।**
**केवलदुगि दो चरमा जयाइ नव मइसुओहि दुगे ॥२१॥**

## શબ્દાર્થ

**जयाई** - પ્રમત્તઆદિ || **अजयाइ** - અવિરત આદિ

**ગાથાર્થ :-** મન:પર્યવજ્ઞાનમાં પ્રમત્તાદિ સાત, સામાયિક અને છેદોપસ્થાપનીયમાં પ્રમત્તાદિ ચાર, પરિહારવિશુદ્ધિમાં પ્રમત્તાદિ બે, કેવલદ્વિકમાં છેલ્લા બે અને મતિ, શ્રુત અવધિદ્વિકમાં અવિરતિ આદિ નવ ગુણ૦ હોય (૨૧)

**વિવેચન :- મન:પર્યવજ્ઞાન** સર્વવિરતિધરને જ હોય છે. અને લબ્ધિવિશેષ હોવાથી અપ્રમત્ત ગુણઠાણે ઉત્પન્ન થાય પરંતુ પ્રમત્તે મન:પર્યવજ્ઞાન ઉત્પન્ન થતું નથી પણ અપ્રમત્તે મન:પર્યવજ્ઞાન પ્રગટ થયા પછી પ્રમત્તે આવી શકે છે. તેમજ ક્ષાયોપશમિક ભાવનું હોવાથી **૧૨** ગુણઠાણા સુધી જ હોય છે તેથી ૬થી ૧૨ એમ ૭ ગુણઠાણા હોય છે એકથી પાંચ ગુણઠાણે સર્વવિરતિ નથી અને ૧૩-૧૪ મે ગુણઠાણે ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન હોવાથી કુલ આ ૭ ગુણઠાણા મન:પર્યવજ્ઞાનમાં

હોય નહિ. વળી દરેક સંયમીને મનઃપર્યવજ્ઞાન હોય તેવું પણ નથી કેટલાક મુનિઓને જ હોય છે.

**સામાયિક** અને **છેદોપસ્થાપનીય** આ બન્ને ચારિત્ર સર્વવિરતિ સ્વરૂપ છે. અને મોહનીયના ક્ષયોપશમથી પ્રગટ થાય છે. ક્ષયોપશમભાવનું ચારિત્ર ૧૦ ગુણઠાણા સુધી હોય છે. દશમે સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોવાથી સામાયિક અને છેદોપસ્થાપનીય માર્ગણામાં **૬થી ૯** ચાર ગુણઠાણા હોય છે. એકથી પાંચ ગુણઠાણે સર્વવિરતિ નથી અને ૧૦થી ૧૪મા સૂક્ષ્મસંપરાય આદિ ચારિત્ર હોય છે. માટે આ ચારિત્ર ત્યાં ન હોય.

**પરિહારવિશુદ્ધિવાળા** આત્માઓ ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી પ્રારંભતા નથી. તેથી અપૂર્વકરણ આદિ ગુણઠાણા હોય નહિ. તેમજ એકથી પાંચ ગુણઠાણામાં સર્વવિરતિ નથી માટે **છટ્ઠું** અને **સાતમું** એમ બે જ ગુણઠાણા હોય છે.

ઘાતીકર્મનોનો સંપૂર્ણ ક્ષય થવાથી **કેવલજ્ઞાન** અને **કેવલદર્શન** પ્રગટ થાય છે. ક્ષાયિકભાવના ગુણો હોવાથી ૧૩મે અને ૧૪મે જ હોય. મતિ-શ્રુતજ્ઞાનમાં ૪થી ૧૨ ગુણ૦ હોય.

ચોથે ગુણઠાણે સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી મતિજ્ઞાનાદિ પ્રાપ્ત થાય છે અને તે ક્ષયોપશમિક હોવાથી **૧૨**મા ગુણસ્થાનક સુધી જ હોય છે. ૧થી ૩ ગુણઠાણે સમ્યક્ત્વ ન હોવાથી મત્યાદિજ્ઞાન ન હોય અને ૧૩મે ૧૪મે ગુણઠાણે ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન-કેવલદર્શન હોય છે. તેથી **મત્યાદિ જ્ઞાન** અને અવધિદર્શન ત્યાં હોય નહિ.

**સિદ્ધાંતના** મત પ્રમાણે અવધિદર્શન માર્ગણાએ **૧થી ૧૨** ગુણ૦ કહ્યા છે. કારણકે વિભગંજ્ઞાનીને પણ અવધિદર્શન હોય. ભગવતી સૂત્રમાં કહ્યું છે કે **ओहि दंसण अणागारोवउत्तांग भंते ! किं नाणी अन्नाणी ? गोयमा ! नाणी वि अन्नाणी वि ! जे नाणी ते सुय अन्नाणी विभंगनाणी (शतक ८ उद्देशो-२ जो)**

**अड उवसमि चउ वेयगि खइए इक्कार मिच्छतिगि देसे ।**
**सुहुमे य सट्ठाणं तेरस, जोग आहार सुक्काए ॥२२॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **उवसमि** - ઉપશમસમ્યક્ત્વમાં | **देसे** - દેશવિરતિમાં |
| **वेअगि** - ક્ષાયોપશમમાં | **आहार** - આહારીમાં |
| **खइए** - ક્ષાયિકમાં | **सुक्काए** - શુક્લલેશ્યામાં |

**ગાથાર્થ :-** ઉપશમમાં આઠ, ક્ષયોપશમમાં ચાર, ક્ષાયિકમાં અગ્યાર ગુણ૦ હોય છે. મિથ્યાત્વત્રિક દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાયમાં પોતાનું એકએક ગુણસ્થાનક હોય છે. ત્રણયોગ, આહારી અને શુક્લલેશ્યામાં તેર ગુણ૦ હોય છે. (૨૨)

ઉપશમ સમ્યક્ત્વ બે પ્રકારનું છે. નવું અને શ્રેણિ સંબંધિ. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને ગ્રંથી ભેદ થવાથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તે ગ્રંથિભેદજન્ય **નવું ઉપશમ સમ્યક્ત્વ,** તે વખતે જો વિરતિ ન પામે તો ચોથું, સમ્યક્ત્વ સાથે દેશવિરતિ પામે તો-પાંચમું અથવા સર્વવિરતિ પામે તો-છઠ્ઠુ-સાતમું ગુણઠાણું હોય છે. તેથી નવા ઉપશમને ૪થી ૭ ગુણઠાણા હોય છે અને શ્રેણી સંબંધી ઉપશમ સમ્યક્ત્વ દર્શનત્રિકનો ઉપશમ થવાથી પ્રાપ્ત થાય છે. ૬ઠ્ઠે અને ૭મે ગુણઠાણે દર્શનત્રિકનો ઉપશમ કરી ૮ થી ૧૧ ગુણ૦ સુધી શ્રેણી ચઢે છે. તેથી **ઉપશમ સમ્યક્ત્વ માર્ગણામાં ૪થી ૧૧** એમ આઠ ગુણઠાણા હોય છે.

સમ્યક્ત્વમોહનીયના ઉદય વખતનું સમ્યક્ત્વ તે **ક્ષાયોપશમ સમ્યક્ત્વ૦** સમકિત મોહનીયનો ઉદય **૪થી ૭** ગુણઠાણે હોય છે. ૧થી ૩ ગુણઠાણે સમ્યક્ત્વ હોય નહી અને સમકિત મોહનીયનો ઉદય હોય તે જીવ શ્રેણી ચઢી શકતો નથી ૮માંથી ઉપશમ અથવા ક્ષપક શ્રેણી ચઢવાની હોય છે. તેથી ૪થી ૭ ગુણઠાણા ક્ષયોપશમ માર્ગણામાં હોય છે.

પ્રથમ સંઘયણવાળા મનુષ્યો તીર્થંકરાદિના કાળે **ક્ષાયિક સમ્યક્ત્વ** પામી શકે, ૪થી ૭ ગુણઠાણે દર્શન સપ્તકનો ક્ષય કરી ક્ષાયિક

સમકિત પામે. ક્ષાયિક સમકિત પામી જો ઉપશમ શ્રેણી ચઢે તો ૮થી ૧૧ સુધી ના ચાર ગુણઠાણા હોય અને ક્ષાયિક સમકિત પામી ક્ષપક શ્રેણી ચઢે તો આઠથી (૧૧ વિના) ચૌદ સુધીના છ ગુણસ્થાનક હોય છે. તેથી **૪થી ૧૪** ગુણસ્થાનક **ક્ષાયિક માર્ગણામાં** હોય છે.

**સાસ્વાદન સમ્યક્ત્વ** માર્ગણામાં **મિશ્રમાર્ગણામાં** પોતાનું **એક જ** ગુણઠાણું હોય છે. **દેશવિરતિમાં પાંચમું** પોતાનું જ ગુણઠાણું હોય છે. ૧થી ૪ ગુણઠાણામાં અવિરતિ છે અને પછીના ગુણઠાણે વિરતિ હોય છે માટે બાકીના ગુણઠાણા હોય નહિ. સૂક્ષ્મકષાયના ઉદયવાળાને **સૂક્ષ્મસંપરાય** ચારિત્ર હોય. સૂક્ષ્મકષાયનો ઉદય ૧૦મે ગુણઠાણે હોય છે ૧થી ૯ ગુણઠાણે બાદર કષાયનો ઉદય હોય છે. અને ૧૧થી ૧૪ ગુણઠાણે કષાયનો ઉદય નથી તેથી **૧૦મું એક જ ગુણઠાણું સૂક્ષ્મસંપરાયચારિત્ર માર્ગણામાં** હોય.

મિથ્યાદષ્ટિથી સયોગી કેવલી સુધીના જીવોને મનયોગ-વચનયોગ અને કાયયોગ હોય છે. ૧૪મે ગુણઠાણે જીવ અયોગી હોય છે તેથી **૧થી ૧૩** ગુણઠાણા **૩ યોગમાં** હોય છે. તેમાં એટલી વિશેષતા છે કે મનયોગ અને વચનયોગના પહેલા અને છેલ્લા ભેદમાં ૧થી૧૩ અને અસત્ય, સત્યાસત્ય એ બન્નેના કુલ ચાર ભેદમાં ૧થી ૧૨ ગુણઠાણા હોય છે. કારણ કે તેરમે ગુણઠાણે કેવલીભગવંતને પહેલો અને છેલ્લો મન-વચનનો યોગ હોય છે. હવે કાયયોગમાં-ઔદારિક કાયયોગમાં ૧થી૧૩ ગુણ૰, ઔદારિકમિશ્રમાં ૧લું, ૨જું, ૪થું (અપર્યાપ્તપણામાં) ગુણ૰ તથા તેરમું ગુણ૰ કેવલી સમુદ્ઘાતમાં. વૈક્રિય કાયયોગમાં દેવતા નારકીની અપેક્ષાએ ૧થી ૪. લબ્ધિધારી તિર્યંચ-મનુષ્યની અપેક્ષાએ ત્રીજા સિવાય ૧થી ૭ ગુણઠાણા.

વૈક્રિયમિશ્ર કાયયોગમાં દેવતા-નારકીને ૧લું, ૨જું, ૪થું, વૈક્રિયલબ્ધિધારી તિર્યંચને ૧લું, ૨જું, ૪થું, અને ૫મું તથા લબ્ધિધારી મનુષ્યને ત્રીજા વિના ૧થી ૬ ગુણઠાણા હોય.

**આહારક કાયયોગમાં છઠ્ઠું-સાતમું** અને **આહારકમિશ્રમાં માત્ર છઠ્ઠું** જ ગુણસ્થાનક હોય છે. **કાર્મણ કાયયોગ**માં વિગ્રહગતિને આશ્રયી

૧લું, ૨જું અને ૪થું. તથા કેવલી સમુદ્ઘાતમાં ૧૩મું એમ કુલ ૪ **ગુણઠાણા** હોય. આ પ્રમાણે પંદર ભેદવાળી યોગમાર્ગણામાં ગુણસ્થાનક જાણવા.

૧થી ૧૩ ગુણસ્થાનક સુધીના સર્વ જીવો શરીરનામકર્મના ઉદયથી ત્રણ પ્રકારના આહારમાંથી કોઈપણ એક અથવા બે પ્રકારનો આહાર લે છે. ૧૪મે ગુણઠાણે અશરીરી અયોગી કેવલીભગવંતો અણાહારી હોય છે. તેથી **આહારી**માં **૧થી ૧૩** ગુણઠાણા હોય.

**શુક્લલેશ્યા**માં **૧થી ૧૩** ગુણઠાણા હોય છે. કારણકે લેશ્યાનો યોગની સાથે સંબંધ છે. લેશ્યાના પુદ્ગલો યોગની અંતર્ગત રહેલા હોય છે. માટે ૧૩ ગુણઠાણા સુધી હોય. ૧૪મે ગુણઠાણે ભગવાન યોગરહિત હોવાથી અણાહારી અને અલેશી હોય છે.

**असन्निसु पठमदुगं पठमतिलेसासु छच्चदुसु सत्त ।**
**पठमंतिम दुग अजया, अणहारे मग्गणासु गुणा ॥२३॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| **पठमतिलेसासु** - પ્રથમની ત્રણ લેશ્યામાં | **पठमंतिम दुग** - પહેલા-બે અને છેલ્લા બે |

**ગાથાર્થ :-** અસંજ્ઞી માર્ગણામાં પ્રથમના બે. પ્રથમની ત્રણ લેશ્યામાં છ, તેજો અને પદ્મ એમ બે લેશ્યામાં પ્રથમનાં સાત અને અણાહારીમાં પહેલા બે છેલ્લા બે અને અવિરતિ એમ કુલ પાંચ ગુણસ્થાનક હોય આ પ્રમાણે બાસઠ માર્ગણાઓમાં ગુણસ્થાનક કહ્યા. (૨૩)

**વિવેચન :- અસંજ્ઞીમાં બે ગુણઠાણા** છે તેમાં મિથ્યાત્વ તો શેષ બધાને હોય પરંતુ જે ગર્ભજ પ૦ તિર્યંચ અને મનુષ્યે પહેલાં પર્યા૦ અસંજ્ઞી તિર્યંચનું આયુષ્ય બાંધ્યું હોય. અંતે ઉપશમ સમકિત પામે ત્યાંથી વમી સાસ્વાદન ભાવ પામી આયુષ્ય પૂર્ણ થવાથી સાસ્વાદન ગુણઠાણું લઈ પર્યા૦ અસંજ્ઞી તિર્યંચમાં ઉત્પન્ન થાય ત્યાં છ આવલિકા સુધી સાસ્વાદન ગુણ૦ હોય પછી અવશ્ય મિથ્યાત્વ પામે આ રીતે બે ગુણઠાણા અસંજ્ઞી માર્ગણામાં હોય.

**પહેલી ત્રણ લેશ્યામાં ૧થી ૬** ગુણસ્થાનક કહ્યા તે પૂર્વપ્રતિપન્ન-આત્મા પ્રથમ સંયમી બને એટલે ૬-૭મું ગુણ૦ અને દેશવિરતિવાળો થાય તો પાંચમું પામે તે વખતે શુભલેશ્યા જ હોય. પરંતુ ૫-૬-ઠ્ઠું ગુણસ્થાનક પામ્યા પછી કૃષ્ણાદિ લેશ્યા ક્વચિત્ આવે. પ્રતિપદ્યમાન-કૃષ્ણાદિ લેશ્યામાં વર્તતો જીવ ૫-૬-ગુણ ચડી શકે નહીં. અશુભ પરિણામ હોવાથી. તે અપેક્ષાએ કૃષ્ણાદિ લેશ્યામાં ૧થી ૪ ગુણ. જાણવાં **પૂર્વપ્રતિપન્નની** અપેક્ષાએ એટલે કે પહેલા ગુણસ્થાનક પામ્યા પછી અશુભ લેશ્યા આવી શકે તેથી ૧થી ૬ ગુણસ્થાનક હોય, અશુભલેશ્યામાં વર્તતો હોય ત્યારે ઉપરના ગુણસ્થાનક પામી ન શકે તેને **પ્રતિપદ્યમાનની** અપેક્ષાએ **૧થી ૪** ગુણઠાણા હોય. ભગવતીજી સૂત્રમાં પણ કૃષ્ણાદિલેશ્યામાં ૧થી ૬ ગુણસ્થાનક કહ્યાં છે सामाइयसंजए णं भंते कइ लेसासु हुज्जा, गोयमा छसु लेसासु होज्जा एवं छेओवट्ठावणियसंजए वि

**તેજો** અને **પદ્મલેશ્યામાં ૧થી ૭** સુધીના ગુણઠાણા હોય છે. આ લેશ્યા શુભ હોવાથી અપ્રમત્ત ગુણઠાણા સુધીના અધ્યવસાયો પણ સંભવી શકે છે. આ લેશ્યાવાળાને ૧લે ગુણઠાણે મંદવિશુદ્ધિ મન્દતર અને મન્દતમ વિશુદ્ધિવાળા અધ્યવસાય હોય ૪થી ૭ ગુણઠાણે તીવ્રવિશુદ્ધિ તીવ્રતર વિશુદ્ધિ અને તીવ્રતમ વિશુદ્ધિવાળા અધ્યવસાય હોય ૮મા આદિ ગુણઠાણે શ્રેણીમાં અત્યંત વિશુદ્ધ પરિણામ હોવાથી શુક્લલેશ્યા જ હોય છે. તેથી ૧થી ૭ ગુણઠાણા હોય.

**અણાહારી માર્ગણામાં ૧,૨,૪, ૧૩, ૧૪** એમ **પાંચ** ગુણસ્થાનક હોય છે ૧, ૨, અને ૪થું વિગ્રહગતિમાં, ૧૩મું કેવલીસમુદ્ઘાતમાં ૩-૪-૫માં સમયે, ચૌદમે સદા અણાહારી હોય છે. કારણકે ચૌદમે ગુણઠાણે યોગરહિત હોવાથી ઔદારિકાદિ શરીરને પોષક પુદ્ગલોનું ગ્રહણ નથી.

**આ પ્રમાણે ૬૨ માર્ગણામાં ગુણસ્થાનકો કહ્યા.**

## "બાસઠ માર્ગણાઓમાં યોગ"

**सच्चेअर मीस असच्च, मोस मणवय विउव्वि आहारा ।**
**उरलं मीसा कम्मण, इण जोगा कम्म अणाहारे ॥२४॥**

### શબ્દાર્થ

**असच्चमोस** - અસત્યામૃષા
**वइ** - વચનયોગ
**इयजोगा** - એ પ્રમાણે ૧૫ યોગે છે.
**कम्मअणाहारे** - અણાહારીમાં કાર્મણ કાયયોગ છે.

**ગાથાર્થ :-** સત્ય, અસત્ય, મિશ્ર, અસત્યામૃષા એમ ચાર મનયોગ, એ જ પ્રમાણે ચાર વચનયોગ, વૈક્રિય, આહારક, ઔદારિક કાયયોગ અને તેના ત્રણ મિશ્ર તથા કાર્મણ આ પ્રમાણે ૧૫ યોગો છે. અણાહારીમાં એક કાર્મણ કાયયોગ છે. (૨૪)

**વિવેચન :-** મન વચન અને કાયાના આલંબને કરીને આત્મપ્રદેશોમાં થતો જે વીર્યનો વ્યાપાર તે **યોગ** કહેવાય છે. યોગના પર્યાયવાચી શબ્દો વીર્ય, બલ, પરાક્રમ, ચેષ્ટા, શક્તિ, સામર્થ્ય વગેરે છે. તેના મુખ્ય ત્રણ ભેદ છે. મનયોગ, વચનયોગ અને કાયયોગ. તેમાં **મનયોગના** ચાર ભેદ છે.

(૧) **સત્યમનયોગ :** જે પદાર્થ જે સ્વરૂપે હોય તે પદાર્થનું તે સ્વરૂપે વિચારવું તે સત્યમનયોગ. તે વિચારણામાં આત્મપ્રદેશોમાં પ્રવર્તતો વ્યાપાર તે

(૨) **અસત્યમનયોગ :-** તીર્થંકર ભગવંતોએ જે વસ્તુનું જે સ્વરૂપ કહ્યું છે તેનાથી વિરુદ્ધ વિચારવું તે અથવા અનેક ધર્માત્મક વસ્તુના કોઈપણ એક ધર્મને સ્વીકારી બીજાનો અપલાપ કરનારા જે વિચારો તે અસત્યમનયોગ.

(૩) **સત્યાસત્ય :-** કોઈપણ પદાર્થનું કાંઈક સત્ય અને કાંઈક અસત્ય વિચારવું તે.

(૪) **અસત્યામૃષા :-** જે સત્ય પણ ન હોય અને અસત્યપણ ન હોય તેવા વિચારો તે

આ મનયોગમાં તે ક્રિયામાં આત્મપ્રદેશોમાં પ્રવર્તતો વ્યાપાર તે તે યોગ જાણવો.

આ જ પ્રમાણે **વચનયોગના ચાર ભેદ** છે. મનયોગ વિચારવારૂપ છે જ્યારે વચનયોગ બોલવારૂપ છે.

**કાયયોગના સાત** ભેદ છે. (૧) **ઔદારિક કાયયોગ :-** એકેન્દ્રિયાદિ સર્વ તિર્યંચોને અને સર્વ મનુષ્યોને પર્યાપ્તાઅવસ્થામાં હોય.

(૨) **ઔદારિક મિશ્ર :** ઉત્પત્તિના બીજા સમયથી સર્વ પર્યાપ્તિ (અથવા શરીર પર્યાપ્તિ) પૂર્ણ ન થાય ત્યાં સુધી તિર્યંચ મનુષ્યને તથા કેવલીસમુદ્ઘાતમાં બીજા, છઠ્ઠા અને સાતમા સમયે હોય છે.

(૩) **વૈક્રિય કાયયોગ :-** દેવતા-નારકીને ઔપપાતિક અને તિર્યંચમનુષ્યને લબ્ધિ ફોરવે ત્યારે વૈક્રિય કાયયોગ હોય.

(૪) **વૈક્રિયમિશ્ર :-** દેવતા-નારકીને ઉત્પત્તિના બીજા સમયથી પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી (મતાંતરે શરીર પર્યાપ્તિ સુધી) કાર્મણની સાથે વૈક્રિયમિશ્ર હોય અને તે જ રીતે મનુષ્ય-તિર્યંચ લબ્ધિ ફોરવે ત્યારે હોય.

(૫) **આહારક કાયયોગ :-** ચૌદ પૂર્વધર મુનિ ભગવંત તીર્થંકરની ઋદ્ધિ જોવા અથવા પ્રશ્ન પુછવા જે શરીર બનાવે ત્યારે આહારક કાયયોગ હોય.

(૬) **આહારકમિશ્ર કાયયોગ :-** આહારક શરીર બનાવતી વખતે (અને મતાંતરે પરિત્યાગ કાળે) આહારકમિશ્ર કાયયોગ હોય.

(૭) **કાર્મણ કાયયોગ :-** ચારે ગતિમાં સર્વ જીવોને વિગ્રહ ગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે તથા કેવલીસમુદ્ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગ હોય છે.

**અણાહારીમાર્ગણા**માં **એક** જ કાર્મણકાયયોગ હોય છે. કારણકે અણાહારીપણું વિગ્રહગતિમાં અને કેવલીસમુદ્ઘાતના-ત્રીજા-ચોથા અને

પાંચમાં સમયે હોય છે. તે સમયે જીવને કાર્મણ કાયયોગ હોય છે. બીજા યોગ હોય ત્યારે અણાહારી અવસ્થા હોય નહી.

**नरगइ पणिंदि तसतणु अचक्खु नर नपु कसाय सम्मदुगे ।**
**सन्नि छलेसा हारग, भव मइसुओहि दुगि सव्वे ॥२५॥**

**શબ્દાર્થ**

**तणु** - કાયયોગ
**अचक्खु** - અચક્ષુદર્શન
**भव** - ભવ્ય
**सव्वे** - સર્વ યોગ હોય છે.

**ગાથાર્થ :-** મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, અચક્ષુદર્શન, પુરુષવેદ, નપુંસકવેદ, ચાર કષાય, બે સમ્યક્ત્વ, સંજ્ઞી, છ લેશ્યા, આહારી, ભવ્ય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકમાં સર્વયોગો છે. ॥૨૫॥

**વિવેચન :-** મનુષ્યને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિનાં પ્રથમ સમયે કાર્મણ કાયયોગ. ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઔદારિકમિશ્ર અને મનુષ્યને પર્યાપ્તા અવસ્થામાં ઔદારિક-કાયયોગ. સંજ્ઞીપણું અને પર્યાપ્તપણું હોવાથી મનના ચાર અને વચનના ચાર યોગ. વૈક્રિયલબ્ધિવાળા મનુષ્યો વૈક્રિયશરીર બનાવે ત્યારે પ્રારંભમાં વૈક્રિય મિશ્ર પછી વૈક્રિય કાયયોગ. આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્ત સંયમી જ્યારે આહારક શરીર બનાવે ત્યારે અંતર્મુહૂર્ત સુધી આહારકમિશ્ર કાયયોગ પછી આહારક કાયયોગ હોય આમ **મનુષ્યગતિ માર્ગણામાં ૧૫** યોગ ઘટે છે.

પંચેન્દ્રિય માર્ગણામાં દેવ-નારક અને મનુષ્ય તથા પંચે૰ તિર્યંચનો સમાવેશ થાય છે. અને તે સર્વ જીવોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણકાયયોગ, ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય (મતાંતરે શરીર) પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી મનુષ્યતિર્યંચને ઔદારિકમિશ્ર, દેવ-નારકીને વૈક્રિયમિશ્ર, પર્યાપ્તા થયા પછી મનુષ્યતિર્યંચને ઔદારિક કાયયોગ, દેવ-નારકીને વૈક્રિય કાયયોગ હોય, અને તે સર્વને વચનયોગ, મનયોગના ચારે ભેદ હોય, લબ્ધિધારી

મનુષ્ય-તિર્યંચ ઉત્તરવૈક્રિય શરીર બનાવે ત્યારે પણ વૈક્રિયમિશ્ર અને પછી વૈક્રિયકાયયોગ. આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મહાત્મા જ્યારે આહારકશરીર બનાવે ત્યારે આહારકમિશ્ર પછી આહારક કાયયોગ આ રીતે **૧૫ યોગ પંચેન્દ્રિય** માર્ગણામાં હોય છે.

આ પ્રમાણે ત્રસકાય વગેરે બાકીની માર્ગણાઓમાં મનુષ્યપણાનો સમાવેશ થાય છે. તેથી જુદા જુદા કાળે ભિન્નભિન્ન જીવને આશ્રયી સર્વયોગ સંભવે છે.

**પ્રશ્ન :-** આહારીપણામાં કાર્મણકાયયોગ કેવી રીતે સંભવે ?

કેટલાક આચાર્યો ઉત્પત્તિના ૧લા સમયે કાર્મણ કાયયોગ માને છે. અને તે સમયે કાર્મણકાયયોગથી આહાર કરે, માટે આહારીમાં કાર્મણ કાયયોગ સંભવે પણ જેઓ ઉત્પત્તિના પ્રથમ સમયે ઔદારિકમિશ્ર માને તેમના મતે આહારીમાં કાર્મણયોગ ન સંભવે.

એટલે કે ઋજુગતિ વડે અથવા એક વક્રા વડે ભવાંતરમાં જનારને કાર્મણકાયયોગ અને આહારીપણું ઘટે. નિશ્ચયનયના મતથી એક વક્રા કરનારને બીજા સમયે કાર્મણકાયયોગ અને આહારીપણું ઘટે.

**तिरिइत्थि अजय सासण, अनाण उवसम अभव्व मिच्छेसु ।**
**तेराहार दुगूणा, ते उरलदुगूण सुर निरए ॥२६॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| **अजय** - અવિરતિ ચારિત્ર | **ते** - તેજ તેર યોગો |
| **उवसम** - ઉપશમ | **उरलदुगूण** - ઔદારિકદ્વિક વિના |

**ગાથાર્થ :-** તિર્યંચગતિ, સ્ત્રીવેદ, અવિરતિચારિત્ર, સાસ્વાદન, ત્રણ અજ્ઞાન, ઉપશમસમ્યક્ત્વ, અભવ્ય અને મિથ્યાત્વ એમ કુલ ૧૦ માર્ગણાસ્થાનોમાં આહારકદ્વિક વિના ૧૩ યોગ હોય છે. આ તેર યોગમાંથી ઔદારિકદ્વિક વિના ૧૧ યોગ દેવ-નરકગતિમાં હોય છે. (૨૬)

**વિવેચન :- તિર્યંચગતિમાં ૧૩ યોગ** હોય છે. તિર્યંચમાં સર્વવિરતિ ન હોવાથી દૃષ્ટિવાદનો અભ્યાસ નથી. અને દૃષ્ટિવાદના

અભ્યાસ વિના આહારકશરીર સંભવી શકે નહિ. માટે આહારકદ્વિક ન હોય. ગર્ભજ તિર્યંચ પંચે૰ અને વાયુકાયને વૈક્રિયલબ્ધિ હોઈ શકે છે. તેથી વૈક્રિયદ્વિક સંભવે એટલે તિર્યંચોને ઉત્પત્તિના પ્રથમ સમયે અને વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ. ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિક મિશ્ર અને પર્યાપ્તો થયા પછી ઔદારિક કાયયોગ તથા મનના અને વચનના ચાર યોગ હોઈ શકે છે.

**સ્ત્રીવેદ**માં પણ આહારદ્વિક વિના **તેર યોગ** હોય છે. કારણ કે સ્ત્રીપણાના શરીરવાળા દ્રવ્યવેદી જીવોને ચૌદપૂર્વના અધ્યયનનો શાસ્ત્રમાં નિષેધ છે. વળી શાસ્ત્રમાં સ્ત્રીઓને તુચ્છસ્વભાવવાળી કહી છે तुच्छा गारवबहुला चलिंदिया दुब्बला धिईए य । इय अइसेसज्झयणा, भूयावादो य न क्षीणं (જિનભદ્રગણિ ક્ષમા૰ કૃત વિશેષા૰) તેથી આહારકલબ્ધિ ન હોય. તે કારણે આહારકદ્વિક વિના તેરયોગ હોય. તથા **અભવ્ય, અવિરતિ, સાસ્વાદન** અને **ત્રણ અજ્ઞાન**માં છઠ્ઠાદિ ગુણસ્થાનકોનો સંભવ જ નથી તેથી આહારકદ્વિક નથી માટે **૧૩ યોગ** હોય. સિદ્ધાન્તના મતે વિભંગજ્ઞાની મનુષ્ય તિર્યંચ ઉત્તર વૈક્રિય શરીર બનાવે ત્યારે બનાવતી વખતે ઔ૰ મિશ્ર યોગ હોય.

જોકે પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં ''મહાકાયમાં ઉત્પન્ન થતાં અપયાપ્તપણામાં તિર્યંચ મનુષ્યોને વિભંગ જ્ઞાન હોય'' એમ કહ્યું છે તે અપેક્ષાએ પણ ઔ૰ મિશ્રયોગ ઘટે.

ઉપશમ સમ્યક્ત્વમાં નવા ઉપશમ સમકિત કાલે જીવ મિથ્યાત્વી હોવાથી ચૌદપૂર્વનો અભ્યાસ હોય નહી અને શ્રેણીગત ઉપશમસમ્યગ્દષ્ટિ જીવ લબ્ધિ ફોરવે નહી. કારણકે આહારક શરીર બનાવવું એ પ્રમાદ છે. તેથી આહારક શરીર બનાવે નહિં તેથી આહારકદ્વિક ન હોય.

**મતાંતર :-** ઉપશમ સમકિત માર્ગણાએ ૧૩ યોગ કહ્યા તે સંભવતા નથી કારણકે ઉપશમ સમકિત લઈને ભવાંતરમાં જવાય નહિ અપર્યાપ્તા અવસ્થામાં ઉપશમ સમકિત પમાય નહિ. તેથી અપર્યાપ્ત-અવસ્થામાં ઔદા૰ મિશ્ર૰, વૈ૰ મિ૰ અને કાર્મણ એ ત્રણ યોગ ઘટે નહિ.

છતાં **સપ્તતિકા ગ્રંથકારના** મતે ઉપશમ શ્રેણીમાં વર્તતો જીવ ઉપશમ સમકિત લઈને અનુત્તરમાં જાય એવું માને છે. તેથી તેમના મતે વૈક્રિયમિશ્ર અને કાર્મણકાયયોગ ઘટે પણ ઔદારિક મિશ્રયોગ ઘટે નહિ.

પરંતુ **ઠાણાંગસૂત્રની** ટીકામાં ઉપશમ સમકિતમાંથી પડી સાસ્વાદન પામી વિકલેન્દ્રિયમાં જવાય અને સાસ્વાદનને ઉપશમનો અંશ માનીએ તો ઔદારિક મિશ્રયોગ ઘટે. નહી તો ઔ૰ મિશ્રયોગ ઘટી શકતો નથી. ગ્રંથકારે કઈ અપેક્ષાએ કહ્યો તે સમજાતું નથી.

કેટલાકના મતે નવા ઉપશમ સમ્યક્ત્વમાં લબ્ધિ ફોરવાય તે મત પ્રમાણે સિદ્ધાંતના મતે મનુષ્ય-તિર્યંચ નવું સમ્યક્ત્વ પામી વૈક્રિયશરીર બનાવે ત્યારે લબ્ધિ ફોરવતી વખતે ઔ૰ મિશ્રયોગ માને તે અપેક્ષાએ ઔ૰ મિશ્રયોગ ઘટી શકે. તથા ઉપશમ સમકિત ચારે ગતિમાં પમાય તેથી બાકીના યોગ સંભવી શકે.

**દેવગતિ અને નરકગતિ**માં ચાર જ ગુણસ્થાનક હોવાથી સર્વવિરતિ ન હોય તેથી આહારકદ્વિક ન હોય અને ઔદારિક શરીર નામકર્મનો ઉદય ન હોય તેથી ઔદારિકદ્વિક પણ ન હોય. બાકીના ૧૧ યોગ સંભવી શકે છે.

**कम्मुरल दुगं थावरि, ते सविउव्विदुग पंच इगि पवणे ।**
**छ असन्नि चरिम वइजुय, ते विउव्विदुगूण चउ विगले ॥२७॥**

### શબ્દાર્થ

**कम्मुरल दुगं** - કાર્મણ અને ઔદ૰દ્વિક

**ते** - ઉપર કહેલ ત્રણ યોગ

**पवणे** - વાયુકાયમાં

**चरिमवइजुअ** - છેલ્લા વચનયોગ સહિત

**ગાથાર્થ :-** પૃથ્વીકાયાદિ ચાર સ્થાવરમાં કાર્મણ અને ઔદારિકદ્વિક એમ ત્રણયોગ હોય છે. એકેન્દ્રિય અને વાઉકાયને તે જ ત્રણયોગ વૈક્રિયદ્વિક સહિત કરતા પાંચયોગ હોય છે. અસંજ્ઞી માર્ગણામાં આ પાંચ યોગ અને છેલ્લા વચનયોગ સહિત કુલ છ યોગ હોય છે.

અને તે છમાંથી વૈક્રિયદ્વિક બાદ કરતા બાકીના ચાર યોગો વિકલેન્દ્રિયમાં હોય છે. (૨૭)

**વિવેચન :-** વાઉકાય વિના **ચાર સ્થાવર**માં **ત્રણયોગ** હોય છે. ઉત્પત્તિના પ્રથમ સમયે અને વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ, ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઔદારિકમિશ્ર, પર્યાપ્તો થયા પછી ઔદારિક કાયયોગ એમ કુલ ત્રણયોગ સંભવે, મન વચન ન હોવાથી, તેમજ લબ્ધિ ન હોવાથી વૈક્રિય અને આહારકના બે-બે યોગ, એમ કુલ બાર યોગ હોય નહીં.

**વાઉકાય અને એકેન્દ્રિય**માં ઉપરોક્ત ત્રણ અને વૈક્રિયદ્વિક સહિત કરતા **પાંચ યોગ** સંભવે છે. બાદર પર્યાપ્તા વાઉકાયને જ્યાં સુધી વૈક્રિયદ્વિકની ઉદ્વલના ન કરે ત્યાં સુધી અનાયાસે ભવના નિમિત્તથી વૈક્રિય શરીર નામકર્મનો ઉદય આવે છે. તેથી વૈક્રિય શરીર બનાવે ત્યારે વૈક્રિયદ્વિક સંભવી શકે છે.

આવશ્યકસૂત્રમાં કહ્યું છે કે जे पुण बायरा पज्जता ते पयरासंखेज्जइभागमित्ता, तत्थ ताव तिण्हं रासीणं वेउव्वियलद्धी चेव नत्थी। बायरपज्जत्ताणं पि असंखिइभागमत्ताणं अत्थि

**અસંજ્ઞી માર્ગણા**માં ઉપરોક્ત પાંચ અને અસત્યામૃષા વચનયોગ સહિત કુલ **છ યોગ** હોય છે. ૧૪ જીવભેદમાંથી પહેલા બારે જીવભેદ અસંજ્ઞી કહેવાય. તેથી તેઓમાં વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણ કાયયોગ, ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઔદારિક મિશ્ર૰ પર્યાપ્તાવસ્થામાં ઔદારિક કાયયોગ કેટલાક બા૰પર્યાપ્તા વાઉકાયને વૈક્રિય રચનાકાળે વૈક્રિયમિશ્ર અને વૈક્રિયકાયયોગ બેઇન્દ્રિયાદિ જીવોને રસનેન્દ્રિય અને ભાષા હોવાથી અસત્યામૃષા વચનયોગ હોય. તે જીવો અસ્પષ્ટ ચૈતન્યવાળા હોવાથી શેષ વચનયોગ મનયોગ તથા આહારકદ્વિક સંભવે નહિ.

ઇન્દ્રિયમાર્ગણામાં **વિકલેન્દ્રિયને ચાર યોગ** હોય છે કારણકે બેઇન્દ્રિયાદિ વિકલેન્દ્રિયોને વૈક્રિયલબ્ધિ હોય નહીં એટલે તેઓને

વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણ, ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઔદા૦ મિશ્ર૦, પર્યાપ્તો થાય ત્યારે ઔદારિક કાયયોગ, ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્ત અવસ્થામાં અસત્યામૃષા વચનયોગ સંભવે છે. બાકીના યોગ હોય નહીં.

**कम्मुरल मीस विणु मण वइ समइय छेय चक्खु मणनाणे ।**
**उरलदुग कम्म पठमंतिम मणवइ केवलदुगंमि ॥२८॥**

**શબ્દાર્થ**

**विणु** - વિના
**समइयछेय** - સામાયિક અને છેદોપસ્થાપનીયમાં
**पठमंतिम** - પહેલા અને છેલ્લા
**मणवइ** - મનયોગ-વચનયોગ

**ગાથાર્થ :-** મનયોગ, વચનયોગ, સામાયિક છેદોપસ્થાપનીયચારિત્ર ચક્ષુદર્શન અને મનઃપર્યવજ્ઞાન (એ ૬ માર્ગણા)માં કાર્મણકાયયોગ અને ઔદારિક મિશ્રકાયયોગ વિના શેષ ૧૩ યોગ હોય છે. તથા કેવલજ્ઞાન અને કેવલદર્શનમાં ઔદારિકદ્વિક, કાર્મણ કાયયોગ પહેલો અને છેલ્લો મનયોગ અને વચનયોગ એમ કુલ ૭ યોગ સંભવે છે. (૨૮)

**વિવેચન :- મનયોગ આદિ છ માર્ગણા**માં કાર્મણ અને ઔદારિક મિશ્ર વિના **૧૩ યોગ** હોય છે. કારણકે આ બન્ને યોગ જીવને વિગ્રહગતિમાં અને અપર્યાપ્તા અવસ્થામાં હોય છે. અને અપર્યાપ્તાવસ્થામાં મનયોગાદિ છ માર્ગણાનો સંભવ નથી. સર્વપર્યાપ્તિએ પર્યાપ્તા અવસ્થામાં જ સંભવે છે.

અહીં ચક્ષુદર્શન સર્વપર્યાપ્તિએ પર્યાપ્તાને હોય એ વિવક્ષાએ ૧૩ યોગ જ ઘટે પરંતુ ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થવાથી ચક્ષુદર્શન હોય એમ માનીએ તો બધી પર્યાપ્તિ પૂર્ણ થઈ ન હોવાથી અપર્યાપ્તા અવસ્થા છે. તેથી ઔદારિક મિશ્રકાયયોગ પણ સંભવે, જેથી ચક્ષુદર્શનમાં કાર્મણકાયયોગ વિના ૧૪ યોગ સંભવે, પણ તે વિવક્ષા અહીં કરેલ નથી.

**કેવલજ્ઞાન અને કેવલદર્શનમાં ૭ યોગ** હોય છે. તેમાં કેવલીસમુદ્ઘાતમાં ત્રીજા ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગ રજા,

છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિકમિશ્રયોગ હોય. અનુત્તરદેવ કે ભરતાદિક્ષેત્રમાં રહેલા મનઃપર્યાવજ્ઞાનીઓએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર કેવલીભગવંત દ્રવ્યમનથી આપે ત્યારે પહેલો અને છેલ્લો મનયોગ હોય. તથા ધર્મદર્શના આદિ વખતે પહેલો છેલ્લો વચનયોગ હોય. આમ કુલ ૭ યોગ સંભવે.

मनोवचसी न तदा सर्वथा न व्यापारयन्ति प्रयोजनाभावात् (ધર્મસંગ્રહણી) કેવલી સમદ્‌ઘાતમાં પ્રયોજનના અભાવે મન અને વચનયોગનો વ્યાપાર હોય નહીં. તેથી બાકીના યોગ ન હોય કારણકે કોઈપણ લબ્ધિનો ઉપયોગ પ્રમાદ અવસ્થામાં જ થઈ શકે છે કેવલીભગવંત અપ્રમત્ત હોય છે. તેથી વૈક્રિયદ્વિક અને આહારકદ્વિક ન હોય અને ઘાતીકર્મનો નાશ થયેલો હોવાથી બાકીના મનયોગ અને વચનયોગ પણ ન હોય. કારણકે તે સર્વજ્ઞ છે. તેથી અસત્ય અથવા મિશ્ર વચન બોલે કે મનથી વિચારે પણ નહીં.

**मणवइ उरला परिहारि, सुहुमि नव तेउ मीसि सविउव्वा ।**
**देसे सविउव्विदुगा, सकम्मुरलमिस्स अहक्खाए ॥२९॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| **सुहुमि** - સૂક્ષ્મસંપરાયમાં | **देसे** - દેશવિરતિ ગુણઠાણે |
| **तेउ** - વળી તે નવ | **अहक्खाए** - યથાખ્યાતમાં |

**ગાથાર્થ :-** પરિહાર વિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં મનના ૪, વચનના ૪ અને ઔદારિક કાયયોગ એમ કુલ નવયોગ હોય છે. તેજ નવયોગમાં વૈક્રિય કાયયોગ સહિત કરતા ૧૦ યોગ મિશ્ર માર્ગણામાં હોય છે. અને વૈક્રિયદ્વિક સહિત કરતા ૧૧ યોગ દેશવિરતિ માર્ગણામાં હોય છે. તથા કાર્મણ અને ઔદારિકમિશ્ર સહિત કરતા ૧૧ યોગ યથાખ્યાત ચારિત્રમાં હોય છે. (૨૯)

**વિવેચન :- પરિહારવિશુદ્ધિ** અને **સૂક્ષ્મસંપરાય** આ બે ચારિત્રમાં **૯ યોગ** હોય છે. તે આ પ્રમાણે વિશિષ્ટ તપરૂપ

પરિહારવિશુદ્ધિચારિત્ર સર્વવિરતિધરને પર્યાપ્તા અવસ્થામાં હોય છે. તેથી અપર્યાપ્તા અવસ્થાના કાર્મણ અને ઔદારિક મિશ્રયોગ સંભવે નહિ. આ ચારિત્રવાળા તથા સૂક્ષ્મસંપરાય ચારિત્રવાળા અપ્રમત્ત હોવાથી લબ્ધિ ફોરવે નહિ. કારણકે લબ્ધિ ફોરવવી તે પ્રમાદ છે. માટે ન હોય તેમજ પરિહારવિશુદ્ધિવાળા ઉત્કૃષ્ટથી પણ કંઈક ન્યૂન દશપૂર્વધર જ હોય છે. અને આહારક લબ્ધિ તો ચૌદ પૂર્વધરને જ હોય માટે લબ્ધિ ન હોવાથી આહારકદ્વિક પણ ન હોય.

સૂક્ષ્મકિટ્ટિરૂપ કરેલ કષાયના ઉદયવાળાને જ સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોય. આ ચારિત્ર શ્રેણિમાં ૧૦મે આવતું હોવાથી પર્યાપ્તા અવસ્થામાં જ હોય તેથી **૯ યોગ** સંભવે, બાકીના યોગ સંભવે નહી. વળી તેઓ છદ્મસ્થ હોવાથી જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે. તેથી પૂર્ણજ્ઞાનનો અભાવ એટલે છદ્મસ્થતાના કારણે મનના અને વચનના ચાર યોગ પણ ઘટી શકે.

**મિશ્ર સમ્યક્ત્વ** માર્ગણામાં **૧૦ યોગ** સંભવે છે. મિશ્રગુણઠાણે જીવ મરણ પામે નહિ. અને પરભવમાં મિશ્રગુણઠાણું લઈને જવાય નહિ. તેથી અપર્યાપ્તા અવસ્થાના કાર્મણ, ઔદારિક મિશ્ર અને વૈક્રિયમિશ્ર યોગ ન હોય મિશ્રસમ્યક્ત્વાળા વૈક્રિય લબ્ધિ કેમ ન ફોરવે, તે હકીકતનું કારણ પૂર્વાચાર્યોએ બતાવેલ નથી. કાળ થોડો હોવાથી ન ફોરવે એમ જણાય છે તેથી સંભવે નહિ. તેમજ ચૌદપૂર્વનો અભ્યાસ મિશ્રે ન હોવાથી આહારકદ્વિક પણ સંભવે નહિ. ચારે ગતિમાં ઉપશમ સમકિત પમાય. અને ઉપશમ સમકિતમાંથી મિશ્રસમકિત આવે તેથી ચારે ગતિમાં હોવાથી દેવતા નારકીને પર્યાપ્તાવસ્થામાં વૈક્રિયકાયયોગ અને મનુષ્ય તિર્યંચને ઔદારિક-કાયયોગ અને ચારે ગતિના સંજ્ઞી જીવને મનના ચાર અને વચનના ચાર યોગ આમ કુલ ૧૦ યોગ સંભવે છે.

**દેશવિરતિ** માર્ગણામાં **૧૧ યોગ** હોય તે આ પ્રમાણે દેશવિરતિ પર્યાપ્તાવસ્થામાં આવે તેથી મનના ચાર અને વચનના ચાર યોગ તથા ઔદારિક કાયયોગ હોય. **અંબડશ્રાવકની** જેમ દેશવિરતિધર શ્રાવકો વૈક્રિયલબ્ધિ ફોરવી શકે તેથી વૈક્રિયદ્વિક સંભવે બાકીના યોગ હોય નહિ.

કારણકે કાર્મણ અને ઔદારિકમિશ્ર અપર્યાપ્તાવસ્થામાં જ હોય અને આહારકદ્વિક ચૌદપૂર્વી સંયમીને હોય અહીં અપર્યાપ્તાઅવસ્થા કે સંયમ નથી તેથી બાકીના યોગ સંભવે નહિ.

**યથાખ્યાત** ચારિત્રમાં **૧૧ યોગ** હોય. આ ચારિત્ર ૧૧થી ૧૪ ગુણઠાણે સંભવે છે. તેથી ઔદારિક કાયયોગ, ચાર મનના, ચાર વચનના યોગ હોય અને કેવલી સમુદ્ઘાતમાં કાર્મણ અને ઔદારિકમિશ્ર યોગ પણ હોય છે. ૧૩ મે અને ૧૪ મે ગુણઠાણે કેવલજ્ઞાન હોવાથી મનના અને વચનના બે યોગ સંભવે, પણ અગ્યાર બારમા ગુણઠાણે રહેલા જીવો છદ્મસ્થ હોવાથી ત્યાં મનના અને વચનના ચારે પણ યોગ સંભવે. બાકીના યોગ સંભવે નહિ. કારણકે યથાખ્યાત ચારિત્રવાળો અપ્રમત્ત હોવાથી લબ્ધિ ફોરવે નહિ. માટે વૈક્રિયદ્વિક અને આહારકદ્વિક એમ ચાર યોગ હોય નહિ.

**આ પ્રમાણે ૬૨ માર્ગણાઓને વિષે યોગ દ્વારનું વર્ણન કર્યું.**

## બાસઠ માર્ગણામાં ઉપયોગ

**तिअनाण नाण पणचउ, दंसण बार जिअलक्खणुवओगा ।**
**विणुमणनाण दु केवल, नव सुर तिरिनिरय अजएसु ॥३०॥**

### શબ્દાર્થ

**जिअलक्खणुवओग** - જીવનાલક્ષણ રૂપ ઉપયોગો છે.

**अजएसु** - અવિરતિમાં

**ગાથાર્થ :-** ૩ અજ્ઞાન, પાંચજ્ઞાન અને ચાર દર્શન એમ બાર જીવના લક્ષણરૂપ ઉપયોગો છે. તેમાંથી મનઃપર્યવજ્ઞાન અને કેવલદ્વિક વિના શેષ નવ ઉપયોગ દેવગતિ-તિર્યંચગતિ-નરકગતિ અને અવિરતિ ચારિત્રમાર્ગણામાં હોય છે. (૩૦)

**વિવેચન :- ઉપયોગ** એટલે પદાર્થમાં રહેલાં સામાન્ય અને વિશેષ ધર્મોને જાણવાની આત્માની શક્તિનો વપરાશ તે ઉપયોગ કહેવાય. આ ઉપયોગ એ જીવનું લક્ષણ છે કારણકે જીવને જ ચૈતન્ય શક્તિ છે. અજીવમાં હોય નહિ.

**દેવગતિ-નરકગતિ-તિર્યંચગતિ** અને **અવિરતિ ચારિત્રમાં ૯ ઉપયોગ** હોય છે. તે આ પ્રમાણે. સમ્યગ્દૃષ્ટિ નરક વગેરેને ૩ જ્ઞાન અને ત્રણદર્શન; મિથ્યાદૃષ્ટિને ૩ અજ્ઞાન હોય સર્વને ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન હોય. આમ ૯ ઉપયોગ હોય. બાકીના ઉપયોગ ન હોય કારણકે તિર્યંચને પાંચ ગુણસ્થાન અને દેવાદિને ચાર ગુણસ્થાનક હોય. જ્યારે મનઃપર્યવજ્ઞાન છઠ્ઠે અને કેવલજ્ઞાન અને કેવલદર્શન ૧૩-૧૪મે હોય છે માટે આ માર્ગણાઓમાં તે ત્રણ ઉપયોગ ન સંભવે.

**तसजोअ वेअ सुक्का, हार नर पणिंदि सन्नि भवि सव्वे ।**
**नयणेअर पण लेसा, कसाय दस केवलदुगूणा ॥३१॥**

**શબ્દાર્થ**

**जोअ** - ૩ યોગ || **नयणेअर** - ચક્ષુ-અચક્ષુદર્શન

**ગાથાર્થ :-** ત્રસકાય, ત્રણયોગ, ત્રણવેદ, શુક્લલેશ્યા, આહારી મનુષ્યગતિ પંચેન્દ્રિયજાતિ, સંજ્ઞી અને ભવ્ય એમ ૧૩ માર્ગણામાં સર્વ (બાર) ઉપયોગ હોય છે. તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, પાંચલેશ્યા, અને ક્રોધાદિચાર કષાય એમ ૧૧ માર્ગણામાં કેવલદ્વિક વિના ૧૦ ઉપયોગ હોય છે. (૩૧)

**વિવેચન :- ત્રસકાય** વગેરે ૧૩ માર્ગણામાં સર્વ ઉપયોગ (૧૨) હોય, કારણ કે આ માર્ગણાઓમાં કોઈ તેર ગુણઠાણા સુધી અને કોઈ ચૌદ ગુણઠાણા સુધી હોય છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવોને ૩ અજ્ઞાન, સમ્યગ્દૃષ્ટિ જીવોને ૩ જ્ઞાન અને ત્રણદર્શન, સર્વવિરતિધરને મનઃપર્યવજ્ઞાન અને કેવલીભગવંતને કેવલજ્ઞાન, અને કેવલદર્શન આ પ્રમાણે સર્વ ઉપયોગ હોય.

**ચક્ષુદર્શન** વગેરે ૧૧ માર્ગણામાં ૧થી ૧૨ સુધીના યથાયોગ્ય ગુણસ્થાનક સંભવે છે. તેથી **૧૦ ઉપયોગ** હોય. ૧૩મું ૧૪મું ગુણસ્થાનક ન હોય તેથી કેવલદ્વિક ઘટે નહીં.

**चउरिंदि असन्नि दुअन्नाण, दुदंस इगबिति थावरि अचक्खु ।**
**तिअनाण दंसणदुगं, अनाणतिगि अभव्वि मिच्छदुगे ॥३२॥**

**શબ્દાર્થ**

**थावरि** - પાંચ સ્થાવરમાં || **अचक्खु** - ચક્ષુદર્શન વિના

**ગાથાર્થ :-** ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી માર્ગણામાં બે અજ્ઞાન અને બે દર્શન એમ ચાર ઉપયોગ હોય છે. એકેન્દ્રિય બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને પાંચ સ્થાવરમાં ચક્ષુદર્શન વિના તે ત્રણ ઉપયોગ હોય છે. ૩ અજ્ઞાન, અભવ્ય અને મિથ્યાત્વદ્વિકમાં ૩ અજ્ઞાન અને બે દર્શન હોય છે. (૩૨)

**વિવેચન :- ચઉરિન્દ્રિય** અને **અસંજ્ઞી**માર્ગણામાં **ચાર ઉપયોગ** હોય. આ માર્ગણામાં સમ્યક્ત્વ અને સંયમ ન હોવાથી શેષ જ્ઞાન અને દર્શન ઉપયોગ નથી.

આ માર્ગણાવાળા જીવો મિથ્યાત્વી કે સાસ્વાદની હોય તેથી મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન હોય છે. અને તે પર્યાપ્તા થાય ત્યારે ચક્ષુદર્શન હોય. આમ ચાર ઉપયોગ છે. તથા **એકેન્દ્રિય બેઇન્દ્રિય, તેઇન્દ્રિય** અને **પાંચસ્થાવરમાં** ત્રણ ઉપયોગ હોય છે. ચઉરિન્દ્રિયની જેમ શેષ ઉપયોગ તેઓને નથી અને ચક્ષુઇન્દ્રિય ન હોવાથી ચક્ષુદર્શન પણ હોય નહિ. તેથી ત્રણ ઉપયોગ સંભવે.

**મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન** અને **વિભંગજ્ઞાન, અભવ્ય, મિથ્યાત્વ** અને **સાસ્વાદન** કુલ છ માર્ગણામાં ૩ અજ્ઞાન અને બે દર્શન કુલ **પાંચ ઉપયોગ** હોય. આ છએ માર્ગણાઓમાં સમ્યક્ત્વ, સંયમ અને કેવલજ્ઞાનાદિ ઉચ્ચભાવો સંભવે નહિ. તેથી પાંચ જ્ઞાન અવધિદર્શન અને કેવલદર્શન સંભવે નહિ.

**પ્રશ્ન :-** આ છ માર્ગણામાં અવધિદર્શન કેમ ન સંભવે ? સામાન્ય બોધમાં વિપરીતપણું કે અવિપરીતપણું હોય નહિ. જ્ઞાનમાં અજ્ઞાન બતાવ્યું છે. પણ દર્શનમાં અદર્શન બતાવ્યું નથી. વળી છદ્મસ્થને જ્ઞાન દર્શનપૂર્વક જ થાય છે. તેથી વિભંગજ્ઞાનીને અવધિદર્શન હોય. જ્ઞાન મિથ્યાત્વથી કલુષિત થાય ત્યારે અજ્ઞાન થાય પણ દર્શન તે અદર્શન

થાય એમ કહેલ નથી. તેથી વિભંગજ્ઞાનીને અવધિદર્શન કહેવું જોઈએ. એમ સિદ્ધાંતકાર માને છે જે વાત પ્રજ્ઞપ્તિસૂત્રમાં પણ કહી છે.

**સિદ્ધાંતકાર** વિભંગજ્ઞાની મિથ્યાત્વીને પણ અવધિદર્શન માને છે. તેમના મતે આ છ માર્ગણામાં અવધિદર્શનસહિત છ ઉપયોગ કહેવા. પરંતુ કર્મગ્રંથકાર અવધિજ્ઞાનીને જ અવધિદર્શન માને છે. તેથી તેમના મતે છ માર્ગણામાં પાંચ ઉપયોગ હોય.

જોકે છદ્મસ્થને જ્ઞાનનો ઉપયોગ દર્શનપૂર્વક થાય, પરંતુ તેવો એકાંતે નિયમ નથી. કારણકે સંયમી આત્માઓને મનઃપર્યવજ્ઞાન દર્શન વિના પણ થાય છે. તેથી વિભંગજ્ઞાનીને અવધિદર્શન ન થાય. એવું પણ માની શકાય. જોકે મિશ્ર માર્ગણામાં અવધિદર્શન કર્મગ્રંથકારે પણ કહ્યું છે. तत्त्वं केवलिगम्यम् (જુઓ ગાથા ૨ની વૃત્તિ)

**केवलदुगे नियदुगं, नव तिअनाण विणु खइयअहक्खाए ।**
**दंसणनाणतिगं देसि मीसि अन्नाण मीसं तं ॥३३॥**

**શબ્દાર્થ**

**नियदुगं** - પોતાનું દ્વિક હોય.
**खइय अहक्खाए** - ક્ષાયિક અને યથાખ્યાતમાં
**अन्नाणमीसं** - અજ્ઞાનથી મિશ્ર
**तं** - તે ત્રણ દર્શન

**ગાથાર્થ :-** કેવલજ્ઞાન અને કેવલદર્શન માર્ગણામાં પોતાનું દ્વિક હોય છે, ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રમાં ત્રણ અજ્ઞાન વિના ૯ ઉપયોગ. દેશવિરતિમાં ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન એમ છ ઉપયોગ, તે છ ઉપયોગ મિશ્ર માર્ગણામાં અજ્ઞાનથી મિશ્રિત હોય છે. (૩૩)

**વિવેચન :- કેવલજ્ઞાન અને કેવલદર્શન** ૧૩ મે ૧૪ મે ગુણઠાણે હોય, ત્યાં છાદ્મસ્થિક જ્ઞાન દર્શન ન હોવાથી **બે** જ ઉપયોગ હોય છે. કોઈપણ જીવને સમ્યક્ત્વ થાય ત્યારે ક્ષયોપશમભાવનાં મત્યાદિજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૧૩ મે ૧૪ મે ગુણઠાણે ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન અને કેવલદર્શન થાય છે. તેથી ક્ષાયોપશમ ભાવના ૧૦ ઉપયોગ હોય નહિ.

**ક્ષાયિક સમ્યક્ત્વ** અને **યથાખ્યાત ચારિત્ર**માં **૯ ઉપયોગ** હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વમાં ૪થી ૧૪ અને યથાખ્યાત ચારિત્રમાં ૧૧થી ૧૪ ગુણસ્થાનક હોય છે. અહીં પ્રથમના ત્રણ ગુણસ્થાનક ન હોવાથી ૩ અજ્ઞાન સંભવે નહિ. છદ્મસ્થ ક્ષાયિકસમકિતીને ૪ જ્ઞાન અને ૩ દર્શન હોય છે. અને ક્ષાયિક સમકિતીને ઘાતીકર્મનો ક્ષય થાય ત્યારે કેવલજ્ઞાન અને કેવલદર્શન થાય છે.

હવે **યથાખ્યાત ચારિત્ર** મોહનીયનો સંપૂર્ણ ઉપશમ અથવા ક્ષય થાય ત્યારે હોય છે. ત્યારે ૪ જ્ઞાન અને ૩ દર્શન હોય છે. ઘાતીકર્મનો ક્ષય કરે ત્યારે કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય આમ બન્ને માર્ગણામાં **૯ ઉપયોગ** સંભવે છે. ત્રણઅજ્ઞાન ન હોય.

**દેશવિરતિ** ચારિત્રમાર્ગણામાં ૩ જ્ઞાન અને ૩ દર્શન એમ **છ ઉપયોગ** હોય. સમ્યક્ત્વ હોવાથી ૩ અજ્ઞાન નથી. અને સર્વવિરતિ તેમજ ક્ષપકશ્રેણી ન હોવાથી મનઃપર્યવજ્ઞાન અને કેવલદ્વિક નથી.

**મિશ્રમાર્ગણા**માં આ **છ ઉપયોગ** અજ્ઞાનથી મિશ્ર હોય છે. સમ્યક્ત્વની સન્મુખ થયેલાને જ્ઞાનની બહુલતા હોય છે. અને મિથ્યાત્વની સન્મુખતાવાળાને અજ્ઞાનની બહુલતા હોય, તેથી જ્ઞાન અજ્ઞાનથી મિશ્ર કહ્યું છે. અહિ ત્રીજે ગુણઠાણે અવધિદર્શન કહ્યું તે જ્ઞાનની બહુલતાને આશ્રયી કહ્યું. સિદ્ધાંતકારની અપેક્ષાએ ૧થી ૧૨ ગુણઠાણા સુધી અવધિદર્શન હોય તેમના મતે પણ અવધિદર્શન મિશ્રમાર્ગણામાં હોય છે.

**मणनाण चक्खुवज्जा, अणहारे तिन्निदंस चउनाणा ।**
**चउनाणसंजमोवसम, वेयगे ओहिदंसे य ॥३४॥**

**શબ્દાર્થ**

**चक्खुवज्जा** - ચક્ષુદર્શન વિના
**उवसम** - ઉપશમ સમ્યક્ત્વ
**वेयगे** - વેદક સમ્યક્ત્વ
**ओहिदंसे** - અવધિદર્શનમાં

**ગાથાર્થ :-** અણાહારી માર્ગણામાં મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વર્જીને શેષ દશ ઉપયોગ જાણવા. ચાર જ્ઞાન, ચાર સંયમ, ઉપશમ અને વેદક સમ્યક્ત્વમાં તથા અવધિદર્શનમાં ચાર જ્ઞાન, ત્રણ દર્શન એમ સાત ઉપયોગ હોય છે. (૩૪)

**વિવેચન :- અણાહારી** માર્ગણામાં મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વિના બાકીના **૧૦ ઉપયોગ** હોય છે કારણકે અણાહારી અવસ્થા વિગ્રહગતિમાં તથા કેવલીસમુદ્ઘાતમાં તથા અયોગી ગુણઠાણે હોય છે. વિગ્રહગતિમાં સમ્યગ્દષ્ટિને ૩ જ્ઞાન અને મિથ્યાદષ્ટિને ત્રણ અજ્ઞાન. બન્નેને અચક્ષુદર્શન પણ હોય. સમ્યગ્દષ્ટિ અવધિજ્ઞાનીને અવધિદર્શન તેમજ ૧૩ મે ૧૪ મે કેવલીને કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય, તેથી કુલ ૧૦ ઉપયોગ હોય. મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન અણાહારી માર્ગણામાં ન હોય કારણકે આ બે ઉપયોગ પર્યાપ્તા અવસ્થામાં જ સંભવે અને અણાહારીપણું વિગ્રહગતિમાં અથવા કેવલી સમુદ્ઘાતમાં હોય.

**ચાર જ્ઞાન, ચાર સંયમ, ઉપશમસમ્યક્ત્વ, ક્ષાયોપશમ-સમ્યક્ત્વ** અને **અવધિદર્શન** એમ ૧૧ માર્ગણામાં ચાર જ્ઞાન અને ૩ દર્શન એમ **૭ ઉપયોગ** હોય. કારણકે આ ૧૧ માર્ગણામાં ૪થી ૧૨ ગુણસ્થાનકોમાનાં યથાસંભવ હોય છે. માટે ત્રણ અજ્ઞાન અને કેવલદ્વિક ન હોય. તેથી પાંચ ઉપયોગ સંભવે નહિ. અહીં પણ અવધિદર્શન માર્ગણામાં ૪ જ્ઞાન અને ૩ દર્શન એમ ૭ ઉપયોગ કહ્યા, પરંતુ પ્રથમના ત્રણ ગુણસ્થાન ન ગણવાથી અજ્ઞાન કહેલ નથી.

જો કે સિદ્ધાંતમાં અવધિદર્શન મિથ્યાત્વ ગુણસ્થાનમાં હોય તે અપેક્ષાએ અવધિદર્શનમાર્ગણામાં મતિ અજ્ઞાન-શ્રુતઅજ્ઞાન વિભંગજ્ઞાન કહ્યું છે. તે પ્રજ્ઞપ્તિસૂત્રમાં તેમ કહેલ હોવાથી. (ગા. ૩૨ સ્વોપજ્ઞવૃત્તિ)

**આ પ્રમાણે બાસઠ માર્ગણાઓમાં ઉપયોગ નામનું ચોથું દ્વાર પૂર્ણ**

## 'મતાંતરની ગાથા'

**दो तेर तेर बारस मणे कमा अट्ठ दु चउ चउ वयणे ।**
**चउ दु पण तिन्नि काये, जिअगुण जोगुवओगन्ने ॥३५॥**

### શબ્દાર્થ

**મણે** - મનયોગમાં || **अन्ने** - અન્ય આચાર્યો.

**ગાથાર્થ :-** અન્ય આચાર્યો મનયોગમાં ૨, ૧૩, ૧૩, ૧૨. વચનયોગમાં ૮,૨,૪,૪. તથા કાયયોગમાં ૪,૨,૫ અને ૩ અનુક્રમે જીવસ્થાનક, ગુણસ્થાનક યોગ અને ઉપયોગ હોય એમ કહે છે. (૩૫)

**વિવેચન :- કર્મગ્રંથકાર** પૂજ્યશ્રી **દેવેન્દ્રસૂરીજીની** માન્યતા એવી છે કે મનયોગની સાથે વચનયોગ અને કાયયોગ અવશ્ય હોય છે. કોઈપણ જીવને વચનયોગ અને કાયયોગ વિના એકલો મનયોગ હોય નહિ. અને મનયોગ સર્વપર્યાપ્તિએ પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયમાં જ સંભવે છે. તેથી મનયોગમાં પર્યાપ્તા સંજ્ઞી એક જ જીવભેદ, ૧૩ ગુણસ્થાનક, ૧૩ યોગ, અને ૧૨ ઉપયોગ હોય છે.

પરંતુ **અન્ય આચાર્યો** વિશિષ્ટ યોગવાળાને સામાન્ય યોગ હોય તો પણ તેને **ગૌણ માને** એટલે જેમ **કરોડપતિને લક્ષાધિપતિમાં ગણાય નહીં** તેમ, જેને મનયોગ હોય તેને વચનયોગ અને કાયયોગમાં ગણવા નહિ. જેને વચનયોગ અને કાયયોગ હોય તેને કાયયોગમાં ગણવા નહિ. અને જેને મનયોગ કે વચનયોગ ન હોય તેને જ કાયયોગમાં ગણવા, તેથી એ વિવક્ષાએ સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તાને મનયોગમાં ગણવા, બેઈન્દ્રિયથી અસંજ્ઞી સુધીના પર્યાપ્તા અપર્યાપ્તાને વચનયોગમાં ગણવા, અને એકેન્દ્રિય જીવોને જ કાયયોગમાં ગણવા. તેથી મનયોગમાં ૨ જીવભેદ, ૧૩ ગુણસ્થાનક, ૧૩ યોગ, અને ૧૨ ઉપયોગ હોય છે.

**કર્મગ્રંથકાર** વચનયોગ મનયોગની સાથે પણ હોય અને મનયોગ વિના પણ હોય એમ માને છે. તેથી મનયોગવાળા સંજ્ઞી પણ હોય અને મનયોગ વિનાના અસંજ્ઞી અને વિકલેન્દ્રિયને વચનયોગ હોય માટે વચનયોગમાં જીવભેદ બેઇન્દ્રિયાદિ પાંચ પર્યાપ્તા, ૧૩ ગુણસ્થાનક, ૧૩ યોગ અને ૧૨ ઉપયોગ હોય એમ કહે છે. જ્યારે

**અન્ય આચાર્યો** વચનયોગ કોઈપણ યોગની સાથે ન હોય એકલો જ હોય એવું માને છે. તેથી વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને એકલો વચનયોગ કહ્યો છે. એટલે તેઓની વિવક્ષાએ વચનયોગમાં ૮ જીવભેદ, તે જીવભેદોને આશ્રયીને ૧લું, ૨જું ગુણસ્થાનક, ઔદારિકદ્વિક, કાર્મણ, અને અસત્યઅમૃષા વચનયોગ, એમ ચાર યોગ અને બે અજ્ઞાન અને બે દર્શન એમ ચાર ઉપયોગ કહે છે.

**કર્મગ્રંથકાર** મનયોગ અને વચનયોગની સાથે કાયયોગ હોય અને મનયોગ વચનયોગ વિના એકલો કાયયોગ પણ હોય એવું માને છે. તેથી ૧૪ જીવભેદ, ૧૩ ગુણસ્થાનક, ૧૫ યોગ, અને ૧૨ ઉપયોગ સંભવે છે. **અન્ય આચાર્યો** કોઈપણ યોગની સાથે કાયયોગ હોય નહી. એકલો જ હોય છે. એકેન્દ્રિય જીવોને જ મનયોગ-વચનયોગવિના એકલો કાયયોગ હોય, તેથી તે જીવોની અપેક્ષાએ ૪ જીવભેદ, બે ગુણસ્થાનક, ઔદારિકદ્વિક, (વાઉકાયની અપેક્ષાએ) વૈક્રિયદ્વિક કાર્મણ કાયયોગ એમ પાંચ યોગ, બે અજ્ઞાન, અચક્ષુદર્શન એમ ત્રણ ઉપયોગ કહે છે.

| ગ્રંથકારની વિવક્ષા | | | | | અન્ય આચાર્યની વિવક્ષા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | જીવ. | ગુણ. | યોગ | ઉપયોગ | | જીવ | ગુણ. | યોગ | ઉપયોગ |
| મનયોગ | ૧ | ૧૩ | ૧૩ | ૧૨ | મનયોગ | ૨ | ૧૩ | ૧૩ | ૧૨ |
| વચનયોગ | ૫ | ૧૩ | ૧૩ | ૧૨ | વચનયોગ | ૮ | ૨ | ૪ | ૪ |
| કાયયોગ | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૨ | કાયયોગ | ૪ | ૨ | ૫ | ૩ |

ઉપર મુજબ વિશિષ્ટ યોગવાળાને સામાન્ય યોગમાં ન ગણીએ તો નીચેની કેટલીક હકીકત સંગત થતી નથી. અહીં "तत्त्वम् केवलिगम्यम्"

**અસંગત :- મનયોગ** માર્ગણાએ અન્ય આચાર્ય ભગવંતના મતે બે જીવભેદ કહ્યા છે તો સંજ્ઞી અપર્યાપ્તો મનયોગમાં કેવી રીતે ઘટી શકે ?

સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ મનયોગનો વ્યાપાર હોય છે સંજ્ઞી અપર્યાપ્તાને સર્વ પર્યાપ્તિ હજી પૂર્ણ થઈ નથી તેથી મનયોગ ઘટી શકે નહિ.

પરંતુ કદાચ ભવિષ્યમાં થનારા મનયોગની વિવક્ષા કરીને અપર્યાપ્તા સંજ્ઞી જીવભેદ ઘટાડ્યો હોય, તો સંભવી શકે, વળી તે અપેક્ષાએ જો અપર્યાપ્તા સંજ્ઞી જીવભેદને મનયોગમાં કહ્યો તો અપર્યાપ્તા અવસ્થાના ઔદારિક મિશ્ર અને કાર્મણ કાયયોગ સહિત મનયોગ માર્ગણામાં ૧૫ યોગ કહેવા જોઈએ. યોગ ૧૩ જ કહ્યા છે. અને જીવભેદ પર્યાપ્તા અપર્યાપ્તા બે કહ્યા, તે પૂર્વાપર સંગત થતું નથી.

**વચનયોગમાં** પણ આજ **અસંગત** જણાય છે. કેમકે ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ વચનયોગનો વ્યાપાર આવે તેથી બેઈન્દ્રિયાદિ ચારે પર્યાપ્તા જ જીવભેદ સંભવે પરંતુ વચનયોગમાં અપર્યાપ્તા જીવભેદ સંભવે નહિ. છતાં આઠ જીવભેદ કહ્યા તે સંગત નથી, કદાચ ભવિષ્યમાં ભાષાપર્યાપ્તિ પૂર્ણ કરશે એમ માનીએ તો સંભવે.

## 'બાસઠ માર્ગણાઓમાં લેશ્યા"

**छसु लेसासु सठाणं, एगिंदि असन्नि भूदग वणेसु ।**
**पठमा चउरो तिन्नि उ, नारय विगलग्गि पवणेसु ॥३६॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **भूदगवणेसु** - પૃથ્વી અપ્ અને વનસ્પતિમાં | **अग्गिपवणेसु** - અગ્નિકાય અને વાયુકાયમાં |
| **तिन्नि उ** - વળી ત્રણ લેશ્યા | |

**ગાથાર્થ :-** છએ લેશ્યાઓમાં પોતપોતાની લેશ્યા હોય છે. એકેન્દ્રિય, અસંજ્ઞી, પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિમાં પ્રથમની ચાર લેશ્યા હોય છે તથા નારકી, વિકલેન્દ્રિય, અગ્નિકાય અને વાયુકાયમાં પ્રથમની ત્રણ લેશ્યા જ હોય છે. (૩૬)

**વિવેચન :-** છએ લેશ્યાઓમાં પોતાની લેશ્યા એટલે કૃષ્ણલેશ્યા માર્ગણામાં કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા માર્ગણામાં નીલલેશ્યા ઇત્યાદિ જાણવું. કારણકે એક જીવને એકી સાથે એક જ લેશ્યા હોય છે. છએ લેશ્યા પરસ્પર વિરુદ્ધ છે.

**એકેન્દ્રિય, અસંજ્ઞી, પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિ** એ

પાંચ માર્ગણામાં **ચાર** લેશ્યા હોય. જોકે તેઓને ભવ સ્વભાવે અશુભ પરિણામ હોવાથી અશુભ લેશ્યા હોય છે. પરંતુ ભવનપતિથી ઈશાન દેવલોક સુધીના દેવોને તેજોલેશ્યા હોય અને તે દેવો તેજોલેશ્યામાં એકેન્દ્રિયનું આયુષ્ય બાંધી શકે છે. જે લેશ્યાએ આયુષ્ય બાંધ્યું હોય તે લેશ્યા સહિત એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. जल्लेसे बंधइ तल्लेसे उवज्जई. ત્યાં તેઓને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલા તેજોલેશ્યા ચાલી જાય છે માટે અપર્યાપ્તપણામાં તેજોલેશ્યા ઘટે.

**નરક, વિકલેન્દ્રિય અને તેઉ-વાઉ** માર્ગણામાં **ત્રણ** લેશ્યા હોય આ જીવો ઘણું કરીને અપ્રશસ્ત અધ્યવસાયવાળા-અશુભ પરિણામવાળા હોવાથી તેઓને અશુભ લેશ્યા હોય છે. જોકે ભાવથી નરકનાજીવોને છએ લેશ્યા હોય છે. કારણ કે નવું સમ્યક્ત્વ પામતી વખતે શુભ લેશ્યા જ હોય. તો પણ અહીં દ્રવ્યલેશ્યાની વિવક્ષા કરીને કહ્યું હોય તેમ જણાય છે.

**अहक्खाय सुहुम केवल, दुगि सुक्का छावि सेस ठाणेसु ।**
**नर निरय देव तिरिया, थोवा दु असंखणंतगुणा ॥३७॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **सुक्का** - માત્ર શુક્લલેશ્યા | **थोवा** - થોડા હોય છે. |
| **सेसठाणेसु** - બાકીના સ્થાનોમાં | **दुअसंख** - બે અસંખ્યાતા |

**ગાથાર્થ :-** યથાખ્યાત, સૂક્ષ્મસંપરાય, અને કેવલદ્વિકમાં શુક્લલેશ્યા હોય છે. શેષ ૪૧ સ્થાનોમાં છએ લેશ્યા હોય છે. (અલ્પબહુત્વ) મનુષ્યો સૌથી થોડા છે. તેનાથી નારકી અને દેવો એ બે અનુક્રમે અસંખ્યગુણા છે. તેથી તિર્યંચો અનંતગુણા છે. (૩૭)

**વિવેચન :- યથાખ્યાત, સૂક્ષ્મસંપરાય અને કેવલદ્વિક** આ ચાર માર્ગણામાં **એક** શુક્લ લેશ્યા હોય છે. કારણકે આ ચારે માર્ગણાઓ દશમા ગુણઠાણાથી સંભવે છે. ત્યાં ઉજ્જ્વલ-નિર્મલ પરિણામ હોવાથી શુક્લલેશ્યા સંભવે છે. શેષ દેવગતિ વગેરે ૪૧ માર્ગણામાં રહેલા જીવો શુભાશુભ પરિણામવાળા હોવાથી છએ લેશ્યા હોઈ શકે છે. તેથી છ લેશ્યા કહી.

**આ પ્રમાણે માર્ગણાઓમાં લેશ્યા નામનું પાંચમું દ્વાર પૂર્ણ થયું.**

## ''માર્ગણાઓમાં અલ્પબહુત્વ''

કોઈ પણ એક મૂલ માર્ગણાના ઉત્તરભેદોમાં ક્યા ઉત્તરભેદમાં જીવો ઓછા હોય અને કયા ઉત્તરભેદમાં જીવ વધારે હોય એમ જે વિચારવું તે અલ્પબહુત્વ કહેવાય. અહીં અલ્પ - કોનાથી ઓછા, બહુત્વ-કોનાથી વધારે એમ પૂર્વાપરની અપેક્ષાએ વિચારવું તે અલ્પબહુત્વ છે.

જોકે ગાથા પ્રમાણે અલ્પબહુત્વ વિચારતાં તે માર્ગણાવાળા જીવો કેટલા એમ વિચારવાથી આ દ્વાર વધારે સારી રીતે સમજાય. માટે પ્રમાણ દ્વારા ઓઘ-અને વિશેષથી વિચારવામાં પણ આવેલ છે.

**ગતિમાર્ગણામાં :-** મનુષ્યો સૌથી થોડા છે. કારણ કે મનુષ્યો બે પ્રકારના છે. સમુર્ચ્છિમ અને ગર્ભજ. જે જીવો માતાપિતાના સંયોગવિના મલ મૂત્રાદિ મનુષ્યના ૧૪ અશુચિ સ્થાનોમાં જન્મે તે સમુર્ચ્છિમ. અને માતપિતાના સંયોગથી જન્મે તે ગર્ભજ.

ગર્ભજ મનુષ્યો બે પ્રકારના છે. અપર્યાપ્તા ગર્ભજ અને પર્યાપ્તા ગર્ભજ. તેમાંથી પર્યાપ્તા ગર્ભજ મનુષ્યો હંમેશા જગતમાં હોય જ. પરંતુ સમુર્ચ્છિમ મનુષ્ય કે અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યો ક્યારેક હોય અને ક્યારેક ન હોય એવું પણ બને છે. કારણકે સમુર્ચ્છિમ મનુષ્યનું આયુષ્ય અંતર્મુહૂર્તનું છે અને ઉત્પત્તિનો વિરહકાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્ત હોય છે. જેથી પૂર્વના ઉત્પન્ન થયેલા સમુર્ચ્છિમ મનુષ્યો અંતર્મુહૂર્ત કાળે મરણ પામે છતે નવા સમુર્ચ્છિમ મનુષ્યો ક્યારેક ૨૪ મુહૂર્ત સુધી અથવા મધ્યમ વિરહકાળમાં ઉત્પન્ન ન થાય. તેથી ઉત્કૃષ્ટથી ૨૩ મુહૂર્તથી કંઈક અધિક કાળ સુધી આ જગતમાં સમુર્ચ્છિમ મનુષ્યો ન હોય એવું પણ ક્વચિત બને. અને અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યનું આયુષ્ય અંતર્મુહૂર્તનું છે. અને તેઓનો ઉત્પત્તિનો વિરહકાળ*

★ बारसमुहूर्त गब्भे, उक्कोस समुच्छिमेसु चउवीसं ॥ उक्कोसविरहकालो, दोसुविय जहन्नओ समओ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ (બૃહત્ સં૰ પત્ર ૧૩૦-૧)

જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્તનો છે. તેથી પૂર્વના ઉત્પન્ન થયેલા અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યો અંતર્મુહૂર્ત કાળે મરણ પામે છતે નવા અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યો ક્યારેક ૧૨ મુહૂર્ત સુધી અથવા મધ્યમ વિરહકાળ સુધી ઉત્પન્ન ન થાય તેથી ઉત્કૃષ્ટથી ૧૧ મુહૂર્તથી કંઈક અધિક કાળ સુધી આ જગતમાં અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યો ન હોય એવું પણ બને. એટલે જ્યારે સમુર્ચ્છિમ મનુષ્યો અને અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યો આ જગતમાં ન હોય ત્યારે માત્ર પર્યાપ્તા ગર્ભજ મનુષ્યો જ હોય છે. તે પણ જઘન્યથી ૨૯ આંકડા પ્રમાણ સંખ્યાતા જ હોય છે. ગર્ભજ મનુષ્યો અસંખ્યાતા કદાપિ હોય નહી.

ગર્ભજ મનુષ્યો સંખ્યાતા હોય એમ કહ્યું. પણ સંખ્યાતુ નાનું મોટું અનેક જાતનું હોય છે. તેથી તે સંખ્યા જણાવવા માટે ત્રણ રીતે ગર્ભજ મનુષ્યોની સંખ્યા કહેલ છે. (૧) પાંચમા વર્ગને છઠ્ઠા વર્ગ સાથે ગુણવાથી જે સંખ્યા આવે તેટલા અથવા (૨) એકની સંખ્યાને ક્રમશઃ છન્નુવાર ડબલ કરવાથી પ૦ ગર્ભજ મનુષ્યોની જઘન્ય સંખ્યા આવે છે. (૩) ત્રીજા યમલપદથી વધારે અને ચોથા યમલપદથી ઓછા **યમલપદ- બે વર્ગનો સમૂહ તે** યમલપદ કહેવાય.

**(૧) વર્ગ :-** મૂલ સંખ્યાને તે મૂલસંખ્યા વડે ગુણાકાર કરવો તે **વર્ગ** કહેવાય. દા.ત. **પાંચને પાંચ વડે** ગુણવાથી **૨૫** આવે અહીં **પચ્ચીસ** તે **પાંચનો વર્ગ** કહેવાય.

૨×૨=૪ ૧લો વર્ગ,

૪×૪=૧૬ ૨જો વર્ગ,

૧૬×૧૬=૨૫૬ ત્રીજો વર્ગ

૨૫૬×૨૫૬=૬૫૫૩૬ ચોથો વર્ગ

૬૫૫૩૬×૬૫૫૩૬=૪૨૯૪૯૬૭૨૯૬ એ પાંચમો વર્ગ.

૪૨૯૪૯૬૭૨૯૬×૪૨૯૪૯૬૭૨૯૬=૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬ એ છઠ્ઠો વર્ગ.

આ પ્રમાણે છ વર્ગો બનાવ્યા પછી પાંચમા વર્ગને છઠ્ઠા વર્ગ સાથે પરસ્પર ગુણવાથી જે ૨૯ આંકડા જેટલી સંખ્યા આવે તેટલા ગર્ભજ મનુષ્યો જઘન્યથી અઢીદ્વિપમાં સર્વ મળીને જાણવા.

અથવા

## (૨) એકની સંખ્યાને છન્નુવાર ક્રમશઃ ડબલ

દા.ત. (૧) ૧×૨=૨ (૨) ૨×૨=૪ (૩) ૪×૨=૮ (૪) ૮×૨=૧૬ (૫) ૧૬×૨=૩૨ (૬) ૩૨×૨=૬૪ (૭) ૬૪×૨=૧૨૮ (૮) ૧૨૮×૨=૨૫૬

આ પ્રમાણે ૯૬ વાર ડબલ કરવાથી પણ ગર્ભજ મનુષ્યોની સંખ્યા આવે છે. તે સંખ્યા આ પ્રમાણે છે.

૭,૯૨,૨૮,૧૬૨,૫૧,૪૨,૬૪૩,૩૭,૫૯,૩૫૪,૩૯,૫૦,૩૩૬ તે સંખ્યા ટૂંકમાં બોલવાની રીત :- ૭ ક્રોડ, ૯૨ લાખ, ૨૮ હજાર, ૧૬૨ કોડાકોડીકોડી, ૫૧ લાખ, ૪૨ હજાર, ૬૪૩ કોડાકોડી, ૩૭ લાખ, ૫૯ હજાર ૩૫૪ કોડ, ૩૯ લાખ ૫૦ હજાર ૩૩૬ (ટૂંકમાં આ પ્રમાણે પણ બોલી શકાય.)

આ પ્રમાણે ગર્ભજ મનુષ્યો સંખ્યાતા છે. અને સમુર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતા છે. બન્ને સાથે ગણીએ તો પણ મનુષ્યની સંખ્યા અસંખ્યાતી થાય.

શાસ્ત્રમાં મનુષ્યની સંખ્યા કાળથી અને ક્ષેત્રથી એમ બે રીતે બતાવી છે. **કાળથી** :- અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમયો થાય તેટલા મનુષ્યો સમુર્ચ્છિમ અને ગર્ભજ બન્ને મળીને જાણવા.

**ક્ષેત્રથી :-** અંગુલમાત્ર શ્રેણીના આકાશ પ્રદેશના ૧લા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણવાથી જે સંખ્યા આવે તેટલા આકાશ પ્રદેશનો એક ટુકડો એવા સાતરાજ લાંબી એક શ્રેણીના જેટલા ટુકડા થાય તેના કરતા ૧ ન્યૂન એટલા ગર્ભજ અને સમુર્ચ્છિમ મનુષ્યો હોય. અહીં

ઉપયોગી હોવાથી વર્ગમૂળ-ઘન-ઘનીકૃત લોકની સમજ આપવામાં આવે છે.

**વર્ગમૂળ :-** જે સંખ્યાનું વર્ગમૂળ કાઢવું હોય તેની નીચેની સંખ્યા એવી શોધવી કે શોધેલી સંખ્યાને શોધેલી સંખ્યા વડે ગુણવાથી મૂળ સંખ્યા આવે. દા. ત. ૧૬નું વર્ગમૂળ ૪. (૪×૪=૧૬) **ઘન :-** તે સંખ્યાને તે સંખ્યા વડે બેવાર ગુણવા. જેમ ૪×૪×૪=૬૪ ચારનો ઘન **૬૪** થાય. ''ચાર ઘને મઘવા સ્તવે રે'' એમ ઋષભભગવાનના સ્તવનમાં પણ ઘન શબ્દનો ઉપયોગ કરેલ છે.

## ઘનીકૃત લોકની સમજુતી :-

બે પગ પહોળા કરી કેડ ઉપર બે હાથ ટેકાવી ઊભા રાખેલા પુરુષાકાર પ્રમાણે આ લોકાકાશ છે.

અથવા એક ઉંધું કુંડુ મૂકી, તેના ઉપર થાળી મૂકી, તેના ઉપર મૃદંગ વાજિંત્ર મૂકી તેના ઉપર માણસનું માથું મૂકવાથી જે આકાર થાય તે-

**(૧) ઘનીકૃતલોક :-** જેમાં સાતરાજ લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ હોય તે ઘનલોક.

**(૨) પ્રતર :-** જેમાં સાતરાજ લંબાઈ અને પહોળાઈ અને ૧ આકાશપ્રદેશ જાડાઈ હોય તેવી આકાશ પ્રદેશની રચના.

**(૩) શ્રેણી :-** જેમાં સાતરાજ લાંબી ૧ આકાશપ્રદેશ જાડી અને પહોળી હોય. એવી સોયના આકાર જેવી આકાશ પ્રદેશની રચના, તેને સૂચિશ્રેણી પણ કહેવાય.

આ લોક ચૌદ રાજ ઊંચો છે તે નીચે સાત રાજ લાંબો પહોળો છે. કેડ પાસે ૧ રાજ લાંબો પહોળો છે કોણી પાસે પાંચ રાજ લાંબો પહોળો છે. અને ઉપર ૧ રાજ લાંબો પહોળો છે. લોકના નીચેના ભાગને અધોલોક કહે છે. તે ૭ રાજ ઊંચો છે. તેની ઉપરના ભાગને ઉર્ધ્વલોક કહે છે. તે પણ સાત રાજ ઊંચો છે. લોકની મધ્યમાં ૧ રાજ પહોળી અને ૧૪ રાજ ઊંચી ત્રસનાડી છે. આવા આકારવાળા

લોકાકાશને કલ્પનાથી ટુકડા કરી જો વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવે તો સાતરાજ ઊંચો, સાતરાજ પહોળો અને સાતરાજ લાંબો સમચોરસ આકાર બને તેને સાતરાજનો **ઘન** કહેવાય સમજવા માટે ચૌદ રાજલોકની ઘનની કલ્પના સમજાવી છે.

હવે આવી એક સુચી શ્રેણીના અંગુલ પ્રમાણ ભાગમાં પણ અસંખ્ય આકાશ પ્રદેશો (અસંખ્ય લોકાકાશ જેટલા પ્રદેશો) હોય અને તેનું વર્ગમૂળ પણ અસંખ્યાતુ જ આવે, તો પણ સમજવા માટે અસત્ કલ્પનાથી અંગુલપ્રમાણ શ્રેણીમાં ૬૫૫૩૬ પ્રદેશ કલ્પીએ, તો તેનું પ્રથમ વર્ગમૂળ ૨૫૬, બીજું વર્ગમૂળ ૧૬, અને ત્રીજું વર્ગમૂળ ૪ આવે. હવે પ્રથમ વર્ગમૂળને તૃતીય વર્ગમૂળનો ગુણાકાર ૨૫૬×૪=૧૦૨૪ થાય—તેટલા આકાશ પ્રદેશનો એક ટુકડો એવા એક શ્રેણીના જેટલા ટુકડા થાય તેના કરતા ૧ ન્યૂન આટલા ગર્ભજ મનુષ્યો અને સમુર્ચ્છિમ મનુષ્યો ઉત્કૃષ્ટથી હોય.

મનુષ્ય કરતા નારકી અસંખ્ય ગુણા છે. કારણ કે નારકો અંગુલમાત્ર શ્રેણીના આકાશ પ્રદેશના પહેલા વર્ગમૂળને બીજા વર્ગમૂળ સાથે ગુણતા જે સંખ્યા આવે, તેટલી અસંખ્યાતી શ્રેણીના આકાશ પ્રદેશ જેટલા છે. અસત્ કલ્પનાએ અંગુલ માત્ર શ્રેણીમાં ૨૫૬ આકાશ પ્રદેશ કલ્પીએ, તેનું ૧લું વર્ગમૂળ ૧૬ બીજું વર્ગમૂળ ૪ તેથી ૧૬×૪=૬૪ શ્રેણીના આકાશપ્રદેશ જેટલા. **જીવસમાસમાં** પણ આ માપ બતાવેલ છે.

**પંચસંગ્રહમાં :-** અંગુલમાત્ર શ્રેણીના આકાશ પ્રદેશને પોતાના પહેલા વર્ગમૂળ સાથે ગુણતા જે સંખ્યા આવે તેટલી અસંખ્યાતી શ્રેણીના આકાશપ્રદેશ જેટલા. એટલે ૨૫૬×૧૬=૪૦૯૬ શ્રેણીના આકાશપ્રદેશ જેટલા નારકીના જીવો કહ્યા છે.

નારકી કરતા દેવો અસંખ્યગુણા છે. કારણકે દેવો ચાર પ્રકારના છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક. ચારે દેવો ભેગા કરતા નારકી કરતા અસંખ્ય-ગુણ થાય છે. તે સર્વ ભેગા ગણીએ તો સાતરાજ લાંબી અસંખ્યાતી શ્રેણીઓના આકાશ પ્રદેશ જેટલા હોય. તે દરેકનું વિશેષ પ્રમાણ આ પ્રમાણે છે.

**ભવનપતિ :-** અંગુલમાત્ર શ્રેણીના આકાશપ્રદેશને પોતાના પહેલા વર્ગમૂળ સાથે ગુણતા જે સંખ્યા આવે તેટલી અસંખ્યાતી શ્રેણીના આકાશપ્રદેશ જેટલા છે. અસત્કલ્પનાએ અંગુલમાત્ર શ્રેણીમાં ૨૫૬ આકાશપ્રદેશ. તેનું ૧લું વર્ગમૂળ ૧૬ તેથી ૨૫૬×૧૬=૪૦૯૬ શ્રેણીના આકાશપ્રદેશ જેટલા **જીવસમાસમાં** પણ આ માપ બતાવેલ છે.

**પંચસંગ્રહમાં :-** અંગુલમાત્ર શ્રેણીના આકાશપ્રદેશના પ્રથમ વર્ગમૂળને બીજા વર્ગમૂળ સાથે ગુણતા જે સંખ્યા આવે તેટલી અસંખ્યાતી શ્રેણીના આકાશપ્રદેશ જેટલા અસત્કલ્પનાએ ૧૬×૪=૬૪ શ્રેણીના આકાશપ્રદેશ જેટલા. (તત્વં કેવલિગમ્યમ્)

**વૈમાનિક દેવો :-** અંગુલ માત્ર શ્રેણીના આકાશપ્રદેશના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણવાથી જે સંખ્યા આવે તેટલી અસંખ્યાતી શ્રેણીઓના આકાશપ્રદેશ જેટલા છે. અસત્કલ્પનાએ અંગુલમાત્ર શ્રેણીમાં ૨૫૬ આકાશપ્રદેશ તેનું ૧લું વર્ગમૂળ ૧૬. બીજું વર્ગમૂળ ૪, ત્રીજું વર્ગમૂળ ૨. તેથી ૪×૨=૮ શ્રેણીના આકાશપ્રદેશ જેટલા. આ માપ ૧લા ૨જા દેવલોકમાં-અથવા સર્વવૈમાનિકનું પણ જાણવું. ૩જા વગેરે દેવલોકમાં ભિન્ન-ભિન્ન વિચારીએ તો એક શ્રેણીના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ જેટલા દેવો છે. કારણકે ઘણું પુન્ય કરનારા જીવો ઓછા હોય અને ઓછું પુન્ય કરનારા જીવો વધારે હોય. આ પ્રમાણ સર્વ વૈમાનિક દેવોનું અથવા પહેલા-બીજા દેવલોકના દેવનું પ્રમાણ જાણવું. ત્રીજાથી ઉપર આઠમા દેવલોક સુધી દરેકનું ભિન્ન ભિન્ન પ્રમાણ

**૩થી ૮ દેવલોક**—એક શ્રેણીના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ જેટલા

**૯મા દેવલોકથી પાંચ અનુત્તર** (પ્રત્યેકનું પ્રમાણ) સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ જેટલા

**વ્યંતર :-** સંખ્યાત યોજન પ્રમાણ શ્રેણીનો એક ટુકડો એવા એક પ્રતરની સમગ્ર શ્રેણીના જેટલા ટુકડા થાય તેટલા વ્યંતર દેવો છે.

**જ્યોતિષ્ક :-** ૨૫૬ અંગુલ પ્રમાણ શ્રેણીનો એક ટુકડો એવા એક પ્રતરની સમગ્ર શ્રેણીના જેટલા ટુકડા થાય તેટલા જ્યોતિષ્ક દેવો છે.

વ્યંતર કરતા જ્યોતિષ્ક દેવો સંખ્યાતગુણા છે. ચારે પ્રકારના દેવોની સંખ્યા નારકી કરતા અસંખ્યગુણી થાય છે માટે અસંખ્યગુણા કહ્યા.

દેવો કરતા તિર્યંચો અનંતગુણા છે. કારણ કે તિર્યંચગતિમાં વનસ્પતિકાયના જીવો પણ આવે. તે અનંતા છે. જ્યારે દેવો તો અસંખ્યાતા છે. તેથી અનંતગુણા કહ્યા. તેનું માપ શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે.

**તિર્યંચ :-** અનંતા લોકાકાશના આકાશપ્રદેશ જેટલા.

**पण चउ तिदु एगिंदी थोवा तिन्नि अहिया अणंतगुणा ।**
**तस थोव असंखग्गी, भूजल निल अहिय वणणंता ॥३८॥**

**શબ્દાર્થ**

**तिन्नि अहिया** - ત્રણમાં અધિક

**भूजलनिल** - પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય

**तसथोव** - ત્રસકાય થોડા

**अनिल** - વાયુકાય

**ગાથાર્થ :-** પંચેન્દ્રિય સર્વથી થોડા છે. તેનાથી ચઉરિન્દ્રિય, તેઇન્દ્રિય અને બેઇન્દ્રિય આ ત્રણ અનુક્રમે વિશષ અધિક છે. એકેન્દ્રિય અનંતગુણા છે કાયમાર્ગણામાં-ત્રસકાય થોડા, અગ્નિકાય અસંખ્યગુણા પૃથ્વીકાય અપ્કાય અને વાઉકાય વિશેષ અધિક, છે. તેનાથી વનસ્પતિકાય અનંતગુણા છે. (૩૮)

**વિવેચન :-** ગતિમાર્ગણામાં અલ્પબહુત્વ કહ્યું, હવે આ ગાથામાં ઇન્દ્રિય અને કાયમાર્ગણામાં અલ્પબહુત્વ કહે છે. સૌથી થોડા પંચેન્દ્રિય છે તેનાથી ચઉરિન્દ્રિય તેઇન્દ્રિય અને બેઇન્દ્રિય તેઓ અનુક્રમે વિશેષાધિક છે. બેઇન્દ્રિયથી એકેન્દ્રિય અનંતગુણા જાણવા. ચાર

માર્ગણાવાળા જીવો કેટલા તે શાસ્ત્રમાં આ પ્રમાણે વિશેષ માપ કહ્યું છે.

**વિશેષઅધિક :-** પૂર્વની સંખ્યાથી ડબલ કરતાં ઓછા હોય. દ્વિગુણ ન હોય તે વિશેષાધિક

**પંચેન્દ્રિય** અને **વિકલેન્દ્રિય :-** (દરેક) અસંખ્ય કોડાકોડી યોજન પ્રમાણ પ્રતરની શ્રેણીઓના આકાશ પ્રદેશ જેટલા, ઉત્તરોત્તર શ્રેણીઓની સંખ્યાનું પ્રતર વધારે વધારે અસંખ્ય કોડાકોડી યોજન જેટલું જાણવું.

**એકેન્દ્રિય :-** અનંતલોકાકાશના આકાશ પ્રદેશ જેટલા, અનંતા વનસ્પતિ જીવો છે તેથી અનંતગુણા છે.

**કાયમાર્ગણા :-** ત્રસજીવો સર્વથી થોડા છે. તેનાથી અગ્નિકાયજીવો અસંખ્યગુણા છે. અને અગ્નિકાયથી અનુક્રમે પૃથ્વીકાય અપ્‌કાય અને વાયુકાય વિશેષાધિક છે તેનાથી વનસ્પતિકાય અનંતગુણા છે. તે સર્વેનું વિશેષ પ્રમાણ આ પ્રમાણે છે.

**ત્રસકાય :-** અસંખ્ય કોડાકોડી યોજન પ્રમાણ પ્રતરની શ્રેણીઓના આકાશ પ્રદેશ જેટલા છે.

**પૃથ્વી, અપ્‌, તેઉ, વાઉકાય :-** અસંખ્યાતા ૧૪ રાજલોકના આકાશ પ્રદેશ જેટલા છે. (ઉત્તરોત્તર-અસંખ્યાતા ચૌદરાજ અધિક અધિક સમજવા.)

**વનસ્પતિકાય :-** અનંતા લોકાકાશના આકાશ પ્રદેશ જેટલા, તેથી સર્વથી વધારે કહ્યા છે.

**मणवयण काय जोगी, थोवा असंखगुण अणंतगुणा ।**
**पुरिसा थोवा इत्थी, संखगुणा णंतगुण कीवा ॥३९॥**

## શબ્દાર્થ

| | |
|---|---|
| **थोवा असंखगुणा** - થોડા, અસંખ્યગુણા | **इत्थी** - સ્ત્રીઓ |
| **संखगुणा** - સંખ્યાતગુણા | **कीवा**- નપુંસકવેદવાળા |

**ગાથાર્થ :-** મનયોગવાળા જીવો સર્વથી થોડા, તેનાથી વચનયોગવાળા અસંખ્યાતગુણા અને તેથી કાયયોગવાળા અનંતગુણા, પુરુષો થોડા, સ્ત્રીઓ સંખ્યાતગુણી અને નપુંસકો અનંતગુણા છે. (૩૯)

**વિવેચન :- યોગમાર્ગણા :- મનયોગી**-મનયોગ ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાને જ હોય તેથી સર્વથી થોડા. વચનયોગી જીવો અસંખ્યગુણા છે કારણકે જેને મનયોગ છે. તેને તો વચનયોગ છે તે ઉપરાંત અસંજ્ઞી પંચેન્દ્રિય ચઉરિન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિય પર્યાપ્તાને પણ વચનયોગ છે. તેથી અસંખ્યગુણા છે.

**પ્રશ્ન :-** પંચેન્દ્રિય કરતા બેઇન્દ્રિય આદિ જીવો વિશેષાધિક જ છે. તો પછી મનયોગી કરતા વચનયોગીમાં અસંખ્યાતગુણા કેમ કહ્યા ?

**જવાબ :-** આ બન્ને યોગવાળા જીવોનું વિશેષ પ્રમાણ અસંખ્ય કોડાકોડી યોજન પ્રમાણ પ્રતરની શ્રેણીઓના આકાશપ્રદેશ જેટલા છે. પરંતુ મનયોગી કરતા વચનયોગી માટે અસંખ્યગુણ અસંખ્ય કોડાકોડી યોજન પ્રમાણ પ્રતર સમજવું. તેમજ

પંચેન્દ્રિય માર્ગણામાં બધા મનયોગવાળા ન હોય. અસંજ્ઞી પંચેન્દ્રિયમાં મનયોગ ન હોય. તેથી મનયોગીથી વચનયોગી અસંખ્યગુણા થાય.

**माणी कोही माई, लोही अहिय मणनाणिणो थोवा ।**
**ओहि असंखा मइसुय, अहिय सम असंख विब्भंगा ॥४०॥**

**શબ્દાર્થ**

**माणीकोही** - માનવાળા, ક્રોધવાળા

**माई लोही** - માયા અને લોભવાળા

**ओहि** - અવધિજ્ઞાનવાળા

**मइसुय अहियसम** - મતિ-શ્રુતજ્ઞાનવાળા અધિક અને પરસ્પર સમાન

**विब्भंगा** - વિભંગજ્ઞાનવાળા

**ગાથાર્થ :-** માન-ક્રોધ માયા અને લોભવાળા જીવો અનુક્રમે

અધિક અધિક છે. જ્ઞાનમાર્ગણામાં મનઃપર્યવજ્ઞાનવાળા જીવો સર્વથી થોડા છે. તેનાથી અવધિજ્ઞાનવાળા અસંખ્યાતગુણા છે. તેનાથી મતિ-શ્રુત જ્ઞાનવાળા અધિક છે. અને બન્ને પરસ્પર સમાન છે. તેના કરતા વિભંગજ્ઞાનવાળા અસંખ્યગુણા છે. (૪૦)

**વિવેચન :-** સામાન્યથી સર્વ સંસારી જીવોને ચારે કષાયો હોય છે અને અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરિવર્તન પામે છે. તો પણ તેની સંખ્યામાં હીનાધિકતા છે. કારણકે ક્રોધના ઉદયકાળનું અંતર્મુહૂર્ત, માનના ઉદયકાળના અંતર્મુહૂર્ત કરતા મોટું છે. જીવને માન કરતા ક્રોધ વધારે આવે છે. તેથી વધારે (ટાઈમ) સમય રહે છે. માટે માની સર્વથી થોડા, તેનાથી ક્રોધી વિશેષાધિક, ક્રોધ કરતા માયાનું અંતર્મુહૂર્ત મોટું છે. તેથી તેમાં વર્તનારા જીવો અધિક હોય. લોભનું અંતર્મુહૂર્ત સૌથી વધારે છે. વળી જીવને લોભદશા વારંવાર આવે છે. માટે લોભી સૌથી વધારે. તે સર્વનું પ્રમાણ આ પ્રમાણે છે. **ચારે કષાયવાળા** અનંતા લોકાકાશના પ્રદેશ જેટલા છે.

**જ્ઞાનમાર્ગણામાં અલ્પબહુત્વ :-** મનપર્યવજ્ઞાન માત્ર મનુષ્યને હોય તે પણ ગર્ભજ અપ્રમત્ત અને વિશિષ્ટ લબ્ધિવાળા જીવને હોય તેથી સર્વથી થોડા છે. ઉત્કૃષ્ટથી તે લાખોની સંખ્યામાં હોય. શાસ્ત્રમાં ઉત્કૃષ્ટથી કેટલા હોય તે બતાવેલ નથી પરંતુ જેમ સુમતિનાથ ભગવાનના મનઃપર્યવજ્ઞાની ૧૦૪૫૦ કહ્યા છે. તો ૧૭૦ તીર્થંકરોના કુલ લાખોની સંખ્યામાં હોય. અવધિજ્ઞાની જીવો તેનાથી અસંખ્ય ગુણા છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ દેવનારકીને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ દેવ નારકી અસંખ્યાતા છે. અસંખ્યાતા ચંદ્ર-સૂર્યના ઇન્દ્રો, તદ્ઉપરાંત, બાકીના ઇન્દ્રો કેટલાક દેવો, નારકી, કેટલાક મનુષ્ય પં. ગ. તિર્યંચોમાં પણ અવધિજ્ઞાન હોય માટે. અવધિજ્ઞાની કરતા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનવાળા જીવો અધિક છે. કારણકે અવધિજ્ઞાન વિનાના સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય તિર્યંચને પણ મતિ-શ્રુતજ્ઞાન હોય છે. પરંતુ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનવાળા માંહોમાંહે સમાન હોય છે. કારણકે જ્યાં મતિ હોય ત્યાં શ્રુત અને જ્યાં શ્રુત ત્યાં મતિ અવશ્ય હોય છે. કહ્યું છે કે

"जत्थमइनाणं तत्थ सुअनाणं, जत्थसुअनाणं तत्थमइनाणं"

તે મતિ શ્રુતજ્ઞાની કરતા વિભંગજ્ઞાનવાળા જીવો અસંખ્યાતગુણા છે. કારણ કે મતિ-શ્રુતજ્ઞાન સમ્યગ્દષ્ટિને જ હોય જ્યારે વિભંગજ્ઞાન મિથ્યાદષ્ટિ દેવ-નારકીને પણ હોય છે. કેટલાક મનુષ્ય તિર્યંચોને પણ હોય તેથી અસંખ્યગુણ કહ્યા છે.

**केवलिणो णंतगुणा, मइसुय अन्नाणि णंतगुण तुल्ला ।**
**सुहुमा थोवा परिहार, संख अहक्खाय संखगुणा ॥४१॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **मइसुअ अन्नाणि** - મતિશ્રુતઅજ્ઞાનવાળા | **तुल्ला** - સમાન |
| **सुहुम थोवा** - સૂક્ષ્મસંપરાયવાળા થોડા | **अहक्खाय**- યથાખ્યાતવાળા |

**ગાથાર્થ :-** (વિભંગજ્ઞાનીથી) કેવલજ્ઞાનવાળા જીવો અનંતગુણા છે. તેના કરતા મતિ-શ્રુત અજ્ઞાનવાળા જીવો અનંતગુણા છે. એ પરસ્પર તુલ્ય છે. ચારિત્રમાર્ગણામાં સૂક્ષ્મસંપરાયવાળા સર્વથી થોડા, તેથી પરિહારવિશુદ્ધિવાળા સંખ્યાતગુણા, અને તેનાથી યથાખ્યાતચારિત્રવાળા સંખ્યાતગુણા છે. (૪૧)

**વિવેચન :-** વિભંગજ્ઞાનવાળા જીવો કરતા કેવલજ્ઞાનવાળા જીવો અનંતગુણા છે કારણ કે મોક્ષમાં ગયેલાને પણ અહીં ગણ્યા છે. અને તે સિદ્ધના જીવો અનંત છે.

પરંતુ જો શરીરસ્થ કેવલીને.આશ્રયી વિચારીએ તો તે સંખ્યાતા (કોટી પૃથક્ત્વ-બે ક્રોડથી નવક્રોડ) છે, એટલે તે વિભંગજ્ઞાની કરતા પણ ઓછા છે. કેવલજ્ઞાનીથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની જીવો અનંતગુણા છે. કારણકે એકેન્દ્રિયાદિ જીવો મતિ-શ્રુત અજ્ઞાનવાળા છે. અને તે અનંતા લોકાકાશ પ્રદેશ જેટલા છે.

**ચારિત્ર માર્ગણા :- સૂક્ષ્મ સંપરાયવાળા** સર્વથી થોડા છે. કારણ કે ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણીમાં ચઢતા અને ૧૧ મેથી પડતા જીવોને જ આ ચારિત્ર હોય છે. અને તેનો કાળ અંતર્મુહૂર્તનો જ છે. તથા ત્યાં આવેલા કે આવતા જીવો સંખ્યાતાથી અધિક થતા નથી. તેથી નવા

જીવો આવે ત્યાં સુધીમાં પૂર્વના જીવો ગુણ૦નો કાળ પુરો થવાથી કેટલાક તે ગુણ.થી અન્યમાં જાય છે. ઉત્કૃષ્ટથી વિદ્યમાન ૨૦૦થી ૯૦૦ (શતપૃથક્ત્વ) જીવો આ ચારિત્રવાળા હોય છે.

તેના કરતા **પરિહાર વિશુદ્ધિવાળા** જીવો સંખ્યાતગુણા છે કારણકે તેઓનો વિશિષ્ટતપ અઢારમાસનો છે. અને ૬ક્કે ૭મે ગુણ૦માં વર્તતા હોય. તેથી જીવો પણ અધિક હોય. ઉત્કૃષ્ટથી ૨૦૦૦થી ૯૦૦૦ (સહસ્રપૃથક્ત્વ) શાસ્ત્રમાં કહ્યા છે.

તેનાથી **યથાખ્યાતચારિત્રવાળા** સંખ્યાતગુણા છે તેઓ ૨ ક્રોડથી ૯ ક્રોડ (કોટી પૃથક્ત્વ) હોય છે. કારણકે કેવલીપણાનો ઉત્કૃષ્ટથી વિહરમાન કાળ દેશોનપૂર્વક્રોડ વર્ષ છે, જેથી કાળ વધારે હોવાથી તેની સંખ્યા વધારે હોય છે.

**પ્રશ્ન :-** જો કેવલજ્ઞાન માર્ગણામાં અનંતા જીવો કહો છો તો યથાખ્યાત ચારિત્ર માર્ગણામાં પણ અનંત કહેવા જોઈએ તેને બદલે સંખ્યાતા જ કેમ કહો છો.

**જવાબ :-** કેવલજ્ઞાન તો સિદ્ધભગવંતોને પણ હોય છે. તેથી તેમાં અનંતા જીવો કહ્યા. જયારે યથાખ્યાત ચારિત્ર તો ભવસ્થ ૧૧થી ૧૪ ગુણ૦વાળા જીવોને જ હોવાથી તેમાં સંખ્યાતા જીવો કહ્યા.

**छेय समइय संखा, देस असंखगुण णंतगुण अजया ।**
**थोव असंख दुणंता, ओहि नयण केवल अचक्खु ॥४२॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| **छेय** - છેદોપસ્થાપનીય | **अजया** - અવિરતિ ચારિત્રવાળા |
| **समइय** - સામાયિક | **ओहि** - અવધિદર્શન |

**ગાથાર્થ :-** (યથાખ્યાત ચારિત્રથી) છેદોપસ્થાપનીય અને સામાયિક ચારિત્રવાળા સંખ્યાતગુણા, તેનાથી દેશવિરતિવાળા અસંખ્યાતગુણા, તેનાથી અવિરતિવાળા અનંતગુણા૦ હવે દર્શનમાં અવધિદર્શનવાળા સર્વથી થોડા, તેથી ચક્ષુદર્શન અસંખ્યગુણા, તેનાથી

કેવલદર્શન અને અચક્ષુદર્શની અનુક્રમે બન્ને અનંતગુણા છે. (૪૨)

**વિવેચન :-** યથાખ્યાત ચારિત્રવાળા જીવો કરતા **છેદોપસ્થાપનીય**વાળા સંખ્યાતગુણા છે. તેઓની સંખ્યા ૨૦૦ ક્રોડથી ૯૦૦ ક્રોડ (કોટી શતપૃથક્ત્વ) શાસ્ત્રમાં કહેલ છે. આ ચારિત્રવાળા જીવો છઠ્ઠે સાતમે ગુણઠાણે હોય છે. તેથી તેરમા ચૌદમા ગુણ.વાળા કરતા સ્વાભાવિક રીતે વધારે હોય છે. છેદોપસ્થાપનીય કરતા **સામાયિક ચારિત્ર**વાળા સંખ્યાતગુણા છે. તેઓની સંખ્યા શાસ્ત્રમાં ૨૦૦૦ ક્રોડથી ૯૦૦૦ ક્રોડ (કોટી સહસ્રપૃથક્ત્વ) છે. છેદોપસ્થાપનીય ચારિત્ર તો મુખ્યતયા ભરત ઐરાવતમાં જ સંભવે છે. જ્યારે સામાયિક-ચારિત્ર તો મહાવિદેહની બત્રીસે વિજયમાં સદાકાળ હોય છે. તેમજ ભરત ઐરાવતમાં મધ્યના બાવીશ તીર્થંકરના કાળમાં પણ હોય છે. તેથી સંખ્યાતગુણા છે.

સામાયિક ચારિત્રથી **દેશવિરતિવાળા** અસંખ્યાતગુણા છે. કારણકે દેશવિરતિ તો તિર્યંચ પંચેન્દ્રિયમાં પણ હોય છે. અને તે અસંખ્યાતા હોય છે. તેના કરતા **અવિરતિ ચારિત્રવાળા** અનંતગુણા છે. કારણકે મિથ્યાદૃષ્ટિથી અવિરતસમ્યગ્દૃષ્ટિ સુધીના જીવોનો તેમાં સમાવેશ થાય છે. તેમાં વનસ્પતિ કાયના જીવો અનંતાલોકકાશ જેટલા છે.

**દર્શન માર્ગણા :-** અવધિદર્શનવાળા સર્વથી થોડા છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ દેવ નારકીને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન અવધિદર્શન હોય તેમજ અવધિલબ્ધિવાળા કેટલાક સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ, મનુષ્યને અવધિદર્શન હોય છે માટે, તેનાથી ચક્ષુદર્શનવાળા અસંખ્યાતગુણા છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ દેવ-નારકી, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, અને પર્યાપ્તા ચઉરિન્દ્રિય સર્વને ચક્ષુદર્શન હોય. અને ચઉરિન્દ્રિય જીવો પણ અસંખ્યાતા હોય છે માટે. તેના કરતા કેવલદર્શનવાળા અનંતગુણા છે. કારણ કે તેમાં સિદ્ધના જીવોની સંખ્યા ગણી છે. તેના કરતા અચક્ષુદર્શનવાળા અનંતગુણા છે કારણકે વનસ્પતિકાયના સર્વ જીવો અચક્ષુદર્શનવાળા છે. અને તે અનંતાનંત છે. તેથી અનંતગુણા છે.

**पच्छाणुपुव्वि लेसा, थोवा दो संखणंत दो अहिया ।**
**अभवियर थोवणंता, सासण थोवोवसम संखा ॥४३॥**

## શબ્દાર્થ

| | |
|---|---|
| **पच्छाणुपुव्वि** - પશ્ચાનુપૂર્વિએ | **अभवियर** - અભવ્ય અને ભવ્ય |
| **लेसा** - ૬ લેશ્યાઓ | **सासण** - સાસ્વાદની |

**ગાથાર્થ :-** ૬એ લેશ્યા પશ્ચાનુપૂર્વિએ કહેવી. ત્યાં પ્રથમ થોડા, બેમાં અસંખ્યાતગુણા, કાપોત અનંતગુણા અને છેલ્લી બે લેશ્યામાં અધિક અધિક જીવો છે. અભવ્યો થોડા અને ભવ્યો અનંતગુણા છે. સાસ્વાદનવાળા થોડા અને તેના કરતા ઉપશમસમ્યક્ત્વવાળા સંખ્યાતગુણા છે. (૪૩)

**વિવેચન :- લેશ્યામાર્ગણા**-અહીં અલ્પબહુત્વ પશ્ચાનુપૂર્વિએ લેવું એટલે કે શુક્લલેશ્યાવાળા સર્વથી થોડા છે. કારણકે લાંતકનામના છઠ્ઠા દેવલોકથી ઉપરના સર્વ દેવોને તેમજ કેટલાક તિર્યંચ મનુષ્યોમાં પણ શુક્લલેશ્યા હોય છે. તેથી થોડા પણ **અસંખ્યાતા** છે. તેના કરતા પદ્મલેશ્યાવાળા જીવો અસંખ્યાતગુણા છે.

**લેશ્યા માર્ગણાએ ઘણા મત છે.** તેમાં પંચસંગ્રહ તથા બાલાવબોધના અનુસારે શુક્લલેશ્યાવાળા જીવો કરતા પદ્મલેશ્યાવાળા જીવો અસંખ્યાતગુણા અને તેના કરતા તેજોલેશ્યાવાળા જીવો અસંખ્યાતગુણા કહ્યા છે. અહીં ગાથામાં સંખ્યાતગુણા કહ્યું છે. પરંતુ પંચસંગ્રહ (દ્વાર-૨ ગાથા ૬૭)માં પાંચમા આદિ દેવલોકના દેવો ક્રમશ અસંખ્યાતગુણા કહ્યા છે. અને પ્રજ્ઞાપનાજી સૂત્રની ટીકામાં લાંતકાદિ દેવો કરતા બ્રહ્મદેવલોકાદિ દેવો અસંખ્યાતગુણા કહ્યા છે. અને બાલાવબોધમાં પણ તેમ કહ્યું છે. પરંતુ તેમ કહેવામાં આ પ્રમાણે પ્રશ્ન થાય.

**પ્રશ્ન :-** લાંતકાદિ દેવો કરતા બ્રહ્મલોકાદિ દેવો અને તેના કરતા ઈશાનાદિદેવો અસંખ્યગુણ છે તો પછી શુક્લલેશ્યા કરતા પદ્મલેશ્યા અને તેના કરતા તેજોલેશ્યામાર્ગણામાં સંખ્યાતગુણ જીવો કેમ સંભવે. અસંખ્યાતગુણ કહેવા જોઈએ.

**ઉત્તર :-** લેશ્યા માર્ગણામાં જો માત્ર દેવોની અપેક્ષાએ વિચારીએ તો શુક્લ કરતા પદ્મ અને તેના કરતા તેજોલેશ્યાવાળા દેવો અસંખ્યગુણ છે. પરંતુ પદ્મલેશ્યાવાળા દેવો કરતા શુક્લલેશ્યાવાળા તિર્યંચો અસંખ્યાતગુણા છે અને કેટલાક ગર્ભજ મનુષ્યોને પણ શુક્લલેશ્યા હોય છે. આથી તે સર્વ મેળવતા પદ્મલેશ્યાવાળા જીવો અસંખ્યાતગુણ નહીં પરંતુ સંખ્યાતગુણ જ રહે છે. એ જ પ્રમાણે તેજોલેશ્યાવાળા દેવો કરતા પદ્મલેશ્યાવાળા તિર્યંચો અસંખ્યગુણ છે. અને કેટલાક મનુષ્યને પણ પદ્મલેશ્યા હોય તે સર્વે મેળવતા પદ્મલેશ્યા કરતા તેજોલેશ્યામાર્ગણામાં સંખ્યાતગુણ જીવો જ હોય. છે. (જુઓ પ્રજ્ઞાપનાજીની ટીકા. )

આ પ્રમાણે શ્રી પંચસંગ્રહકાર અને પ્રજ્ઞાપનાજીની ટીકાના મતે દેવો સંખ્યાતગુણા નહીં પણ અસંખ્યાતગુણા છે. પરંતુ તિર્યંચ તથા મનુષ્યો સહિત ગણવાથી શુક્લલેશ્યાવાળા કરતા પદ્મલેશ્યાવાળા અને પદ્મલેશ્યાવાળા કરતા તેજોલેશ્યા માર્ગણામાં સંખ્યાતગુણપણું હોય. જ્યારે ચતુર્થ કર્મગ્રંથની સ્વોપજ્ઞટીકામાં બ્રહ્મલોકાદિ દેવોને અસંખ્યાત-ગુણ નહીં પરંતુ સંખ્યાતગુણ જ કહ્યા છે. અને બાલાવબોધમાં ઉત્તરોત્તર દેવોને અસંખ્યાતગુણ બતાવ્યા છે. તેમજ માર્ગણામાં જીવો પણ અસંખ્યાતગુણ બતાવ્યા છે. (તત્ત્વં કેવલિગમ્યમ્)

શુક્લલેશ્યાવાળાથી **પદ્મલેશ્યાવાળા** અસંખ્યાત ગુણા છે. કારણકે સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકના દેવો લાંતકાદિ દેવો કરતા અસંખ્યાતગુણા છે. સનત્કુમારાદિ દેવો તથા કેટલાક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને પદ્મલેશ્યા હોય.

**પદ્મલેશ્યાવાળા કરતા તેજોલેશ્યાવાળા** અસંખ્યાતગુણા છે. કારણકે સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવોને તથા કેટલાક મનુષ્ય તિર્યંચોને તેજોલેશ્યા છે. સૌધર્મ ઈશાન દેવો સનત્કુમારાદિ દેવો કરતા અસંખ્ય ગુણા છે. તેના કરતા **કાપોત લેશ્યાવાળા** અનંતગુણા છે. કારણ કે નિગોદના વનસ્પતિકાયના જીવોમાં કાપોત આદિલેશ્યા હોય. અને તે વનસ્પતિમાં અનંતાનંત જીવો છે માટે.

કાપોત કરતા **નીલવાળા** અને નીલલેશ્યાવાળા કરતા **કૃષ્ણલેશ્યાવાળા** અધિક અધિક છે. કારણકે નારકીમાં વનસ્પતિમાં, પૃથ્વીકાયાદિમાં બેઇન્દ્રિય આદિ સર્વેમાં ત્રણે લેશ્યા હોય છે. વળી અશુભપરિણામવાળા જીવો હંમેશા વધારે હોય તેથી વિશેષાધિક હોય છે.

**ભવ્યમાર્ગણા-અભવ્ય** જીવો સર્વથી થોડા અને **ભવ્યો** તેનાથી અનંતગુણા હોય છે. કારણકે અભવ્યો તો જઘન્યયુક્તઅનંત નામના (ચોથા) અનંતે છે. જ્યારે ભવ્યજીવો મધ્યમ અનંતાનંત નામના (આઠમા) અનંતે છે. અભવ્યોને ઘઉંમાં રહેલા કાંકરા, લોટમાં મીઠા જેટલા, મગમાં કોયડુ મગ તુલ્યની કલ્પના કરી છે.

**સમ્યક્ત્વમાર્ગણા-સાસ્વાદનવાળા** સર્વથી થોડા છે. તો પણ ક્વચિત્ અસંખ્યાતા હોય. અને સાસ્વાદન સમ્યક્ત્વવાળા કોઈ વખત ન પણ હોય. જઘન્યથી એક-બે મધ્યમથી **સંખ્યાત-અસંખ્યાત** અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા-સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા હોય. તેના કરતા **ઉપશમવાળા** સંખ્યાતગુણા છે. કારણ કે ઉપશમ સમ્યક્ત્વ પામે તેટલા બધા જ પડીને સાસ્વાદને આવતા નથી. કેટલાક જ પડીને પામે છે. સાસ્વાદન ગુણ. ઉપશમ સમ્યક્ત્વથી પડેલાને આવે અન્ય કોઈ સ્થાનથી આવતું નથી. વળી સાસ્વાદનનો કાળ માત્ર છ આવલિકા છે જ્યારે ઉપશમનો કાળ અંતર્મુહૂર્તનો છે. તેથી પણ ત્યાં વધુ જીવો સંભવે છે.

**मीसा संखा वेयग, असंखगुण खइय मिच्छ दु अणंता ।**
**सन्नियर थोवणंता, णहार थोवेयर असंखा ॥४४॥**

**શબ્દાર્થ**

**वेयग** - વેદકવાળા || **सन्नियर** - સંજ્ઞી અને અસંજ્ઞી જીવો

**ગાથાર્થ :-** ઉપશમસમ્યક્ત્વ કરતા મિશ્ર સમ્યક્ત્વવાળા સંખ્યાતગુણા, તેના કરતા વેદક (ક્ષાયોપશમ) અસંખ્યાતગુણા, તેના કરતા ક્ષાયિક અને મિથ્યાત્વી એ બન્ને અનંતગુણા જાણવા, સંજ્ઞી થોડા

અને તેના કરતા અસંજ્ઞી અનંતગુણા છે. અણાહારી થોડા અને તેના કરતા આહારી અસંખ્યગુણા છે. (૪૪)

**વિવેચન :-** ઉપશમસમ્યક્ત્વવાળા કરતા **મિશ્રસમ્યક્ત્વવાળા** સંખ્યાતગુણા છે. કારણકે શ્રેણીમાં ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ તો કોઈક જીવને અને ક્યારેક જ સંભવે છે જ્યારે મિશ્રની પ્રાપ્તિ મિથ્યાત્વથી તથા ઉપશમસમ્ય૦થી અને ક્ષાયોપશમ સમ્યક્ત્વથી પણ થાય. વાંરવાર પ્રાપ્તિનો વધુ સંભવ હોવાથી સંખ્યાતગુણા ઘટી શકે.

મિશ્રસમ્યક્ત્વ કરતા **વેદક** (ક્ષાયોપશમ)વાળા અસંખ્યાતગુણા છે. કારણકે મિશ્રનો કાળ અંતર્મુહૂર્ત માત્ર છે. જ્યારે ક્ષાયોપશમનો કાળ સાધિક ૬૬ સાગરોપમનો છે વળી મિશ્ર પરિણામ કરતા કોઈ એક બાજુના પરિણામવાળા જીવો સ્વાભાવિક રીતે વધારે સંભવે તેથી અસંખ્યગુણા છે.

ક્ષાયોપશમ કરતા **ક્ષાયિકવાળા** અનંતગુણા છે કારણકે સિદ્ધભગવંતો ક્ષાયિકવાળા હોય છે અને તે અનંતા છે. તેથી અનંતગુણા, તેના કરતા **મિથ્યાત્વવાળા** સૌથી વધારે છે. ક્ષાયિક કરતા અનંતગુણા છે. કારણ કે નિગોદમાં રહેલા વનસ્પતિકાયના જીવો મિથ્યાદષ્ટિ છે તે અનંતાનંત છે તેથી અનંતગુણા હોય છે.

**સંજ્ઞી :- સંજ્ઞી** જીવો સર્વથી થોડા છે. કારણ કે દેવ-નારકી પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યો જ સંજ્ઞી છે, તેના કરતા **અસંજ્ઞી** જીવો અનંતગુણા છે કારણ કે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સમુર્ચ્છિમ પંચેન્દ્રિય બધા જીવો અસંજ્ઞી છે તેમાં વનસ્પતિના જીવો અનંતાનંત છે માટે અનંતગુણા હોય છે.

**આહારી :- અણાહારી** જીવો થોડા છે. કારણ કે વિગ્રહગતિમાં, કેવલીસમુદ્ઘાતના ત્રીજા-ચોથા અને પાંચમાં સમયે, અયોગી ગુણઠાણે તથા સિદ્ધ અવસ્થામાં વર્તતા જીવો જ અણાહારી છે. શેષ જીવો આહારી છે માટે અણાહારી જીવો કરતા **આહારી** જીવો અસંખ્યાતગુણા છે.

**પ્રશ્ન :-** અણાહારી જીવો કરતા આહારી જીવો અસંખ્યાત-ગુણાને બદલે અનંતગુણા કહેવા જોઈએ કારણકે શરીરધારી જીવો

સ્વાભાવિક રીતે અનંતગુણા હોઈ શકે છે. છતાં અસંખ્યાતગુણા શા માટે કહ્યા ?

**ઉત્તર :-** સ્વાભાવિક રીતે અણાહારી કરતા આહારી અનંતગુણા થવા જોઈએ પરંતુ વનસ્પતિકાયમાં નિગોદનું આયુષ્ય અંતર્મુહૂર્ત જ છે અને જીવો અનંતાનંત છે તેથી પ્રત્યેક સમયે અનંતાનંત જીવો મૃત્યુ પામે છે અને વિગ્રહગતિમાં આવે છે. ત્યારે કેટલાક અણાહારી હોય છે તેથી સિદ્ધભગવંત કરતા સંસારી જીવો અનંતગુણા હોવા છતાં વિગ્રહગતિવાળા વનસ્પતિકાયના અનંતાનંત જીવો અણાહારી હોવાથી અનંતગુણને બદલે અસંખ્યગુણા જ થાય છે. એક નિગોદનો અસંખ્યાતમો ભાગ હંમેશા વિગ્રહગતિમાં જ હોય છે. અને તે અણાહારી પણ હોઈ શકે. તે અપેક્ષાએ કહેલ છે.

## બાસઠ માર્ગણા ઉપર છ દ્વારોનું કોષ્ટક

| નંબર | માર્ગણાનું નામ | જીવસ્થાનક | ગુણસ્થાનક | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | નરકગતિ | ૨ | ૧થી૪ | ૧૧ | ૯ | ૩ |
| ૨. | તિર્યંચગતિ | ૧૪ | ૧થી૫ | ૧૩ | ૯ | ૬ |
| ૩. | મનુષ્યગતિ | ૩ | ૧થી૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૪. | દેવગતિ | ૨ | ૧થી૪ | ૧૧ | ૯ | ૬ |
| ૫. | એકેન્દ્રિય | ૪ | ૧થી૨ | ૫ | ૩ | ૪ |
| ૬. | બેઈન્દ્રિય | ૨ | ૧થી૨ | ૪ | ૩ | ૩ |
| ૭. | તેઈન્દ્રિય | ૨ | ૧થી૨ | ૪ | ૩ | ૩ |
| ૮. | ચઉરિન્દ્રિય | ૨ | ૧થી૨ | ૪ | ૪ | ૩ |
| ૯. | પંચેન્દ્રિય | ૪ | ૧થી૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૧૦. | પૃથ્વીકાય | ૪ | ૧થી૨ | ૩ | ૩ | ૪ |
| ૧૧. | અપ્કાય | ૪ | ૧થી૨ | ૩ | ૩ | ૪ |
| ૧૨. | તેઉકાય | ૪ | ૧લું | ૩ | ૩ | ૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩. | વાઉકાય | ૪ | ૧લું | ૫ | ૩ | ૩ |
| ૧૪. | વનસ્પતિકાય | ૪ | ૧થી૨ | ૩ | ૩ | ૪ |
| ૧૫. | ત્રસકાય | ૧૦ | ૧થી૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૧૬. | મનયોગ | ૧(૨) | ૧થી૧૩(૧૩) | ૧૩(૧૩) | ૧૨(૧૨) | ૬ |
| ૧૭. | વચનયોગ | ૫(૮) | ૧થી૧૩(૨) | ૧૩(૪) ૧૫(૫) | ૧૨(૪) | ૬ |
| ૧૮. | કાયયોગ | ૧૪(૪) | ૧થી૧૩(૨) | ૧૩(૫) | ૧૨(૩) | ૬ |
| ૧૯. | *પુરુષવેદ | ૪(૨) | ૧થી૯ | ૧૫ | ૧૨ | ૬ |
| ૨૦. | *સ્ત્રીવેદ | ૪(૨) | ૧થી૯ | ૧૩ | ૧૨ | ૬ |
| ૨૧. | નપુંસકવેદ | ૧૪ | ૧થી૯ | ૧૫ | ૧૨ | ૬ |
| ૨૨. | ક્રોધકષાય | ૧૪ | ૧થી૯ | ૧૫ | ૧૦ | ૬ |
| ૨૩. | માનકષાય | ૧૪ | ૧થી૯ | ૧૫ | ૧૦ | ૬ |
| ૨૪. | માયાકષાય | ૧૪ | ૧થી૯ | ૧૫ | ૧૦ | ૬ |
| ૨૫. | લોભકષાય | ૧૪ | ૧થી૧૦ | ૧૫ | ૧૦ | ૬ |
| ૨૬. | મતિજ્ઞાન | ૨ | ૪થી૧૨ | ૧૫ | ૭ | ૬ |
| ૨૭. | શ્રુતજ્ઞાન | ૨ | ૪થી૧૨ | ૧૫ | ૭ | ૬ |
| ૨૮. | અવધિજ્ઞાન | ૨ | ૪થી૧૨ | ૧૫ | ૭ | ૬ |
| ૨૯. | મનઃપર્યવજ્ઞાન | ૧ | ૬થી૧૨ | ૧૩ | ૭ | ૬ |
| ૩૦. | કેવલજ્ઞાન | ૧ | ૧૩,૧૪ | ૭ | ૧ | ૧ |
| ૩૧. | મતિઅજ્ઞાન | ૧૪ | ૨અથવા૩ | ૧૩ | ૫(૬) | ૬ |
| ૩૨. | શ્રુતઅજ્ઞાન | ૧૪ | ૨અથવા૩ | ૧૩ | ૫(૬) | ૬ |
| ૩૩. | વિભંગજ્ઞાન | ૨ | ૨અથવા૩ | ૧૩ | ૫(૬) | ૬ |
| ૩૪. | સામાયિકચારિત્ર | ૧ | ૬થી૯ | ૧૩ | ૭ | ૬ |
| ૩૫. | છેદોપસ્થાપનીય | ૧ | ૬થી૯ | ૧૩ | ૭ | ૬ |
| ૩૬. | પરિહારવિશુદ્ધિ | ૧ | ૬થી૭ | ૯ | ૭ | ૬ |
| ૩૭. | સૂક્ષ્મસંપરાય | ૧ | ૧૦મું | ૯ | ૭ | ૬ |

★ દ્રવ્યવેદની અપેક્ષાએ સ્ત્રીવેદ-પુરુષવેદ માર્ગણામાં ચાર જીવભેદ કહ્યા છે. ભાવવેદની અપેક્ષાએ બે ઘટે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૮. | યથાખ્યાત | ૧ | ૧૧થી૧૪ | ૧૧ | ૯ | ૧ |
| ૩૯. | દેશવિરતિ | ૧ | ૫મું | ૧૧ | ૬ | ૬ |
| ૪૦. | અવિરતિ | ૧૪ | ૧થી૪ | ૧૩ | ૯ | ૬ |
| ૪૧. | ચક્ષુદર્શન | ૩અથવા૬ | ૧થી૧૨ | ૧૩ | ૧૦ | ૬ |
| ૪૨. | અચક્ષુદર્શન | ૧૪ | ૧થી૧૨ | ૧૫ | ૧૦ | ૬ |
| ૪૩. | અવધિદર્શન | ૨ | ૪થી૧૨ | ૧૫ | ૭ | ૬ |
| ૪૪. | કેવલદર્શન | ૧ | ૧૩, ૧૪ | ૭ | ૨ | ૧ |
| ૪૫. | કૃષ્ણલેશ્યા | ૧૪ | ૧થી૬ | ૧૫ | ૧૦ | ૧ |
| ૪૬. | નીલલેશ્યા | ૧૪ | ૧થી૬ | ૧૫ | ૧૦ | ૧ |
| ૪૭. | કાપોતલેશ્યા | ૧૪ | ૧થી૬ | ૧૫ | ૧૦ | ૧ |
| ૪૮. | તેજોલેશ્યા | ૩ | ૧થી૭ | ૧૫ | ૧૦ | ૧ |
| ૪૯. | પદ્મલેશ્યા | ૨ | ૧થી૭ | ૧૫ | ૧૦ | ૧ |
| ૫૦. | શુક્લલેશ્યા | ૨ | ૧થી૧૩ | ૧૫ | ૧૨ | ૧ |
| ૫૧. | ભવ્ય | ૧૪ | ૧થી૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૫૨. | અભવ્ય | ૧૪ | ૧લું | ૧૩ | ૫ | ૬ |
| ૫૩. | ઔપશમિક | ૨ | ૪થી૧૧ | ૧૩ | ૭ | ૬ |
| ૫૪. | ક્ષપોપશમિક | ૨ | ૪થી૭ | ૧૫ | ૭ | ૬ |
| ૫૫. | ક્ષાયિક | ૨ | ૪થી૧૪ | ૧૫ | ૯ | ૬ |
| ૫૬. | મિશ્ર | ૧ | ૩જું | ૧૦ | ૬ | ૬ |
| ૫૭. | સાસ્વાદન | ૭ | ૨જું | ૧૩ | ૫(૬) | ૬ |
| ૫૮. | મિથ્યાત્વ | ૧૪ | પહેલું | ૧૩ | ૫(૬) | ૬ |
| ૫૯. | સંજ્ઞી | ૨ | ૧થી૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૬૦. | અસંજ્ઞી | ૧૨ | ૧થી૨ | ૬ | ૪ | ૪ |
| ૬૧. | આહારી | ૧૪ | ૧થી૧૩ | ૧૫ | ૧૨ | ૬ |
| ૬૨. | અણાહારી | ૮ | ૫ (૧,૨,૪, ૧૩,૧૪) | ૧ | ૧૦ | ૬ |

## બાસઠ માર્ગણામાં અલ્પબહુત્વ

| | અલ્પત્વ | બહુત્વ | સામા.ઓઘથી સંખ્યા |
|---|---|---|---|
| દેવગતિ | તિર્યંચથી અનંતગુણહીન | નરકથી અસંખ્યગુણા | અસંખ્યાતા |
| મનુષ્યગતિ | નરકથી અસંખ્યગુણહીન | સર્વથી થોડા | અસંખ્યાતા |
| તિર્યંચગતિ | સર્વથી વધારે | દેવથી અનંતાગુણા | અનંતા |
| નરકગતિ | દેવોથી અસંખ્યગુણહીન | મનુષ્યોથી અસંખ્યગુણા | અસંખ્યાતા |
| એકે.જાતિ | સર્વથી વધારે | બેઇ.થી અનંતગુણા | અનંતા |
| બેઇન્દ્રિય | એકે.થી અનંતગુણહીન | તેઇ.થી વિશેષાધિક | અસંખ્યાતા |
| તેઇન્દ્રિય | બેઇ.થી વિશેષહીન | ચઉ.થી વિશેષાધિક | અસંખ્યાતા |
| ચઉરિન્દ્રિય | તેઇ.થી વિશેષહીન | પંચે.થી વિશેષાધિક | અસંખ્યાતા |
| પંચેન્દ્રિય | ચઉ.થી વિશેષહીન | સર્વથી થોડા | અસંખ્યાતા |
| પૃથ્વીકાય | અપ.થી વિશેષહીન | તેઉ.થી વિશેષાધિક | અસંખ્યાતા |
| અપ્કાય | વાઉ.થી વિશેષહીન | પૃથ્વી.થી વિશેષાધિક | અસંખ્યાતા |
| તેઉકાય | પૃથ્વી.થી વિશેષહીન | ત્રસ.થી અસંખ્યગુણા | અસંખ્યાતા |
| વાઉકાય | વન.થી અનંતગુણહીન | અપ્.થી વિશેષાધિક | અસંખ્યાતા |
| વનસ્પતિ. | સર્વથી વધારે | વાઉ.થી અનંતગુણા | અનંતા |
| ત્રસકાય | તેઉ.થી અસંખ્યગુણહીન | સર્વથી થોડા | અસંખ્યાતા |
| મનયોગ | વચન.થી અસંખ્યગુણહીન | સર્વથી થોડા | અસંખ્યાતા |
| વચનયોગ | કાયયોગ.થી અનંતગુ.હીન | મનયોગીથી અસંખ્યગુણા | અસંખ્યાતા |
| કાયયોગ | સર્વથી વધારે | વચનયોગીથી અનંતગુણા | અનંતા |
| પુ.વેદ | સ્ત્રીઓ.થી સંખ્યગુણહીન | સર્વથી થોડા | અસંખ્યાતા |
| સ્ત્રીવેદ | નપુ.થી અનંતગુણહીન | પુરુષો.થી સંખ્યાતગુણા | અસંખ્યાતા |
| નપુ. વેદ | સર્વથી વધારે | સ્ત્રીઓ.થી અનંતગુણા | અનંતા |
| ક્રોધ | માયાવીથી વિશેષહીન | માનીથી વિશેષાધિક | અનંતા |
| માન | ક્રોધીથી વિશેષહીન | સર્વથી થોડા | અનંતા |
| માયા | લોભીથી વિશેષહીન | ક્રોધીથી વિશેષાધિક | અનંતા |
| લોભ | સર્વથી વધારે | માયાવીથી વિશેષાધિક | અનંતા |

| | | | |
|---|---|---|---|
| મતિજ્ઞાન<br>શ્રુતજ્ઞાન } | વિભંગજ્ઞાનીથી અસંખ્ય ગુણહીન | અવધિજ્ઞાનીથી વિશેષાધિક | અસંખ્યાતા |
| અવધિજ્ઞાન | મતિશ્રુત.થી વિશેષહીન | મનઃપર્યવથી અસંખ્યગુણ. | અસંખ્યાતા |
| મનઃપર્યવ | અવધિ.થી અસંખ્યગુણહીન | સર્વથી થોડા | સંખ્યાતા |
| કેવલજ્ઞાન } | મતિ-શ્રુત અજ્ઞાનથી અનંતગુણહીન | વિભંગ.થી અનંતગુણા | અનંતા |
| મતિઅજ્ઞાન<br>શ્રુતઅજ્ઞાન } | સર્વથી વધારે | કેવલ.થી અનંતગુણા | અસંખ્યાતા |
| વિભંગજ્ઞાન | કેવલીથી અનંતગુણ.હીન | મતિશ્રુતથી અસંખ્યગુણા | અસંખ્યાતા |
| સામાયિક | દેશવિ.,, અસંખ્યગુણ.હીન | છેદો.થી સંખ્યાતગુણ. | સંખ્યાતા |
| છેદોપ. | સામા.,, સંખ્યાતાગુણ.,, | યથા.થી સંખ્યાતગુણા | સંખ્યાતા |
| પરિહાર | યથા.,, સંખ્યાતાગુણ.,, | સૂક્ષ્મ.થી સંખ્યાતગુણા | સંખ્યાતા |
| સૂક્ષ્મસંપ. | પરિ.,, સંખ્યાતાગુણ.,, | સર્વથી થોડા | સંખ્યાતા |
| યથાખ્યાત | છેદોપ.,, સંખ્યાતાગુણહીન | પરિ.થી સંખ્યાતગુણા | સંખ્યાતા |
| દેશવિરતિ | અવિરતિ.,,અનંતગુણહીન | સામા.થી અસંખ્યાતગુણ. | અસંખ્યાતા |
| અવિરતિ | સર્વથી અધિક | દેશ.થી અનંતગુણ. | અનંતા |
| ચક્ષુદર્શન | કેવલ. અનંતગુણહીન | અવધિ.થી અસંખ્યાતગુણ. | અસંખ્યાતા |
| અચક્ષુદર્શન | સર્વથી વધારે | કેવલ.થી અનંતગુણ. | અનંતા |
| અવધિદર્શન | ચક્ષુ.થી અસંખ્યગુણહીન | સર્વથી થોડા | અસંખ્યાતા |
| કેવલદર્શન | અચક્ષુ.થી અનંતગુણહીન | ચક્ષુ.થી અનંતાગુણા. | અનંતા |
| કૃષ્ણ | સર્વથી વધારે | નીલ.થી વિશેષાધિક | અનંતા |
| નીલ | કૃષ્ણથી વિશેષહીન | કાપોત.. વિશેષાધિક | અનંતા |
| કાપોત | નીલ.થી વિશેષહીન | તેજોલેશ્યાથી. અનંતાગુણ. | અનંતા |
| તેજો | કાપોતથી વિશેષહીન | પદ્મ.થી અસંખ્યગુણ. | અસંખ્યાતા |
| પદ્મ | તેજોથી અસંખ્યગુણહીન | શુક્લ.થી અસંખ્યગુણ. | અસંખ્યાતા |
| શુક્લ | પદ્મથી અસંખ્યગુણહીન | સર્વથી થોડા | અસંખ્યાતા |
| ભવ્ય | સર્વથી વધારે | અભવ્ય.થી અનંતગુણ. | અનંતા |
| અભવ્ય | ભવ્ય.થી અનંતગુણહીન | સર્વથી થોડા | અનંતા |

| | | | |
|---|---|---|---|
| ક્ષાયોપશમ | ક્ષાયિકથી અનંતગુણહીન | મિશ્રથી અસંખ્યગુણ. | અસંખ્યાતા |
| ક્ષાયિક | મિથ્યાથી અનંતગુણહીન | ક્ષાયો. અનંતગુણ. | અનંતા |
| ઉપશમ | મિશ્રથી સંખ્યાતગુણહીન | સાસ્વાદન. સંખ્યગુણ. | અસંખ્યાતા |
| મિથ્યાત્વ | સર્વથી વધારે | ક્ષાયિકથી અનંતગુણ. | અનંતા |
| સાસ્વાદન | ઉપશમ. સંખ્યાતગુણહીન | સર્વથી થોડા | અસંખ્યાતા |
| મિશ્ર | ક્ષાયો. અસંખ્યગુણહીન | ઉપશમથી સંખ્યાતગુણ. | અસંખ્યાતા |
| સંજ્ઞી | અસંજ્ઞી. અનંતગુણહીન | સર્વથી થોડા | અસંખ્યાતા |
| અસંજ્ઞી | સર્વથી વધારે | સંજ્ઞીથી અનંતગુણા. | અનંતા |
| આહારી | સર્વથી વધારે | અણાહારીથી અસંખ્ય ગુણા | અનંતા |
| અણાહારી | આહારીથી અસંખ્યગુણહીન | સર્વથી થોડા | અનંતા |

## **બાસઠ માર્ગણાઓનું વિશેષ માપ** (પ્રમાણ)

૧. **નરકગતિ :-** અંગુલમાત્ર શ્રેણીના આકાશપ્રદેશને પોતાના વર્ગમૂળ સાથે ગુણવાથી જે સંખ્યા આવે તેટલી અસંખ્યાતી શ્રેણીઓના આકાશ પ્રદેશ જેટલા (અસત્ કલ્પ૦ ૨૫૬×૧૬=૪૦૯૬ શ્રેણીના આકાશપ્રદેશ). (પંચસંગ્રહ=બૃહતસંગ૦ના મતે)

૨. **તિર્યંચગતિ :-** અનંતા લોકાકાશના આકાશપ્રદેશ જેટલા

૩. **મનુષ્યગતિ :-** અંગુલમાત્ર શ્રેણીના આકાશપ્રદેશના પહેલા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણવાથી જે સંખ્યા આવે તેટલા આકાશપ્રદેશનો એક ટુકડો એવા એક શ્રેણીના જેટલા ટુકડા થાય તેના કરતા એક ન્યૂન ઉત્કૃષ્ટથી ગર્ભજ અને સમુર્ચ્છિમ મનુષ્યો હોય. તથા કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીના સમય જેટલા.

૪. **દેવગતિ :-** (A) ભવનપતિ :- અંગુલમાત્ર શ્રેણીના આકાશપ્રદેશના પહેલા વર્ગમૂળને બીજા વર્ગમૂળ સાથે ગુણવાથી જે સંખ્યા આવે તેટલી અસંખ્યાતી શ્રેણીઓના આકાશપ્રદેશ જેટલા (૧૬×૪=૬૪ શ્રેણીના આકાશપ્રદેશ). (પંચસંગ્રહના મતે)

(B) **વૈમાનિક :-** અંગુલમાત્ર શ્રેણીના આકાશપ્રદેશના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણવાથી જે સંખ્યા આવે તેટલી અસંખ્યાતી શ્રેણીઓના આકાશપ્રદેશ જેટલા (૪×૨=૮ શ્રેણીઓના આકાશપ્રદેશ)

(C) **વ્યંતર :-** સંખ્યાતયોજન પ્રમાણ શ્રેણીનો એક ટુકડો એવા એક પ્રતરની સમગ્રશ્રેણીના જેટલા કકડા (ટુકડા) થાય તેટલા.

(D) **જ્યોતિષ** :- ૨૫૬ અંગુલ પ્રમાણ શ્રેણીનો એક ટુકડો એવા એક પ્રતરની સમગ્રશ્રેણીના જેટલા ટુકડા થાય તેટલા.

| | |
|---|---|
| ચક્ષુદર્શન, વિકલેન્દ્રિય **પંચેન્દ્રિય, ત્રસકાય** | અસંખ્ય કોડાકોડી યોજન પ્રમાણ પ્રતરની શ્રેણીઓના આકાશપ્રદેશ જેટલા |
| પૃથ્વીકાય, અપ્કાય **તેઉકાય, વાઉકાય** | અસંખ્યાતા ૧૪ રાજલોકના આકાશપ્રદેશ જેટલા. |
| એકેન્દ્રિય, વનસ્પતિ કાયયોગ નપુ.વેદ, અસંજ્ઞી, ૨અજ્ઞાન ૪ કષાય, અવિરતિ, અણાહારી આહારી **કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા** | અનંતા લોકાકાશના આકાશ-પ્રદેશ જેટલા |
| મનયોગ, વચનયોગ, સંજ્ઞી **પુરુષ.વેદ સ્ત્રી. વેદ** | અસંખ્યકોડાકોડી યોજન પ્રમાણ પ્રતરના અસંખ્યાતમાં ભાગમાં રહેલી અસંખ્યાતી શ્રેણીઓના આકાશપ્રદેશ જેટલા |
| મતિ, શ્રુત, અવધિજ્ઞાન અવધિદર્શન, વિભંગજ્ઞાન, દેશવિરતિ, ઉપશમ **ક્ષાયોપશમ, સાસ્વાદન, મિશ્ર** | સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમાં ભાગમાં રહેલા આકાશપ્રદેશ જેટલા |
| કેવલજ્ઞાન, કેવલદર્શન **ક્ષાયિક સમ્યક્ત્વ** | પાંચમા (મધ્યમયુક્ત) અનંતા જેટલા. |

| | |
|---|---|
| **ભવ્ય, મિથ્યાત્વી, અને આહારી** | અનંતલોકાકાશના પ્રદેશજેટલા આઠમા નિજપદયુક્ત અનંતા જેટલા |

અભવ્ય-જ૦યુક્ત અનંતા જેટલા
સામાયિક ચારિત્ર - કોટી સહસ્રપૃથક્ત્વ (૨૦૦૦ક્રોડથી ૯૦૦૦ક્રોડ)
**છેદોપસ્થાપનીય :-** કોટી શતપૃથક્ત્વ (૨૦૦ ક્રોડથી ૯૦૦ ક્રોડ)
**પરિહારવિશુદ્ધિ :-** સહસ્રપૃથક્ત્વ (૨૦૦૦થી ૯૦૦૦.)
**સૂક્ષ્મસંપરાય :-** શતપૃથક્ત્વ (૨૦૦થી ૯૦૦)
**યથાખ્યાત :-** કોટીપૃથક્ત્વ (૨ ક્રોડથી ૯ ક્રોડ)

## ચૌદ ગુણસ્થાનકને વિષે જીવભેદ

**सव्वजिअट्ठाण मिच्छे, सग सासणि पण अपज्ज सन्निदुगं ।**
**सम्मे सन्नि दुविहो, सेसेसु सन्नि पज्जतो ॥४५॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **जिअट्ठाण** - જીવસ્થાનક | **मिच्छे** - મિથ્યાત્વે |
| **दुविहो** - બે પ્રકારે | **सासणि** - સાસ્વાદન ગુણ.માં |

**ગાથાર્થ :-** મિથ્યાત્વ ગુણઠાણે સર્વજીવભેદ હોય છે. સાસ્વાદને પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞીદ્વિક એમ કુલ ૭ જીવભેદ હોય છે. અવિરત સમ્યક્ત્વે બે-પ્રકારના સંજ્ઞી જીવભેદ હોય છે. બાકીના ગુણસ્થાનકમાં એક સંજ્ઞી પર્યાપ્તો જ જીવભેદ હોય છે. (૪૫)

## ચૌદ ગુણસ્થાનકમાં દ્વારો

**વિવેચન :- પ્રથમ-જીવભેદદ્વાર :-** ચૌદે જીવભેદમાં પહેલું ગુણસ્થાનક હોય છે. તેથી ૧લા ગુણસ્થાનકે ચૌદે જીવભેદ હોય છે. સાસ્વાદન ગુણસ્થાનકે સૂક્ષ્મ અપર્યાપ્તા વિના ૬ અપર્યાપ્તા અને સંજ્ઞી પર્યાપ્તો એમ ૭ જીવભેદ હોય છે. અહી ૬ અપર્યાપ્તા તે કરણઅપર્યાપ્તા અને લબ્ધિ પર્યાપ્તા જાણવા. કારણકે લબ્ધિ અપર્યાપ્તામાં સાસ્વાદન લઈને

જવાય નહિ. આ છ અપર્યાપ્તામાં પરભવથી આવેલ સાસ્વાદન અને સંજ્ઞી પર્યાપ્તો જીવ તો ગ્રંથીભેદ કરી ઉપશમસમ્ય૦પામી અથવા શ્રેણી સંબંધી ઉપશમસમ્ય૦પામી પડીને સાસ્વાદને આવી શકે છે. આ પ્રમાણે સાસ્વાદને સાત જીવભેદ હોય છે.

અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે સંજ્ઞી પર્યાપ્તો-અપર્યાપ્તો એમ બે જ જીવભેદ સંભવે છે. જોકે પર્યાપ્તા અવસ્થામાં તો ત્રણે પ્રકારનું સમ્યક્ત્વ હોય. પરંતુ તીર્થંકરાદિના જીવો પરભવથી ક્ષાયિક અથવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ લઈને દેવ-મનુષ્યભવમાં આવે છે. તેથી અપર્યાપ્તા અવસ્થામાં પણ ચોથું ગુણસ્થાનક હોય. જેમ શ્રેણિકરાજા ક્ષાયિક સમ્યક્ત્વ સહિત નરકમાં ગયા અને મનુષ્યમાં પણ આવશે. તેથી ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનકે બે જીવભેદ હોય અને કોઈપણ સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વ લઈને એકેન્દ્રિય, વિકલેન્દ્રિયમાં કે અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થતો નથી તેથી બાકીના જીવભેદ સંભવે નહિ.

શેષ ગુણસ્થાનકોમાં સંજ્ઞી પર્યાપ્તો એક જ જીવભેદ સંભવે છે. કારણકે પ૦એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અને અસંજ્ઞી પંચેન્દ્રિયને ભવસ્વભાવે મિથ્યાત્વ ગુણસ્થાનક હોય. બાકીના ગુણસ્થાનક હોય નહિ. અને પહેલું-બીજું તેમજ ચોથું ગુણસ્થાનક લઈને પરભવમાં જવાય, ત્રીજા વગેરે ગુણસ્થાનક લઈને પરભવમાં ઉત્પન્ન થવાય નહિ, તેથી સંજ્ઞી અપર્યાપ્તો જીવભેદ સંભવે નહિ. મિશ્રગુણસ્થાનકે જીવ મરણ પામતો નથી અને દેશવિરતિ આદિ ગુણસ્થાનકોમાં વર્તતો જીવ મૃત્યુ પામે છે પરંતુ દેશવિરતિ કે સર્વવિરતિના પચ્ચક્ખાણ માત્ર વિવક્ષિત ભવપૂરતાં જ હોય છે. તેથી મૃત્યુ પામતાની સાથે પરભવાયુષના પ્રથમ સમયે નિયમા અવિરત ગુણસ્થાનક આવી જાય તેથી એક જ જીવભેદ સંભવે.

**આ પ્રમાણે ગુણસ્થાનક વિષે જીવભેદ દ્વાર પૂર્ણ થયું.**

## ગુણસ્થાનકે વિષે યોગ.

**मिच्छदुगि अजइजोगा, हारदुगूणा अपुव्वपणगेउ ।**
**मणवइउरलं सविउव्वि, मीसि सविउव्विदुग देसे ॥४६॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| **अजइ** - અવિરતમાં | **अपुव्वपणगे**-અપૂર્વકરણઆદિ પાંચમાં |
| **हारदुगूणा** - આહારકદ્વિકવિના | **देसे** - દેશવિરતિમાં |

**ગાથાર્થ :-** મિથ્યાત્વ, સાસ્વાદન, તથા અવિરત ગુણસ્થાનકે આહારકદ્વિક વિના શેષ ૧૩ યોગ હોય છે. અપૂર્વકરણ આદિ પાંચ ગુણસ્થાનકમાં મનના ચાર, વચનના ચાર અને ઔદારિક કાયયોગ એમ નવયોગ હોય છે. મિશ્રગુણસ્થાનકમાં વૈક્રિય સહિત ૧૦ યોગ હોય છે દેશવિરતિમાં વૈક્રિયદ્વિક સહિત ૧૧ યોગ હોય છે. (૪૬)

**વિવેચન :- મિથ્યાત્વ, સાસ્વાદન** અને **અવિરત સમ્યગ્દૃષ્ટિ** ગુણસ્થાનકે **૧૩ યોગ** હોય છે. તે આ પ્રમાણે—આ ત્રણે ગુણસ્થાનકે વર્તતા જીવને પર્યાપ્ત અવસ્થામાં ચાર-મનના, ચાર વચનના તથા મનુષ્ય તિર્યંચને ઔદારિકકાયયોગ, દેવ-નારકીને વૈક્રિયકાયયોગ હોય છે. આ ત્રણે ગુણસ્થાનકમાં વર્તતા જીવો મરણ પામી પરભવમાં જઈ શકે છે જેથી મનુષ્ય તિર્યંચમાં અપર્યાપ્તાવસ્થામાં કાર્મણ અને ઔદારિકમિશ્ર અને દેવ-નારકીમાં અપર્યાપ્તાવસ્થામાં કાર્મણ અને વૈક્રિય મિશ્રયોગ હોય, આ પ્રમાણે ૧૩ યોગ સંભવે છે. આહારકશરીર છઠ્ઠે ગુણસ્થાનકે ચૌદપૂર્વધર મુનિઓ લબ્ધિ ફોરવે ત્યારે હોય તેથી આ ત્રણ ગુણસ્થાનકે આહારક કાયયોગ અને આહારક મિશ્ર કાયયોગ સંભવે નહિ.

**અપૂર્વકરણથી ક્ષીણમોહ** સુધીના શ્રેણી સંબંધી પાંચ ગુણસ્થાનકોમાં ચાર મનના, ચાર વચનના અને ઔદારિક કાયયોગ એમ કુલ **નવ યોગ** હોય છે શ્રેણીમાં વર્તતો જીવ અતિશય વિશુદ્ધ અપ્રમત્ત હોવાથી વૈક્રિય કે આહારક લબ્ધિ ફોરવે નહિ. લબ્ધિ ફોરવવીએ પ્રમાદ છે તેથી વૈક્રિય અને આહારકના બે-બે યોગ એમ ચાર યોગ હોય નહિ. ઔદારિકમિશ્ર અને કાર્મણ કાયયોગ અપર્યાપ્તા

અવસ્થામાં કેવલીસમુદ્ઘાતમાં અને વિગ્રહગતિમાં હોય છે. એ અવસ્થામાં ૮થી ૧૨ ગુણસ્થાનક સંભવે નહિ. તેથી તે બે યોગ પણ ન હોય તેથી શેષ ૯ યોગ સંભવે.

**મિશ્રગુણઠાણે** વૈક્રિયકાયયોગ અને ઉપરના ૯ યોગ એમ કુલ **૧૦ યોગ** હોય છે. તે આ પ્રમાણે મિશ્રગુણસ્થાનક સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાઅવસ્થામાં જ આવતું હોવાથી ચાર-મનના, ચાર વચનના યોગ તો ચારે ગતિના પર્યાપ્તા પંચેન્દ્રિયને હોય તેમજ પર્યાપ્તા મનુષ્યતિર્યંચને શરીરનો વ્યાપાર તે ઔદારિક કાયયોગ અને દેવનારકીને વૈક્રિયકાયયોગ હોય છે. તે ચારે ગતિવાળા ગ૦પં૦ પણ મિશ્ર ગુણસ્થાનક પામી શકે છે માટે, તથા સંયમનો અભાવ હોવાથી આહારકદ્વિક ન હોય અને કાર્મણ, ઔદારિકમિશ્ર તથા વૈક્રિયમિશ્ર વિગ્રહગતિ અને અપર્યાપ્તાવસ્થામાં છે. તે વખતે મિશ્ર ગુણસ્થાનક હોય નહિ. તેથી ૧૦ યોગ સંભવે, તેમજ મિશ્રગુણસ્થાનકમાં વર્તતા લબ્ધિવાળા તિર્યંચ મનુષ્યો પણ વૈક્રિયરચનાનો આરંભ કરતા નથી પરંતુ કોઈ વૈક્રિયશરીર બનાવીને વૈક્રિયકાયયોગવાળો થયેલો જીવ મિશ્રગુણસ્થાન પામે તો વૈક્રિયકાયયોગ સંભવે. જો કે મિશ્રગુણસ્થાનમાં લબ્ધિ કેમ ન ફોરવે તેનું સ્પષ્ટ કારણ જાણવામાં આવતું નથી. પરંતુ તે ગુણસ્થાનનો કાળ થોડો હોવાથી કદાચ લબ્ધિ ન ફોરવતા હોય. એમ જણાય છે.

**દેશવિરતિ ગુણસ્થાનક** પર્યાપ્તા મનુષ્ય તિર્યંચોને હોય છે. તેથી મનનાચાર, વચનનાચાર અને ઔદારિક કાયયોગ એમ ૯ યોગ સામાન્યથી સંભવે તથા વૈક્રિય લબ્ધિવાળા પંચેન્દ્રિય તિર્યંચો અને પર્યાપ્તા મનુષ્યો અંબડ શ્રાવકની જેમ લબ્ધિ ફોરવે અને વૈક્રિય શરીર બનાવે ત્યારે વૈક્રિયદ્વિક હોય એમ **૧૧ યોગ** સંભવે, સંયમ (છટ્ઠુ ગુણસ્થાનક) તેમજ ચૌદપૂર્વના અભ્યાસનો અભાવ હોવાથી આહારકદ્વિક ન હોય તથા ઔદારિકમિશ્ર અને કાર્મણ કાયયોગ અપર્યાપ્તાવસ્થાના છે. અપર્યાપ્તાવસ્થામાં દેશવિરતિ આદિનો અભાવ છે. તેથી ચાર યોગ સંભવે નહિ.

**साहारदुग पमत्ते, ते विउव्वाहार मीस विणु इयरे ।**
**कम्मुरलदुगं ताइम, मणवयण सजोगी न अजोगी ॥४७॥**

## શબ્દાર્થ

| | |
|---|---|
| **साहारदुग** - આહારકદ્વિક સહિત | **इयरे** - અપ્રમત્તમાં |
| **अंताइम** - છેલ્લા-પહેલા | **अजोगी** - અયોગી |

**ગાથાર્થ :-** પૂર્વના ૧૧ યોગ અને આહારદ્વિક સહિત ૧૩ યોગ પ્રમત્તે હોય છે. તેમાંથી વૈક્રિયમિશ્ર અને આહારમિશ્ર વિના ૧૧ યોગ અપ્રમત્તે હોય છે. કાર્મણ-ઔદારિકદ્વિક છેલ્લો અને પહેલો મનનો અને વચનનો યોગ એમ ૭ યોગ સયોગીકેવલી ગુણસ્થાનમાં હોય છે. અયોગીએ યોગ હોય નહિ. (૪૭)

**વિવેચન :- પ્રમત્તગુણઠાણે** પર્યાપ્તા મનુષ્યો જ હોય છે. તેથી ચાર મનના, ચાર વચનના અને ઔદારિક કાયયોગ એમ ૯ યોગ સામાન્યથી હોય, તે ઉપરાંત છઠ્ઠા ગુણસ્થાનકમાં મુનિઓ વૈક્રિયલબ્ધિ અને આહારકલબ્ધિ ફોરવી શકે છે. તેથી વૈક્રિયદ્વિક અને આહારકદ્વિક પણ હોય, આ રીતે **૧૩ યોગ** સંભવે. કાર્મણ અને ઔદારિકમિશ્ર અપર્યાપ્તાવસ્થાભાવી હોવાથી અહિ પ્રમત્તે સંભવે નહિ.

**અપ્રમત્ત** ગુણઠાણે આ તેરમાંથી વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર વિના **૧૧ યોગ** હોય છે કારણ કે લબ્ધિ ફોરવવી એ પ્રમાદ છે અપ્રમત્ત ગુણઠાણે લબ્ધિ ફોરવે નહિ પણ છઠ્ઠે ગુણઠાણે લબ્ધિ ફોરવી સાતમે ગુણઠાણે જઈ શકે છે. તેથી વૈક્રિયકાય. અને આહારકકાયયોગ સહિત ૧૧ યોગ સંભવે.

**સયોગી** કેવલી ગુણસ્થાનકે કાર્મણકાયયોગ ઔદારિકદ્વિક સત્ય અને અસત્યામૃષા એમ બે મનના અને તે બે વચનના કુલ **૭ યોગ** સંભવે. તે આ પ્રમાણે સયોગીકેવલીને કેવલી સમુદ્ઘાતમાં ૩-૪-૫માં સમયે કાર્મણ કાયયોગ, ૨-૬-૭માં સમયે ઔદારિક મિશ્રયોગ હોય છે.

શરીરસ્થ કેવલીને ઔદારિક કાયયોગ તેમ જ મનઃપર્યવજ્ઞાની અને અનુત્તરવાસીને ઉત્તર આપવામાં દ્રવ્ય મનયોગના બે ભેદ, ધર્મની દેશનાના કાળે વચનયોગના બે ભેદ હોય છે આમ ૭ યોગ સંભવે છે. બાકીના યોગ ન હોય કારણકે લબ્ધિનો ઉપયોગ પ્રમાદ અવસ્થામાં થાય છે. કેવલીભગવંતો અપ્રમત્ત જ હોય છે. કેવલી ભગવંતને રાગદ્વેષનો નાશ થયેલો હોવાથી અસત્ય મનયોગ સત્યાસત્ય મનયોગ અને તે બન્ને વચનયોગ પણ હોય નહિ.

કેવલીભગવંતો સયોગીના અંતે કાયયોગનો નિરોધ કરી અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે છે. તેથી **અયોગી** ગુણસ્થાનકે એક પણ **યોગ નથી.**

**આ પ્રમાણે ૧૪ ગુણસ્થાનમાં યોગ દ્વાર જાણવું.**

## ચૌદ ગુણસ્થાનકોમાં ઉપયોગ

**तिअनाण दुदंसाइम दुगे अजइ देसि नाण दंसतिगं ।**
**ते मीसि मीसा समणा, जयाइ केवल दुअंतदुगे ॥४८॥**

### શબ્દાર્થ

**समणा** - મનઃપર્યવસહિત || **जयाइ** - પ્રમત્તાદિમાં

**ગાથાર્થ :-** પ્રથમના બે ગુણસ્થાનકમાં ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય છે. ચોથા અને પાંચમાં ગુણસ્થાનકે ત્રણજ્ઞાન અને ત્રણદર્શન હોય છે. આ જ છ ઉપયોગ મિશ્રગુણઠાણે અજ્ઞાનથી મિશ્ર હોય છે. પ્રમત્તઆદિ સાત ગુણસ્થાનકમાં આ છ ઉપયોગ મનઃપર્યવસહિત એમ ૭ ઉપયોગ હોય છે. અંતિમ બે ગુણસ્થાનકે કેવલદ્વિક હોય છે. (૪૮)

**વિવેચન :- પહેલા** અને **બીજા** ગુણસ્થાનકે ૩ અજ્ઞાન અને બે દર્શન એમ **પાંચ** ઉપયોગ હોય છે. સમ્યક્ત્વાદિ ન હોવાથી મતિજ્ઞાનાદિ શેષ ઉપયોગ હોય નહિ.

જોકે-સિદ્ધાંતમાં મિથ્યાત્વાદિમાં અવધિદર્શન કહેલ છે. પરંતુ કર્મગ્રંથકારો અવધિદર્શન ચોથા ગુણસ્થાનકથી માને છે.

**ચોથા** અને **પાંચમાં** ગુણસ્થાનકે ૩ જ્ઞાન અને ૩ દર્શન કુલ **૬** ઉપયોગ હોય છે. સમ્યક્ત્વ હોવાથી ૩ જ્ઞાન જ હોય, સંયમના અભાવે મનઃપર્યવજ્ઞાન કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય નહિ તેમજ મિથ્યાત્વાદિ ભાવ ન હોવાથી ૩ અજ્ઞાન પણ સંભવે નહિ તેથી ૬ ઉપયોગ હોય.

**મિશ્ર**ગુણસ્થાનકે આજ **૬** ઉપયોગ અજ્ઞાનથી મિશ્ર હોય છે. કારણકે આ ગુણસ્થાનકવાળા જીવો સમ્યગ્ અને મિથ્યા એમ બન્ને દૃષ્ટિથી મિશ્રિત હોય છે. પણ મિશ્રદૃષ્ટિવાળો સમ્યક્ત્વની સન્મુખ હોય ત્યારે જ્ઞાનની બહુલતા હોય છે. અને મિથ્યાત્વની સન્મુખ હોય ત્યારે અજ્ઞાનની બહુલતા હોય. અહિ ગ્રંથકારે ત્રીજા ગુણઠાણે અવધિદર્શન કહ્યું તે સિદ્ધાંતકારના મતે જાણવું. કર્મગ્રંથના મતે અવધિદર્શન ૪થી ૧૨ ગુણસ્થાનકે હોય છે.

**''જયાઈ''** એટલે સંયમવાળા ગુણઠાણા. તેમાં **પ્રમત્તથી ક્ષીણમોહ** સુધીના ૭ ગુણસ્થાનકમાં મનઃપર્યવજ્ઞાન સહિત **૭** ઉપયોગ હોય છે. સર્વવિરતિ હોવાથી મનઃપર્યવજ્ઞાન સંભવે, પરંતુ ક્ષાયિકભાવનો અભાવ હોવાથી કેવલજ્ઞાન અને કેવલદર્શન ન હોય. અને મિથ્યાત્વ ન હોવાથી ૩ અજ્ઞાન પણ હોય નહિ તેથી ચાર જ્ઞાન અને ત્રણ દર્શન એમ સાત ઉપયોગ જાણવા.

**છેલ્લા બે** ગુણસ્થાનકે કેવલજ્ઞાન અને કેવલદર્શન એમ **બે** ઉપયોગ હોય છે, શેષ ઉપયોગ કેવલીને છદ્મસ્થ અવસ્થા ન હોવાથી હોય નહિ. કહ્યું છે કે नट्ठम्मि अ छाउमत्थिए नाणे

**આ પ્રમાણે ૧૪ ગુણસ્થાનકમાં ઉપયોગ દ્વાર જાણવું.**

## મતાંતરની ગાથા.

सासणभावे नाणं, विउव्वाहारगे उरलं मिस्सं ।
नेगिंदिसु सासाणो, नेहाहिगयं सुयमयंपि ॥४९॥

## શબ્દાર્થ

| | |
|---|---|
| **न इह अहिगयं** - અહીં સ્વીકાર્યું નથી. | **सुयमयंपि** - શાસ્ત્રમાં કહ્યું હોવા છતાં |

**ગાથાર્થ :-** સાસ્વાદન ગુણસ્થાનકે જ્ઞાન, વૈક્રિય અને આહારક બનાવતી વખતે ઔદારિક મિશ્ર, તથા એકેન્દ્રિયમાં સાસ્વાદન ન હોવું. આ ત્રણ બાબતો સિદ્ધાતમાં હોવા છતાં કર્મગ્રંથકારે સ્વીકારી નથી. (૪૯)

**વિવેચન :-** આ કર્મગ્રંથમાં જ્યાં જ્યાં સિદ્ધાંતકાર એમ શબ્દ આવે ત્યાં ત્યાં આગમિક ગ્રંથો, પ્રજ્ઞાપના સૂત્ર, વિવાહપન્નત્તિસૂત્ર આદિના અભિપ્રાયે ગ્રહણ કર્યું છે. એટલે અંગ અને ઉપાંગના આધારે ગ્રહણ કર્યું ત્યાં સિદ્ધાંતકાર શબ્દ મૂક્યો અને અગ્રાયણી પૂર્વના આધારે જે મળ્યું અને ગ્રહણ કર્યું ત્યાં કર્મગ્રંથકાર શબ્દ મૂક્યો છે. દેવેન્દ્રસૂરિ મહારાજા પ્રાચીન કર્મગ્રંથના અભિપ્રાયે જ ચાલ્યા છે. તેથી કોઈ કોઈ બાબતમાં વિવક્ષા જુદી પડે છે.

અહીં કર્મગ્રંથકાર અને સિદ્ધાન્તકારની માન્યતામાં એટલે અપેક્ષાભેદને કારણે જે મતાન્તરો કર્મગ્રંથાદિના અભ્યાસમાં ઉપયોગી છે તે સામ સામે આપવામાં આવ્યા છે.

**કર્મગ્રંથકાર**

(૧) **સાસ્વાદન ગુણસ્થાનકે અજ્ઞાન હોય.**
કારણકે મિથ્યાત્વ સન્મુખ હોવાથી મલિન પરિણામ છે તેથી અજ્ઞાન હોય (ગા. ૪૮)

(૨) **ઉત્તર વૈક્રિય શરીર બનાવે ત્યારે મનુષ્ય-તિર્યંચને વૈક્રિયમિશ્ર યોગ હોય. (ગા. ૪૬)**

(૩) **આહારક શરીર બનાવતી વખતે મનુષ્યને આહારકમિશ્રયોગ હોય. (ગા. ૪૭)**
કારણકે બન્નેમાં નવા બનાવાતા શરીરની મહત્તાની અપેક્ષાએ.

(૪) **એકેન્દ્રિયમાં સાસ્વાદન ગુણ. લઈને જવાય.**
કર્મગ્રંથકારો સાસ્વાદન ગુણ.માં અજ્ઞાન માને છે તેથી એકેન્દ્રિયમાં સાસ્વાદન ગુણ. લઈને જાય. અને તે વખતે એકેન્દ્રિયાદિ અજ્ઞાની હોય. (ગા. ૩)

(૫) **મિથ્યાત્વીને અવધિદર્શન ન હોય એટલે અવધિજ્ઞાનમાં ૪થી ૧૨ ગુણ. હોય. (ગા. ૨૧)**
કારણકે અવધિજ્ઞાનીને જ અવધિદર્શન હોય.

(૬) **અનાદિ મિથ્યાત્વી ત્રણકરણ અને ગ્રંથીભેદ કર્યા પછી ઉપશમ સમ્યક્ત્વ જ પામે. (આવશ્યક ટીકા)**

(૭) **બેઇન્દ્રિયાદિ વિકલેન્દ્રિયોને મતિ-શ્રુત અજ્ઞાન જ હોય.**
કારણકે સાસ્વાદન ગુણ. હોવા છતાં ત્યાં મિથ્યાત્વ સન્મુખ હોવાથી અજ્ઞાન જ હોય. (પ્રજ્ઞાપનાસૂત્રની ટીકા).

## સિદ્ધાંતકાર

(૧) **સાસ્વાદન ગુણસ્થાનકમાં જ્ઞાન હોય.**
કારણકે હજુ મિથ્યાત્વ આવ્યું નથી, તેથી કંઈક શુદ્ધ પરિણામ હોય (ભગવતીસૂત્ર શતક-૮).

(૨) **ઉત્તરવૈક્રિય શરીર બનાવતી વખતે મનુષ્યતિર્યંચને ઔદારિક મિશ્રયોગ હોય**

(૩) **આહારક શરીર બનાવતી વખતે મનુષ્યને ઔદારિકમિશ્રયોગ હોય.**
કારણકે આ બન્ને શરીર બનાવતી વખતે ઔદારિક શરીરના આલંબનથી બનાવે છે માટે, તેનો મિશ્ર (પ્રજ્ઞાપનાસૂત્રની વૃત્તિ)

(૪) **એકેન્દ્રિયમાં સાસ્વાદન ગુણ. લઈને ન જવાય.**
સિદ્ધાંત-ભગવતીસૂત્રમાં કહ્યું છે કે
एगिंदिया णं भंते किं नाणी अन्नाणी । गोयमा नो नाणी नियमा अन्नाणी (ભગવતીસૂત્ર શતક ૮ ઉદ્દેશો ૨) સિદ્ધાંતકાર સાસ્વાદનમાં જ્ઞાન માને છે તેથી તેઓને અજ્ઞાન હોવાથી સાસ્વાદન ગુણ. ન હોય.

(૫) **મિથ્યાત્વીને અવધિદર્શન હોય.**
કારણકે વિભંગજ્ઞાનીને જ્ઞાન પૂર્વે છદ્મસ્થને દર્શન હોય, તેથી અવધિદર્શન હોય. મિથ્યાત્વીને જ્ઞાન તે અજ્ઞાન બને પણ દર્શન અદર્શન બને નહિ. (ભગવતીસૂત્ર શતક ૮-ઉદ્દે૦-૨)

(૬) **અનાદિ મિથ્યાત્વી ત્રણકરણ કરી ગ્રંથીભેદ કરનાર ક્ષાયોપશમ સમ્યક્ત્વ પણ પામે.**
(તત્ત્વાર્થસૂત્ર-અધ્યાય ૧લો)

(૭) **બેઇન્દ્રિયાદિ વિકલેન્દ્રિય જીવોને મતિ-શ્રુતજ્ઞાન પણ હોય.**
કારણકે તેઓને સાસ્વાદન ગુણ. હોય, અને સાસ્વાદનમાં હજુ મિથ્યાત્વ આવ્યું નથી માટે જ્ઞાન હોય.

(૮) **અસંજ્ઞીને પુરુષવેદ અને સ્ત્રીવેદ હોય, તેથી તે બન્ને વેદ માર્ગણામાં ચાર જીવભેદ હોય.**
કારણકે તેઓને દ્રવ્યવેદ (શરીરના બંધારણ)ની અપેક્ષાએ ત્રણે વેદ હોય (પંચસંગ્રહ દ્વાર ૧ ગાથા ૨૪ની વૃત્તિ)

(૯) **સમ્યક્ત્વ પામી ફરી મિથ્યાત્વે જનાર પ.સંજ્ઞી કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. પરંતુ અનાદિ મિથ્યાત્વીની જેમ ઉત્કૃષ્ટ રસ ન બાંધે.**
કારણકે ઉત્કૃષ્ટ સ્થિતિબંધને યોગ્ય ઉત્કૃષ્ટ કાષાયિક પરિણામ આવે, પણ રસને યોગ્ય અશુભલેશ્યાવાળો કાષાયિક પરિણામ ન હોય.

(૧૦) **જુના કર્મગ્રંથમાં અવસ્થિત પ્યાલાનો દાણો પણ શલાકામાં નાખવાનું કહેલ છે.**

(૧૧) **ક્ષાયોપશમ સમ્યક્ત્વ સહિત નરકમાં ઉત્પન્ન ન થાય. (કર્મસ્તવ ગા. ૨ ટીકા)**

(૧૨) **સમ્યક્ત્વ સહિત ભવાંતરમાં જાય ત્યારે મનુષ્યતિર્યંચ અને દેવમાં પુરુષપણે જ ઉત્પન્ન થાય પરંતુ અન્યવેદે નહી.**
(જુઓ ષડશીતિ કર્મગ્રંથ)

(૧૩) અશુભ લેશ્યાવાળા ૧થી ૬ નરકના જીવો તથા ભવનપતિ આદિ ક્ષાયોપશમસમ્ય૦વાળા દેવો મનુષ્યમાં આવે કેટલાકના મતે તિર્યંચમાં પણ સમ્યક્ત્વ સહિત જાય.

(૧૪) કાપોતલેશ્યા સહિત ચોથું ગુણ૦ લઈ ક્ષાયિક સમ૦ અથવા કૃતકરણ મોહ૦ની ૨૨ની સત્તાવાળો મનુષ્ય ૧થી ૩ નરકમાં પણ જાય. અને વૈમાનિક દેવ, યુગ૦ મનુષ્ય-તિર્યંચમાં જાય.

**(૮) અસંજ્ઞીને નપું વેદવાળા જ કહ્યા છે (ભગવતી સૂત્ર)**
કારણકે ભાવવેદની અપેક્ષાએ નપુંસકવેદનો જ ઉદય હોય,
भंते असन्नि पंचिंद्रिय तिरिक्खजोणिया किं इत्थिवेयगा-पुरिसवेयगा-नपुंसगवेयगा ? नो इत्थिवेयगा नो पुरिसवेयगा नपुंसग वेयगत्ति

**(૯) સમ્યક્ત્વ પામી ફરી મિથ્યાત્વ પામનાર પ.સંજ્ઞી કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ન બાંધે અને ઉત્કૃષ્ટ રસ પણ ન બાંધે.**
કારણકે તેવો તીવ્ર કાષાયિક પરિણામ ન આવે.
(લોકપ્રકાશ સર્ગ-૩ શ્લોક ૩૪)

**(૧૦) અનવસ્થિતનો જ સાક્ષીદાણો શલાકામાં નાખવાનું કહેલ છે.**
પરંતુ અવસ્થિત પ્યાલાનો નહી. (નવ્ય ષડશીતિ કર્મગ્રંથ ગાથા-૭૪, ૭૫).

**(૧૧) ક્ષાયોપશમ સમ્યક્ત્વ સહિત છ નરક સુધી જવાય (જુઓ લોકપ્રકાશ,** ભગવતીસૂત્ર)

**(૧૨) સમ્યક્ત્વ સહિત ભવાંતરમાં જાય તો સ્ત્રીપણે પણ ઉત્પન્ન થાય જેમ મલ્લિનાથભગવાન, બ્રાહ્મી સુંદરી વગેરે**
(જુઓ પંચસંગ્રહ પૃ. ૪૯૩ ગુજરાતી).

(૧૩) ક્ષાયો૦ સમ૦ સહિત છ નરક સુધી જાય તેથી કૃષ્ણાદિ લેશ્યાસહિત સમ્યક્ત્વી ૬ નરક સુધી જાય.

(૧૪) પૂર્વબદ્ધાયુ ક્ષાયિક સમ૦ અથવા કૃતકરણ મોહ૦ની ૨૨ની સત્તાવાળો કૃષ્ણાદિ લેશ્યા સહિત યુગલિકમાં પણ જાય, ૧થી ૩ નરકમાં પણ જાય.

(૧૫) જે લેશ્યાએ આયુ૰ બાંધ્યું હોય તે લેશ્યા સહિત ભવાંતરમાં જાય, તેથી મનુ૰ તિર્યંચ સમ્યક્ત્વમાં વૈમાનિક દેવનું આયુષ્ય બાંધે અને વૈમાનિકમાં અશુભ લેશ્યા નથી તેથી કૃષ્ણાદિ ત્રણ લેશ્યા સહિત ચોથુ. ગુણ૰ લઈ વૈમાનિક દેવમાં ન જવાય. તેથી અશુભ લેશ્યામાં વૈમાનિકનું આયુષ્ય ન બંધાય.

(૧૬) એક વક્રા અને બે સમય વડે પરભવમાં જનારને અણહારીપણું ન હોય.

(૧૭) એકભવમાં બેવાર શ્રેણી પામી શકે. બેવાર ઉપશમ શ્રેણી અથવા એકવાર ઉપશમશ્રેણી અને એક વાર ક્ષપક શ્રેણી. (સપ્તતિકાચૂર્ણિ)

(૧૮) ઉપશમશ્રેણીમાં મરણ પામે તો અનુત્તરમાં જાય (જુઓ લોકપ્રકાશ સર્ગ-૩ શ્લોક ૧૨૧૧)

(૧૯) બીજા ત્રીજા સંઘયણવાળો શ્રેણીમાં મરણ ન પામે

## કર્મગ્રંથકાર

**(૧) ચક્ષુદર્શન માર્ગણામાં (૧) પર્યા. ચઉરિન્દ્રિય (૨) પર્યા. અસંજ્ઞી પંચે. (૩) પર્યા. સંજ્ઞી પંચે. એમ ત્રણ જીવભેદ હોય.**

કારણકે બધી પર્યાપ્તિ થયા પછી ચક્ષુનો ઉપયોગ કરી શકે, માટે, અપર્યાપ્તાને ચક્ષુદર્શન ન હોય. (ગા. ૧૭)

(૧૫) ક્ષાયો૦ સમ૦ કૃષ્ણાદિ લેશ્યાવાળો બદ્ધાયુ. ભવનપતિ આદિ દેવોમાં જાય. અર્થાત્ તે જીવે મિથ્યાત્વમાં આયુષ્ય બાંધ્યું હોય.

(૧૬) એક વક્રા અને બે સમયવડે પરભવમાં જનારને પ્રથમ સમયે અણાહારીપણું હોય

(૧૭) એકભવમાં એકવાર જ શ્રેણી કરે છે. એટલે કે એકભવમાં ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણી કરે. એટલે કે જો ઉપશમશ્રેણી કરેલ હોય. તે ક્ષપકશ્રેણી તે ભવમાં ન કરી શકે. (કલ્પભાષ્ય ગા.-૧૦૭)

(૧૮) ઉપશમશ્રેણીમાં મરે તો કોઈપણ વૈમાનિક દેવમાં જાય.

(૧૯) ત્રીજા-બીજા સંઘયણવાળો શ્રેણીમાં મરણ પામે. અને વૈમાનિકમાં દશ દેવલોક અને બાર દેવલોક સુધી જાય.

## અન્ય આચાર્ય ભગવંતો

**(૧) ચક્ષુદર્શન માર્ગણામાં તે (ત્રણ) પર્યાપ્ત અને તે ત્રણ અપર્યાપ્તા એમ છ જીવભેદ હોય.**

કારણકે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી ચક્ષુદર્શનનો ઉપયોગ હોઈ શકે તે વખતે અપર્યાપ્ત હોય (ષડશીતિ કર્મગ્રંથ ગાથા ૬ની વૃત્તિ).

(પંચસંગ્રહ દ્વાર ૨ ગાથા ૮ની સ્વોપજ્ઞટીકા).

**(૨) ઉપશમ સમ્યક્ત્વ અપર્યાપ્તાવસ્થામાં ન હોય.**
કારણ નવું પામે તેવા અધ્યવસાય ન હોય અને ઉપશમ સમ્યક્ત્વ લઈને ભવાંતરમા જવાય નહીં.
(શતકચૂર્ણિકાર આદિ-આગમનો પાઠ)
**उवसमसम्मदिट्ठी चउण्हमिक्कं पि न कुणई**

**(૩) સર્વપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ ઔદારિક આદિ કાયયોગ હોય.**
કારણકે બધી પર્યાપ્તિ પૂર્ણ થાય એટલે જ તે શરીરનો વ્યાપાર હોઈ શકે. (ગા. ૪)

**(૪) ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણ કાયયોગ હોય.**
કારણ પ્રથમ સમયે કાર્મણશરીરથી આહાર લે છે.
(ષડશીતિ ગાથા-૪ની સ્વોપજ્ઞ ટીકા.)

**(૫) અનંતાનુબંધીની ઉપશમના કરી ઉપશમ શ્રેણી ચડી શકાય.**
કારણકે મિશ્રાદિ નવ ગુણ.માં અનં.ની સત્તા ભજનાએ (વિકલ્પે) હોય તેમ કહ્યું છે.
(જુઓ શતક કર્મગ્રંથ, દ્વિતીય કર્મગ્રંથ ગાથા-૨૫)
(સપ્તતિકા ગાથા-૭૫).

**(૬) અંતરકરણમાં પ્રવેશ કરે ત્યારે પ્રથમ સમયે મિથ્યાત્વની બીજીસ્થિતિના ત્રણ પૂંજ કરે. (કર્મસ્તવ સ્વોપજ્ઞ ટીકા)**

(૨) **ઉપશમ સમ્યક્ત્વ અપર્યાપ્તાવસ્થામાં પણ હોય.**
કારણ સપ્તતિકાકાર શ્રેણીનું ઉપશમ સમ્યક્ત્વ લઈને અનુત્તરમાં જવાય તેવું માને છે.
(પંચસંગ્રહકાર, સપ્તતિચૂર્ણિકાર).

(૩) **શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિક કાયયોગ હોય.**
કારણ લબ્ધિ અપર્યાપ્તા કાયયોગમાં જ આયુષ્ય બાંધે પણ કાર્મણકાયયોગ કે ઔ.મિશ્રયોગમાં આયુષ્ય ન બાંધે (શીલાંગાચાર્યાદિના મતે) (આચારાંગસૂત્ર દ્વિતીય અધ્યયન).
શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી દેવ-નારકીને વૈક્રિય કાયયોગ હોય (જુઓ પંચસંગ્રહ દ્વાર ૪ ગા. ૧૮ની વૃત્તિ )

(૪) **ઉત્પત્તિના પ્રથમ સમયે મિશ્રયોગ હોય.**
કારણકે પ્રથમ સમયે લેવાયેલ આહાર તે શરીરરૂપે પરિણામ પામે છે માટે (ષડશીતિ કર્મગ્રંથ ગાથા ૨૭ ચૂર્ણી)

(૫) **અનંતાનુબંધીની વિસંયોજના કરીને જ ઉપશમશ્રેણી ચડાય.**
કારણ અનં.ની વિસંયોજના કરીને જ ઉપશમશ્રેણી ચડે. (જુઓ કર્મપ્રકૃતિ ગા. ૩૧)

(૬) **અનિવૃત્તિકરણના ચરમ સમયેથી મિથ્યાત્વની બીજીસ્થિતિના દલિક્ના ત્રણ પૂંજ કરે**
(ઉપશમના ગા. ૨૨ પંચસંગ્રહ ભા. ૨)
(કમ્મપયડી ઉપશમના કરણ ગા. ૧૯)

**(૭) ક્ષાયોપશમ સમ્યક્ત્વી જ ક્ષાયિક સમ્યક્ત્વ પામે. (કમ્મ૦ ગા. ૩૨)**

**(૮) મનયોગીને વચન અને કાયયોગ હોય તેમજ જેને મનયોગ ન હોય અને વચનયોગ હોય તેને કાયયોગ પણ હોય તેથી મનયોગમાં એક જીવભેદ, વચનયોગમાં પાંચ પર્યાપ્તા જીવભેદ, અને કાયયોગ સર્વને હોય તેથી સર્વ જીવભેદ હોય. (ગા. ૧૭)**

**(૯) કર્મબંધના (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ (૩) કષાય (૪) યોગ એમ ચાર બંધહેતુ કહ્યા છે. અથવા (૧) યોગ અને (૨) કષાય એમ બે હેતુ કહ્યા છે.**
(જુઓ શતક કર્મગ્રંથ ગાથા ૯૬ ષડશીતિ કર્મગ્રંથ ગાથા ૫૦)

**(૧૦) ચાર હેતુવાળી - સાતાવેદનીય -**
**મિથ્યાત્વ, અવિરતિ, કષાય, એ ત્રણ હેતુવાળી - ૬૫ પ્રકૃતિ**
**મિથ્યાત્વ, અવિરતિ બે હેતુવાળી - ૩૫ પ્રકૃતિ**
**મિથ્યાત્વ એક હેતુવાળી - ૧૬ પ્રકૃતિ**

મતાન્તરે

| | |
|---|---|
| મિથ્યાત્વ હેતુવાળી | ૧૬ પ્રકૃતિ |
| અવિરતિ હેતુવાળી | ૩૫ પ્રકૃતિ |
| કષાય હેતુવાળી | ૬૮ પ્રકૃતિ |
| યોગ હેતુવાળી | ૧ સાતાવેદનીય |

(પંચસંગ્રહ દ્વા-૪ ગા૦ ૧૯)

**(૭) મિથ્યાદ્રષ્ટિ પણ ક્ષાયિક સમ્યક્ત્વ પામે**
(વિશેષ આવશ્યક-કોટ્યાચાર્ય ટીકા)

**(૮) જે જીવોને મન-વચન અને કાયયોગ હોય તેને મનયોગમાં જ ગણવા, પણ વચન અને કાયયોગમાં ન ગણવા.**
જેમ કરોડપતિને લક્ષાધિપતિમાં ન ગણાય. તેમ વિશિષ્ટ યોગવાળાને સામાન્ય યોગમાં ગણવા નહીં.
**તેથી મનયોગમાં બે, વચનયોગમાં આઠ, અને કાયયોગમાં ચાર જીવભેદ ગણવા.** (જુઓ ષડશીતિ ગાથા-૩૫).

**(૯) કર્મબંધના પાંચ હેતુ છે (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) પ્રમાદ (૪) કષાય (૫) યોગ.**
અહીં પ્રમાદને કષાયમાં અંતર્ગત કરેલ નથી
(જુઓ તત્ત્વાર્થ અધ્યાય ૮ સૂત્ર ૧લું)

**(૧૦) યોગ હેતુવાળી - સાતાવેદનીય**
**કષાય અને યોગ હેતુવાળી - ૬૫ પ્રકૃતિ**
**અવિરતિ, કષાય, યોગ હેતુવાળી - ૩૫ પ્રકૃતિ**
**ચાર હેતુવાળી - ૧૬ પ્રકૃતિ**
૧લા ગુણ.માં ચારે બંધ હેતુ હોવાથી ૧૬ પ્રકૃતિ ચાર હેતુવાળી. બીજા ગુણ.થી પાંચમા ગુણ. સુધી મિથ્યાત્વ વિના ત્રણ હેતુ હોવાથી ૩૫ પ્રકૃતિ ત્રણ હેતુવાળી, છઠ્ઠાગુણ.થી દશમા ગુણ. સુધી કષાય અને યોગ બે બંધના હેતુ હોવાથી ૬૫ પ્રકૃતિ બે હેતુવાળી. અગ્યારમા ગુણ.થી સંયોગી ગુણ. સુધી એક યોગ હેતુ હોવાથી સાતાવેદનીય એક હેતુવાળી.
(પંચસંગ્રહ ભા.૧ દ્વાર-૪થું ગા. ૪)

## ચૌદ ગુણસ્થાનકોમાં લેશ્યા

**छसु सव्वा तेउतिगं, इगि छसु सुक्का अजोगि अल्लेसा ।**
**बंधस्स मिच्छ अविरइ, कसाय जोगत्ति चउ हेऊ ॥५०॥**

**શબ્દાર્થ**

**अल्लेसा** - લેશ્યારહિત || **हेऊ** - હેતુઓ કહ્યા છે.

**ગાથાર્થ :-** (પહેલા) છ ગુણસ્થાનકોમાં સર્વ લેશ્યા હોય છે. સાતમા એક ગુણસ્થાનકે તેજોઆદિ ત્રણ લેશ્યા હોય છે. અને અપૂર્વકરણાદિ છ ગુણસ્થાનકમાં માત્રશુક્લ લેશ્યા હોય છે. અયોગી ભગવાન અલેશી (લેશ્યારહિત) છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગ એમ બંધના મુખ્ય ચાર હેતુઓ છે. (૫૦)

**વિવેચન :-** હવે ચૌદ ગુણસ્થાનકોમાં લેશ્યા કહે છે. મિથ્યાત્વથી પ્રમત્તગુણ. સુધી છ લેશ્યા હોય છે. તેમાં કૃષ્ણ-નીલ-અને કાપોત લેશ્યા અશુભ છે. છતાં તેને છ ગુણસ્થાનક કહ્યા તે પૂર્વ પ્રતિપન્નને આશ્રયી જાણવા. એટલે કે પહેલા ગુણસ્થાનક પામે પછી અશુભ લેશ્યા આવી શકે, જો પહેલા અશુભલેશ્યા હોય તો ચાર ગુણસ્થાનક સુધી ચઢી શકે. એટલે પ્રતિપદ્યમાનની અપેક્ષાએ પાંચમા આદિ ગુણઠાણા પામતી વખતે અશુભલેશ્યા હોય નહિ.

અહિ નીચેના ગુણસ્થાનકથી જેમ જેમ ઉપરના ગુણસ્થાનકે જાય તેમ તેમ અશુભ લેશ્યા મંદ થતી જાય છે. અને શુભ લેશ્યામાં વર્તતો હોય તો તીવ્ર થતી જાય છે. એમ જાણવું. તેથી મિથ્યાત્વ ગુણસ્થાનકે અશુભલેશ્યા તીવ્ર, તીવ્રતમ હોય અને શુભલેશ્યામંદ, મંદતમ હોય પ્રમત્ત ગુણઠાણે અશુભલેશ્યા મંદ મંદતમ હોય અને શુભલેશ્યા તીવ્ર, તીવ્રતમ હોય છે.

એક એક લેશ્યાના અધ્યવસ્થાનો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ છે. તેથી દરેક લેશ્યાના જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ અધ્યવસ્થાનો હોય તેથી જ શુક્લ આદિ શુભ લેશ્યા મિથ્યાત્વ આદિ ૬ ગુણસ્થાનમાં પણ સંભવે, પરંતુ ત્યારે ઉત્કૃષ્ટ શુભ પરિણામ ન હોય અને સમ્યક્ત્વ આદિ ગુણસ્થાનકમાં આવે ત્યારે કૃષ્ણાદિ લેશ્યા હોય પરંતુ જઘન્ય મધ્યમ પરિણામ હોય તેમ જાણવું. જોકે નવું ઉપશમ સમ્યક્ત્વ પામતી વખતે મિથ્યાત્વે પણ શુભ લેશ્યા જ હોય.

અપ્રમત્ત ગુણઠાણે તેજો, પદ્મ અને શુક્લલેશ્યા હોય છે. ત્યાં અશુભ પરિણામ ન હોય તેથી અશુભ લેશ્યા ન હોય. અપૂર્વકરણ ગુણસ્થાનકથી સયોગી ગુણસ્થાનક સુધી એક જ શુક્લ લેશ્યા હોય છે. કારણકે આ ગુણસ્થાનકો શ્રેણીમાં અતિશય નિર્મળ પરિણામવાળાં છે તેથી શુક્લલેશ્યા એક જ સંભવે છે. અયોગી ગુણઠાણાવાળા ભગવાન યોગરહિત છે માટે લેશ્યા પણ હોય નહિ.

**આ પ્રમાણે ૧૪ ગુણ૦ ઉપર લેશ્યા દ્વાર જાણવું.**

ચૌદ ગુણઠાણા ઉપર લેશ્યા દ્વાર કહીને હવે **બંધહેતુ કહે છે.** પ્રતિસમયે સંસારીજીવો કર્મનો બંધ કરે છે. તેના મુખ્ય અભ્યંતર હેતુ ચાર છે.

(૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ (૩) કષાય (૪) યોગ.

(૧) **મિથ્યાત્વ :-** સર્વજ્ઞ ભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે તે વસ્તુ તે સ્વરૂપે ન માનવી પરંતુ ભિન્ન સ્વરૂપે માનવી તે મિથ્યાત્વ.

(૨) **અવિરતિ :-** મન વચન અને કાયા દ્વારા સાવદ્ય પ્રવૃત્તિ કરવી અથવા સાવદ્યથી નિવૃત્ત ન થવું, જીવહિંસાથી વિરામ ન પામવું.

(૩) **કષાય :-** સંસારની વૃદ્ધિ કરનાર આત્મિક પરિણામ તે કષાય.

(૪) **યોગ :-** મન-વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિ તે યોગ, અર્થાત્ મન, વચન અને કાયા વડે આત્મપ્રદેશોમાં પરિસ્પંદન તે

આ રીતે કર્મબંધના મુખ્ય હેતુ ચાર છે હવે તેના ઉત્તરભેદ કહે છે.

પ્રશ્ન- તત્ત્વાર્થાદિમાં પ્રમાદને બંધ હેતુ કહ્યો છે. તો અહીં કેમ ગણ્યો નથી.

ઉત્તર- મદ્યવિષયરૂપ પ્રમાદને અવિરતિમાં અંતર્ગત ગણેલ છે.

**अभिगहियमणभिगहिया, भिन्निवेसिय संसइय मणाभोगं ।**
**पणमिच्छ बार अविरइ, मणकरणा नियमु छजियवहो ॥५१॥**

**શબ્દાર્થ**

**अभिगहियं** - અભિગૃહિત
**आभिनिवेसिय** - આભિનિવેશિક
**संसइय** - સાંશયિક

**मणकरणानियमु** - મન અને ઇન્દ્રિયનો અસંયમ
**छजियवहो** - ૭ પ્રકારના જીવનો વધ

**ગાથાર્થ :-** અભિગૃહીત, અનભિગૃહીત, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગ એમ પાંચ પ્રકારના મિથ્યાત્વ છે. તથા મન અને પાંચ ઈન્દ્રિયોનો અસંયમ તથા છ જીવકાયનો વધ એમ બાર પ્રકારની અવિરતિ છે. (૫૧)

**વિવેચન :-** કર્મબંધના કારણોનું વિવરણ કરે છે. તેમાં પ્રથમ મિથ્યાત્વના ઉત્તરભેદ પાંચ છે.

(૧) **અભિગૃહીત મિથ્યાત્વ :-** પોતે માનેલું સાચું છે એમ સમજીને ખોટા ધર્મને સાચારૂપે પકડી રાખે અને અન્યધર્મને ખોટા માને. જોકે સાચું તે મારું એવી તેની સમજ હોય, પરંતુ મારું તે સાચું એવું ન હોય તેથી તેનું મિથ્યાત્વ જઈ શકે છે.

(૨) **અનભિગૃહિત :-** ગુણદોષ જાણ્યા વગર અજ્ઞાનદશાથી સર્વ ધર્મો સાચા છે, સારા છે, એમ માધ્યસ્થભાવ રાખીને બધા જ ધર્મોને સમાન માને પરંતુ સાચા ખોટાનો વિવેક ન હોય તે.

(૩) **આભિનિવેશિક :-** પોતે ગ્રહણ કરેલું ખોટું છે એમ જાણવા છતાં માનહાનિ, લજ્જા આદિના કારણે મૂકે નહિ. ગોષ્ઠામાહિલાદિ નિન્હવો થયા તે. "મારું તે સાચું" એવો કદાગ્રહ હોવાથી તે મિથ્યાત્વ જલદી જાય નહિ.

(૪) **સાંશયિક :-** સત્યતત્વોમાં અશ્રદ્ધાપૂર્વક શંકા કરવી અર્થાત્ અરિહંત પરમાત્માએ કહેલા વચનો ઉપર શંકા કરે ગીતાર્થ જ્ઞાનીનો યોગ હોવા છતાં અહંકારથી પૂછે નહી. અવિશ્વાસ કરે તે સાંશયિક.

(૫) **અનાભોગ :-** અજ્ઞાન દશાથી તત્ત્વાતત્ત્વનો અવિવેકરૂપ એકેન્દ્રિયાદિ જીવોનું જે અજ્ઞાન રૂપ અશ્રદ્ધા તે અનાભોગ મિથ્યાત્વ. સમજ વિનાનું, પદાર્થના યથાર્થજ્ઞાન વિનાનું જે મિથ્યાત્વ અનાભોગ મિથ્યાત્વ.

**અવિરતિ :-** તે બાર પ્રકારે છે. પાંચ ઈન્દ્રિય અને મનનો અનિગ્રહ અને છ કાય જીવનો વધ તે અવિરતિ કહેવાય છે. અનુકૂળ ઈન્દ્રિયના વિષયોમાં રાગ કરે અને પ્રતિકૂળતામાં દ્વેષ કરે તે ઈન્દ્રિયોનો અનિગ્રહ. વળી તે વિષયોમાં સમભાવ રાખે, મનમાં અનાસક્તિભાવ

આવે ત્યારે નિગ્રહ કર્યો કહેવાય. આમ ઈન્દ્રિયો પોતાના વિષયમાં પ્રવર્તતી હોય ત્યારે અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ ન કરે ત્યારે જ નિગ્રહ કર્યો કહેવાય. નહિતર અનિગ્રહ કહેવાય. હિંસા માટે વિચાર કરવો, કોઈનું ખરાબ કરવાની પ્રવૃત્તિ, બીજાના જ્ઞાન-દર્શન અને ચારિત્રને નુકશાન થાય તેવું કરે એવો પ્રયત્ન કરે તો પણ હિંસા કહેવાય.

મનને કુવિકલ્પોમાં જતું ન અટકાવવું તે મનની અવિરતિ તથા પૃથ્વીકાયઆદિ કોઈપણ જીવનો વધ કરવો તે ષટ્કાયની અપેક્ષાએ ૬ પ્રકારે કાયવધ રૂપ અવિરતિ છે. કુલ અવિરતિના બાર ભેદ છે.

**नवसोल कसाया पनर, जोग इय उत्तराउ सगवन्ना ।**
**इग चउ पण ति गुणेसु, चउ ति दुग इग पच्चओ बंधो ॥५२॥**

**ગાથાર્થ :-** નવ અને સોળ એમ કુલ ૨૫ કષાયો છે. તથા પંદર પ્રકારના યોગ છે. એ પ્રમાણે કુલ ૫૭ ઉત્તર બંધ હેતુ છે. ૧લા ગુણસ્થાનકને વિષે, ચાર ગુણસ્થાનકને વિષે, પાંચગુણસ્થાનકને વિષે અને ત્રણગુણસ્થાનકને વિષે અનુક્રમે ચાર-ત્રણ બે અને એક હેતુવાળો બંધ હોય છે. (૫૨)

**વિવેચન :-** અનંતાનુબંધી આદિ ચાર કષાયના ક્રોધાદિ ચાર-ચાર ભેદોની અપેક્ષાએ ૧૬ કષાયો છે. તથા હાસ્યાદિષટ્ક અને ત્રણ વેદ એમ નવ નોકષાય છે. હાસ્યાદિ નવને ગ્રંથકારે **નોકષાય** કહ્યા છે કારણકે કષાય નથી પણ કષાયને ઉત્તેજક, પ્રેરક, ઉદ્દીપક હોવાથી તેને **નોકષાય** કહ્યા છે.

તેમજ યોગરૂપ બંધહેતુમાં મનના ચાર, વચનના ચાર અને કાયાના ૭ એમ પંદર પ્રકારના યોગ જાણવા. જેનું સવિસ્તાર વર્ણન આ ગ્રંથની ચોવીશમી ગાથામાં આવેલ છે. ત્યાં સમજાવ્યું છે.

આમ કર્મબંધના મુખ્ય હેતુના અનુક્રમે ૫+૧૨+૨૫+૧૫ કુલ ૫૭ ઉત્તરભેદ દ્વારા જીવ કર્મ બાંધે છે.

હવે ક્યા ગુણઠાણે કેટલા મૂળબંધહેતુવાળું કર્મ બાંધે છે. તે કહે છે. પહેલા ગુણઠાણે જીવને મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એમ ચાર હેતુવાળો કર્મ બંધ છે. સાસ્વાદનથી આરંભીને દેશવિરતિ સુધીના

ચાર ગુણઠાણાને વિષે અવિરતિ કષાય અને યોગ એમ મૂળ ત્રણ બંધહેતુવાળો કર્મબંધ છે. આ ગુણસ્થાનકોમાં મિથ્યાત્વ નથી તેથી મિથ્યાત્વના નિમિત્તવાળો કર્મબંધ ન હોય. પાંચમાં ગુણઠાણે ફક્ત ત્રસકાયની વિરતિ છે. શેષ પાંચ જીવભેદની અવિરતિ છે. તથા ત્રસકાયમાં પણ નિરઅપરાધિ એવા ત્રસની નિરપેક્ષીને સંકલ્પીને હિંસા ન કરે. પણ અપરાધિ એવા ત્રસની સાપેક્ષપણે હિંસા તો છે. તેથી ત્યાં અવિરતિ નિમિત્તક બંધ કહ્યો છે.

પ્રમત્તથી સૂક્ષ્મસંપરાય સુધીના પાંચ ગુણસ્થાનકોમાં કષાય અને યોગ એમ બે બંધહેતુ પ્રત્યયિક કર્મનો બંધ છે. આ પાંચ ગુણસ્થાનકોમાં મિથ્યાત્વ અને અવિરતિ નથી તેથી શેષ બે બંધહેતુવાળો બંધ હોય તથા ઉપશાંત મોહ, ક્ષીણમોહ અને સયોગી આ ત્રણ ગુણઠાણે માત્ર એક યોગ નિમિત્તક બંધ છે. કારણકે કષાયનો ઉદય સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી છે. ઉપશાંત મોહે કષાયનો ઉપશમ અને ક્ષીણમોહે કષાયનો ક્ષય થયેલ છે. તેથી યોગ નિમિત્તક જ બંધ હોય છે. ચૌદમે ગુણસ્થાનકે યોગ પણ ન હોવાથી એકેય બંધહેતુ હોય નહી. તેથી હેતુ પ્રત્યયિક બંધ નથી અર્થાત્ બંધ ન હોય.

**चउमिच्छ मिच्छ अविरइ, पच्चइया साय सोल पणतीसा ।**
**जोगविणु तिपच्चइया, हारगजिण वज्ज सेसाओ ॥५३॥**

**શબ્દાર્થ**

**पय्यइया** - હેતુવાળો
**हारगजिणवज्ज** - આહારકદ્વિકે અને જિનનામ વિના

**ગાથાર્થ :-** સાતાવેદનીયનો બંધ ચાર હેતુવાળો, સોળ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ હેતુવાળો, પાંત્રીસ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ અને અવિરતિ એમ બે હેતુવાળો, અને આહારકદ્વિક તથા જિનનામ વિના ૬૫ પ્રકૃતિનો બંધ યોગ વિના ત્રણ હેતુ વાળો છે. (૫૩)

**વિવેચન :-** સાતાવેદનીય ૧થી ૧૩ ગુણસ્થાનક સુધી બંધાય છે. તેમાં પહેલા ગુણઠાણે જે સાતાવેદનીય બંધાય છે. તે મિથ્યાત્વ આદિ ચારે હેતુથી બંધાય છે. બીજાથી પાંચમા સુધી મિથ્યાત્વ ન હોવા છતાં

બંધાય છે તે અવિરતિ આદિ ત્રણના નિમિત્તથી બંધાય. તથા છઠ્ઠાથી દસમા સુધી મિથ્યાત્વ અને અવિરતિ ન હોવા છતાં કષાય અને યોગથી બંધાય છે. અને ૧૧-૧૨-૧૩ આ ગુણઠાણે પણ સાતા બંધાય છે ત્યાં યોગ નિમિત્તક છે તેથી સાતાનો બંધ ચાર નિમિત્તક છે. આ રીતે સાતાનો બંધ ચારે હેતુથી થાય છે.

તથા પહેલા ગુણઠાણાના અંતે બંધવિચ્છેદ થતી ૧૬ પ્રકૃતિનો બંધ એક મિથ્યાત્વના નિમિત્તવાળો છે. જ્યારે આ સોળ પ્રકૃતિનો બંધ થાય છે ત્યારે મિથ્યાત્વ હોય છે. અને મિથ્યાત્વ ન હોય તો આ સોળ પ્રકૃતિનો બંધ થતો નથી માટે મિથ્યાત્વ નિમિત્તક બંધ કહ્યો છે. જોકે સોળ પ્રકૃતિનો બંધ થાય છે ત્યારે અવિરતિ, કષાય અને યોગ એમ શેષ ત્રણ બંધ હેતુ પણ છે પરંતુ મિથ્યાત્વ ન હોય અને ત્રણે હેતુ હોય તો બંધ થતો નથી માટે સોળ પ્રકૃતિનો એક મિથ્યાત્વ જ બંધ હેતુ જાણવો.

તથા બીજા ગુણઠાણાને અંતે બંધવિચ્છેદ થતી ૨૫ પ્રકૃતિ અને ચોથાને અંતે બંધવિચ્છેદ થતી ૧૦ પ્રકૃતિ એમ કુલ પાંત્રીસ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ અને અવિરતિ એમ બે બંધહેતુવાળો છે. કારણકે આ પાંત્રીસ પ્રકૃતિનો બંધ ૧લે ગુણ૦ થાય ત્યારે ત્યાં મિથ્યાત્વ અને અવિરતિના નિમિત્તે થાય અને બીજાથી ચોથા ગુણ૦ સુધીમાં પણ ત્યાં અવિરતિના નિમિત્તવાળો છે. પરંતુ પ્રમત્ત આદિ ગુણઠાણામાં કષાય અને યોગ હોવા છતાં આ પાંત્રીસ પ્રકૃતિનો બંધ નથી તેથી પાંત્રીસ પ્રકૃતિના બંધહેતુ મિથ્યાત્વ અને અવિરતિ એમ બે છે.

ઉપર જણાવેલ ૧+૧૬+૩૫=૫૨ પ્રકૃતિઓ વિના બાકીના ૬૮ પ્રકૃતિ છે. તેમાંથી આહારકદ્વિક અને જિનનામ વિના ૬૫ પ્રકૃતિનો બંધ યોગ વિના ત્રણ બંધહેતુવાળો છે કારણ કે આ પાંસઠ પ્રકૃતિનો બંધ ૧થી ૧૦ ગુણસ્થાનકમાં છે. ત્યાં પહેલે ગુણઠાણે બંધાય ત્યારે મિથ્યાત્વ આદિ ત્રણ હેતુવાળો, બીજાથી પાંચમાં ગુણઠાણે બંધાય ત્યારે અવિરતિ, કષાય હેતુવાળો અને છઠ્ઠાથી દસમા ગુણ૦માં પણ કેટલીક પ્રકૃતિઓનો બંધ છે. તેથી કષાય નિમિત્તક બંધ છે. અગ્યારમાથી તેરમાં ગુણ૦ સુધી યોગ બંધહેતુ હોવા છતાં આ પાંસઠ પ્રકૃતિનો બંધ નથી તેથી યોગ

પ્રત્યયિક બંધ કહેવાય નહિ. આહારકદ્વિક અને જિનનામ તો સંયમ અને સમ્યક્ત્વ સહિત વિશિષ્ટ પ્રકારના શુભ કષાયથી બંધાય છે માટે તેને જુદા ગણ્યા છે.

જોકે જિનનામના બંધમાં અવિરતિ, કષાય અને યોગ તથા આહારક દ્વિકના બંધમાં કષાય અને યોગ કહી શકાય. પરંતુ તે વિશિષ્ટ ગુણ આવે ત્યારે પ્રશસ્ત કષાય આદિ હેતુ બને છે. તેથી તેમાં ગુણની મુખ્યતા હોવાથી અવિરતિ આદિને બંધ હેતુ રૂપે કહ્યા નથી - सम्मत्तगुण निमित्तं तित्थयरं संजमेण आहारं (બૃહત્ કલ્પ ગા૦ ૪૫)

## ચૌદ ગુણસ્થાનકોમાં ઉત્તર હેતુ.

**पणपन्न पन्ना तिअछहिय, चत्तगुणचत्त छचउदुगवीसा ।**
**सोलस दस नव नव सत्त, हेउणो नउ अजोगिंमि ॥५४॥**

### શબ્દાર્થ

**तिअछहियचत्त** - ત્રણ અને છ અધિક એવા ચાલીસ

**गुणचत्त** - ઓગણચાલીશ

**छचउ दुगवीसा** - છ-ચાર અને બે અધિક વીશ

**ગાથાર્થ :-** પંચાવન, પચાસ, તેતાલીશ, છેંતાલીશ, ઓગણચાલીશ છવ્વીસ, ચોવીશ, બાવીશ, સોળ, દશ, નવ, નવ અને સાત બંધહેતુઓ પહેલા ગુણસ્થાનકથી અનુક્રમે તેરમા ગુણઠાણા સુધી હોય છે. અને ચૌદમે અયોગી ગુણઠાણે કોઈપણ બંધહેતુ હોય નહિ. (૫૪)

આ ગાથામાં બંધહેતુની માત્ર સંખ્યા બતાવી છે ક્યા ગુણઠાણે ક્યા બંધહેતુ હોય તે હવે પછીની ગાથાંમાં જણાવે છે.

**पणपन्नमिच्छिहारग दुगूण सासणि पन्नमिच्छिविणा ।**
**मीसदुग कम्म अणविणु तिचत्त मीसे अह छचत्ता ॥५५॥**

## શબ્દાર્થ

| | |
|---|---|
| **पणपन्न** - પંચાવન | **तिचत्त** - તેતાલીશ |
| **मीसदुग** - મિશ્રદ્વિક | **अह** - હવે |
| **अणविणु** - અનંતાનુબંધી વિના | **छचत्ता** - છેતાલીશ |

**ગાથાર્થ :-** આહારકદ્વિક વિના મિથ્યાત્વે પંચાવન, પાંચ મિથ્યાત્વ વિના સાસ્વાદને પચાસ, બે મિશ્રયોગ, કાર્મણ કાયયોગ અને અનંતાનુબંધી વિના મિશ્રે તેતાલીશ બંધ હેતુ છે. હવે ચોથે છેતાલીશ ક્યાં તે હવે કહેવાય છે. (૫૫)

**વિવેચન :- મિથ્યાત્વ** ગુણસ્થાનકે જુદાજુદા જીવ આશ્રયી અથવા એકજીવને જુદાજુદા કાળ આશ્રયી કુલ **૫૫ બંધહેતુ** હોય છે. તે આ પ્રમાણે પંદર યોગમાંથી આહારકદ્વિક આ ગુણઠાણે હોય નહિ. કારણકે સંયમી-ચૌદપૂર્વધર આહારક શરીર બનાવી શકે. ત્યાં પહેલે ગુણસ્થાનકે સંયમ નથી તેથી પાંચ મિથ્યાત્વ, બાર અવિરતિ, પચ્ચીસ કષાય અને ૧૩ યોગ એમ ૫૫ બંધ હેતુ હોય.

**સાસ્વાદન** ગુણઠાણે પાંચ મિથ્યાત્વ વિના **૫૦ બંધહેતુ** હોય કારણકે સાસ્વાદને પણ સંયમ ચૌદપૂર્વના અભ્યાસનો અભાવ છે તેથી આહારકદ્વિક હોય નહિ. અને મિથ્યાત્વનો ઉદય ન હોવાથી પાંચ પ્રકારના મિથ્યાત્વ પણ નથી તેથી ૫૦ બંધહેતુ જાણવા.

**મિશ્ર**ગુણઠાણે તે પચાસમાંથી ઔદારિકમિશ્ર વૈક્રિયમિશ્ર કાર્મણ કાયયોગ અને અનંતાનુબંધી ચાર કષાય એમ સાત બંધહેતુ વિના તેંતાલીશ બંધ હેતુ છે. મિશ્રગુણઠાણે વર્તતો જીવ મૃત્યુ પામે નહી. તેથી વિગ્રહગતિ અને અપર્યાપ્તાવસ્થા પણ હોય નહીં માટે તે અવસ્થામાં સંભવતા ત્રણયોગ હોય નહિ. તથા અનંતાનુબંધી ચાર કષાયનો ઉદય બીજા ગુણ૰ સુધી જ છે. એટલે ત્રીજાઆદિમાં આ ચાર કષાય નથી માટે ત્રીજા ગુણઠાણે **૪૩ બંધહેતુ** છે. હવે ચોથે ગુણઠાણે છેતાલીશ બંધહેતુઓ છે તે કહે છે.

**सदुमिस्स कम्म अजए अविरइ कम्मुरल मीस बिकसाए ।**
**मुत्तुं गुणचत देसे छवीस साहारदु पमत्ते ॥५६॥**

## શબ્દાર્થ

**सदुमिस्स कम्म** - બેમિશ્ર અને કાર્મણ કાયયોગ સહિત

**अविरइ** - ત્રસકાયની અવિરતિ

**कम्मुरलमीस** - કાર્મણ અને ઔદા૦ મિશ્ર

**ગાથાર્થ :-** બે મિશ્ર યોગ અને કાર્મણ કાયયોગ સહિત એમ અવિરત સમ્યગ્દૃષ્ટિમાં છેતાલીસ બંધહેતુ હોય છે. ત્રસકાયની અવિરતિ, કાર્મણ, ઔદારિકમિશ્ર અને બીજા અપ્રત્યાખ્યાની કષાય એમ સાત વિના ઓગણચાલીશ બંધ હેતુ દેશવિરતિ ગુણસ્થાનકમાં હોય છે. તેમાં આહારકદ્વિક સહિત (અને આગળની ગાથામાં કહેવાતી ૧૧ અવિરતિ અને ત્રીજા કષાય વિના) પ્રમત્ત ગુણઠાણે છવ્વીસ બંધહેતુ હોય છે. (૫૬)

**વિવેચન :- ચોથા અવિરતિ** ગુણઠાણામાં બે મિશ્ર અને કાર્મણ સહિત પૂર્વના હેતુ સાથે છેતાલીશ બંધ હેતુ છે. કારણ કે આ ગુણઠાણે વર્તતા જીવો મૃત્યુ પામે છે. આ ગુણ૦ સહિત પરભવમાં જાય છે. તેથી વિગ્રહગતિ અને અપર્યાપ્તાવસ્થા હોવાથી ૩ યોગ સંભવે છે તેથી **છેતાલીશ** બંધહેતુ હોય છે.

**પાંચમા દેશવિરતિ** ગુણઠાણે **ઓગણચાલીશ** બંધહેતુ હોય છે. કારણકે પાંચમા ગુણઠાણામાં દેશવિરતિ છે. તેથી ત્યાં ત્રસકાયની અવિરતિ હોય નહિ. પાંચમા ગુણઠાણામાં મરણ સંભવે છે. પરંતુ દેશવિરતિગુણ યાવત્જીવ જ હોય. ભવાંતરમાં જતા વિગ્રહગતિમાં અવિરતિપણું પામે છે. તેથી વિગ્રહગતિવાળા કાર્મણ અને ઔદારિકમિશ્ર સંભવે નહિ. વળી લબ્ધિધારી મનુષ્ય તિર્યંચ પાંચમા ગુણઠાણે અંબડ શ્રાવકની જેમ વૈક્રિયલબ્ધિ ફોરવે છે. તેથી વૈક્રિયમિશ્રયોગ સંભવે છે. તથા બીજો અપ્રત્યાખ્યાની કષાય દેશવિરતિનો ઘાતક છે. અપ્રત્યાખ્યાનીયનો ઉદય હોય તો દેશવિરતિ ગુણ આવે નહિ. તેનો

ક્ષયોપશમ હોય તો જ દેશવિરતિ આવે છે. તેથી બે યોગ ચાર કષાય અને ત્રસની અવિરતિ એ સાત વિના ૩૯ બંધ હેતુ હોય.

હવે છઠ્ઠા **પ્રમત્ત** ગુણઠાણે ૨૬ બંધ હેતુ હોય છે. તે જણાવે છે. ૩૯ બંધ હેતુમાં આહારકદ્વિક ઉમેરવી, કારણકે છઠ્ઠા ગુણઠાણે સર્વવિરતિ અને ચૌદપૂર્વના અભ્યાસનો યોગ છે તેથી આહારક શરીર બનાવી શકે છે. માટે આહારકદ્વિક હોય અને આગળની ગાથામાં કહ્યા પ્રમાણે ૧૧ અવિરતિ અને ત્રીજો કષાય એમ ૧૫ બંધ હેતુ રહિત કરવાથી **૨૬ બંધ હેતુ** હોય છે.

**अविरइ इगार तिकसाय, वज्ज अपमत्ति मीसदुगरहिया ।**
**चउवीस अपुव्वे पुण, दुवीस अविउव्वियाहारे ॥५७॥**

**શબ્દાર્થ**

**अविरइ इगार** - અગ્યાર અવિરતિ
**वज्ज** - વિના
**अविउव्वियाहारे** - વૈક્રિય અને આહારક કાયયોગ વિના

**ગાથાર્થ :-** અગ્યાર અવિરતિ અને ત્રીજા પ્રત્યાખ્યાની કષાય વિના પ્રમત્તે ૨૬ બંધ હેતુ હોય. તેમાંથી વૈક્રિયમિશ્ર અને આહારક મિશ્ર વિના અપ્રમત્તે ૨૪ બંધ હેતુ છે. વળી અપૂર્વકરણે વૈક્રિય કાયયોગ અને આહારક કાયયોગ વિના ૨૨ બંધહેતુ હોય છે. (૫૭)

**વિવેચન :- પ્રમત્ત ગુણઠાણે** સર્વવિરતિ ચારિત્ર છે. તેથી પૃથ્વીકાયાદિ પાંચ કાયની હિંસારૂપ પાંચ અવિરતિ અને મન અને પાંચ ઇન્દ્રિયોના અનિગ્રહ રૂપ છ અવિરતિ કુલ અગ્યાર અવિરતિ સંભવે નહિ. તથા પ્રત્યાખ્યાનાવરણ કષાય સર્વવિરતિગુણનો ઘાતક છે તેથી તે કષાયનો ઉદય ન હોય તો જ સર્વવિરતિ આવે, માટે પ્રત્યાખ્યાની કષાય હોય નહિ. વળી આહારક લબ્ધિ ફોરવે તેથી તે બે યોગ સહિત કરવાથી કુલ **૨૬ બંધહેતુ** હોય.

**સાતમા** ગુણઠાણે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર વિના **૨૪** બંધહેતુ હોય. કારણકે લબ્ધિ ફોરવવી તે પ્રમાદ છે અને સાતમું

ગુણઠાણું અપ્રમત્ત છે તેથી લબ્ધિ ફોરવે નહિ. માટે બે મિશ્રયોગ ન હોય. પણ લબ્ધિ છટ્ઠે ગુણઠાણે ફોરવી સાતમું ગુણઠાણું પામી શકે છે. તેથી વૈક્રિયકાયયોગ અને આહારક કાયયોગ હોય માટે ૨૪ બંધહેતુ છે.

**અપૂર્વકરણ** ગુણઠાણે વૈક્રિય અને આહારક કાયયોગ વિના **૨૨** બંધહેતુ છે. કારણ કે જેમણે છટ્ઠે ગુણઠાણે વૈક્રિય કે આહારક લબ્ધિ ફોરવી તે સાતમે ગુણઠાણે જઈ શકે પણ આઠમું ગુણઠાણું પામી શકે નહિ. આઠમે ગુણઠાણે શ્રેણી ચઢતો હોવાથી અતિશય વિશુદ્ધિવાળો હોય છે. તેથી લબ્ધિવાળા તે બે યોગ ન હોય માટે ૨૨ બંધ હેતુ હોય.

**अछ्हास सोल बायरि, सुहुमे दस वेअसंजलण ति विणा ।**
**खीणुवसंति अलोभा, सजोगि पुव्वुत्त सग जोगा ॥५८॥**

**શબ્દાર્થ**

**अछ्हास** - હાસ્યષટ્ક વિના
**वेअसंजलणाति** - ત્રણવેદ અને સંજ્વલનત્રિક
**खीणुवसंति** - ક્ષીણમોહ અને ઉપશાંત મોહ
**पुव्वुत्त** - પૂર્વ કહેલા

**ગાથાર્થ :-** હાસ્યષટ્ક વિના બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકમાં સોળ બંધ હેતુ હોય છે. અને સૂક્ષ્મસંપરાયમાં ત્રણ વેદ અને સંજ્વલનત્રિક વિના દસ બંધ હેતુ હોય છે. તેમાંથી લોભ વિના નવ બંધ હેતુ **ક્ષીણમોહ** અને **ઉપશાંત** મોહે હોય છે. **સયોગીકેવલી**માં પૂર્વ કહેલા સાત યોગ હોય છે. (૫૮)

**વિવેચન :-** અપૂર્વકરણ ગુણ૰માં કહેલા બાવીશ બંધ હેતુમાંથી **નવમા ગુણઠાણે** હાસ્યષટ્ક વિના **સોળ બંધહેતુ** હોય છે. કારણ કે હાસ્યષટ્કનો ઉદય આઠમા ગુણઠાણા સુધી જ છે. પછી તેનો ઉપશમ કે ક્ષય કરવાનો હોવાથી ઉદય ન હોય.

હવે **૧૦મા સૂક્ષ્મસંપરાય** ગુણ૰માં ત્રણવેદ અને સંજ્વલન ક્રોધ-માન માયા એ છ વિના **દસ બંધહેતુ** હોય છે કારણ કે ત્રણવેદ અને સંજ્વલન ત્રિકનો ઉદય નવમા ગુણસ્થાનકે હોય છે. અને ત્યાં

તેનો ઉપશમ કે ક્ષય થાય માટે દશમા ગુણ૦માં ન હોય.

**અગ્યારમા** અને **બારમા** ગુણઠાણે લોભ વિના બાકીના **નવ** યોગરૂપ **બંધહેતુ** હોય છે કારણ કે અગ્યારમે લોભનો ઉપશમ અને બારમે લોભનો ક્ષય થયેલ હોવાથી ઉદય નથી તેથી શેષ નવયોગ તે રૂપ બંધહેતુઓ હોય છે.

તેરમા **સયોગી** કેવલી ગુણઠાણે પૂર્વે યોગદ્વારમાં કહેલ **સાત** યોગ તે રૂપ બંધહેતુઓ હોય છે. પહેલો અને છેલ્લો મનનો અને વચનનો યોગ ઔદારિકદ્વિક અને કાર્મણ એમ કુલ સાતયોગ હોય છે. અયોગી ભગવાન મૂલ બંધ હેતુ અને ઉત્તર ભેદથી રહિત હોવાથી એકપણ ઉત્તર બંધહેતુ હોય નહિ.

મિથ્યાત્વથી સયોગી સુધી જે બંધહેતુ કહ્યા તે સર્વે તે તે ગુણઠાણે વર્તતા અનેક જીવો આશ્રયી જાણવા. પરંતુ એક જીવને એક સમયે ન હોય. એક સમયે એકી સાથે કેટલા બંધ હેતુ હોય તેનું વિસ્તારથી વર્ણન આ પ્રમાણે છે.

## મિથ્યાત્વે બંધ હેતુના વિકલ્પ અને ભાંગાની રીત

(૧) પાંચ પ્રકારના મિથ્યાત્વમાંથી કોઈપણ એક જીવને એક સમયે એક જ મિથ્યાત્વ હોય, એક સાથે વધારે ન હોય. તેથી ભાંગામાં મિથ્યાત્વ એક સમજવું અને વિકલ્પ પાંચ જાણવા.

(૨) અવિરતિમાં મન અને પાંચ ઇન્દ્રિયનો અનિગ્રહ અને છ કાયનો વધ એમ ૧૨ છે. પરંતુ સંજ્ઞીને મનનો અસંયમ પાંચે ઇન્દ્રિયની સાથે અંતર્ગત હોય છે. કારણ કે પાંચે ઇન્દ્રિયો સાથે મન જોડાયેલ હોય તો જ ઇન્દ્રિયો વિષયમાં આસક્ત પામે. તેથી મનનો અસંયમ જુદો ગણવો નહિ. એટલે એક જીવને એક કાળે પાંચે ઇન્દ્રિયમાંથી કોઈપણ એક ઇન્દ્રિયનો અનિગ્રહ હોય, કારણ કે એક સમયે એક જ ઇન્દ્રિયના વિષયમાં ઉપયોગવંત હોય છે. જોકે એક કરતા વધારે ઇન્દ્રિયોનો વ્યાપાર હોય, પરંતુ એક સમયે આત્માનો ઉપયોગ એક ઇન્દ્રિયના વિષયમાં જ હોય દા. ત. જે સમયે જીભ શેરડીની મીઠાશને અનુભવે

તે જ સમયે નાક શેરડીની સુગંધને ગ્રહણ કરે, પણ તેમાં જીવનો ઉપયોગ ન હોય માટે પાંચ ઇન્દ્રિયમાંથી ૧ ઇન્દ્રિયનો અનિગ્રહ જાણવો.

(૩) કષાયના પચીસ ભેદમાં ૧૬ કષાય હાસ્યાદિ ૬ નોકષાય અને ત્રણવેદ એમ ત્રણ ભાગ જાણવા. ત્યાં ક્રોધ માન માયા અને લોભમાંથી ૧ સમયે એક જીવને કોઈપણ ક્રોધાદિમાંથી એકનો ઉદય હોય તેમાં ૧-૨માં ગુણ૦માં અનંતાનુબંધી આદિ ચારે ક્રોધનો સાથે ઉદય હોય પરંતુ માન-માયા અને લોભનો ઉદય ન હોય. અનંતાનુબંધી આદિ ચારે માનનો ઉદય હોય ત્યારે ક્રોધ માયા લોભનો ઉદય ન હોય. આમ ક્રોધ-માન-માયા અને લોભમાંથી કોઈપણ એકનો ઉદય એક સાથે જાણવો અને તે ઉ૦થી અંતર્મુહૂર્ત સુધી સતત હોય.

(૪) એક સમયે એક જીવને નવમા ગુણ સુધી કોઈપણ એક વેદનો ઉદય હોય.

(૫) હાસ્ય-રતિ જ્યારે ઉદયમાં હોય ત્યારે અરતિ શોક ઉદયમાં ન હોય અને અરતિ શોક હોય ત્યારે હાસ્યરતિ ઉદયમાં ન હોય તેથી ૧ જીવને એક સાથે એક યુગલ ઉદયમાં આઠમા ગુણ૦ સુધી હોય. તેથી બેમાંથી એક યુગલ જાણવું.

(૬) કોઈપણ એક જીવને એક સમયે એક યોગનો વ્યાપાર હોય, જોકે મન-વચન અને કાયાનો વ્યાપાર સાથે હોય, જેમ ટી.વી જોતાં જોતાં ખાય, તેની સુગંધ પણ આવે છતાં આત્માનો ઉપયોગ એકયોગમાં જ હોય.

(૭) છ કાયના વધમાંથી એક જીવને એક સમયે જઘન્યથી ૧ કાયની હિંસા હોય. કોઈ વખત **બે કાયની** હિંસા હોય, તે આ પ્રમાણે પાણીમાં મીઠું નાખે તો અપ્‌કાય અને પૃથ્વીકાયની હિંસા થાય. અથવા કાકડી ઉપર મીઠું નાખવું તે પણ પૃથ્વીકાય અને વનસ્પતિની એમ બે કાયની હિંસા થાય. કોઈ જીવને એકી સાથે **ત્રણ કાયની પણ** વિરાધના હોય. મીઠાવાળી કાકડીને ચુલામાં નાખવાથી ત્રણ કાયની વિરાધના

થાય. કોઈ એક જીવને **ચાર કાયની** વિરાધના થાય. કોઈ એક જીવ **પાંચ કાયની** વિરાધના સાથે પણ કરે, નદીના પાણીમાં સળગતો લાકડાનો ટુકડો ફેંકવાથી અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, અને ત્રસકાય એમ પાંચ કાયની વિરાધના થાય. અને કોઈ જીવને **છએ કાયની** વિરાધના એકી સાથે હોય તેથી જઘન્યથી ૧ કાયનો વધ અને વધુમાં વધુ બે-ત્રણથી યાવત્ છએ કાયનૌ વધ જાણવો.

(૮) ભય અને જુગુપ્સા અધ્રુવોદયી હોવાથી ક્યારેક ઉદયમાં હોય અને ક્યારેક ઉદયમાં ન પણ હોય, વળી ક્યારેક એકલો ભય જ ઉદયમાં હોય તો ક્યારેક એકલો જુગુપ્સા ઉદયમાં હોય છે. કોઈ વાર બન્ને પણ સાથે ઉદયમાં હોય.

ઉપર જણાવ્યું તેમ કાયનો વધ જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી છ નો હોય, તેથી તેના એક સંયોગી વગેરે ભાંગા થાય, તેમાં એક સંયોગી છ ભાંગા થાય તે આ પ્રમાણે.

છ કાયના વધમાં જ્યારે ૧ કાયનો વધ હોય તો (૧) પૃથ્વીકાયનો વધ (૨) અપ્કાયનો વધ (૩) તેઉકાયનો વધ (૪) વાયુકાયનો વધ (૫) વનસ્પતિકાયનો વધ (૬) ત્રસકાયનો વધ તેથી ૧ કાયનો વધ હોય ત્યારે છ ભાંગા થાય છે. બે કાયનો વધ હોય ત્યારે બે કાયના દ્વિસંયોગી ૧૫ ભાંગા થાય છે. તે આ પ્રમાણે છે.

## દ્વિસંયોગી ૧૫ ભાંગા

| | | |
|---|---|---|
| પૃથ્વી૦ અપ્૦ | અપ્૦ તેઉ૦ | તેઉ૦ વન૦ |
| પૃથ્વી૦ તેઉ૦ | અપ્૦ વાઉ૦ | તેઉ૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ વાઉ૦ | અપ્૦ વન૦ | વાઉ૦ વન૦ |
| પૃથ્વી૦ વન૦ | અપ્૦ ત્રસ૦ | વાઉ૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ ત્રસ૦ | તેઉ૦ વાઉ૦ | વન૦ ત્રસ૦ |

## ત્રિસંયોગી ૨૦ ભાંગા

| | | |
|---|---|---|
| પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ | પૃથ્વી૦ વાઉ૦ વન૦ | અપ્૦ વાઉ૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ અપ્૦ વાઉ૦ | પૃથ્વી૦ વાઉ૦ ત્રસ૦ | અપ્૦ વન૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ અપ્૦ વન૦ | પૃથ્વી૦ વન૦ ત્રસ૦ | તેઉ૦ વાઉ૦ વન૦ |
| પૃથ્વી૦ અપ્૦ ત્રસ૦ | અપ્૦ તેઉ૦ વાઉ૦ | તેઉ૦ વાઉ૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ તેઉ૦ વાઉ૦ | અપ્૦ તેઉ૦ વન૦ | તેઉ૦ વન૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ તેઉ૦ વન૦ | અપ્૦ તેઉ૦ ત્રસ૦ | વાઉ૦ વન૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ તેઉ૦ ત્રસ૦ | અપ્૦ વાઉ૦ વન૦ | |

## ચતુઃસંયોગી ૧૫ ભાંગા

| | | |
|---|---|---|
| પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ વાઉ૦ | પૃથ્વી૦ અપ્૦ વન૦ ત્રસ૦ | અપ્૦ તેઉ૦ વાઉ૦ વન૦ |
| પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ વન૦ | પૃથ્વી૦ તેઉ૦ વાઉ૦ વન૦ | અપ્૦ તેઉ૦ વાઉ૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ ત્રસ૦ | પૃથ્વી૦ તેઉ૦ વાઉ૦ ત્રસ૦ | અપ્૦ તેઉ૦ વન૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ અપ્૦ વાઉ૦ વન૦ | પૃથ્વી૦ તેઉ૦ વન૦ ત્રસ૦ | અપ્૦ વાઉ૦ વન૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ અપ્૦ વાઉ૦ ત્રસ૦ | પૃથ્વી૦ વાઉ૦ વન૦ ત્રસ૦ | તેઉ૦ વાઉ૦ વન૦ ત્રસ૦ |

## પંચસંયોગી ૬ ભાંગા

| | |
|---|---|
| પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ વાઉ૦ વન૦ | પૃથ્વી૦ અપ્૦ વાઉ૦ વન૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ વાઉ૦ ત્રસ૦ | પૃથ્વી૦ તેઉ૦ વાઉ૦ વન૦ ત્રસ૦ |
| પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ વન૦ ત્રસ૦ | અપ્૦ તેઉ૦ વાઉ૦ વન૦ ત્રસ૦ |

## ષટ્સંયોગી એક ભાંગો

(૧) પૃથ્વી૦ અપ્૦ તેઉ૦ વાઉ૦ વન૦ ત્રસ૦

કુલ કાયના વધના એક સંયોગી આદિ ૬૩ ભાંગા થાય તે આ પ્રમાણે-
(૧) એક સંયોગી-૬ (૨) દ્વિ સંયોગી-૧૫ (૩) ત્રિસંયોગી-૨૦
(૪) ચતુઃ સંયોગી-૧૫ (૫) પંચ સંયોગી-૬ (૬) ષટ્સંયોગી-૧

આ પ્રમાણે કાયના વધના ભાંગામાં જ્યાં જ્યાં એક કાયનો વધ હોય ત્યાં છ વડે ગુણાકાર કરવો, ૨ કાયાનો વધ હોય ત્યાં ૧૫ વડે ગુણાકાર કરવો, ત્રણ કાયનો વધ હોય ત્યાં ૨૦ વડે ગુણાકાર કરવો ચાર કાયનો વધ હોય ત્યાં ૧૫ વડે ગુણાકાર કરવો. પાંચ કાયનો વધ હોય ત્યારે છ વડે ગુણાકાર કરવો અને છએ કાયનો વધ હોય ત્યાં ૧ વડે ગુણાકાર કરવો, જે ગુણાકાર આગળ જણાવેલ છે.

## પહેલા ગુણઠાણે જઘન્યથી બંધ હેતુ - ૧૦

અનંતાનુબંધીનો ઉદય મિથ્યાત્વ ગુણસ્થાનકે ક્વચિત્ ૧ આવલિકા સુધી ન હોય. તેવું બને, તે આ પ્રમાણે ૪થી ૭ ગુણસ્થાનકે અનંતાનુબંધીની વિસંયોજના (ક્ષય) કરેલ હોય અને સ્થિર પરિણામી અથવા પતિત પરિણામી થાય અને દર્શનત્રિકનો ક્ષય ન કરે તેમજ સત્તામાં રહેલું મિથ્યાત્વ મોહનીય જો ઉદયમાં આવે તો મિથ્યાત્વ ગુણસ્થાનક પ્રાપ્ત કરે. અહિ મિથ્યાત્વના નિમિત્તથી પ્રથમ સમયથી અનંતાનુબંધીનો બંધ શરૂ થાય છે. અને બાંધેલું દળિયું અબાધાકાળ રૂપ અંતર્મુહૂર્ત પછી ઉદયમાં આવે છે પરંતુ જ્યારથી અનંતા૦નો બંધ શરૂ થયો ત્યારથી તેમાં સંક્રમ પણ થાય છે. અને સંક્રમ થયેલું દળીયું ૧ આવલિકા પછી ઉદયમાં આવે છે. તેથી મિથ્યાત્વે ૧ આવલિકા સુધી અનંતાનુબંધીનો ઉદય ન હોય એવું પણ બને

જ્યારે અનંતાનુબંધીનો ઉદય ન હોય ત્યારે એક જીવને એક સાથે જઘન્યથી ૧૦ બંધ હેતુ હોય, તે આ પ્રમાણે પાંચમાંથી કોઈપણ એક મિથ્યાત્વ, પાંચ ઈન્દ્રિયમાંથી કોઈપણ એક ઈન્દ્રિયનો અનિગ્રહ, અનંતાનુબંધી વિના ત્રણ કષાય, બે યુગલમાંથી ૧ યુગલ, ત્રણ વેદમાંથી કોઈપણ ૧ વેદ અને ૧૦ યોગમાંથી કોઈપણ એક યોગ, છ કાય વધમાંથી કોઈપણ ૧ કાયનો વધ આમ ૧૦ બંધહેતુ હોય.

જ્યારે અનંતાનુબંધીનો ઉદય ન હોય, ત્યારે અનંતાનુબંધી રહિત જીવ મિથ્યાત્વગુણઠાણે મરણ ન પામે, તેથી અપર્યાપ્તાવસ્થા ન આવે તેથી અપર્યાપ્તાવસ્થાના ૩ યોગ સંભવે નહિ તેથી ૧૦ યોગમાંથી

૧ યોગ જાણવા. અને અનંતાનુબંધીનો ઉદય હોય ત્યારે ૧૩ યોગમાંથી ૧ યોગ જાણવો.

જઘન્યથી જે ૧૦ બંધ હેતુ જણાવ્યા, તેમાં ૧ કાયવધને બદલે બેકાયવધ હોય તો ૧૧ બંધહેતુ, બે કાયના વધને બદલે ૧ કાય અને ભય, અથવા ૧ કાય અને જુગુપ્સા અથવા ૧ કાય અને અનંતાનુબંધી હોય તો પણ ૧૧ બંધહેતુ થાય છે. આ પ્રમાણે ૧૧ના બંધહેતુ પહેલા ગુણઠાણે હોય છે. આ રીતે મધ્યમથી ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, અને ઉત્કૃષ્ટથી એક જીવને ૧૮ બંધહેતુ પહેલા ગુણઠાણે હોય છે.

## મિથ્યાત્વ ગુણસ્થાનકે બંધહેતુના ભાંગા

મિથ્યાત્વ ગુણ૦માં મૂળ બંધ હેતુ ચાર, ઉત્તરભેદ ૫૫ હોય, તેમાં એક જીવને એક સાથે જઘન્યથી ૧૦ બંધ હેતુ હોય, ઉત્કૃષ્ટથી ૧૮ બંધ હેતુ હોય, અને મધ્યમથી ૧૧થી ૧૭ સુધીના બંધ હેતુ હોય.

તેમાં જઘન્યથી ૧૦ બંધ હેતુના ૩૬૦૦૦ ભાંગા (વિકલ્પો) થાય. અને મધ્યમથી ૧૧ હેતુના ચાર રીતે વિકલ્પ કરવાથી તેની ભાંગાની સંખ્યા ભિન્ન ભિન્ન થાય, તેની તથા ૧૨ વગેરે બંધહેતુના વિકલ્પ અને તેના ભાંગાની સંખ્યા નીચે યંત્રમાં આપેલ છે. તે સંખ્યા લાવવાની સરળ રીત આ પ્રમાણે છે. તેમાં પ્રથમ દશ બંધ હેતુનું વર્ણન અને અન્ય સંખ્યાવાળા હેતુના ભાંગા લાવવા માટે આ પ્રમાણે કરણ વિધિ કરવો.

**દશ બંધ હેતુ :-**

(૧) પાંચ મિથ્યાત્વમાંથી કોઈપણ એક મિથ્યાત્વ હોય માટે તેના ભાંગા ૫ જાણવા. ગુણાકારમાં ૫ ની સંખ્યાનો વિકલ્પ જાણવો અગ્યાર વગેરેમાં પણ એક સાથે એક જ મિથ્યાત્વ જાણવું.

(૨) પાંચ ઈન્દ્રિયના અનિગ્રહમાંથી એક ઈન્દ્રિયનો અનિગ્રહ જાણવો, જો કે કોઈપણ બે-ત્રણ આદિ ઈન્દ્રિયો પોતાના વિષયમાં સાથે પ્રવર્તતી હોય, જેમ ખાતા-ખાતા ટી.વી. જુવે ગીત સાંભળે, અનુકૂળ કે પ્રતિકૂળ હવા મળતી હોય, ખાવામાં સ્વાદિષ્ટ વસ્તુની સ્મેલ (સુગંધ) આવે. આ રીતે પાંચે

ઈન્દ્રિયના વિષયો હોય, તો પણ મન એક સમયે એક જ વિષયમાં આસક્ત હોય, તેથી એક સમયે એક ઈન્દ્રિયનો અનિગ્રહ હોવાથી બંધ હેતુ એક જ ઈન્દ્રિય બને, તેમાં જુદા જુદા જીવો આશ્રયી અથવા એક જીવને જુદા જુદા સમયે જુદી જુદી ઈન્દ્રિયનો અનિગ્રહ હોવાથી વિકલ્પ પાંચ થાય. એટલે ભાંગા કરતી વખતે પાંચ વડે ગુણવા.

(૩) કષાય ૧૬ છે તેમાં ક્રોધ-માન માયા અને લોભમાંથી એક સમયે એક કાષાયિક પરિણામ હોય. તેમાં પણ મિથ્યા૦ સાસ્વાદન ગુણ૦માં ચારે કષાય પણ ઉદયમાં હોય તેથી ચાર ક્રોધ અથવા ચાર માન ઈત્યાદિ ચાર વિકલ્પ જાણવા.

અનંતાનુબંધીનો ઉદય ન હોય ત્યારે ત્રણ ક્રોધાદિ કષાય એક સાથે હોય, તેથી હેતુમાં ત્રણ કષાય જાણવા. પરંતુ તેના વિકલ્પ ક્રોધ-માન-માયા અને લોભરૂપ ચાર જાણવા. ગુણાકારમાં ચાર વડે ગુણવા.

(૪) અહીં ત્રણે વેદનો ઉદય હોય પરંતુ એક સમયે એક જીવને એક વેદનો ઉદય હોય, તેથી વેદના વિકલ્પમાં ત્રણ જાણવા. અને ગુણાકારમાં ત્રણ વડે ગુણવા.

(૫) હાસ્યાદિ છમાંથી ભય-જુગુપ્સા અધ્રુવોદયી હોવાથી ઉદયમાં હોય જ એવું નથી તેથી જઘન્યથી બંધ હેતુ વિચારીએ ત્યારે તે ન હોય.

હાસ્ય-રતિ અથવા અરતિ-શોક આ બે યુગલમાંથી આઠમા ગુણ૦ સુધી એક યુગલનો ઉદય અવશ્ય હોય, તેથી ભાંગા કરતી વખતે બે યુગલમાંથી એક યુગલ-એમ બે વિકલ્પથી ગુણાકાર કરવો.

(૬) યોગ-પહેલા ગુણ૦માં ૧૩ હોય. તેથી તેરમાંથી કોઈપણ એક યોગનો વ્યાપાર હોય, એક સમયે બે યોગના વ્યાપારમાં ઉપયોગ ન હોય એટલે ભાંગા કરતી વખતે ૧૩ વડે ગુણવા.

જોકે મિથ્યાત્વે અનંતાનુબંધીનો ઉદય ન હોય ત્યારે જીવ મરણ પામે નહીં તેથી અનંતાનુબંધીના ઉદય વિનાના વિકલ્પમાં ઔ૦ મિશ્ર., વૈ૦ મિશ્ર અને કાર્મણ કાયયોગ એ ત્રણ વિના ૧૦ યોગ સમજવા. માટે અનંતાનુબંધીનો ઉદય ન હોય, તે વિકલ્પમાં ૧૦ યોગથી ગુણાકાર કરવો.

આ રીતે અનં૦વાળા વિકલ્પમાં ૧૩ યોગ વડે, અનં૦ વિનાના વિકલ્પમાં ૧૦ યોગ વડે ગુણાકાર કરવો.

(૭) કાયવધમાં ઉપર લખેલ કાયાના ભાંગા મુજબ એક કાયનો વધ હોય તો છ વિકલ્પો, ૨ કાયનો વધ હોય તો ૧૫ વિકલ્પ, ૩ કાયનો વધ હોય તો ૨૦ વિકલ્પ, ચાર કાયનો વધ હોય તો ૧૫ વિકલ્પ, પાંચ કાયનો વધ હોય તો છ વિકલ્પ અને છએ કાયનો વધ હોય ત્યારે એક વિકલ્પ આ રીતે કાયના વધના ભાંગામાં છ-પંદર-વીશ-પંદર-છ અને એક વડે ગુણવા.

(૮) ભય અથવા જુગુપ્સા હોય અથવા બન્ને હોય તો એક જ વિકલ્પ જાણવો એક વડે ગુણવા.

આ પ્રમાણે ઉપર જણાવેલ રીત મુજબ ગુણાકાર આ રીતે સમજવો.

૫ મિથ્યાત્વના વિકલ્પ
× ૫ ઇન્દ્રિયના વિકલ્પ
૨૫
× ૪ કષાયના વિકલ્પ
૧૦૦
× ૩ વેદના વિકલ્પ
૩૦૦
× ૨ યુગલનો વિકલ્પ
૬૦૦

આ રીતે ૬૦૦ ભાંગા સુધીનો ગુણાકાર મિથ્યાત્વાદિ વડે આગળ પાછળ કોઈપણ રીતે ગુણવાથી આવે, જેમ. ૫ ઈન્દ્રિય×૪ કષાય =૨૦×૩ વેદ =૬૦×૨ યુગલ =૧૨૦×૫ મિથ્યાત્વ = ૬૦૦.

હવે તેને અનંતાનુબંધી બંધહેતુ હોય તો ૧૩ યોગ અને અનં૰ ન હોય તો ૧૦ યોગ વડે ગુણાકાર કરવો.

| | |
|---|---|
| ૬૦૦ | ૬૦૦ (અનં૰નો ઉદય ન હોય ત્યારે |
| × ૧૩ યોગ | × ૧૦ દશ યોગ હોય |
| ૭૮૦૦ | ૬૦૦૦ તેથી ગુણાકાર |

હવે કાયવધની સંખ્યા પ્રમાણે વિકલ્પોથી ગુણવા, તે આ પ્રમાણે

| અનં૰ સહિત | અનં૰ રહિત |
|---|---|
| ૧કાય વધ ૭૮૦૦×૬=૪૬૮૦૦ | ૬૦૦૦×૬=૩૬,૦૦૦ |
| ૨કાય વધ ૭૮૦૦×૧૫=૧,૧૭,૦૦૦ | ૬૦૦૦×૧૫=૯૦,૦૦૦ |
| ૩કાય વધ ૭૮૦૦×૨૦=૧,૫૬,૦૦૦ | ૬૦૦૦×૨૦=૧,૨૦,૦૦૦ |
| ૪કાય વધ ૭૮૦૦×૧૫=૧,૧૭,૦૦૦ | ૬૦૦૦×૧૫=૯૦,૦૦૦ |
| ૫કાય વધ ૭૮૦૦×૬=૪૬,૮૦૦ | ૬૦૦૦×૬=૩૬,૦૦૦ |
| ૬કાય વધ ૭૮૦૦×૧=૭૮૦૦ | ૬૦૦૦×૧=૬૦૦૦ |

હવે ભય જુગુપ્સા ઉમેરીએ તો દરેકને ૧ વડે ગુણવા, એટલે ભાંગાની સંખ્યામાં તફાવત થાય નહીં.

## મિથ્યાત્વ ગુણઠાણે બંધ હેતુનુ કોષ્ટક

| વિકલ્પ | મિથ્યાત્વ | ઇન્દ્રિયઅવિ. | કષાય | યુગલ | વેદ | યોગ | કાયવધ | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૫) | (૫) | (૪) | (૨) | (૩) | (૧૦/૧૩) | (૬/૧૫/૨૦) | (૧) | (૧) | | |
| ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧૦ | ૩૬,૦૦૦ |

૧૦ બંધ હેતુના કુલ-૩૬,૦૦૦

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૧૧ | ૯૦,૦૦૦ |
| ૨ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧૧ | ૩૬,૦૦૦ |
| ૩ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧૧ | ૩૬,૦૦૦ |
| ૪ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧૧ | ૪૬,૮૦૦ |

૧૧ બંધ હેતુના ચાર વિકલ્પના કુલ ૨,૦૮,૮૦૦

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૩ | ૦ | ૦ | ૧૨ | ૧,૨૦,૦૦૦ |
| ૨ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૧૨ | ૯૦,૦૦૦ |
| ૩ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૧૨ | ૯૦,૦૦૦ |
| ૪ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૧૨ | ૧,૧૭,૦૦૦ |
| ૫ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧૨ | ૩૬,૦૦૦ |
| ૬ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧૨ | ૪૬,૮૦૦ |
| ૭ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧૨ | ૪૬,૮૦૦ |

૧૨ બંધ હેતુના કુલ- ૫,૪૬,૬૦૦

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૪ | ૦ | ૦ | ૧૩ | ૯૦,૦૦૦ |
| ૨ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૦ | ૧૩ | ૧,૨૦,૦૦૦ |
| ૩ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૩ | ૦ | ૧ | ૧૩ | ૧,૨૦,૦૦૦ |
| ૪ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૩ | ૦ | ૦ | ૧૩ | ૧,૫૬,૦૦૦ |
| ૫ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧૩ | ૯૦,૦૦૦ |
| ૬ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૧૩ | ૧,૧૭,૦૦૦ |
| ૭ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૧૩ | ૧,૧૭,૦૦૦ |
| ૮ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧૩ | ૪૬,૮૦૦ |

૧૩ બંધ હેતુના કુલ- ૬,૫૬,૦૦૦

★ અહીં બધે ગુણાકાર ઉપર જણાવેલ છે. તે મુજબ કરવાથી ભાંગાની સંખ્યા આવે.

| વિકલ્પ | મિથ્યાત્વ | ઇન્દ્રિય | કાય | યુગલ | વેદ | યોગ | કષાય | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૫) | (૫) | (૪) | (૨) | (૩) | (૧૦/૧૩) | (૬/૧૫/૨૦) | (૧) | (૧) | | |
| ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૫ | ૦ | ૦ | ૧૪ | ૩૬,૦૦૦ |
| ૨ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૦ | ૧૪ | ૯૦,૦૦૦ |
| ૩ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૪ | ૦ | ૧ | ૧૪ | ૯૦,૦૦૦ |
| ૪ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૪ | ૦ | ૦ | ૧૪ | ૧,૧૭,૦૦૦ |
| ૫ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧૪ | ૧,૨૦,૦૦૦ |
| ૬ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૦ | ૧૪ | ૧,૫૬,૦૦૦ |
| ૭ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૩ | ૦ | ૧ | ૧૪ | ૧,૫૬,૦૦૦ |
| ૮ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧૪ | ૧,૧૭,૦૦૦ |

૧૪ બંધ હેતુના કુલ- ૮,૮૨,૦૦૦

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૬ | ૦ | ૦ | ૧૫ | ૬,૦૦૦ |
| ૨ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૦ | ૧૫ | ૩૬,૦૦૦ |
| ૩ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૫ | ૦ | ૧ | ૧૫ | ૩૬,૦૦૦ |
| ૪ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૫ | ૦ | ૦ | ૧૫ | ૪૬,૮૦૦ |
| ૫ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧૫ | ૯૦,૦૦૦ |
| ૬ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૦ | ૧૫ | ૧,૧૭,૦૦૦ |
| ૭ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૪ | ૦ | ૧ | ૧૫ | ૧,૧૭,૦૦૦ |
| ૮ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧૫ | ૧,૫૬,૦૦૦ |

૧૫ બંધ હેતુના કુલ- ૬,૦૪,૮૦૦

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૬ | ૧ | ૦ | ૧૬ | ૬,૦૦૦ |
| ૨ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૬ | ૦ | ૧ | ૧૬ | ૬,૦૦૦ |
| ૩ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૬ | ૦ | ૦ | ૧૬ | ૭,૮૦૦ |
| ૪ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૧ | ૧૬ | ૩૬,૦૦૦ |
| ૫ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૦ | ૧૬ | ૪૬,૮૦૦ |
| ૬ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૫ | ૦ | ૧ | ૧૬ | ૪૬,૮૦૦ |
| ૭ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧૬ | ૧,૧૭,૦૦૦ |

૧૬ બંધ હેતુના કુલ- ૨,૬૬,૪૦૦

| વિકલ્પ | મિથ્યાત્વ | ઇન્દ્રિય | કષાય | યુગલ | વેદ | યોગ | કાય | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૫) | (૫) | (૪) | (૨) | (૩) | (૧૦/૧૩) | (૬/૧૫/૨૦) | (૧) | (૧) | | |
| **૧** | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૬ | ૧ | ૧ | ૧૭ | ૬,૦૦૦ |
| **૨** | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૬ | ૧ | ૦ | ૧૭ | ૭,૮૦૦ |
| **૩** | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૬ | ૦ | ૧ | ૧૭ | ૭,૮૦૦ |
| **૪** | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૧ | ૧૭ | ૪૬,૮૦૦ |

૧૭ બંધ હેતુના કુલ ૬૮,૪૦૦

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૬ | ૧ | ૧ | ૧૮ | ૭,૮૦૦ |

૧૮ બંધ હેતુના કુલ ૭,૮૦૦

મિથ્યાત્વે ૧૦થી ૧૮ બંધહેતુના વિકલ્પના કુલ-૩૪૭૭૬૦૦ ભાંગા થાય.

## સાસ્વાદન ગુણઠાણે બંધહેતુના ભાંગા

સાસ્વાદન ગુણસ્થાનકે બંધહેતુના ભાંગા કરતી વખતે નીચેના નિયમો બરાબર ધ્યાનમાં રાખવા.

(૧) સાસ્વાદન ગુણસ્થાનકે મિથ્યાત્વનો ઉદય હોય નહિ. તેથી બંધહેતુના ઉત્તરભેદ ૫૦, મૂળ બંધહેતુ ૩ (અવિરતિ-કષાય-યોગ)

(૨) અનંતાનુબંધીનો ઉદય હોય જ, તેથી તે વિકલ્પમાં ન ગણાય.

(૩) બીજા ગુણસ્થાનકે યોગ ૧૩ હોય છે. પરંતુ નપુંસક વેદે વૈક્રિયમિશ્ર યોગ હોય નહિ. કારણકે સાસ્વાદન ગુણસ્થાનક લઈને નરકમાં જવાય નહિ. દેવમાં જવાય ત્યાં વૈક્રિયમિશ્રયોગ છે પણ નપુંસક વેદ નથી. નરકમાં નપુંસકવેદ છે પણ ત્યાં સાસ્વાદન લઈને જવાય નહિ. મનુષ્ય તિર્યંચમાં જવાય ત્યાં નપુંસકવેદ છે પણ વૈક્રિયમિશ્ર કાયયોગ નથી. તેથી વૈક્રિય મિશ્રયોગ ન સંભવે. તેથી ૨ વેદમાં ૧૩ યોગ સંભવે, પણ નપુંસકવેદે વૈક્રિયમિશ્ર યોગ સંભવે નહિ. નપુસંકવેદે ૧૨ યોગ જાણવા. એટલે ગુણાકારમાં સરળતા રહે માટે પ્રથમ

યોગ અને વેદનો ગુણાકાર કરી તેમાંથી એક બાદ કરી પછી આગળનો ગુણાકાર કરવો.

(૪) કાયવધ જઘન્યથી એક, મધ્યમથી બે થી પાંચ અને ઉત્કૃષ્ટથી છ કાયનો વધ હોય.

ગુણાકાર

૧૩ યોગ

× ૩ વેદ

૩૯

−૧ નપું વેદે વૈ૦ મિશ્ર ન હોય

૩૮

× ૫ ઇન્દ્રિય

૧૯૦

× ૪ કષાય

૭૬૦

× ૨ યુગલ

૧૫૨૦

૧ કાયનો વધ ૧૫૨૦×૬ = ૯,૧૨૦

૨ કાયનો વધ ૧૫૨૦×૧૫ = ૨૨,૮૦૦

૩ કાયનો વધ ૧૫૨૦×૨૦ = ૩૦,૪૦૦

૪ કાયનો વધ ૧૫૨૦×૧૫ = ૨૨,૮૦૦

૫ કાયનો વધ ૧૫૨૦×૬ = ૯,૧૨૦

૬ કાયનો વધ ૧૫૨૦×૧ = ૧,૫૨૦

જો કે ભય અથવા જુગુપ્સા–બેમાંથી એક અથવા બન્ને ઉમેરવાથી એક વિકલ્પ વડે ગુણવાથી ભાંગાની સંખ્યા તેજ રહેશે. આ ભાંગા આ રીતે જાણવા.

## સાસ્વાદન ગુણઠાણે બંધહેતુના ભાંગાનું કોષ્ટક

| વિકલ્પના પ્રકાર | યોગ | વેદ | ઇન્દ્રિય | કષાય | યુગલ | કાય | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૧૩) | (૩) | (૫) | (૪) | (૨) | (૬/૧૫/૨૦) | (૧) | (૧) | | |
| ૧ લો | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૦ | ૦ | ૧૦ | ૯,૧૨૦ |

૧૦ બંધહેતુના કુલ-૯,૧૨૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧ લો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૧૧ | ૨૨,૮૦૦ |
| **૨ જો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૧૧ | ૯,૧૨૦ |
| **૩ જો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૦ | ૧ | ૧૧ | ૯,૧૨૦ |

૧૧ બંધ હેતુના કુલ ૪૧,૦૪૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧ લો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૩ | ૦ | ૦ | ૧૨ | ૩૦,૪૦૦ |
| **૨ જો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૨ | ૧ | ૦ | ૧૨ | ૨૨,૮૦૦ |
| **૩ જો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૨ | ૦ | ૧ | ૧૨ | ૨૨,૮૦૦ |
| **૪ થો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૧૨ | ૯,૧૨૦ |

૧૨ બંધ હેતુના કુલ ૮૫,૧૨૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧ લો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૪ | ૦ | ૦ | ૧૩ | ૨૨,૮૦૦ |
| **૨ જો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૩ | ૧ | ૦ | ૧૩ | ૩૦,૪૦૦ |
| **૩ જો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૩ | ૦ | ૧ | ૧૩ | ૩૦,૪૦૦ |
| **૪ થો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૨ | ૧ | ૧ | ૧૩ | ૨૨,૮૦૦ |

૧૩ બંધ હેતુના કુલ ૧,૦૬,૪૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧ લો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૫ | ૦ | ૦ | ૧૪ | ૯,૧૨૦ |
| **૨ જો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૪ | ૧ | ૦ | ૧૪ | ૨૨,૮૦૦ |
| **૩ જો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૪ | ૦ | ૧ | ૧૪ | ૨૨,૮૦૦ |
| **૪ થો** | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૩ | ૧ | ૧ | ૧૪ | ૩૦,૪૦૦ |

૧૪ બંધ હેતુના કુલ ૮૫,૧૨૦

| વિકલ્પના પ્રકાર | યોગ | વેદ | ઇન્દ્રિય | કષાય | યુગલ | કાય | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૧૩) | (૩) | (૫) | (૪) | (૨) | (૬/૧૫/૨૦) | (૧) | (૧) | | |
| ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૬ | ૦ | ૦ | ૧૫ | ૧,૫૨૦ |
| ૨ | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૫ | ૧ | ૦ | ૧૫ | ૯,૧૨૦ |
| ૩ | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૫ | ૦ | ૧ | ૧૫ | ૯,૧૨૦ |
| ૪ | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૪ | ૧ | ૧ | ૧૫ | ૨૨,૮૦૦ |

૧૫ બંધ હેતુના કુલ ૪૨,૫૬૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૬ | ૧ | ૦ | ૧૬ | ૧,૫૨૦ |
| ૨ | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૬ | ૦ | ૧ | ૧૬ | ૧,૫૨૦ |
| ૩ | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૫ | ૧ | ૧ | ૧૬ | ૯,૧૨૦ |

૧૬ બંધ હેતુના કુલ ૧૨,૧૬૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૨ | ૬ | ૧ | ૧ | ૧૭ | ૧,૫૨૦ |

૧૦થી ૧૭ બંધ હેતુના કુલ ૩,૮૩,૦૪૦

## મિશ્રગુણઠાણે બંધ હેતુના ભાંગા

મિશ્રગુણઠાણે ભાગાં કરતી વખતે નીચેના નિયમો ધ્યાનમાં લેવા

(૧) અહીં અનંતાનુબંધીનો ઉદય હોય નહિ. તેથી કષાયના ખાનામાં ૩ કષાય જાણવા પરંતુ ઉદયના વિકલ્પ ક્રોધ-માન-માયા-લોભના ચાર જાણવા.

(૨) આ ગુણસ્થાનક અપર્યાપ્તાવસ્થામાં ન હોય તેથી યોગ ૧૦ હોય.

(૩) અહીં કાયવધ જઘન્યથી એક, મધ્યમથી બેથી પાંચ અને ઉત્કૃષ્ટથી છ કાય વધ હોય.

(૪) અહીં મૂળબંધ હેતુ ૩ (અવિરતિ, કષાય, યોગ) અને ઉત્તરભેદ ૪૩ હોય.

ગુણાકાર આ પ્રમાણે

| | | | |
|---|---|---|---|
| ૫ ઇન્દ્રિય | | | |
| × ૪ કષાય | | | |
| ૨૦ | | | |
| × ૩ વેદ | ૧ | કાયનો વધ ૧૨૦૦×૬ = | ૭,૨૦૦ |
| ૬૦ | ૨ | કાયનો વધ ૧૨૦૦×૧૫ = | ૧૮,૦૦૦ |
| × ૨ યુગલ | ૩ | કાયનો વધ ૧૨૦૦×૨૦ = | ૨૪,૦૦૦ |
| ૧૨૦ | ૪ | કાયનો વધ ૧૨૦૦×૧૫ = | ૧૮,૦૦૦ |
| × ૧૦ યોગ | ૫ | કાયનો વધ ૧૨૦૦×૬ = | ૭,૨૦૦ |
| ૧૨૦૦ | ૬ | કાયનો વધ ૧૨૦૦×૧ = | ૧,૨૦૦ |

## મિશ્ર ગુણઠાણે બંધ હેતુના ભાંગાનું કોષ્ટક આ પ્રમાણે

| વિકલ્પ | ઇન્દ્રિય | કષાય | યુગલ | વેદ | યોગ | કાય | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૫) | (૪) | (૨) | (૩) | (૧૦) | (૬/૧૫/૨૦) | (૧) | (૧) | | |
| ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૯ | ૭,૨૦૦ |
| | | | | | | | | | | ૯ બંધહેતુના કુલ-૭,૨૦૦ |
| ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૧૦ | ૧૮,૦૦૦ |
| ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧૦ | ૭,૨૦૦ |
| ૩ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧૦ | ૭,૨૦૦ |
| | | | | | | | | | | ૧૦ બંધ હેતુના કુલ ૩૨,૪૦૦ |
| ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૩ | ૦ | ૦ | ૧૧ | ૨૪,૦૦૦ |
| ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૧૧ | ૧૮,૦૦૦ |
| ૩ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૧૧ | ૧૮,૦૦૦ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧૧ | ૭,૨૦૦ |
| | | | | | | | | | | ૧૧ બંધ હેતુના કુલ ૬૭,૨૦૦ |

| વિકલ્પ | ઇન્દ્રિય | કષાય | યુગલ | વેદ | યોગ | કાય | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૫) | (૪) | (૨) | (૩) | (૧૦) | (૬/૧૫/૨૦) | (૧) | (૧) | | |
| ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૪ | ૦ | ૦ | ૧૨ | ૧૮,૦૦૦ |
| ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૦ | ૧૨ | ૨૪,૦૦૦ |
| ૩ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૩ | ૦ | ૧ | ૧૨ | ૨૪,૦૦૦ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧૨ | ૧૮,૦૦૦ |
| | | | | | | | | | ૧૨ બંધ હેતુના કુલ | ૮૪,૦૦૦ |
| ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૫ | ૦ | ૦ | ૧૩ | ૭,૨૦૦ |
| ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૦ | ૧૩ | ૧૮,૦૦૦ |
| ૩ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૪ | ૦ | ૧ | ૧૩ | ૧૮,૦૦૦ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧૩ | ૨૪,૦૦૦ |
| | | | | | | | | | ૧૩ બંધ હેતુના કુલ | ૬૭,૨૦૦ |
| ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૬ | ૦ | ૦ | ૧૪ | ૧૨,૦૦ |
| ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૦ | ૧૪ | ૭,૨૦૦ |
| ૩ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૫ | ૦ | ૧ | ૧૪ | ૭,૨૦૦ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧૪ | ૧૮,૦૦૦ |
| | | | | | | | | | ૧૪ બંધ હેતુના કુલ | ૩૩,૬૦૦ |
| ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૬ | ૦ | ૦ | ૧૫ | ૧,૨૦૦ |
| ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૬ | ૧ | ૧ | ૧૫ | ૧,૨૦૦ |
| ૩ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૫ | ૦ | ૧ | ૧૫ | ૭,૨૦૦ |
| | | | | | | | | | ૧૫ બંધ હેતુના કુલ | ૯,૬૦૦ |
| ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૬ | ૧ | ૧ | ૧૬ | ૧,૨૦૦ |
| | | | | | | | | | ૧૬ બંધ હેતુના કુલ | ૧,૨૦૦ |

**૯થી ૧૬ બંધ હેતુના કુલ - ૩,૦૨,૪૦૦**

## અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે બંધ હેતુના ભાંગા

અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ભાંગા કરતી વખતે નીચેની વિગત ધ્યાનમાં લેવી.

(૧) અહીં મૂળબંધ હેતુ ૩ (અવિરતિ, કષાય યોગ) અને ઉત્તર ૪૬ હેતુ હોય.

(૨) અહીં ૧૩ યોગ છે, પરંતુ નપુંસક વેદે ઔદારિક મિશ્ર અને સ્ત્રીવેદે ઔદારિક મિશ્ર, વૈક્રિયમિશ્ર, અને કાર્મણ કાયયોગ હોય નહિ. કારણકે ચોથું ગુણસ્થાનક લઈને દેવમાં, મનુષ્યમાં, કે તિર્યંચમાં પુરુષપણે જ ઉત્પન્ન થાય. સ્ત્રી કે નપુંસક પણે ઉત્પન્ન થાય નહિ. એટલે દેવગતિમાં ચોથું ગુણસ્થાનક લઈને દેવપણે જ ઉત્પન્ન થાય, દેવીપણે થાય નહિ. તેથી સ્ત્રીવેદે વૈક્રિયમિશ્રયોગ સંભવે નહિ. પરંતુ નરકમાં નપુંસકવેદ જ હોવાથી નપુંસકવેદે ઉત્પન્ન થાય. અને મનુષ્ય કે તિર્યંચમાં પુરુષપણે જ ઉત્પન્ન થાય. સ્ત્રીવેદ કે નપુંસકવેદે ઉત્પન્ન ન થાય.

તેથી નપુંસકવેદે ઔદારિકમિશ્ર, અને સ્ત્રીવેદે ઔદારિક મિશ્ર કાર્મણ કાયયોગ અને વૈક્રિયમિશ્રયોગ સંભવે નહિ.

ચોથું ગુણ૰ લઈ. સ્ત્રીવેદે કોઈપણ ગતિમાં જવાય નહિ, જો કે મલ્લિનાથ ભગવાન બ્રાહ્મી સુંદરી ચોથું ગુણ૰ લઈ ઉત્પન્ન થયા પરંતુ ક્વચિત હોવાથી વિવક્ષા કરી નથી.

એટલે વેદ અને યોગ ગુણિત ૩૯માંથી કુલ ૪ યોગ સંભવે નહિં, અહીં ભાંગા કરવામાં સરળતા રહે તેથી પ્રથમ યોગને વેદ સાથે ગુણી તેમાંથી ચાર બાદ કરી બાકીનો ગુણાકાર કરવો.

ગુણાકાર

| | |
|---|---|
| ૧૩ | યોગ |
| × ૩ | વેદ |
| ૩૯ | |
| − ૪ | નપુ૰ વેદે ઔ૰મિશ્ર, સ્ત્રીવેદે ઔ૰મિ૰, વૈ૰મિ૰ કાર્મણ |
| ૩૫ | ન હોય તેથી બાદ |

| | | | |
|---|---|---|---|
| ૩૫ | | **કાયના વધનો ગુણાકાર** | |
| × ૫ | ઇન્દ્રિય | ૧ | કાયનો વધ ૧૪૦૦×૬ = ૮,૪૦૦ |
| ૧૭૫ | | ૨ | કાયનો વધ ૧૪૦૦×૧૫ = ૨૧,૦૦૦ |
| × ૪ | કષાય | ૩ | કાયનો વધ ૧૪૦૦×૨૦ = ૨૮,૦૦૦ |
| ૭૦૦ | | ૪ | કાયનો વધ ૧૪૦૦×૧૫ = ૨૧,૦૦૦ |
| × ૨ | યુગલ | ૫ | કાયનો વધ ૧૪૦૦×૬ = ૮,૪૦૦ |
| ૧૪૦૦ | | ૬ | કાયનો વધ ૧૪૦૦×૧ = ૧,૪૦૦ |

## અવિરત ગુણઠાણે બંધહેતુના ભાંગાનું કોષ્ટક

| વિકલ્પ | યોગ | વેદ | ઇન્દ્રિય | કષાય | યુગલ | કાય | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૧૩) | (૩) | (૫) | (૪) | (૨) | (૬/૧૫/૨૦) | (૧) | (૧) | | |
| ૧ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૦ | ૦ | ૯ | ૮,૪૦૦ |

૯ બંધહેતુના કુલ-૮,૪૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૨ | ૦ | ૦ | ૧૦ | ૨૧,૦૦૦ |
| ૨ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૦ | ૧૦ | ૮,૪૦૦ |
| ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૦ | ૧ | ૧૦ | ૮,૪૦૦ |

૧૦ બંધ હેતુના કુલ ૩૭,૮૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૩ | ૦ | ૦ | ૧૧ | ૨૮,૦૦૦ |
| ૨ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૨ | ૧ | ૦ | ૧૧ | ૨૧,૦૦૦ |
| ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૨ | ૦ | ૧ | ૧૧ | ૨૧,૦૦૦ |
| ૪ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૧૧ | ૮,૪૦૦ |

૧૧ બંધ હેતુના કુલ ૭૮,૪૦૦

| વિકલ્પ | યોગ | વેદ | ઇન્દ્રિય | કષાય | યુગલ | કાય | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૧૩) | (૩) | (૫) | (૪) | (૨) | (૬/૧૫/૨૦) | (૧) | (૧) | | |
| **૧** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૪ | ૦ | ૦ | ૧૨ | ૨૧,૦૦૦ |
| **૨** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૩ | ૧ | ૦ | ૧૨ | ૨૮,૦૦૦ |
| **૩** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૩ | ૦ | ૧ | ૧૨ | ૨૮,૦૦૦ |
| **૪** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૨ | ૧ | ૧ | ૧૨ | ૨૧,૦૦૦ |

૧૨ બંધ હેતુના કુલ ૯૮,૦૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૫ | ૦ | ૦ | ૧૩ | ૮,૪૦૦ |
| **૨** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૪ | ૧ | ૦ | ૧૩ | ૨૧,૦૦૦ |
| **૩** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૪ | ૦ | ૧ | ૧૩ | ૨૧,૦૦૦ |
| **૪** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૩ | ૧ | ૧ | ૧૩ | ૨૮,૦૦૦ |

૧૩ બંધ હેતુના કુલ ૭૮,૪૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૬ | ૦ | ૦ | ૧૪ | ૧,૪૦૦ |
| **૨** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૫ | ૧ | ૦ | ૧૪ | ૮,૪૦૦ |
| **૩** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૫ | ૦ | ૧ | ૧૪ | ૮,૪૦૦ |
| **૪** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૪ | ૧ | ૧ | ૧૪ | ૨૧,૦૦૦ |

૧૪ બંધ હેતુના કુલ ૩૯,૨૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૬ | ૧ | ૦ | ૧૫ | ૧,૪૦૦ |
| **૨** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૬ | ૦ | ૧ | ૧૫ | ૧,૪૦૦ |
| **૩** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૫ | ૧ | ૧ | ૧૫ | ૮,૪૦૦ |

૧૫ બંધ હેતુના કુલ ૧૧,૨૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૬ | ૧ | ૧ | ૧૬ | ૧,૪૦૦ |

૧૬ બંધ હેતુના કુલ ૧,૪૦૦

**૯થી ૧૬ બંધ હેતુના કુલ - ૩,૫૨,૮૦૦**

## દેશવિરતિ ગુણસ્થાનકે બંધ હેતુના ભાંગા

પાંચમા ગુણસ્થાનકે ત્રસકાયની અવિરતિ હોય નહિ. કારણકે-દેશવિરતિ શ્રાવક સંકલ્પથી નિરપરાધી ત્રસજીવની નિરપેક્ષપણે હિંસા ન કરે, જોકે આરંભ-સમારંભમાં ત્રસજીવની પણ હિંસા ત્યજી શકતો નથી, તો પણ બૃહત્કલ્પભાષ્યમાં શ્રાવકને અશક્ય પરિહાર હોવાથી અને હિંસાની બુદ્ધિ ન હોવાથી ત્રસકાયની અવિરતિ કહી નથી. તેથી છકાયના વધને બદલે પાંચકાય વધમાંથી કોઈપણ એક-બે-ત્રણ-ચાર અથવા પાંચ કાયવધ જાણવો. તેથી કાયના વધના ભાંગાની સંખ્યા પણ આ પ્રમાણે થાય. ૧ કાયનો વધ હોય તો એક સંયોગી પાંચ ભાંગા થાય, બે કાય વધના ૧૦ ભાંગા થાય, ત્રણ કાય વધના ૧૦ ભાંગા, ચાર કાયવધના પાંચભાંગા અને પાંચકાય વધનો ૧ ભાંગો થાય છે. અહીં અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની કષાય ન હોવાથી ૨ કષાય જાણવા.

અહીં મૂળબંધહેતુ ૩, ઉત્તર બંધહેતુ ૩૯ હોય છે.

દેશવિરતિ ગુણસ્થાનકમાં ભાંગાની સંખ્યા કરવા ગુણાકાર.

અહીં એક જીવને એકસમયે જ૦થી ૮, ઉત્કૃ૦થી ૧૪ હોય તે આ પ્રમાણે-

| | |
|---|---|
| ૫ | ઇન્દ્રિય |
| × ૪ | કષાય |
| ૨૦ | |
| × ૩ | વેદ |
| ૬૦ | |
| × ૨ | યુગલ |
| ૧૨૦ | |
| × ૧૧ | યોગ |
| ૧૩૨૦ | |

કાયવધનો ગુણાકાર

| | | |
|---|---|---|
| ૧ | કાયનો વધ ૧૩૨૦×૫ = | ૬,૬૦૦ |
| ૨ | કાયનો વધ ૧૩૨૦×૧૦ = | ૧૩,૨૦૦ |
| ૩ | કાયનો વધ ૧૩૨૦×૧૦ = | ૧૩,૨૦૦ |
| ૪ | કાયનો વધ ૧૩૨૦×૫ = | ૬,૬૦૦ |
| ૫ | કાયનો વધ ૧૩૨૦×૧ = | ૧૩,૨૦ |

## પાંચમા ગુણસ્થાનકે બંધહેતુના ભાંગાનું કોષ્ટક

| વિકલ્પ | ઇન્દ્રિય | કષાય | યુગલ | વેદ | યોગ | કાયવધ | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૫) | (૪) | (૨) | (૩) | (૧૧) | (૫-૧૦-૧) | (૧) | (૧) | | |
| ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૮ | ૬,૬૦૦ |

૮ બંધહેતુના કુલ-૬,૬૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૯ | ૧૩,૨૦૦ |
| ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૯ | ૬,૬૦૦ |
| ૩ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૯ | ૬,૬૦૦ |

૯ બંધહેતુના કુલ ૨૬,૪૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૩ | ૦ | ૦ | ૧૦ | ૧૩,૨૦૦ |
| ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૧૦ | ૧૩,૨૦૦ |
| ૩ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૧૦ | ૧૩,૨૦૦ |
| ૪ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૬,૬૦૦ |

૧૦ બંધહેતુના કુલ ૪૬,૨૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૪ | ૦ | ૦ | ૧૧ | ૬,૬૦૦ |
| ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૦ | ૧૧ | ૧૩,૨૦૦ |
| ૩ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૩ | ૦ | ૧ | ૧૧ | ૧૩,૨૦૦ |
| ૪ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧૧ | ૧૩,૨૦૦ |

૧૧ બંધહેતુના કુલ ૪૬,૨૦૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૫ | ૦ | ૦ | ૧૨ | ૧૩,૨૦ |
| ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૦ | ૧૨ | ૬,૬૦૦ |
| ૩ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૪ | ૦ | ૧ | ૧૨ | ૬,૬૦૦ |
| ૪ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧૨ | ૧૩,૨૦૦ |

૧૨ બંધહેતુના કુલ ૨૭,૭૨૦

| વિકલ્પ | ઇન્દ્રિય | કષાય | યુગલ | વેદ | યોગ | કાય | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૫) | (૪) | (૨) | (૩) | (૧૧) | (૫-૧૦) | (૧) | (૧) | | |
| **૧** | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૦ | ૧૩ | ૧,૩૨૦ |
| **૨** | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૫ | ૦ | ૧ | ૧૩ | ૧,૩૨૦ |
| **૩** | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧૩ | ૬,૬૦૦ |

૧૩ બંધહેતુના કુલ ૯,૨૪૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૧ | ૧૪ | ૧,૩૨૦ |

૧૪ બંધહેતુના કુલ ૧,૩૨૦

**૮થી ૧૪ બંધહેતુના કુલ - ૧,૬૩,૬૮૦**

## પ્રમત્ત ગુણઠાણે બંધહેતુના ભાંગા

પ્રમત્ત ગુણઠાણે નવે ભાંગે કાયવધની સાવદ્યવ્યાપારની વિરતિ હોવાથી ઇન્દ્રિયોનો અને મનનો નિગ્રહ હોવાથી તથા એકપણકાયનો વધ ન હોય એમ ૧૧ અવિરતિ ન હોય. ત્રીજો પ્રત્યાખ્યાનાવરણ કષાય સર્વ વિરતિનો ઘાતક હોવાથી ન હોય. અને આમર્ષૌષધિ લબ્ધિવાળા ચૌદપૂર્વધર આહારક શરીર બનાવી શકે, તેથી આહારક-કાયયોગ અને આહારકમિશ્રયોગ અહીં હોય. તેથી મૂળબંધહેતુ ૨-કષાય અને યોગ, અને ઉત્તર હેતુ ૨૬ છે.

અહીં યોગ ૧૩ છે. પરંતુ સ્ત્રીવેદી જીવોને ચૌદપૂર્વના અધ્યયનનો નિષેધ હોવાથી આહારક શરીરની રચના કરી શકે નહિ.

તેથી **સ્ત્રીવેદે આહારકદ્વિકે હોય નહિ.**

ગુણાકાર કરતી વખતે પ્રથમ-યોગ ને વેદ સાથે ગુણી તેમાંથી સ્ત્રીવેદે ૨ યોગ બાદ કરી ગુણાકાર કરવો.

પ્રમત્ત સંયત ગુણસ્થાનકમાં ભાંગા જાણવા ગુણાકાર

| | |
|---|---|
| ૧૩ | યોગ |
| × ૩ | વેદ |
| ૩૯ | |
| − ૨ | સ્ત્રીવેદે આહારકદ્વિક ન હોય |
| ૩૭ | |
| × ૪ | કષાય |
| ૧૪૮ | |
| × ૨ | યુગલ |
| ૨૯૬ | |

અહીં ઈન્દ્રિયનો અનિગ્રહ અને કાયવધ નથી તેથી.

૫ બંધહેતુના ૨૯૬

૬ના ભય ૨૯૬×૧ = ૨૯૬

૬ના જુગુપ્સા ૨૯૬×૧ = ૨૯૬

૭ના ભ.,જુ ૨૯૬×૧ = ૨૯૬

## પ્રમત્ત ગુણસ્થાનકે બંધહેતુની ભાંગાનું કોષ્ટક

| વિકલ્પ | યોગ | વેદ | કષાય | યુગલ | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|
| | (૧૩) | (૩) | (૪) | (૨) | (૧) | (૧) | | |
| **૧** | ૧ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૫ | ૨૯૬ |
| | | | | | | | ૫ બંધહેતુના કુલ - | ૨૯૬ |
| **૧** | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૬ | ૨૯૬ |
| **૨** | ૧ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૬ | ૨૯૬ |
| | | | | | | | ૬ બંધહેતુના કુલ - | ૫૯૨ |
| **૧** | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ | ૨૯૬ |

૫થી ૭ બંધહેતુના કુલ - ૧૧૮૪

## અપ્રમત્ત ગુણસ્થાનકે બંધહેતુના ભાંગા

અહીં અપ્રમત્ત અવસ્થા હોવાથી લબ્ધિ ફોરવે નહિં, તેથી સાતમા ગુણઠાણે આહારક મિશ્રકાયયોગ, તથા વૈક્રિયમિશ્ર કાયયોગ ન હોય પણ છઠ્ઠે ગુણઠાણે વૈ૦ અને આ૦ શરીરની રચના કરી લબ્ધિ

ફેરવી અને સાતમે ગુણઠાણે આવી શકે છે. તેથી વૈક્રિયકાયયોગ અને આહારક કાયયોગ સંભવે તેથી ૧૧ યોગ હોય.

સ્ત્રીવેદી જીવને ચૌદપૂર્વના અધ્યયનનો નિષેધ હોવાથી આહારક કાયયોગ સંભવે નહિ તેથી ગુણાકાર કરતી વખતે પ્રથમ યોગને વેદ સાથે ગુણી એક બાદ કરી ગુણાકાર કરવો.

અહીં મૂળબંધહેતુ ૨ અને ઉત્તર હેતુ ૨૪ છે. એક જીવને જઘન્યથી પાંચ અને ઉત્કૃષ્ટથી ૭ બંધહેતુ છે

ગુણાકાર આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧૧ | યોગ | | |
| × ૩ | વેદ | | |
| ૩૩ | | | |
| – ૧ | સ્ત્રીવેદે આહારક કાયયોગ ન હોય | | |
| ૩૨ | | ૫ બંધહેતુના | ૨૫૬ |
| × ૪ | કષાય | ૬ના ભય ૨૫૬×૧ = | ૨૫૬ |
| ૧૨૮ | | ૬ના જુગુપ્સા ૨૫૬×૧ = | ૨૫૬ |
| × ૨ | યુગલ | ૭ના ભયજુગુપ્સા ૨૫૬×૧×૧ = | ૨૫૬ |
| ૨૫૬ | | (સાથે) | |

## અપ્રમત્ત ગુણઠાણે બંધહેતુના ભાંગાનું કોષ્ટક

| વિકલ્પ | યોગ | વેદ | કષાય | યુગલ | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|
| | (૧૧) | (૩) | (૪) | (૨) | (૧) | (૧) | | |
| ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૫ | ૨૫૬ |
| | | | | | | | ૫ બંધહેતુના કુલ - | ૨૫૬ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૬ | ૨૫૬ |
| ૨ | ૧ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૬ | ૨૫૬ |
| | | | | | | | ૬ બંધહેતુના કુલ - | ૫૧૨ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ | ૨૫૬ |

સાત બંધહેતુના ૨૫૬, અને પથી ૭ બંધહેતુના કુલ - ૧૦૨૪

## અપૂર્વકરણ ગુણસ્થાનકે બંધહેતુના ભાંગા

આઠમા અપૂર્વકરણ ગુણઠાણે આહારક કાયયોગ અને વૈક્રિય કાયયોગ પણ ન હોય કારણકે આઠમાથી શ્રેણીમાં વર્તતો હોય છે અત્યંત વિશુદ્ધ પરિણામ હોવાથી લબ્ધિ ફોરવે નહિ. તેથી મૂળ બંધહેતુ ૨ કષાય અને યોગ અને ઉત્તર હેતુ ૨૨ તથા એક જીવને જઘન્યથી પાંચ અને ઉત્કૃષ્ટથી ૭ બંધહેતુ હોય.

ગુણાકાર - ૯×૩=૨૭×૪=૧૦૮×૨=૨૧૬

## અપૂર્વકરણે બંધહેતુના ભાંગાનું કોષ્ટક

| વિકલ્પ | યોગ | વેદ | કષાય | યુગલ | ભય | જુગુપ્સા | કુલ હેતુ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|
| | (૯) | (૩) | (૪) | (૨) | (૧) | (૧) | | |
| ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૫ | ૨૧૬ |

૫ બંધહેતુના કુલ - ૨૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૬ | ૨૧૬ |
| ૨ | ૧ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૬ | ૨૧૬ |

૬ બંધહેતુના કુલ - ૪૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ | ૨૧૬ |

૭ બંધહેતુના કુલ - ૨૧૬

**૫ થી ૭ બંધહેતુના કુલ - ૮૬૪**

## અનિવૃત્તિ ગુણસ્થાનકે બંધહેતુના ભાંગા

નવમા અનિવૃત્તિ ગુણસ્થાનકે હાસ્યષટ્કવિના ઉત્તર સંજ્વલન ૪ કષાય, ૩ વેદ અને નવયોગ, એમ કુલ ૧૬ બંધહેતુ હોય છે. પરંતુ ૩ વેદનો ઉદય નવમાના પ્રથમભાગમાં જ હોય છે. નવમાના બીજા

ભાગથી વેદનો ઉપશમ અથવા ક્ષય થતો હોવાથી ઉદય ન હોય. તેથી વેદના ઉદયકાળે ૩ હેતુના ભાંગા જાણવા અને વેદના ઉદયકાળ રહિત ૪ કષાય અને ૯ યોગમાંથી બે બંધહેતુના ભાંગા જાણવા. આ પ્રમાણે એકજીવને એક સાથે ૩ અથવા ૨ ઉત્તર બંધહેતુ હોય

| ગુણાકાર | | વેદનો ઉદય ન હોય ત્યારે | |
|---|---|---|---|
| ૯ | યોગ | ૯ | યોગ |
| × ૪ | કષાય | × ૪ | કષાય |
| ૩૬ | | ૩૬ | |
| × ૩ | વેદનો ઉદય હોય ત્યારે | | |
| ૧૦૮ | | | |

## અનિવૃત્તિ ગુણઠાણે બંધહેતુના ભાંગાનું કોષ્ટક

| વેદના ઉદયકાળે | | | | | | વેદના ઉદયકાળ રહિત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિકલ્પ | યોગ | વેદ | કષાય | કુલહેતુ | ભાંગા | વિકલ્પ | યોગ | કષાય | કુલહેતુ | ભાંગા |
| | (૯) | (૩) | (૪) | | | (૯) | (૪) | | | |
| ૧ | ૧ | ૧ | ૧ | ૩ | ૧૦૮ | ૧ | ૧ | ૧ | ૨ | ૩૬ |

**૨થી ૩ બંધહેતુના કુલ - ૧૪૪ ભાંગા છે**

## સૂક્ષ્મસંપરાય આદિ ગુણસ્થાનકે બંધહેતુના ભાંગા

દશમા સૂક્ષ્મસંપરાય ગુણઠાણે માત્ર સંજ્વલન લોભ અને ૯ યોગ એમ કુલ ઉત્તર બંધહેતુ ૧૦ સંભવે છે. એક જીવને એક સાથે ૨ બંધહેતુ હોય છે.

તથા ૧૧ અને ૧૨ મા ગુણઠાણે માત્ર યોગ જ હોય છે તેથી અનેક જીવ આશ્રયી ૯ બંધહેતુ હોય છે.

| સૂક્ષ્મ સંપરાયના ભાંગા | | | | | ૧૧મા તથા ૧૨મા ગુણ૦ ભાંગા | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વિકલ્પ | યોગ | કષાય | કુલહેતુ | ભાંગા | વિકલ્પ | યોગ | કુલહેતુ | ભાંગા |
| | (૯) | (૧) | | | | (૯) | | |
| **૧** | ૧ | ૧ | ૨ | ૯ | ૧ | ૧ | ૧ | ૯ |

સૂક્ષ્મસંપરાયે બંધહેતુના કુલ ભાંગા ૯, ૧૧મા તથા ૧૨મા ગુણઠાણે બંધહેતુના કુલ ભાંગા ૯ થાય છે. તેરમા સયોગી ગુણઠાણે ૭ યોગ જ હોય છે તેથી બંધહેતુના ભાંગા ૭ થાય છે. અને ચૌદમું ગુણઠાણું સર્વથા બંધરહિત હોવાથી કોઈપણ બંધહેતુના ભાંગા ત્યાં સંભવતા નથી.

આ પ્રમાણે ચૌદે ગુણઠાણે મળીને કુલ ભાંગા **૪૭,૧૩,૦૧૦** થાય છે.

**अपमत्तंता सत्तट्ठ, मीस अपुव्व बायरा सत्त, ।**
**बंधइ छस्सुहुमो एग, मुवरिमा बंधगाजोगी ॥५९॥**

**શબ્દાર્થ**

**अपमत्तंता** - અપ્રમત્તગુણ૦ સુધી
**एगमुवरिम** - ઉપરના ત્રણ ગુણ૦વાળા એક કર્મ
**बायरा** - બાદર સંપરાયવાળા
**अबंधग** - અબંધક છે
**अजोगी** - અયોગીગુણ૦વાળા

**ગાથાર્થ :-** અપ્રમત્ત ગુણઠાણા સુધીના જીવો સાત અથવા આઠ કર્મનો બંધ કરે છે મિશ્ર, અપૂર્વકરણ અને બાદર સંપરાય ગુણસ્થાનકવાળા જીવો સાત કર્મો બાંધે છે. સૂક્ષ્મસંપરાયવાળા છ કર્મ બાંધે છે. ઉપરના ત્રણ ગુણઠાણાવાળા એક કર્મ બાંધે છે. અને અયોગી જીવ અબંધક છે. (૫૯)

**વિવેચન :- હવે ચૌદ ગુણઠાણામાં બંધસ્થાનક, ઉદયસ્થાનક, ઉદીરણા-સ્થાનક અને સત્તાસ્થાનક** કહેવાના છે. તેમાં પ્રથમ **બંધસ્થાનક** કહે છે.

મિથ્યાત્વથી (ત્રીજા ગુ૰ વિના) અપ્રમત્ત ગુણઠાણા સુધીના જીવો સાત અથવા આઠ કર્મ બાંધે છે.

આયુષ્યનો બંધ કરતા હોય ત્યારે આઠ કર્મ બાંધે અને શેષકાળે સાત કર્મ બાંધે છે. આયુષ્યનો બંધ આખા ભવમાં એક જ વાર થાય છે. અને તે પણ અંતર્મુહૂર્ત માત્ર જ હોય છે. તેથી અંતર્મુહૂર્ત કાલ સુધી આઠનો બંધ, અને શેષકાળે સાતનો જ બંધ હોય છે.

ત્રીજું મિશ્રગુણઠાણું, આઠમા અપૂર્વકરણ અને નવમા અનિવૃત્તિ બાદર સંપરાય આ ત્રણ ગુણ૰માં વર્તતા જીવો આયુષ્ય વિના સાત કર્મ જ બાંધે છે. કારણકે મિશ્રગુણઠાણે વર્તતો જીવ તથાસ્વભાવે આયુષ્યનો બંધ કરતો નથી. અને અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણે અતિ વિશુદ્ધ પરિણામ હોવાથી આયુષ્યનો બંધ થાય નહિ.

સૂક્ષ્મસંપરાય ગુણઠાણે આયુષ્ય અને મોહનીય વિના ૬ કર્મનો બંધ છે. અતિશય વિશુદ્ધ પરિણામ હોવાથી આયુષ્યનો બંધ થાય નહિ. અને મોહનીય કર્મનો બંધ બાદર કષાયના ઉદયથી થાય છે. દશમા ગુણઠાણે બાદર કષાય નથી તેથી દશમે ગુણઠાણે વર્તતા જીવો મોહનીય અને આયુષ્ય વિના ૬ કર્મ બાંધે.

દશથી ઉપર એટલે ૧૧-૧૨ અને ૧૩મા ગુણસ્થાનકે વર્તતા જીવો માત્ર એક જ વેદનીય કર્મનો બંધ કરે છે. કારણકે જ્ઞાનાવરણીય આદિ સાતે કર્મોનો બંધ કષાયથી થાય છે. ૧૧મા આદિ ગુણસ્થાનકે કષાયનો ઉદય નથી તેથી સાત કર્મો બંધાતા નથી. વેદનીય કર્મનો બંધ યોગના નિમિત્તથી થાય છે. આ ત્રણે ગુણઠાણે મન-વચન અને કાયાનો યોગ છે. તેથી એક વેદનીય કર્મનો બંધ છે.

**અયોગી ગુણઠાણે કર્મબંધના એક પણ બંધહેતુઓ ન હોવાથી એકપણ કર્મ જીવો બાંધતા નથી.** (જુઓ પેજ ૧૨૬ ગા-૫૪)

**''ચૌદ ગુણસ્થાનકને વિષે ઉદયસ્થાન, સત્તાસ્થાન.''**

**आसुहुमं संतुदए अट्ठवि मोह विणु सत्त खीणंमि ।**
**चउ चरिम दुगे अट्ठउ संते उवसंति संतुदए ।।६०।।**

## શબ્દાર્થ

**आसुहुमं** - સૂક્ષ્મસંપરાય સુધી || **संतुदए** - સત્તા અને ઉદયમાં

**ગાથાર્થ :-** સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી સત્તા અને ઉદયમાં આઠ કર્મો હોય છે ક્ષીણમોહ ગુણ૦માં મોહનીય વિના સાતકર્મો સત્તા અને ઉદયમાં હોય છે. છેલ્લા બે ગુણઠાણે ચાર કર્મો સત્તા અને ઉદયમાં હોય છે. અને ઉપશાંતમોહે સત્તામાં આઠ અને ઉદયમાં સાત કર્મો હોય છે. (૬૦)

**વિવેચન :-** મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી સત્તા અને ઉદયમાં આઠે કર્મો હોય છે. કારણકે સર્વ સંસારી જીવોને ૧૦ ગુણઠાણા સુધી આઠે કર્મોનો ઉદય હોય અને સત્તા પણ હોય છે. ઉપશાંતમોહ ગુણઠાણે મોહનીય વિના સાત કર્મનો ઉદય હોય છે. અને સત્તા આઠ કર્મની હોય છે. અગ્યારમા ઉપશાંત મોહ ગુણસ્થાનકમાં મોહનીય કર્મની સત્તા હોય છે પરંતુ ઉપશમ થવાથી ઉદય ન હોય, ક્ષીણમોહ ગુણ૦માં સાતનો ઉદય અને સાતની સત્તા હોય છે. અહીં મોહનીય ક્ષય પામેલ હોય છે.

તેરમા, ચૌદમા ગુણઠાણે ઘાતી કર્મોનો ક્ષય થવાથી ઘાતી કર્મનો ઉદય અને સત્તા ન હોય. કારણકે આ ગુણઠાણે જીવ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી ઘાતી કર્મોનો સર્વથા સત્તામાંથી ક્ષય થયેલો હોય છે તેથી ઉદયમાં પણ ન હોય. માટે ચારનો ઉદય અને ચારની સત્તા હોય છે. **(જુઓ પેજ ૨૬, ૨૭)**

### "ચૌદ ગુણસ્થાનકને વિષે ઉદીરણાસ્થાન."

**उइरंति पमत्तंता, सगट्ठ मीसट्ठ वेयआउ विणा ।**
**छग अपमत्ताइ तओ, छ पंच सुहुमो पणुवसंतो ॥६१॥**

**ગાથાર્થ :-** મિથ્યાત્વથી (મિશ્રગુણસ્થાનક વિના) પ્રમત્ત ગુણઠાણા સુધી જીવોને સાત અથવા આઠ કર્મોની ઉદીરણા હોય છે, મિશ્રે આઠ કર્મની જ ઉદીરણા હોય છે. તથા અપ્રમત્તથી અનિવૃત્તિ બાદર સંપરાય સુધી વેદનીય અને આયુષ્ય વિના છ કર્મોની ઉદીરણા હોય છે. સૂક્ષ્સસંપરાયે છની, અને પાંચ કર્મની અને ઉપશાંત મોહે

પાંચ કર્મની ઉદીરણા હોય છે. (૬૧)

**વિવેચન :-** ત્રીજા ગુણસ્થાનક વિના **૧થી ૬** ગુણસ્થાનક સુધી કોઈપણ જીવને ઉત્પતિના પ્રથમ સમયથી જ મૃત્યુની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યાં સુધી સદા **આઠે** કર્મોની **ઉદીરણા** હોય છે. કારણકે ''ઉદય હોય તેની જ ઉદીરણા હોય છે.'' એવો નિયમ હોવાથી આઠે કર્મોની ઉદીરણા હોય. પરંતુ ભોગવાતા આયુષ્યની છેલ્લી એક આવલિકામાં આયુષ્ય વિના સાત કર્મોની ઉદીરણા હોય છે કારણકે ઉદીરણા એટલે ''ઉદયાવલિકાની બહારથી કર્મદલિકને યોગ વડે ખેંચી ઉદયાવલિકામાં નાખવા તે.'' તેથી છેલ્લી એક આવલિકા જેટલું આયુષ્ય હોય ત્યારે ઉદીરણા હોય નહીં.

ઉદીરણાનો અર્થ જ એવો છે કે ''એક આવલિકા બહાર ગોઠવાયેલા કર્મદલિકમાંથી ખેંચી કેટલાક દલિકોને ઉદયાવલિકામાં લાવીને નાખવા અને ભોગવવા. તે ઉદીરણા.'' આયુષ્ય એક આવલિકા માત્ર બાકી રહ્યું હોવાથી આવલિકાની બહાર ભોગવાતા આયુષ્યના દલિકો નથી તેથી ઉદીરણા થાય નહિ.

જોકે આવતા ભવનું બંધાયેલું આયુષ્ય સત્તામાં છે અને તે આવલિકા બહાર છે. પરંતુ તેનો ઉદય નથી અને જે આયુષ્યનો ઉદય છે તેના દલિકની જ ઉદીરણા થાય તેથી આયુષ્યની ઉદીરણા છેલ્લી આવલિકામાં થાય નહિ.

**મિશ્રગુણઠાણે** વર્તતો જીવ મૃત્યુ પામતો નથી તેથી ત્યાં આયુષ્યની અંતિમ આવલિકા આવતી નથી માટે ત્યાં સાત કર્મની ઉદીરણા સંભવતી નથી, તેથી આઠ કર્મની જ ઉદીરણા હોય.

**અપ્રમત્તથી** ઉપરના ગુણસ્થાનકમાં વર્તતા જીવો અત્યંત પ્રમાદ રહિત હોવાથી વેદનીય અને આયુષ્ય કર્મની ઉદીરણા ન કરે કારણકે આ બે કર્મની ઉદીરણા પ્રમાદથી થાય છે. તેથી અપ્રમત્ત આદિ ત્રણ ગુણઠાણે પ્રમાદ ન હોવાથી **છ કર્મોની** ઉદીરણા હોય છે.

**સૂક્ષ્મસંપરાય** ગુણઠાણે ચરમ એક આવલિકા બાકી રહે ત્યાં સુધી **છ કર્મોની** ઉદીરણા હોય છે પરંતુ છેલ્લી એક આવલિકા જ્યારે

બાકી રહે ત્યારે મોહનીય કર્મ એક આવલિકા જેટલું જ બાકી હોવાથી અને શેષ મોહનીય કર્મ ઉપશાંત અથવા ક્ષીણ થયેલ હોવાથી મોહનીયકર્મની ઉદીરણા હોય નહિ. તેથી **પાંચકર્મની** ઉદીરણા હોય છે.

**ઉપશાંત મોહે** તો મોહનીય કર્મ સર્વથા ઉપશાંત થયેલ હોવાથી ઉદય ન હોય તેથી ઉદીરણા પણ ન હોય. માટે વેદનીય તથા આયુષ્ય અને **મોહનીય** વિના **પાંચ કર્મની** ઉદીરણા હોય છે.

**पणदो खीण दु जोगी णुदीरगु अजोगी थोव उवसंता ।**
**संखगुण खीण सुहुमा, नियट्टि अपुव्व सम अहिया ॥६२॥**

### શબ્દાર્થ

**णुदीरगु** - અનુદીરક

**समअहिया** - પરસ્પર સમાન અને વિશેષાધિક

**ગાથાર્થ :-** ક્ષીણમોહ ગુણસ્થાનકવાળા જીવોને પાંચ અને બેની ઉદીરણા હોય છે. સયોગી કેવલીને બેની ઉદીરણા હોય અને અયોગી ભગવાન અનુદીરક છે. ઉપશાંત મોહવાળા સર્વથી થોડા છે તેનાથી ક્ષીણમોહવાળા સંખ્યાતગુણ. તેનાથી સૂક્ષ્મ, અનિવૃત્તિ અને અપૂર્વકરણવાળા વિશેષ અધિક છે અને પરસ્પર સમાન છે. (૬૨)

**વિવેચન :-** બારમા **ક્ષીણમોહ** ગુણઠાણે જીવોને મોહનીય આયુષ્ય અને વેદનીય વિના શેષ **પાંચ** કર્મોની ઉદીરણા હોય છે. પરંતુ જ્યારે બારમા ગુણઠાણાની છેલ્લી એક આવલિકા બાકી રહે છે ત્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એમ ત્રણ કર્મો હવે ક્ષય થવા આવ્યા છે. તેની સત્તા હવે માત્ર આવલિકા જ છે તેથી ઉદીરણા થાય નહિ. કારણકે આવલિકા બહાર કર્મ નથી માટે ઉદીરણા નથી તેથી છેલ્લી આવલિકામાં જ્ઞાનાવરણીય, આદિ ત્રણ કર્મ વિના **નામ** અને **ગોત્ર** એ **બે જ** કર્મની ઉદીરણા છે.

**સયોગી** ગુણઠાણે પણ **નામ** અને **ગોત્ર** એ **બે** કર્મની જ ઉદીરણા હોય છે જોકે ઉદય હોવા છતાં વેદનીય અને આયુષ્યની ઉદીરણા સાતમા ગુણઠાણાથી ન થાય. અને શેષ ઘાતી કર્મો સત્તામાંથી

ક્ષીણ થયેલા છે તેથી બે કર્મની ઉદીરણા હોય છે.

**અયોગી** ગુણઠાણે જીવને યોગરહિત હોવાથી **ઉદીરણા નથી** ઉદીરણા એ યોગથી થાય છે અયોગી ભગવાનને લબ્ધિવીર્ય અનંતુ છે પરંતુ કરણવીર્ય નથી માટે ઉદીરણા હોય નહી.

**આ પ્રમાણે ૧૪ ગુણ૦ ઉપર બંધ ઉદય ઉદીરણા અને સત્તા દ્વાર જાણવું.**

## ૧૪ ગુણસ્થાનક ઉપર અલ્પબહુત્વ

ચૌદે ગુણઠાણામાં ક્યા ગુણઠાણાવાળા જીવો વધારે અને ક્યા ગુણઠાણાવાળા જીવો થોડા તે કહેવું તે **અલ્પબહુત્વ** છે. તે આ પ્રમાણે.

ઉપશાંત મોહ ગુણઠાણાવાળા સર્વથી થોડા છે કારણકે એક સમયે એકી સાથે આ ગુણસ્થાનકને પામનાર જીવો કોઈવાર જઘન્યથી એક અને વધુમાં વધુ ૫૪ જ છે. અને અહીં વર્તતા એટલે પ્રવેશેલા વિદ્યમાન ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ (૨૦૦થી ૯૦૦) હોય.

તેના કરતા ક્ષીણમોહ ગુણઠાણાવાળા જીવો વિદ્યમાનને આશ્રયી સંખ્યાતગુણ છે કારણકે આ ગુણઠાણે એક સમયે એકી સાથે પ્રવેશ કરતા ક્વચિત જઘથી એક અને ઉત્કૃ૦થી ૧૦૮ જીવો હોય છે. એટલે પ્રવેશની અપેક્ષાએ ઉપશાંતની સંખ્યા કરતા દ્વિગુણ હોય છે. તેથી અહીં પ્રવેશેલા વિદ્યમાન ઉપશાંત કરતા વધારે શતપૃથક્ત્વ હોય છે તેથી સંખ્યાતગુણા કહેવાય છે અને જો દ્વિગુણ ન હોત તો વિશેષાધિક કહેવાત. પરંતુ દ્વિગુણથી વધારે હોઈ શકે તેથી સંખ્યાતગુણ કહ્યું.

આ અલ્પબહુત્વ બન્ને ગુણઠાણામાં વધુમાં વધુ પ્રવેશેલા જીવોની અપેક્ષાએ કહ્યું છે. અન્યથા આ બન્ને ગુણઠાણાવાળા ક્યારેક સંસારમાં હોય છે. અને ક્યારેક ન પણ હોય. તેમજ ક્યારેક ક્ષીણમોહમાં એકેય જીવ ન હોય અને ઉપશાંત મોહે અનેક હોય એમ પણ બને કેમકે આ ગુણસ્થાનક અધ્રુવ છે.

તેથી આ અલ્પબહુત્વ ઉત્કૃષ્ટથી જ્યારે વર્તતા હોય તે આશ્રયી એટલે કે જ્યારે વધુમાં વધુ જીવોની સંખ્યા વર્તતી હોય તે સમયને આશ્રયી જાણવું.

બારમા ગુણ૦વાળા કરતા આઠ-નવ અને દશમા ગુણ૦વાળા જીવો

વિશેષાધિક જાણવા, કારણકે આ ત્રણે ગુણઠાણા બન્ને શ્રેણીમાં હોય છે. તેથી અહીં ૫૪+૧૦૮ એમ કુલ ઉત્કૃષ્ટથી ૧૬૨ જીવો પ્રવેશ પામતા હોઈ શકે છે. અને બારમા ગુણ૰માં ઉત્કૃષ્ટથી વર્તતા શતપૃથક્ત્વ હોય છે. તેથી બારમા કરતા વિશેષાધિક કહ્યા છે પરંતુ આ ત્રણે ગુણઠાણાવાળા ઉત્કૃષ્ટથી વર્તતા જીવોની સંખ્યા પરસ્પર સમાન કહી છે.

**जोगी अपमत्त इयरे, संखगुणा देस सासणा मीसा ।**
**अविरइ अजोगि मिच्छा, असंख चउरो दुवे णंता ॥६३॥**

**શબ્દાર્થ**

**इयरे** - ઈતર (પ્રમત્ત મુનિ) || **दुवेणंता** - બે અનંતા

**ગાથાર્થ :-** તેના (૮, ૯, ૧૦ ગુણ૰વાળા) કરતા સયોગી અપ્રમત્ત અને પ્રમત્તમુનિ અનુક્રમે સંખ્યાતગુણા સંખ્યાતગુણા છે. તેના કરતા દેશવિરતિ સાસ્વાદન મિશ્ર અવિરતિ ગુણ૰વાળા આ ચાર અનુક્રમે અસંખ્યાતગુણા અને તેના કરતા અયોગી અને મિથ્યાત્વી એ બે અનુક્રમે અનંતગુણા છે. (૬૩)

**વિવેચન :-** આગળ કહેલ અપૂર્વકરણાદિ ગુણઠાણાવાળા જીવો કરતા સયોગી ગુણઠાણાવાળા સંખ્યાતગુણા જાણવા. કારણકે સૂક્ષ્મસંપરાયવાળા ઉત્કૃષ્ટથી વર્તતા શતપૃથક્ત્વ હોય છે. અને સયોગી ગુણઠાણાવાળાની ઉત્કૃષ્ટથી કોટી પૃથક્ત્વ (એટલે કે ૨ ક્રોડથી ૯ ક્રોડ)ની સંખ્યા હોય છે. માટે શતપૃથક્ત્વ કરતા કોટી પૃથક્ત્વ સંખ્યા સંખ્યાત ગુણા કહેવાય. તેમજ સયોગી કરતા અપ્રમત્ત ગુણઠાણાવાળા સંખ્યાતગુણા છે. કારણકે અપ્રમત્તમુનિઓની ઉત્કૃષ્ટથી કોટિશત પૃથક્ત્વ (એટલે કે ૨૦૦ ક્રોડથી ૯૦૦ ક્રોડ)ની સંખ્યા વિદ્યમાન હોય છે.

અપ્રમત્તગુણ૰વાળા કરતા પ્રમત્તગુણ૰વાળા સંખ્યાતગુણા છે કારણકે પ્રમત્તસંયમ ''કોટિ સહસ્ર પૃથક્ત્વ'' છે (એટલે કે જઘન્યથી ૨૦૦૦ ક્રોડ અને ઉત્કૃષ્ટથી ૯૦૦૦ ક્રોડ હોય છે) માટે અપ્રમત્ત મુનિ કરતા પ્રમત્તમુનિની સંખ્યા સંખ્યાતગુણી છે.

પ્રમત્ત સંયત ગુણ૦વાળા કરતા દેશવિરતિ ગુણ૦વાળા જીવો અસંખ્યાતગુણા છે. કારણકે પ્રમત્ત સંયત ગુણસ્થાનક તો માત્ર મનુષ્યોમાં જ હોય છે જ્યારે દેશવિરતિ ગુણસ્થાનક તો ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને પણ હોય છે અને તે તિર્યંચો જઘન્યથી પણ અસંખ્યાતા છે માટે દેશવિરતિ ગુણ૦વાળા જીવો પ્રમત્તસંયત કરતાં અસંખ્યગુણ જાણવા.

દેશવિરતિ ગુણ૦વાળાકરતા સાસ્વાદન ગુણસ્થાનકવાળા જીવો અસંખ્યગુણા છે. જોકે સાસ્વાદન ગુણસ્થાનક જગતમાં કાયમ હોય જ એવું નથી, ક્યારેક હોય છે. અને ક્યારેક ન પણ હોય, અનિત્ય છે માટે. પણ જ્યારે હોય ત્યારે જઘન્યથી એક-બે પણ જીવો હોય અને ઉત્કૃષ્ટથી દેશવિરતિ કરતા અસંખ્યાત ગુણા જીવો હોય છે. તેથી આ અલ્પબહુત્વ સાસ્વાદને ઉત્કૃષ્ટથી વર્તતાજીવો હોય ત્યારે સમજવું તેથી સાસ્વાદનવાળા અસંખ્યગુણા થાય. કારણકે સાસ્વાદન ગુણસ્થાનક ચારે ગતિમાં પ્રાપ્ત કરી શકાય છે જ્યારે દેશવિરતિ ગુણસ્થાનક મનુષ્ય અને તિર્યંચને જ હોય છે. તેથી સાસ્વાદનવાળા અસંખ્યગુણા કહ્યા છે.

તે સાસ્વાદનવાળા કરતા મિશ્રગુણસ્થાનવાળા જીવો અસંખ્યગુણા છે. કારણકે સાસ્વાદનનો કાળ છ આવલિકાનો છે જ્યારે મિશ્રગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્તનો છે. તેથી તેમાં પ્રવેશ પામતા અને પ્રવેશ પામેલાની સંખ્યા સાસ્વાદનથી ઘણી હોઈ શકે.

વળી મિશ્ર ગુણ૦ પહેલા ગુણ૦થી ચડતાં અને ચોથા ગુણ૦થી પડતાં પણ પ્રાપ્ત કરાય છે. એમ બે રીતે પ્રાપ્ત થાય માટે વધારે હોય.

મિશ્રગુણસ્થાનકવાળા જીવો કરતા અવિરતિ સમ્ય૦ ગુણઠાણાવાળા જીવો અસંખ્યાત ગુણા છે. કારણકે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણાનો કાળ ઉ૦ તેત્રીશ સાગરોપમથી અધિક છે. તેથી તેમાં વર્તતા જીવો વધારે હોય છે. એટલે આ ગુણ૦ દીર્ઘકાલ સુધી રહી શકે છે. તેથી તેમજ અસંખ્યાતા ઈન્દ્રો-દેવોને પણ આ જ ગુણ હોય. વળી નારકી-તિર્યંચોમાં પણ હોય.

અવિરત સમ્યગ્દૃષ્ટિ કરતા અયોગી ગુણઠાણાવાળા જીવો

અનંતગુણા છે કારણકે સર્વ સિદ્ધો અયોગી હોવાથી તેઓને અયોગીગુણ૦માં ગણ્યા છે. તેથી ભવસ્થ અને અભવસ્થ બન્ને જીવો સાથે ગણતા અનંતગુણા થાય છે.

અયોગી કરતા મિથ્યાદૃષ્ટિ જીવો અનંતગુણા છે કારણકે સાધારણ વનસ્પતિકાયના જ માત્ર જીવો સિદ્ધ ભગવંતોથી અનંતગુણા છે તો સર્વમિથ્યાત્વી જીવો અનંતગુણા જ હોય.

**પ્રશ્ન :-** દેશવિરતિ ગુણઠાણુ નિત્ય છે. સાસ્વાદન ગુણસ્થાનક અને મિશ્ર ગુણ૦ અનિત્ય છે છતાં દેશવિરતિ કરતા તે બન્ને અસંખ્યગુણા કેમ કહ્યા ?

**જવાબ :-** સાસ્વાદન ગુણસ્થાનકે કોઈવાર નવા ઉપશમ પામનારા જીવો અસંખ્યાતા હોય છે. ત્યારે દેશવિરતિમાં જેટલા અસંખ્યાતા જીવો હોય તેના કરતા ક્વચિત નવું ઉપશમ પામીને સાસ્વાદને આવનારા ઘણા હોય તે અપેક્ષાએ અસંખ્યગુણા કહ્યા છે.

આ અલ્પબહુત્વ દરેક ગુણસ્થાનકે ઉત્કૃષ્ટ સંખ્યા હોય તેને આશ્રયી સમજવું.

આ પ્રમાણે **અલ્પબહુત્વ** નામનું દ્વાર પૂર્ણ થયું.

આ ચૌદ ગુણસ્થાનકમાં ૧, ૪, ૫, ૬, ૭, અને ૧૩ આ ૬ ગુણસ્થાનકો આ સંસારમાં કાયમ છે. કારણકે વનસ્પતિકાય આદિમાં મિથ્યાત્વી સદા છે. મહાવિદેહ આદિ ક્ષેત્રમાં ચોથું, પાંચ, છઠ્ઠું અને સાતમાદિ ગુણઠાણા વર્તતા હોય છે જ. ભરત ઐરાવતમાં છઠ્ઠા આરામાં અને ઉત્સર્પિણીના પહેલા-બીજા આરામાં આ ગુણસ્થાનક કદાચ ન હોય, તે વખતે મહાવિદેહમાં તો હોય જ. તેવી રીતે સયોગી કેવલી પણ મહાવિદેહમાં સદા હોય છે. તેથી આ છ ગુણસ્થાનક ધ્રુવ (નિત્ય) કહેવાય છે. અને બાકીના આઠ ગુણસ્થાનક અધ્રુવ (અનિત્ય) કહેવાય છે. તેથી તે આઠ ગુણસ્થાનકોમાંથી ક્યારેક એક જ ગુણસ્થાનક★

★ ગુણસ્થાનક એટલે ગુણસ્થાનકમાં વર્તતા જીવો સમજવા.

સંસારમાં હોય, ક્યારેક બે-ત્રણ-ચાર પાંચ-છ સાત તો ક્યારેક આઠ પણ હોય છે તેથી તેના હોવા અને ન હોવાના કારણે ઘણા ભાંગા થાય છે. આ આઠ ગુણ૰ જગતમાં અનિત્ય જાણવા.

સાસ્વાદન, મિશ્ર, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ ક્ષીણમોહ અને અયોગી (૨, ૩, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪) આ આઠ ગુણસ્થાનક જે અનિત્ય છે તેના ભાંગા આ પ્રમાણે થાય.

## અનિત્ય ગુણસ્થાનકના ભાંગા

અનિત્ય ગુણ૰માંથી કોઈવાર એક હોય, કોઈવાર બે હોય તેથી તેના એક સંયોગી વગેરે ભાંગા આ પ્રમાણે થાય.

### એક **સંયોગી ભાંગા ૮**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૪ |

### દ્વિસંયોગી ભાંગા ૨૮

| | | | |
|---|---|---|---|
| ૨, ૩ | ૩, ૮ | ૮, ૧૦ | ૯, ૧૪ |
| ૨, ૮ | ૩, ૯ | ૮, ૧૧ | ૧૦, ૧૧ |
| ૨, ૯ | ૩, ૧૦ | ૮, ૧૨ | ૧૦, ૧૨ |
| ૨, ૧૦ | ૩, ૧૧ | ૮, ૧૪ | ૧૦, ૧૪ |
| ૨, ૧૧ | ૩, ૧૨ | ૯, ૧૦ | ૧૧, ૧૨ |
| ૨, ૧૨ | ૩, ૧૪ | ૯, ૧૧ | ૧૧, ૧૪ |
| ૨, ૧૪ | ૮, ૯ | ૯, ૧૨ | ૧૨, ૧૪ |

## ત્રિસંયોગી ભાંગા ૫૬

| | | | |
|---|---|---|---|
| ૨,૩,૮ | ૨,૯,૧૪, | ૩,૯,૧૨, | ૮,૧૦,૧૪ |
| ૨,૩,૯ | ૨,૧૦,૧૧ | ૩,૯,૧૪ | ૮,૧૧,૧૨ |
| ૨,૩,૧૦ | ૨,૧૦,૧૨ | ૩,૧૦,૧૧ | ૮,૧૧,૧૪ |
| ૨,૩,૧૧ | ૨,૧૦,૧૪ | ૩,૧૦,૧૨ | ૮,૧૨,૧૪ |
| ૨,૩,૧૨ | ૨,૧૧,૧૨ | ૩,૧૦,૧૪ | ૯,૧૦,૧૧ |
| ૨,૩,૧૪ | ૨,૧૧,૧૪ | ૩,૧૧,૧૨ | ૯,૧૦,૧૨ |
| ૨,૮,૯ | ૨,૧૨,૧૪ | ૩,૧૧,૧૪ | ૯,૧૦,૧૪ |
| ૨,૮,૧૦ | ૩,૮,૯ | ૩,૧૨,૧૪ | ૯,૧૧,૧૨ |
| ૨,૮,૧૧ | ૩,૮,૧૦ | ૮,૯,૧૦ | ૯,૧૧,૧૪ |
| ૨,૮,૧૨ | ૩,૮,૧૧ | ૮,૯,૧૧ | ૯,૧૨,૧૪ |
| ૨,૮,૧૪ | ૩,૮,૧૨ | ૮,૯,૧૨ | ૧૦,૧૧,૧૨ |
| ૨,૯,૧૦ | ૩,૮,૧૪ | ૮,૯,૧૪ | ૧૦,૧૧,૧૪ |
| ૨,૯,૧૧ | ૩,૯,૧૦ | ૮,૧૦,૧૧ | ૧૦,૧૨,૧૪ |
| ૨,૯,૧૨ | ૩,૯,૧૧ | ૮,૧૦,૧૨ | ૧૧,૧૨,૧૪ |

## ચતુઃસંયોગી ભાંગા ૭૦

| | | | |
|---|---|---|---|
| ૨,૩,૮,૯ | ૨,૮,૯,૧૪, | ૩,૮,૯,૧૧ | ૩,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૧૦ | ૨,૮,૧૦,૧૧ | ૩,૮,૯,૧૨ | ૮,૯,૧૦,૧૧ |
| ૨,૩,૮,૧૧ | ૨,૮,૧૦,૧૨ | ૩,૮,૯,૧૪ | ૮,૯,૧૦,૧૨ |
| ૨,૩,૮,૧૨ | ૨,૮,૧૦,૧૪ | ૩,૮,૧૦,૧૧ | ૮,૯,૧૦,૧૪ |
| ૨,૩,૮,૧૪ | ૨,૮,૧૧,૧૨ | ૩,૮,૧૦,૧૨ | ૮,૯,૧૧,૧૨ |
| ૨,૩,૯,૧૦ | ૨,૮,૧૧,૧૪ | ૩,૮,૧૦,૧૪ | ૮,૯,૧૧,૧૪ |
| ૨,૩,૯,૧૧ | ૨,૮,૧૨,૧૪ | ૩,૮,૧૧,૧૨ | ૮,૯,૧૨,૧૪ |
| ૨,૩,૯,૧૨ | ૨,૯,૧૦,૧૧ | ૩,૮,૧૧,૧૪ | ૮,૧૦,૧૧,૧૨ |
| ૨,૩,૯,૧૪ | ૨,૯,૧૦,૧૨ | ૩,૮,૧૨,૧૪ | ૮,૧૦,૧૧,૧૪ |
| *૨,૩,૧૦,૧૧ | ૨,૯,૧૦,૧૪ | ૩,૯,૧૦,૧૧ | ૮,૧૦,૧૨,૧૪ |

★ અહીં દરેક ખાનાનું અનુસંધાન પાછળના પાને જાણવું.

| | | | |
|---|---|---|---|
| ૨,૩,૧૦,૧૨ | ૨,૯,૧૧,૧૨ | ૩,૯,૧૦,૧૨ | ૮,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૧૦,૧૪ | ૨,૯,૧૧,૧૪ | ૩,૯,૧૦,૧૪ | ૯,૧૦,૧૧,૧૨ |
| ૨,૩,૧૧,૧૨ | ૨,૯,૧૨,૧૪ | ૩,૯,૧૧,૧૨ | ૯,૧૦,૧૧,૧૪ |
| ૨,૩,૧૧,૧૪ | ૨,૧૦,૧૧,૧૨ | ૩,૯,૧૧,૧૪ | ૯,૧૦,૧૨,૧૪ |
| ૨,૩,૧૨,૧૪ | ૨,૧૦,૧૧,૧૪ | ૩,૯,૧૨,૧૪ | ૯,૧૧,૧૨,૧૪ |
| ૨,૮,૯,૧૦ | ૨,૧૦,૧૨,૧૪ | ૩,૧૦,૧૧,૧૨ | ૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૮,૯,૧૧ | ૨,૧૧,૧૨,૧૪ | ૩,૧૦,૧૧,૧૪ | |
| ૨,૮,૯,૧૨ | ૩,૮,૯,૧૦ | ૩,૧૦,૧૨,૧૪ | |

## પંચ સંયોગી ભાંગા ૫૬

| | | | |
|---|---|---|---|
| ૨,૩,૮,૯,૧૦ | ૨,૩,૯,૧૧,૧૪ | ૨,૮,૧૦,૧૨,૧૪ | ૩,૮,૧૦,૧૧,૧૪ |
| ૨,૩,૮,૯,૧૧ | ૨,૩,૯,૧૨,૧૪ | ૨,૮,૧૧,૧૨,૧૪ | ૩,૮,૧૦,૧૨,૧૪ |
| ૨,૩,૮,૯,૧૨ | ૨,૩,૧૦,૧૧,૧૨ | ૨,૯,૧૦,૧૧,૧૨ | ૩,૮,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૯,૧૪ | ૨,૩,૧૦,૧૧,૧૪ | ૨,૯,૧૦,૧૧,૧૪ | ૩,૯,૧૦,૧૧,૧૨ |
| ૨,૩,૮,૧૦,૧૧ | ૨,૩,૧૦,૧૨,૧૪ | ૨,૯,૧૦,૧૨,૧૪ | ૩,૯,૧૦,૧૧,૧૪ |
| ૨,૩,૮,૧૦,૧૨ | ૨,૩,૧૧,૧૨,૧૪ | ૨,૯,૧૧,૧૨,૧૪ | ૩,૯,૧૦,૧૨,૧૪ |
| ૨,૩,૮,૧૦,૧૪ | ૨,૮,૯,૧૦,૧૧ | ૨,૧૦,૧૧,૧૨,૧૪ | ૩,૯,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૧૧,૧૨ | ૨,૮,૯,૧૦,૧૨ | ૩,૮,૯,૧૦,૧૧ | ૩,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૧૧,૧૪ | ૨,૮,૯,૧૦,૧૪ | ૩,૮,૯,૧૦,૧૨ | ૮,૯,૧૦,૧૧,૧૨ |
| ૨,૩,૮,૧૨,૧૪ | ૨,૮,૯,૧૧,૧૨ | ૩,૮,૯,૧૦,૧૪ | ૮,૯,૧૦,૧૧,૧૪ |
| ૨,૩,૯,૧૦,૧૧ | ૨,૮,૯,૧૧,૧૪ | ૩,૮,૯,૧૧,૧૨ | ૮,૯,૧૦,૧૨,૧૪ |
| ૨,૩,૯,૧૦,૧૨ | ૨,૮,૯,૧૨,૧૪ | ૩,૮,૯,૧૧,૧૪ | ૮,૯,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૯,૧૦,૧૪ | ૨,૮,૧૦,૧૧,૧૨ | ૩,૮,૯,૧૨,૧૪ | ૮,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૯,૧૧,૧૨ | ૨,૮,૧૦,૧૧,૧૪ | ૩,૮,૧૦,૧૧,૧૨ | ૯,૧૦,૧૧,૧૨,૧૪ |

## છ સંયોગી ૨૮ ભાંગા

| | |
|---|---|
| ૨,૩,૮,૯,૧૦,૧૧ | ૨,૩,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૯,૧૦,૧૨ | ૨,૮,૯,૧૦,૧૧,૧૨ |
| ૨,૩,૮,૯,૧૦,૧૪ | ૨,૮,૯,૧૦,૧૧,૧૪ |
| ૨,૩,૮,૯,૧૧,૧૨ | ૨,૮,૯,૧૦,૧૨,૧૪ |
| ૨,૩,૮,૯,૧૧,૧૪ | ૨,૮,૯,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૯,૧૨,૧૪ | ૨,૮,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૧૦,૧૧,૧૨ | ૨,૯,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૧૦,૧૧,૧૪ | ૩,૮,૯,૧૦,૧૧,૧૨ |
| ૨,૩,૮,૧૦,૧૨,૧૪ | ૩,૮,૯,૧૦,૧૧,૧૪ |
| ૨,૩,૮,૧૧,૧૨,૧૪ | ૩,૮,૯,૧૦,૧૨,૧૪ |
| ૨,૩,૯,૧૦,૧૧,૧૨ | ૩,૮,૯,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૯,૧૦,૧૧,૧૪ | ૩,૮,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૯,૧૦,૧૨,૧૪ | ૩,૯,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૯,૧૧,૧૨,૧૪ | ૮,૯,૧૦,૧૧,૧૨,૧૪ |

## સપ્તસંયોગી ભાંગા ૮

| | |
|---|---|
| ૨,૩,૮,૯,૧૦,૧૧,૧૨ | ૨,૩,૮,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૯,૧૦,૧૧,૧૪ | ૨,૩,૯,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૯,૧૦,૧૨,૧૪ | ૨,૮,૯,૧૦,૧૧,૧૨,૧૪ |
| ૨,૩,૮,૯,૧૧,૧૨,૧૪ | ૩,૮,૯,૧૦,૧૧,૧૨,૧૪ |

## અષ્ટસંયોગી ભાંગો ૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૪ |

આ આઠ અનિત્ય ગુણ૦ કોઈવાર જગતમાં કોઈ આત્માને એક પણ ન હોય ત્યારે અસંયોગી ભંગો ગણાય.

આ પ્રમાણે ૮ અનિત્ય ગુણઠાણાના એક સંયોગી વગેરે કુલ ૮+૨૮+૫૬+૭૦+૫૬+૨૮+૮+૧=૨૫૫ ભાંગા થાય છે અને અસંયોગી ૧ ભાંગો ગણતાં કુલ ૨૫૬ ભાંગા થાય તેમાં એક અને એકથી વધુ એટલે **અનેક જીવો પણ તે તે ગુણઠાણે કોઈક કાલે હોય તે સર્વેના** એક અનેકના ભાંગા કરીએ તો આ પ્રમાણે થાય-

જેમકે એક સંયોગી ૮ ભાંગા છે તે આઠે ગુણઠાણામાં એક અનેકના બે-બે ભાંગા થાય એટલે કે અનિત્ય ગુણઠાણાના એક સંયોગી ૮ ભાંગાના કુલ એક અનેકના ૧૬ ભાંગા થાય છે. દ્વિસંયોગી ૨૮ ભાંગાના દરેકના એક અનેકના ચાર ભાંગા, ત્રિસંયોગી જે ૫૬ ભાંગા છે-તેના દરેકના એક અનેકના આઠ ભાંગા થાય. ચતુઃસંયોગી ૭૦ ભાંગાના-દરેકના એક અનેકના સોળ ભાંગા થાય. પંચસંયોગી ૫૬ ભાંગાના દરેકના એક અનેકના બત્રીશ ભાંગા થાય. છ સંયોગી ૨૮ ભાંગાના દરેકના એક અનેકના ચોસઠ ભાંગા થાય છે. સપ્તસંયોગી ૮ ભાંગાના દરેકના એક અનેકના એકશો અટ્ઠયાવીશ (૧૨૮) ભાંગા થાય. આઠ સંયોગી ૧ ભાંગાના ૨૫૬ ભાંગા થાય.

## એક સંયોગી ઉપર એક-અનેકના ભાંગા

| સાસ્વાદન | મિશ્ર | અપૂર્વકરણ |
|---|---|---|
| (૧) એક | (૧) એક | (૧) એક |
| (૨) અનેક | (૨) અનેક | (૨) અનેક |

આ પ્રમાણે એક સંયોગીના દરેકના બે ભાંગા થાય તેથી ૮×૨=**૧૬** ભાંગા થાય.

## દ્વિસંયોગી ઉપર એક અનેકના

| સાસ્વાદન-મિશ્ર | | | સાસ્વાદન-અપૂર્વકરણ | | |
|---|---|---|---|---|---|
| (૧) | એક | એક | (૧) | એક | એક |
| (૨) | એક | અનેક | (૨) | એક | અનેક |
| (૩) | અનેક | એક | (૩) | અનેક | એક |
| (૪) | અનેક | અનેક | (૪) | અનેક | અનેક |

આ પ્રમાણે દ્વિસંયોગી **૨૮** ભાંગામાં દરેક ઉપર ચાર-ચાર ભાંગા થાય તેથી ૨૮×૪=**૧૧૨** ભાંગા થાય.

નોંધ - હવે આગળ ભાંગા લખ્યા છે ત્યાં એકની જગ્યાએ **(૧)** અને અનેકની જગ્યાએ **(૩)** લખેલ. તે પ્રમાણે વાંચવું.

## ત્રિસંયોગી ઉપર એક અનેકના ભાંગા

| | સાસ્વાદન | મિશ્ર | અપૂર્વ | | સા૦ | મિ૦ | અપૂ૦ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૧ | ૧ | ૧ | (૫) | ૩ | ૧ | ૧ |
| (૨) | ૧ | ૧ | ૩ | (૬) | ૩ | ૧ | ૩ |
| (૩) | ૧ | ૩ | ૧ | (૭) | ૩ | ૩ | ૧ |
| (૪) | ૧ | ૩ | ૩ | (૮) | ૩ | ૩ | ૩ |

આ પ્રમાણે ત્રિસંયોગી ૫૬ ભાંગામાં દરેક ઉપર આઠ આઠ ભાંગા થાય તેથી ૫૬×૮=**૪૪૮** કુલ ભાંગા થાય.

## ચતુઃસંયોગી ૭૦ ભાંગાના દરેકના નીચેની જેમ ૧૬ ભાંગા

૨-૩-૮-૯ ગુણ૦

| | | | |
|---|---|---|---|
| ૧ ૧ ૧ ૧ | ૧ ૩ ૧ ૧ | ૩ ૧ ૧ ૧ | ૩ ૩ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૩ | ૧ ૩ ૧ ૩ | ૩ ૧ ૧ ૩ | ૩ ૩ ૧ ૩ |
| ૧ ૧ ૩ ૧ | ૧ ૩ ૩ ૧ | ૩ ૧ ૩ ૧ | ૩ ૩ ૩ ૧ |
| ૧ ૧ ૩ ૩ | ૧ ૩ ૩ ૩ | ૩ ૧ ૩ ૩ | ૩ ૩ ૩ ૩ |

ચતુઃસંયોગીના ૭૦×૧૬=**૧૧૨૦** ભાંગા થાય

૨-૩-૮-૯-૧૦ **પંચસંયોગી ૫૬ ભાંગાના દરેકના ૩૨ ભાંગા**

| | | | |
|---|---|---|---|
| | ૧ ૧ ૩ ૩ ૩ | ૧ ૩ ૩ ૩ ૩ | ૩ ૧ ૩ ૩ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૧ | ૧ ૩ ૧ ૧ ૧ | ૩ ૧ ૧ ૧ ૧ | ૩ ૩ ૧ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૩ | ૧ ૩ ૧ ૧ ૩ | ૩ ૧ ૧ ૧ ૩ | ૩ ૩ ૧ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૩ ૧ | ૧ ૩ ૧ ૩ ૧ | ૩ ૧ ૧ ૩ ૧ | ૩ ૩ ૧ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૩ ૩ | ૧ ૩ ૧ ૩ ૩ | ૩ ૧ ૧ ૩ ૩ | ૩ ૩ ૧ ૩ ૩ |
| ૧ ૧ ૩ ૧ ૧ | ૧ ૩ ૩ ૧ ૧ | ૩ ૧ ૩ ૧ ૧ | ૩ ૩ ૩ ૧ ૧ |
| ૧ ૧ ૩ ૧ ૩ | ૧ ૩ ૩ ૧ ૩ | ૩ ૧ ૩ ૧ ૩ | ૩ ૩ ૩ ૧ ૩ |
| ૧ ૧ ૩ ૩ ૧ | ૧ ૩ ૩ ૩ ૧ | ૩ ૧ ૩ ૩ ૧ | ૩ ૩ ૩ ૩ ૩ |

અહીં ૫૬×૩૨=**૧૭૯૨** ભાંગા થાય

## છસંયોગી ૨૮ ભાંગાના દરેકના ૬૪ ભાંગા

| ૨ ૩ ૮ ૯ ૧૦ ૧૧ | | | |
|---|---|---|---|
| ૧ ૧ ૧ ૧ ૧ ૧ | ૧ ૩ ૧ ૧ ૧ ૧ | ૩ ૧ ૧ ૧ ૧ ૧ | ૩ ૩ ૧ ૧ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૩ | ૧ ૩ ૧ ૧ ૧ ૩ | ૩ ૧ ૧ ૧ ૧ ૩ | ૩ ૩ ૧ ૧ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૧ | ૧ ૩ ૧ ૧ ૩ ૧ | ૩ ૧ ૧ ૧ ૩ ૧ | ૩ ૩ ૧ ૧ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૩ | ૧ ૩ ૧ ૧ ૩ ૩ | ૩ ૧ ૧ ૧ ૩ ૩ | ૩ ૩ ૧ ૧ ૩ ૩ |
| ૧ ૧ ૧ ૩ ૧ ૧ | ૧ ૩ ૧ ૩ ૧ ૧ | ૩ ૧ ૧ ૩ ૧ ૧ | ૩ ૩ ૧ ૩ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૩ ૧ ૩ | ૧ ૩ ૧ ૩ ૧ ૩ | ૩ ૧ ૧ ૩ ૧ ૩ | ૩ ૩ ૧ ૩ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૩ ૩ ૧ | ૧ ૩ ૧ ૩ ૩ ૧ | ૩ ૧ ૧ ૩ ૩ ૧ | ૩ ૩ ૧ ૩ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૩ ૩ ૩ | ૧ ૩ ૧ ૩ ૩ ૩ | ૩ ૧ ૧ ૩ ૩ ૩ | ૩ ૩ ૧ ૩ ૩ ૩ |
| ૧ ૧ ૩ ૧ ૧ ૧ | ૧ ૩ ૩ ૧ ૧ ૧ | ૩ ૧ ૩ ૧ ૧ ૧ | ૩ ૩ ૩ ૧ ૧ ૧ |
| ૧ ૧ ૩ ૧ ૧ ૩ | ૧ ૩ ૩ ૧ ૧ ૩ | ૩ ૧ ૩ ૧ ૧ ૩ | ૩ ૩ ૩ ૧ ૧ ૩ |
| ૧ ૧ ૩ ૧ ૩ ૧ | ૧ ૩ ૩ ૧ ૩ ૧ | ૩ ૧ ૩ ૧ ૩ ૧ | ૩ ૩ ૩ ૧ ૩ ૧ |
| ૧ ૧ ૩ ૧ ૩ ૩ | ૧ ૩ ૩ ૧ ૩ ૩ | ૩ ૧ ૩ ૧ ૩ ૩ | ૩ ૩ ૩ ૧ ૩ ૩ |
| ૧ ૧ ૩ ૩ ૧ ૧ | ૧ ૩ ૩ ૩ ૧ ૧ | ૩ ૧ ૩ ૩ ૧ ૧ | ૩ ૩ ૩ ૩ ૧ ૧ |
| ૧ ૧ ૩ ૩ ૧ ૩ | ૧ ૩ ૩ ૩ ૧ ૩ | ૩ ૧ ૩ ૩ ૧ ૩ | ૩ ૩ ૩ ૩ ૧ ૩ |
| ૧ ૧ ૩ ૩ ૩ ૧ | ૧ ૩ ૩ ૩ ૩ ૧ | ૩ ૧ ૩ ૩ ૩ ૧ | ૩ ૩ ૩ ૩ ૩ ૧ |
| ૧ ૧ ૩ ૩ ૩ ૩ | ૧ ૩ ૩ ૩ ૩ ૩ | ૩ ૧ ૩ ૩ ૩ ૩ | ૩ ૩ ૩ ૩ ૩ ૩ |

અહીં ૨૮×૬૪=૧૭૯૨ કુલ ભાંગા થાય.

## સપ્તસંયોગી ૮ ભાંગાના દરેકના ૧૨૮ ભાંગા

| ૨ ૩ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ | | | |
|---|---|---|---|
| ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ | ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૧ | ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૧ | ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૩ | ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૩ | ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૩ | ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૧ | ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૧ | ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૧ | ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૩ | ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૩ | ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૩ | ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૧ | ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૧ | ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૧ | ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૩ | ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૩ | ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૩ | ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૧ | ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૧ | ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૧ | ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૩ | ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૩ | ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૩ | ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૩ |
| ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૧ | ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૧ | ૧ ૩ ૧ ૩ ૧ ૧ ૧ | ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૩ | ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૩ | ૧ ૩ ૧ ૩ ૧ ૧ ૩ | ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૧ | ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૧ | ૧ ૩ ૧ ૩ ૧ ૩ ૧ | ૧ ૩ ૩ ૩ ૧ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૩ | ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૩ | ૧ ૩ ૧ ૩ ૧ ૩ ૩ | ૧ ૩ ૩ ૩ ૧ ૩ ૩ |
| ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૧ | ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૧ | ૧ ૩ ૧ ૩ ૩ ૧ ૧ | ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૩ | ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૩ | ૧ ૩ ૧ ૩ ૩ ૧ ૩ | ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૧ | ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૧ | ૧ ૩ ૧ ૩ ૩ ૩ ૧ | ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૩ | ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૩ | ૧ ૩ ૧ ૩ ૩ ૩ ૩ | ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૩ |

| | | | |
|---|---|---|---|
| ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૧ | ૩ ૧ ૩ ૧ ૧ ૧ ૧ | ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૧ | ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૧ |
| ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૩ | ૩ ૧ ૩ ૧ ૧ ૧ ૩ | ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૩ | ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૩ |
| ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૧ | ૩ ૧ ૩ ૧ ૧ ૩ ૧ | ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૧ | ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૧ |
| ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૩ | ૩ ૧ ૩ ૧ ૧ ૩ ૩ | ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૩ | ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૩ |
| ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૧ | ૩ ૧ ૩ ૧ ૩ ૧ ૧ | ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૧ | ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૧ |
| ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૩ | ૩ ૧ ૩ ૧ ૩ ૧ ૩ | ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૩ | ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૩ |
| ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૧ | ૩ ૧ ૩ ૧ ૩ ૩ ૧ | ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૧ | ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૧ |
| ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૩ | ૩ ૧ ૩ ૧ ૩ ૩ ૩ | ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૩ | ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૩ |
| ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૧ | ૩ ૧ ૩ ૩ ૧ ૧ ૧ | ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૧ | ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૧ |
| ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૩ | ૩ ૧ ૩ ૩ ૧ ૧ ૩ | ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૩ | ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૩ |
| ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૧ | ૩ ૧ ૩ ૩ ૧ ૩ ૧ | ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૧ | ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૧ |
| ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૩ | ૩ ૧ ૩ ૩ ૧ ૩ ૩ | ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૩ | ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૩ |
| ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૧ | ૩ ૧ ૩ ૩ ૩ ૧ ૧ | ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૧ | ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૧ |
| ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૩ | ૩ ૧ ૩ ૩ ૩ ૧ ૩ | ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૩ | ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૩ |
| ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૧ | ૩ ૧ ૩ ૩ ૩ ૩ ૧ | ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૧ | ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૧ |
| ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૩ | ૩ ૧ ૩ ૩ ૩ ૩ ૩ | ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૩ | ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ |

સપ્તસંયોગી ૮×૧૨૮=૧૦૨૪ કુલ ભાંગા થાય.

**અષ્ટસંયોગી ૧ ભાંગાના દરેકના ૨૫૬ ભાંગા**

| | | | |
|---|---|---|---|
| ૨૩૮૯૧૦૧૧૧૨૧૪ | | | |
| ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ | ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૧ | ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૧ | ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૩ | ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૩ | ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૩ | ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૧ | ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૧ | ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૧ | ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૩ | ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૩ | ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૩ | ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૧ | ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૧ | ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૧ | ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૩ | ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૩ | ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૩ | ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૧ | ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૧ | ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૧ | ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૩ | ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૩ | ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૩ | ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૧ | ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૧ | ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૧ ૧ | ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૩ | ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૩ | ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૧ ૩ | ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૧ | ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૧ | ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૩ ૧ | ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૩૧ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૩ | ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૩ | ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૩ ૩ | ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૩ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૧ | ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૧ | ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૧ ૧ | ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૩ | ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૩ | ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૧ ૩ | ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૩ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૧ | ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૧ | ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૩ ૧ | ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૧ |
| ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૩ | ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૩ | ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૩ ૩ | ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૩ |

| | | | |
|---|---|---|---|
| ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૧ | ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૧ | ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ | ૩ ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૩ | ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૩ | ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૩ | ૩ ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૧ | ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૧ | ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૧ | ૩ ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૩ | ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૩ | ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૩ ૩ | ૩ ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૧ | ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૧ | ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૧ | ૩ ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૩ | ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૩ | ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૧ ૩ | ૩ ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૧ | ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૧ | ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૧ | ૩ ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૩ | ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૩ | ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૩ ૩ | ૩ ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૧ | ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૧ | ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૧ | ૩ ૧ ૩ ૧ ૩ ૧ ૧ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૩ | ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૩ | ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૧ ૩ | ૩ ૧ ૩ ૧ ૩ ૧ ૧ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૧ | ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૧ | ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૧ | ૩ ૧ ૩ ૧ ૩ ૧ ૩ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૩ | ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૩ | ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૩ | ૩ ૧ ૩ ૧ ૩ ૧ ૩ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૧ | ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૧ | ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૧ | ૩ ૧ ૩ ૧ ૩ ૩ ૧ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૩ | ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૩ | ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૧ ૩ | ૩ ૧ ૩ ૧ ૩ ૩ ૧ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૧ | ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૧ | ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૧ | ૩ ૧ ૩ ૧ ૩ ૩ ૩ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૩ | ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૩ | ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૩ ૩ | ૩ ૧ ૩ ૧ ૩ ૩ ૩ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૧ | ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૧ | ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૧ | ૩ ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૩ | ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૩ | ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૧ ૩ | ૩ ૧ ૩ ૩ ૧ ૧ ૧ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૧ | ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૧ | ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૧ | ૩ ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૩ | ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૩ | ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૩ ૩ | ૩ ૧ ૩ ૩ ૧ ૧ ૩ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૧ | ૧ ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૧ | ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૧ | ૩ ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૩ | ૧ ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૩ | ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૧ ૩ | ૩ ૧ ૩ ૩ ૧ ૩ ૧ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૧ | ૧ ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૧ | ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૧ | ૩ ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૩ | ૧ ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૩ | ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૩ | ૩ ૧ ૩ ૩ ૧ ૩ ૩ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૧ | ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૧ | ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૧ | ૩ ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૩ | ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૩ | ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૧ ૩ | ૩ ૧ ૩ ૩ ૩ ૧ ૧ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૧ | ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૧ | ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૧ | ૩ ૧ ૩ ૩ ૩ ૧ ૩ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૩ | ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૩ | ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૩ ૩ | ૩ ૧ ૩ ૩ ૩ ૧ ૩ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૧ | ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૧ | ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૧ | ૩ ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૩ | ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૩ | ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૧ ૩ | ૩ ૧ ૩ ૩ ૩ ૩ ૧ ૩ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૧ | ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૧ | ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૧ | ૩ ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૧ |
| ૧ ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૩ | ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ | ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૩ ૩ | ૩ ૧ ૩ ૩ ૩ ૩ ૩ ૩ |
| ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૧ | ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૧ ૧ | ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૧ | ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૧ |

| | | | |
|---|---|---|---|
| ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૧ ૩ | ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૧ ૩ | ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૩ | ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૩ |
| ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૧ | ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૩ ૧ | ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૧ | ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૧ |
| ૩ ૩ ૧ ૧ ૧ ૧ ૩ ૩ | ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૩ ૩ | ૩ ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૩ | ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૩ |
| ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૧ | ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૧ ૧ | ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૧ | ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૧ |
| ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૧ ૩ | ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૧ ૩ | ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૩ | ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૩ |
| ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૧ | ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૩ ૧ | ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૧ | ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૧ |
| ૩ ૩ ૧ ૧ ૧ ૩ ૩ ૩ | ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૩ ૩ | ૩ ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૩ | ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૩ |
| ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૧ | ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૧ ૧ | ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૧ | ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૧ |
| ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૧ ૩ | ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૧ ૩ | ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૧ ૩ | ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૧ ૩ |
| ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૧ | ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૩ ૧ | ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૧ | ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૧ |
| ૩ ૩ ૧ ૧ ૩ ૧ ૩ ૩ | ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૩ ૩ | ૩ ૩ ૩ ૧ ૩ ૧ ૩ ૩ | ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૩ ૩ |
| ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૧ | ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૧ ૧ | ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૧ | ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૧ |
| ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૧ ૩ | ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૧ ૩ | ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૧ ૩ | ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૧ ૩ |
| ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૧ | ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૩ ૧ | ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૧ | ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૧ |
| ૩ ૩ ૧ ૧ ૩ ૩ ૩ ૩ | ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૩ ૩ | ૩ ૩ ૩ ૧ ૩ ૩ ૩ ૩ | ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ |

અષ્ટસંયોગી ભાંગો ૧×૨૫૬=૨૫૬ ભાંગા એક અનેકના થાય.

| કેટલા સંયોગી | સંયોગી ભાંગા | એક અનેકના ભાંગા | કુલ ભાંગા |
|---|---|---|---|
| અસંયોગી | ૧ | ૧ | ૧ |
| એક સંયોગી | ૮ | × ૨ = | ૧૬ |
| બે સંયોગી | ૨૮ | × ૪ = | ૧૧૨ |
| ત્રણ સંયોગી | ૫૬ | × ૮ = | ૪૪૮ |
| ચાર સંયોગી | ૭૦ | × ૧૬ = | ૧૧૨૦ |
| પાંચ સંયોગી | ૫૬ | × ૩૨ = | ૧૭૯૨ |
| છ સંયોગી | ૨૮ | × ૬૪ = | ૧૭૯૨ |
| સાત સંયોગી | ૮ | × ૧૨૮ = | ૧૦૨૪ |
| આઠ સંયોગી | ૧ | × ૨૫૬ = | ૨૫૬ |
| | ૨૫૬ | | ૬૫૬૧ |

આ પ્રમાણે આ અધ્રુવ આઠ ગુણસ્થાનકોના સંયોગી કુલ ભાંગા ૨૫૫ અને અસંયોગી ૧ ભાંગો કુલ ૨૫૬ થાય છે. તે દરેકના એક અનેકના ભાંગા કરવાથી કુલ ૬૫૬૧ ભાંગા થાય છે. બાકીના ૬ ધ્રુવગુણસ્થાનકોમાં જીવો સદા હોય છે તેથી. અસંયોગી એટલે અધ્રુવ (અનિત્ય) ગુણ૦ એક પણ ન હોય ત્યારે છ નિત્યગુણસ્થાનકમાં - દરેક ગુણ૦માં હંમેશાં એક કરતાં વધારે જ જીવો હોય, તેથી અસંયોગીનો એક ભાંગો જાણવો.

**એક જીવ આશ્રયી ગુણ૦નો નિરંતર વિદ્યમાન કાળ**

| નંબર | ગુણસ્થાનક | જઘ૦કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|
| ૧. | મિથ્યાદષ્ટિ | અંતર્મુહૂર્ત | અનાદિ અનંત, અનાદિસાંત સાદિસાંત - દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન. |
| ૨. | સાસ્વાદન | ૧ સમય | છ આવલિકા |
| ૩. | મિશ્ર૦ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪. | અવિરતસમ્ય૦ | અંતર્મુહૂર્ત | સાધિક ૩૩ સાગરોપમ |
| ૫. | દેશવિરતિ | અંતર્મુહૂર્ત | દેશોન પૂર્વક્રોડ વર્ષ |
| ૬. | પ્રમત્ત | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૭. | અપ્રમત્ત | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૮. | અપૂર્વકરણ | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૯. | અનિવૃત્તિબાદર | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૦. | સૂક્ષ્મસંપરાય | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૧. | ઉપશાંત મોહ | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૨. | ક્ષીણ મોહ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂત |
| ૧૩. | સયોગી | અંતર્મુહૂર્ત | દેશોન પૂર્વક્રોડ વર્ષ |
| ૧૪. | અયોગી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

## એક જીવ આશ્રયી ગુણ૦નો પ્રાપ્તિ વિરહકાળ

| નંબર | ગુણસ્થાનક | જઘ૦કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|
| ૧. | મિથ્યાદષ્ટિ | અંતર્મુહૂર્ત | સાધિક ૧૩૨ સાગ૦ |
| ૨. | સાસ્વાદન | પલ્યો૦નો અસંખ્યાતમો ભાગ | દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત |
| ૩. | મિશ્ર | અંતર્મુહૂર્ત | ,, |
| ૪. | અવિરતસમ્ય૦ | અંતર્મુહૂર્ત | ,, |
| ૫. | દેશવિરતિ | અંતર્મુહૂર્ત | ,, |
| ૬. | પ્રમત્ત | ,, | ,, |
| ૭. | અપ્રમત્ત | ,, | ,, |
| ૮. | અપૂર્વકરણ | ,, | ,, |
| ૯. | અનિવૃત્તિબાદર | ,, | ,, |
| ૧૦. | સૂક્ષ્મસંપરાય | ,, | ,, |
| ૧૧. | ઉપશાંત મોહ | ,, | ,, |
| ૧૨. | ક્ષીણ મોહ | ન હોય | ન હોય |
| ૧૩. | સયોગી | ન હોય | ન હોય |
| ૧૪. | અયોગી | ન હોય | ન હોય |

(જુઓ પંચસંગ્રહ ભા૦ ૧ દ્વાર-૨જું ગા૦ ૬૧)

## નિત્ય ગુણ૦ અનેક જીવ આશ્રયી અનાદિ અનંત
## અનિત્ય ગુણ૦નો અનેક જીવ આશ્રયી નિરંતર વિદ્યમાન કાળ

| ગુણસ્થાનક | જઘન્ય કાળ | | ઉત્કૃષ્ટકાળ |
|---|---|---|---|
| સાસ્વાદન | ૧ સમય | | પલ્યો૦નો અસંખ્ય૦ ભાગ |
| મિશ્ર | અંતર્મુહૂર્ત | | પલ્યો૦નો અસંખ્યા૦ ભાગ |
| | ઉપશમ | ક્ષપક | |
| અપૂર્વકરણ | ૧ સમય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| અનિવૃત્તિબાદર | ૧ સમય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| સૂક્ષ્મસંપરાય | ૧ સમય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ઉપશાંત મોહ | ૧ સમય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ક્ષીણ મોહ | | અંતર્મુહૂર્ત | ૭ સમય અધિક અંત૦ |
| અયોગી | | અંતર્મુહૂર્ત | ૭ સમય અધિક અંત૦ |

જુઓ પંચસંગ્રહ ભા૦ ૧ દ્વાર-૨ ગા૦ ૫૨

## અનેક જીવ આશ્રયી ગુણ૦નો પ્રાપ્તિકાળ

| ગુણસ્થાનક | જઘન્ય કાળ | ઉત્કૃષ્ટકાળ | |
|---|---|---|---|
| મિથ્યાત્વ | | | |
| સાસ્વાદન | એક સમય | | |
| મિશ્ર | એક સમય | | |
| અવિરત સમ્ય૦ | એક સમય | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | |
| દેશવિરતિ | એક સમય | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | |
| પ્રમત્ત સંયત | એક સમય | ૮ સમય | |
| અપ્રમત્ત સંયત | એક સમય | ૮ સમય | |
| | | ઉપશમ શ્રેણી | ક્ષપક શ્રેણી |
| અપૂર્વકરણ | એક સમય | સંખ્યાતા સમય | ૮ સમય |
| અનિવૃત્તિબાદર | એક સમય | સંખ્યાતા સમય | ૮ સમય |
| સૂક્ષ્મસંપરાય | એક સમય | સંખ્યાતા સમય | ૮ સમય |
| ઉપશાંત મોહ | એક સમય | સંખ્યાતા સમય | ૮ સમય |
| ક્ષીણ મોહ | એક સમય | ૮ સમય | |
| સયોગી | એક સમય | ૮ સમય | |
| અયોગી | એક સમય | ૮ સમય | |

જુઓ પંચસંગ્રહ ભા૦ ૧ ગા૦ ૫૪ (દ્વિતીય દ્વાર)

## અનેક જીવ આશ્રયી ગુણ૦નો પ્રાપ્તિ વિરહકાળ

જુઓ પંચ૦ દ્વિતીય દ્વાર ગા-૬૨

| ગુણસ્થાનક | જઘન્ય કાળ | ઉત્કૃષ્ટકાળ | |
|---|---|---|---|
| સાસ્વાદન | એક સમય | પલ્યો૦નો અસંખ્યાતમો ભાગ | |
| મિશ્ર | એક સમય | પલ્યો૦નો અસંખ્યાતમો ભાગ | |
| અવિરતસમ્ય૦ | એક સમય | સાત દિવસ | |
| દેશવિરતિ | એક સમય | ૧૪ દિવસ | |
| પ્રમત્ત | એક સમય | ૧૫ દિવસ | |
| અપ્રમત્ત | એક સમય | ૧૫ દિવસ | |
| | | ઉપશમ | ક્ષપક |
| અપૂર્વકરણ | એક સમય | ૨થી ૯ વર્ષ | છમાસ |
| અનિવૃત્તિબાદર | એક સમય | ૨થી ૯ વર્ષ | છમાસ |
| સૂક્ષ્મસંપરાય | એક સમય | ૨થી ૯ વર્ષ | છમાસ |
| ઉપશાંત મોહ | એક સમય | ૨થી ૯ વર્ષ | છમાસ |
| ક્ષીણ મોહ | એક સમય | | છ માસ |
| સયોગી | એક સમય | | છ માસ |

## અનેક જીવ આશ્રયી અનિત્ય ગુણ૦નો વિદ્યમાન આશ્રયી વિરહકાળ

(જુઓ ગા૦ ૬૨)

| ગુણસ્થાનક | જઘન્ય કાળ | ઉત્કૃષ્ટકાળ | |
|---|---|---|---|
| સાસ્વાદન | એક સમય | પલ્યો૦નો અસંખ્યાતમો ભાગ | |
| મિશ્ર | એક સમય | પલ્યો૦નો અસંખ્યાતમો ભાગ | |
| | | ઉપશમ | ક્ષપક |
| અપૂર્વકરણ | એક સમય | ૨થી ૯ વર્ષ | છમાસ |
| અનિવૃત્તિબાદર | એક સમય | ૨થી ૯ વર્ષ | છમાસ |
| સૂક્ષ્મસંપરાય | એક સમય | ૨થી ૯ વર્ષ | છમાસ |
| ઉપશાંત મોહ | એક સમય | ૨થી ૯ વર્ષ | છમાસ |
| ક્ષીણ મોહ | એક સમય | | છ માસ |
| અયોગી | એક સમય | | છ માસ |

## ગુણસ્થાનકને વિષે જીવસ્થાનકાદિનો કોઠો

| ક્રમ | ગુણસ્થાનક | જીવસ્થાનક | યોગ | ઉપયોગ | લેશ્યા | બંધહેતુ | બંધ | ઉદય | ઉદીરણા | સત્તા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | ૧૪ | ૧૩ | ૫ | ૬ | ૫૫ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ |
| ૨ | સાસ્વાદન | ૭ | ૧૩ | ૫ | ૬ | ૫૦ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ |
| ૩ | મિશ્ર | ૧ | ૧૦ | ૬ | ૬ | ૪૩ | ૭ | ૮ | ૮ | ૮ |
| ૪ | અવિરતસમ્ય. | ૨ | ૧૩ | ૬ | ૬ | ૪૬ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ |
| ૫ | દેશવિરતિ | ૧ | ૧૧ | ૬ | ૬ | ૩૯ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ |
| ૬ | પ્રમત્ત | ૧ | ૧૩ | ૭ | ૬ | ૨૬ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ |
| ૭ | અપ્રમત્ત | ૧ | ૧૧ | ૭ | ૩ | ૨૪ | ૭-૮ | ૮ | ૬ | ૮ |
| ૮ | અપૂર્વકરણ | ૧ | ૯ | ૭ | ૧ | ૨૨ | ૭ | ૮ | ૬ | ૮ |
| ૯ | અનિવૃત્તિ | ૧ | ૯ | ૭ | ૧ | ૧૬ | ૭ | ૮ | ૬ | ૮ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૯ | ૭ | ૧ | ૧૦ | ૬ | ૮ | ૬-૫ | ૮ |
| ૧૧ | ઉપશાંતમોહ | ૧ | ૯ | ૭ | ૧ | ૯ | ૧ | ૭ | ૫ | ૮ |
| ૧૨ | ક્ષીણમોહ | ૧ | ૯ | ૭ | ૧ | ૯ | ૧ | ૭ | ૫-૨ | ૭ |
| ૧૩ | સયોગી | ૧ | ૭ | ૨ | ૧ | ૭ | ૧ | ૪ | ૨ | ૪ |
| ૧૪ | અયોગી | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ |

## ગુણસ્થાનકમાં અલ્પબહુત્વ

| ગુણસ્થાનક | અલ્પત્વ | બહુત્વ | સામાન્યથી સંખ્યા |
|---|---|---|---|
| મિથ્યાત્વ | સર્વથી વધારે | અયોગી કરતા અનંતગુણા | અનંતા |
| સાસ્વાદન | મિશ્રથી અસંખ્યગુણહીન | દેશવિરતિથી અસંખ્યગુણા | અસંખ્યાતા |
| મિશ્ર | અવિરતથી અસંખ્યગુણહીન | સાસ્વાદનથી અસંખ્યગુણા | અસંખ્યાતા |
| અવિરતસમ્ય. | અયોગીથી અનંતગુણહીન | મિશ્ર કરતા અસંખ્યગુણા | અસંખ્યાતા |
| દેશવિરતિ | સાસ્વાદનથી અસંખ્યગુણહીન | પ્રમત્ત અસંખ્યગુણા | અસંખ્યાતા |
| પ્રમત્ત | દેશવિરતિથી અસંખ્યગુણહીન | અપ્રમત્તથી સંખ્યાતગુણા | સંખ્યાતા |
| અપ્રમત્ત | પ્રમત્તથી સંખ્યાતગુણહીન | સયોગીથી સંખ્યાતગુણા | સંખ્યાતા |
| અપૂર્વ-<br>કરણ<br>અનિવૃત્તિ<br>સૂક્ષ્મસંપ. } | સયોગી કેવલીથી<br>સંખ્યાતગુણહીન<br>પરસ્પર સમાન | ક્ષીણમોહ કરતા<br>વિશેષાધિક<br>પરસ્પર સમાન | સંખ્યાતા<br><br>સંખ્યાતા |

| ગુણસ્થાનક | અલ્પત્વ | બહુત્વ | સામાન્ય |
|---|---|---|---|
| ઉપશાંત | ક્ષીણમોહથી સંખ્યાતગુણહીન | સર્વથી થોડા | સંખ્યાતા |
| ક્ષીણમોહ | ૮-૯-૧૦ ગુ૦થી વિશેષહીન | ઉપશાંતથી સંખ્યાતગુણ | સંખ્યાતા |
| સયોગી | અપ્રમત્તથી સંખ્યાતગુણહીન | ૮-૯-૧૦થી સંખ્યાતગુણ | સંખ્યાતા |
| અયોગી | મિથ્યાત્વથી અનંતગુણહીન | અવિરતિથી અનંતગુણા | અનંતા |

## ગુણસ્થાનકોને વિષે જીવોની વિશેષપણે સંખ્યા

(૧) મિથ્યાત્વ :- ૮મા અનંતા જેટલા, અનંતલોકાકાશના પ્રદેશ જેટલા

(૨થી ૫) સાસ્વાદનથી દેશવિરતિ :- સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ

(૩) પ્રમત્ત :- કોટી સહસ્ર પૃથક્ત્વ (બે હજાર ક્રોડથી નવ હજાર ક્રોડ)

(૪) અપ્રમત્ત :- કોટી શત પૃથક્ત્વ (બસો ક્રોડથી નવસો ક્રોડ)

(૫) ૮-૯-૧૦ :- શતપૃથક્ત્વ વિદ્યમાન સંખ્યા (૨૦૦થી ૯૦૦)

(૬) ઉપશાંતમોહ :- શતપૃથક્ત્વ વિદ્યમાન સંખ્યા (૨૦૦થી ૯૦૦)

(૭) ક્ષીણમોહ :- શતપૃથક્ત્વ વિદ્યમાન સંખ્યા (૨૦૦થી ૯૦૦)

(૮) સયોગી :- કોટી પૃથક્ત્વ (બે ક્રોડથી નવ ક્રોડ)

(૯) અયોગી :- પાંચમા અનંતા જેટલા. (સિદ્ધની અપેક્ષાએ)

## પાંચ ભાવનું સ્વરૂપ

**उवसम खय मीसोदय, परिणामा दु नवट्ठार इगवीसा ।**
**तिअभेअ सन्निवाइय, सम्मं चरणं पढमभावे ॥६४॥**

### શબ્દાર્થ

**उवसम** - ઔપશમિક ભાવ || **नवट्ठार** - નવ, અઢાર
**परिणामा** - પારિણામિક ભાવ || **इगवीसा** - એકવીશ

**ગાથાર્થ :-** ઔપશમિકભાવ, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એમ પાંચ ભાવો છે. તેના અનુક્રમે બે-નવ-અઢાર,

એકવીશ અને ત્રણ ભેદો છે. છઠ્ઠો સન્નિપાતિક ભાવ છે. ઔપશમિક ભાવના સમ્યક્ત્વ અને ચારિત્ર એમ બે ભેદ છે. (૬૪)

**વિવેચન :-** હવે પાંચ ભાવનું સ્વરૂપ સમજાવે છે 'ભૂ' ધાતુમાંથી ભાવ શબ્દ બન્યો છે ભૂ એટલે થવું-હોવું, 'જીવનું હોવાપણું તે ભાવ' અથવા આત્માની ભિન્ન ભિન્ન અવસ્થારૂપે હોવું તે ભાવ. અથવા કર્મના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ ઉદય અને તથાસ્વભાવે અનાદિથી રહેલી આત્માની અવસ્થા તે ભાવ. તે ભાવ પાંચ ભેદે છે.

(૧) **ઔપશમિક ભાવ :-** ''મોહનીય કર્મના ઉપશમથી ઉત્પન્ન થયેલો આત્માનો પરિણામ અથવા ઉત્પન્ન થયેલી અવસ્થા તે ઔપશમિક ભાવ.'' જેમ બળતા છાણાને તેની ઉપર રાખ નાખીને દબાવી (ઢાંકી) દેવામાં આવે છે તેમ સમ્યક્ત્વગુણ તથા ચારિત્રગુણને રોકનાર દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓનો રસથી તેમજ પ્રદેશથી ઉપશમ કરવાથી (ઉદય રોકવાથી) આત્માની જે અવસ્થા થાય, જે ભાવ પ્રગટ થાય છે. તે ઔપશમિક ભાવ છે. આ ભાવ જીવને જ હોય છે. અજીવને હોય નહિ. તેના બે ભેદ છે.

(અ) **ઉપશમભાવનું સમ્યક્ત્વ** અને (બ) **ઉપશમભાવનું ચારિત્ર**

(અ) **ઉપશમભાવનું સમ્યક્ત્વ :-** અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ અને સમકિત મોહનીય, મિશ્રમોહનીય તથા મિથ્યાત્વ મોહનીય એ ત્રણ દર્શન મોહનીય. એમ દર્શનસપ્તકનો અથવા મિથ્યાત્વ મોહ૦નો ઉપશમ થવાથી જે ગુણ આત્મામાં પ્રગટ થાય છે તે ઉપશમ ભાવનું સમ્યક્ત્વ ૪થી ૭ ગુણસ્થાનક સુધીમાં થાય છે. અને ઉપશમ સમ્યક્ત્વ શ્રેણીમાં ૪થી ૧૧ સુધી હોય.

(બ) **ઉપશમભાવનું ચારિત્ર :-** મોહનીય કર્મની શેષ ૨૧ પ્રકૃતિઓના ઉપશમથી જે ગુણ આત્મામાં પ્રગટ થાય છે તે ઉપશમ ભાવનું ચારિત્ર, આંશિક ૯મે અને ૧૦મે ગુણસ્થાનકે પ્રાપ્ત થાય અને સંપૂર્ણ ઉપશમ ભાવનું ચારિત્ર ૧૧મે ગુણસ્થાનકે આવે છે. ઉપશમભાવ મોહનીય કર્મનો જ થાય છે. એટલે ઉપશમ માત્ર

મોહનીયનો જ હોય છે. બીજા કર્મોનો ન હોય.

(૨) **ક્ષાયિકભાવ :-** ''કર્મના ક્ષયથી આત્મામાં જે ગુણ ઉત્પન્ન થાય છે તેને ક્ષાયિકભાવ કહેવાય છે.'' તેના **નવ** ભેદ છે. કર્મોનો સત્તામાંથી સર્વથા નાશ (ક્ષય) કરવો તે ક્ષાયિકભાવ કહેવાય. એટલે જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતીકર્મનો સંપૂર્ણ નાશ કરવાથી ક્ષાયિક ભાવ થાય છે. તથા શેષ અઘાતી કર્મોનો પણ ક્ષાયિકભાવ હોય છે. આ ભાવ જીવમાં જ હોય છે અને તે **ચોથાથી ચૌદમા** ગુણસ્થાનક સુધી અને મોક્ષમાં પણ હોય છે.

(૩) **મિશ્ર (ક્ષાયોપશમિક) ભાવ :-** કર્મના ક્ષયોપશમથી આત્મામાં જે ગુણ પ્રગટ થાય તે ક્ષાયોપશમ ભાવ અથવા ઉદયમાં આવેલ કર્મ દળિયાને ભોગવીને **ક્ષય** અને નહીં ઉદયમાં આવેલ સત્તામાં રહેલા કર્મના દળિયાની સ્થિતિ અને રસને મંદ કરી ઉદયને અયોગ્ય બનાવવું તે **ઉપશમ** એટલે કે ક્ષય અને ઉપશમથી જે ગુણ ઉત્પન્ન થાય તે ક્ષયોપશમ ભાવ. તે જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતી કર્મોનો હોય છે અને તે જીવને જ હોય છે તેના **૧૮** ભેદ છે.

(૪) **ઔદાયિક ભાવ :-** ''પૂર્વે બાંધેલા કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી આત્માની અવસ્થા તે ઔદાયિક ભાવ.'' અથવા કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલા આત્માનો પરિણામ તે, આ ભાવના **૨૧** ભેદો છે. આ ભાવ આઠે કર્મોનો હોય છે. આ ભાવ મુખ્યત્વે જીવમાં છે. છતાં પુદ્ગલના કેટલાક સ્કંધો જીવના સંબંધને કારણે અથવા વિસ્રસા પરિણામથી બને તેને પણ ઔદયિક ભાવ કહેવાય છે માટે આ ભાવ જીવ અને પુદ્ગલ એમ બે દ્રવ્યમાં છે.

(૫) **પારિણામિક ભાવ :-** ''અનાદિ સિદ્ધ એવી જીવની સ્થિતિ-હોવાપણું તે'' અથવા ''અનાદિથી ઉત્પન્ન થયેલી દ્રવ્યોની અવસ્થા તે પારિણામિક ભાવ'' અનાદિકાળથી જીવમાં જીવત્વપણું, ભવ્યત્વપણું, કેટલાકમાં અભવ્યત્વપણું છે, જોકે અહીં જીવ દ્રવ્યને મુખ્ય રાખીને તે અપેક્ષાએ પરિણામિક ભાવ બતાવ્યો છે. તો પણ અજીવદ્રવ્યમાં પણ પારિણામિક ભાવ હોય છે જેમકે ધર્માસ્તિકાયમાં

ધર્માસ્તિકાયપણું, તે અનાદિકાળથી છે અને અનંતકાળ રહેવાનું છે. આ અજીવ પારિણામિક ભાવ કહેવાય વળી જીવદ્રવ્યમાં પણ ગતિપણું, ક્રોધીપણું વગેરે સાદિપારિણામિક ભાવ હોય છે. પરંતુ અહીં અનાદિ પારિણામિક ભાવની વિવક્ષા કરી છે.

આ રીતે પાંચ ભાવના ઉત્તરભેદ અનુક્રમે ૨+૯+૧૮+૨૧+૩=૫૩ ભેદ છે. શેષ ઉત્તરભેદનું વર્ણન આગળ કહેલ છે.

**સન્નિપાતિક ભાવ :-** ''બે વગેરે ભાવોના સંયોગથી ઉત્પન્ન થયેલી અવસ્થા (ભાવ) તે સન્નિપાતિક ભાવ.'' આ સન્નિપાત એટલે સમૂહરૂપે જે ભાવો હોય છે તેનું વર્ણન આગળ કરવામાં આવશે.

**बीए केवल जुयलं, सम्मं दाणाइ लद्धि पण चरणं ।**
**तइये सेसुवओगा, पण लद्धि सम्म विरइ दुगं ॥६५॥**

**શબ્દાર્થ**

**केवलजुयलं** - કેવલદ્વિક
**दाणाइ लद्धि** - દાનાદિકલબ્ધિ
**चरणं** - ચારિત્ર
**तइए** - ત્રીજા ભાવમાં
**विरइदुगं** - વિરતિદ્વિક-દેશવિરતિ અને સર્વવિરતિ

**ગાથાર્થ :-** બીજા ક્ષાયિકભાવમાં કેવલદ્વિક, સમ્યક્ત્વ, દાનાદિ પાંચ લબ્ધિ અને ચારિત્ર એમ **નવ** ભેદ છે. ત્રીજા ક્ષાયોપશમ ભાવમાં શેષ દશ ઉપયોગો, પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ અને વિરતિદ્વિક (દેશવિરતિ અને સર્વવિરતિ) એમ **૧૮** ભેદો છે. (૬૫)

**વિવેચન :-** પૂર્વે ઔપશમિક ભાવના બે ભેદ કહ્યા. હવે બીજા ક્ષાયિકભાવના ૯ ભેદ કહે છે.

(૧) **કેવલજ્ઞાન :-** જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી થાય તે કેવલજ્ઞાન, ૧૩ મે અને ૧૪મે ગુણસ્થાનકે હોય.

(૨) **કેવલદર્શન :-** દર્શનાવરણીય કર્મના ક્ષયથી થાય તે કેવલદર્શન, તે પણ ૧૩મે અને ૧૪મે ગુણસ્થાનકે હોય.

(૩) **ક્ષાયિક સમ્યક્ત્વ :** દર્શન સપ્તકના ક્ષયથી થાય તે ક્ષાયિક સમ્યક્ત્વ, તે ૪થી ૧૪ ગુણસ્થાન સુધી હોય. ક્ષાયિક સમ્યક્ત્વ એક ભવ-ત્રણ ભવ, ચારભવ અને ક્વચિત્ પાંચભવ પહેલાં પણ પ્રાપ્ત કરે છે.

(૪) **ક્ષાયિકભાવનું ચારિત્ર :-** મોહનીય કર્મની શેષ ૨૧ પ્રકૃતિના ક્ષયથી ક્ષાયિકભાવનું ચારિત્ર પ્રગટ થાય છે. ૯મે ૧૦મે ગુણસ્થાનકે આંશિક હોય છે પણ તેની વિવક્ષા અહીં કરાઈ નથી પૂરેપૂરું ક્ષાયિકભાવનું ચારિત્ર ૧૨થી ૧૪ ગુણસ્થાનકે હોય છે.

(૫થી ૯) **દાનાદિ પાંચ લબ્ધિ :-** દાનાંતરાય આદિ પાંચ અંતરાય કર્મના ક્ષયથી દાનાદિ પાંચ લબ્ધિઓ પ્રગટ થાય છે. તે ૧૩ મે ૧૪મે ગુણસ્થાનકે હોય છે.

આ નવ ગુણો તે તે કર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે અને આવ્યા પછી તે ગુણો કદાપિ જાય નહિ. અને જ્યારે આ ગુણો પ્રગટ થાય છે ત્યારે પૂર્ણપણે પ્રગટ થાય છે. પરંતુ અંશથી પ્રગટ થતા નથી. આ નવે ગુણો સિદ્ધ પરમાત્મામાં પણ હોય જ.

**ક્ષાયોપશમ ભાવના ૧૮ ભેદો :-** ક્ષાયોપશમભાવ ચાર ઘાતી કર્મોનો જ હોય છે તેના **૧૮** ભેદ છે.

(૧) **મતિજ્ઞાન :-** મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય તે ૪થી ૧૨ ગુણસ્થાનક સુધી હોય.

(૨) **શ્રુતજ્ઞાન :-** શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. ૪થી ૧૨ ગુણ૦ સુધી

(૩) **અવધિજ્ઞાન :-** અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. ૪થી ૧૨ ગુણ૦ સુધી

(૪) **મનઃપર્યવજ્ઞાન :** મનઃપર્યવજ્ઞાના૦ કર્મના ક્ષયોપશમથી થાય. ૬થી ૧૨ ગુણ૦ સુધી

(૫) **ચક્ષુદર્શન :-** ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. ૧થી ૧૨ ગુણ૦ સુધી

(૬) **અચક્ષુદર્શન :-** અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. ૧થી ૧૨ ગુણ૦ સુધી

(૭) **અવધિદર્શન :-** અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. ૪થી ૧૨ ગુણ૦ સુધી

(૮) **મતિઅજ્ઞાન :-** મિથ્યાત્વીને મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. ૧થી ૩ ગુણ૦ સુધી

(૯) **શ્રુતઅજ્ઞાન :-** મિથ્યાત્વીને શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. ૧થી ૩ ગુણ૦ સુધી

(૧૦) **વિભંગજ્ઞાન :-** મિથ્યાત્વીને અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. ૧થી ૩ ગુણ૦ સુધી

(૧૧થી ૧૫) **દાનાદિ પાંચ લબ્ધિ :-** પાંચ અંતરાય કર્મના ક્ષયોપશમથી થાય. ૧થી ૧૨ ગુણ૦ સુધી

(૧૬) **ક્ષાયોપશમભાવનું સમ્યક્ત્વ :-** દર્શન મોહનીયના ક્ષયોપશમથી અને સમકિત મોહનીયના ઉદય વખતે જે સમ્યક્ત્વ પ્રગટ થાય તે ક્ષયોપશમ ભાવનું સમ્યક્ત્વ.

અહીં મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલને મંદરસવાળા કરી સમકિત મોહનીયરૂપે શુદ્ધ દળિયા બનાવી ઉદયમાં આવે અને ભોગવે તે **ક્ષય** અને સત્તામાં પડેલા મિથ્યાત્વના સમકિતમોહનીયના અને મિશ્ર મોહનીયના દળિયાને મંદરસવાળા કરી ઉદયને અયોગ્ય બનાવી **ઉપશમ** કરે. તેથી ક્ષયોપશમ ભાવનું સમ્યક્ત્વ પ્રગટ થાય છે. ૪થી ૭ ગુણસ્થાનકે હોય છે.

(૧૭) **દેશવિરતિ :-** અપ્રત્યાખ્યાનાવરણના ક્ષયોપશમથી દેશવિરતિગુણ પામે, તે પાંચમે ગુણસ્થાનકે થાય છે.

(૧૮) **સર્વવિરતિ :-** પ્રત્યાખ્યાનાવરણના ક્ષયોપશમથી સર્વવિરતિગુણ પામે તે, ૬થી ૧૦ ગુણસ્થાનક સુધી હોય છે. એટલે કે પ્રત્યાખ્યાનાવરણના દળિયાને મંદરસવાળા કરી પ્રત્યાખ્યાનરૂપે ઉદયમાં ન આવતા સંજ્વલનની સાથે એટલે કે સંજ્વલનરૂપે ઉદયમાં લાવે તે વખતે જે ગુણ પ્રગટ થાય તે સર્વવિરતિ.

**अन्नाणमसिद्धता, संजम लेसा कसाय गइवेया ।**
**मिच्छं तुरिए भव्वा, भव्वत्त जिअत्त परिणामे ॥६६॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| **अन्नाणं** - અજ્ઞાનપણું | **तुरिए** - ચોથા ભાવમાં |
| **असिद्धात्त** - અસિદ્ધત્વ | **भव्वाभव्वत्त** - ભવ્યત્વ, અભવ્યત્વ |

**ગાથાર્થ :-** અજ્ઞાનપણું, અસિદ્ધત્વ, અસંયમ, છલેશ્યા, ચાર કષાય, ચારગતિ, ત્રણવેદ, અને મિથ્યાત્વ એમ ૨૧ ભેદો ચોથા ઔદયિક ભાવના છે. તથા ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એમ ત્રણ ભેદો પારિણામિક ભાવના છે. (૬૬)

**વિવેચન :-** હવે ઔદયિક ભાવના ભેદો બતાવે છે.

**અજ્ઞાન :-** મિથ્યાત્વમોહનીય અને જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી થાય ૧લા અને ૨જા ગુણસ્થાનકે અજ્ઞાનપણું હોય.

**અસિદ્ધત્વ :-** આઠેકર્મના ઉદયથી થાય, ૧થી ૧૪ ગુણસ્થાનક.

**અસંયમ :-** ચારિત્ર મોહનીયના ઉદયથી થાય, ૧થી ૫ ગુણસ્થાનક.

**ચાર કષાય :-** કષાય મોહનીયના ઉદયથી ઉત્પન્ન થાય. ૧થી ૧૦ ગુણસ્થાનક.

**ચાર ગતિ :-** ગતિનામ કર્મના ઉદયથી પ્રાપ્ત થાય, ૧થી ૧૪ ગુણસ્થાનક.

**૩ વેદ :-** વેદમોહનીયના ઉદયથી ૩ વેદપણું મળે, ૧થી ૯ ગુણસ્થાનક.

**મિથ્યાત્વ :-** મિથ્યાત્વ મોહનીયના ઉદયથી થાય, ૧લા ગુણસ્થાનકે હોય.

**૭ લેશ્યા :-** કષાયના ઉદયથી તેમજ યોગની સાથે અંતર્ગત થયેલા લેશ્યાના પુદ્ગલોના ઉદયથી એટલે શરીરનામકર્મ અથવા આઠે કર્મના ઉદયથી લેશ્યાપણું પ્રાપ્ત થાય છે, પહેલી ત્રણ લેશ્યા ૧થી ૬

ગુણ૦ સુધી તેજોલેશ્યા અને પદ્મલેશ્યા ૧થી ૭ ગુણ૦ સુધી અને શુક્લલેશ્યા ૧થી ૧૩ ગુણસ્થાનક સુધી હોય છે.

**લેશ્યાને વિશે ત્રણ મત છે.**

(૧) કેટલાક આચાર્યો કષાયના પ્રવાહને લેશ્યા કહે છે એટલે કષાયના ઉદયથી થાય છે. અને કષાયને પુષ્ટ કરે. તેથી લેશ્યાનો કષાયની સાથે સંબંધ છે.

(૨) કેટલાક આચાર્યો યોગના પરિણામને લેશ્યા કહે છે એટલે શરીરનામકર્મના ઉદયથી થાય છે. તેથી તેર ગુણ૦ સુધી છે.

(૩) કેટલાક આચાર્યો આઠે કર્મના પરિણામને લેશ્યા કહે છે એટલે આઠે કર્મના ઉદયથી થાય છે.

**પ્રશ્ન :-** લેશ્યા એ કર્મ નથી તો લેશ્યાએ ઔદયિક ભાવે કેવી રીતે ગણાય ?

**જવાબ :-** લેશ્યાએ કષાયનું ઝરણું (નિસ્યંદ) છે. એટલે કે કષાયથી ઉત્પન્ન થતી હોવાથી, તેને ઔદયિક ભાવે ગણાય છે. યોગની સાથે લેશ્યાનો સંબંધ છે એટલે લેશ્યાના પુદ્‌ગલો યોગની સાથે અંતર્ગત હોય છે. અને યોગ વ્યાપાર તે શરીરનામકર્મના ઉદયથી થાય છે. માટે લેશ્યાને કર્મનો વિકાર કહ્યો છે. જેમ અસિદ્ધત્વ આઠે કર્મથી જન્ય છે તેમ લેશ્યા પણ અસિદ્ધત્વની જેમ આઠે કર્મથી જન્ય છે. માટે લેશ્યાને ઔદયિકભાવે કહી છે.

**પ્રશ્ન :-** ઔદયિકભાવના ૨૧ ભાવો જુદાજુદા કર્મના ઉદયથી જણાવ્યા. તેમ પાંચ પ્રકારની નિદ્રા, સાતા-અસાતાવેદનીય, હાસ્યાદિક નોકષાય, ચાર આયુષ્ય તથા નામકર્મ અને ગોત્રકર્મના ભેદો આ સર્વે ભાવો પણ તે તે કર્મના ઉદયથી આવે છે તો તે બધાનો સમાવેશ ઔદયિક ભાવમાં કેમ ન કર્યો ?

**જવાબ** :- જો કે બધા ભાવોનો સમાવેશ ઔદયિક ભાવમાં થાય છે અહીં તેનું વિધાન ન કરવાનું કારણ પૂર્વાચાર્યોએ શાસ્ત્રમાં (તત્ત્વાર્થ સૂત્રાદિમાં) ૨૧ ભેદો ઔદયિક ભાવના કહ્યા છે. તેને અનુસારે

એકવીશ જ ભેદો કહ્યા, પરંતુ ઉપલક્ષણથી નિદ્રાદિ ભેદો પણ ઔદયિક ભાવના જ જાણવા.

(૫) **પારિમાણિક ભાવના ભેદો :-** અનાદિસિદ્ધ એવી જીવની અવસ્થા તે અહીં પારિણામિક ભાવ છે. તેના **ત્રણ** ભેદોનીઅહીં વિવક્ષા કરી છે.

(૧) **ભવ્યત્વ :-** મોક્ષે જવાની જેનામાં યોગ્યતા હોય તે ભવ્યત્વ.

(૨) **અભવ્યત્વ :-** મોક્ષે જવાની જેનામાં યોગ્યતા ન હોય તે અભવ્યત્વ.

(૩) **જીવત્વ :-** ચૈતન્ય યુક્તતા જે દ્રવ્યોમાં હોય તે જીવત્વ.

જોકે આવા પારિણામિક ભાવના ઘણા ભેદો પણ છે અને તે કારણથી જ તત્ત્વાર્થસૂત્રમાં जीवभव्याभव्यत्वादीनि च. સૂત્રમાં આદિ શબ્દથી સૂચવેલા છે. આદિ શબ્દથી અજીવમાં અજીવત્વ, પુદ્ગલમાં પુદ્ગલત્વ, ધર્માસ્તિકાયમાં ધર્માસ્તિકાયત્વ, આકાશદ્રવ્યમાં આકાશત્વ વગેરે પારિણામિક ભાવ છે. પરંતુ પૂર્વાચાર્યોએ જીવ દ્રવ્યની અપેક્ષાએ અનાદિ સિદ્ધ એવા આ ત્રણ ભેદની વિવક્ષા કરી છે.

આ પાંચ ભાવોમાંથી બે-ત્રણ ચાર અથવા પાંચ ભાવોનો સમુદાય તેને સાન્નિપાતિક ભાવ કહેવાય છે. જો કે આવો કોઈ સ્વતંત્ર ભાવ નથી, પરંતુ સામાન્ય જીવોને સમજાવવા ઉપરોક્ત પાંચ એકેક ભાવ છે અને આ ભાવ સમૂહરૂપે છે. એમ જણાવવા માટે ગ્રંથકર્તાએ સ્વોપજ્ઞ ટીકામાં ઉલ્લેખ કર્યો છે. બે ભાવ સાથે હોય તેને દ્વિસંયોગી સાન્નિપાતિક કહેવાય છે. ત્રણ ભાવ સાથે હોય તેને ત્રિસંયોગી સાન્નિપાતિક કહેવાય. ચારભાવ સાથે હોય તેને ચતુઃસંયોગી સાન્નિપાતિક કહેવાય અને પાંચ ભાવ સાથે હોય તેને પંચસંયોગી સાન્નિપાતિક કહેવાય છે.

પાંચ ભાવના દ્વિસંયોગી વગેરે ભાંગા આ પ્રમાણે છે. પાંચમાંથી એક ભાવ ફક્ત જીવમાં ક્યારેય ન હોય માટે એક સંયોગી

ભાંગા કહ્યા નથી.

**દ્વિસંયોગી ૧૦ ભાંગા**

| | |
|---|---|
| ૧. ઔપશમિક ક્ષાયિક | ૨. ઔપશમિક ક્ષાયોપશમિક |
| ૩. ઔપશમિક ઔદયિક | ૪. ઔપશમિક પારિણામિક |
| ૫. ક્ષાયિક ક્ષાયોપશમિક | ૬. ક્ષાયિક ઔદયિક |
| (૭) **ક્ષાયિક પારિણામિક** | ૮. ક્ષાયોપશમિક ઔદયિક |
| ૯. ક્ષાયોપશમિક પારિણામિક | ૧૦. ઔદયિક પારિણામિક |

**ત્રિસંયોગી ૧૦ ભાંગા**

૧. ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક

૨. ઔપશમિક, ક્ષાયિક, ઔદયિક

૩. ઔપશમિક, ક્ષાયિક, પારિણામિક

૪. ઔપશમિક ક્ષાયોપશમિક, ઔદયિક

૫. ઔપશમિક ક્ષાયોપશમિક પારિણામિક

૬. ઔપશમિક, ઔદયિક, પારિણામિક

૭. ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક

૮. ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક

(૯) **ક્ષાયિક, ઔદયિક, પારિણામિક**

(૧૦) **ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક**

**ચતુઃસંયોગી પાંચ ભાંગા**

૧. ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદાયિક

૨. ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક

૩. ઔપશમિક, ક્ષાયિક, ઔદયિક, પારિણામિક

(૪) **ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક**

(૫) **ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક**

**પંચસંયોગી ૧ ભાંગો**

(૧) **ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક.**

આ પ્રમાણે સાન્નિપાતિક ભાવના દ્વિસંયોગી ૧૦ ભાંગા ત્રિસંયોગી ૧૦ ભાંગા, ચતુઃસંયોગી પાંચ ભાંગા, અને પંચસંયોગી ૧ ભાંગો કુલ ૨૬ ભાંગા થાય છે. પરંતુ આ ભાંગામાંથી જીવોમાં ૨૬ ભેદમાંથી ૬ ભાંગા જ સંભવે છે. તેમાં **દ્વિસંયોગીનો** (૭) મો ભાંગો. સિદ્ધ પરમાત્માને. **ત્રિસંયોગીનો** (૯) મો ભાંગો કેવલી ભગવંતને, અને (૧૦) મો ભાંગો ચારે ગતિના જીવોમાં સંભવે છે. **ચતુઃસંયોગીનો** (૪)થો ભાંગો, અને (૫) મો ભાંગો પણ ચારેગતિના જીવોમાં સંભવે છે. **પંચસંયોગીનો** (૧) પ્રથમ ભાંગો ક્ષાયિક સમકિતિ ઉપશમશ્રેણીમાં હોય તેવા મનુષ્યને સંભવે છે. શેષ **૨૦** ભાંગા ઘટતા નથી માત્ર સંકલના રૂપે બતાવ્યા છે.

હવે ઘટતા ભાંગાના ગતિ આશ્રયી ગુણાકાર કરીએ તો દ્વિસંયોગી સિદ્ધ ભગવંતને તેથી એક વિકલ્પ, ત્રિસંયોગી ક્ષાયિક, ઔદયિક, અને પારિણામિક ભાંગો કેવલી મનુષ્યને અને પંચસંયોગી ઉપશમશ્રેણીમાં મનુષ્યને તેથી તે ત્રણ ભાંગાના સિદ્ધમાં અને મનુષ્યમાં જ ઘટતા હોવાથી એક એક વિકલ્પ અને ક્ષાયો૰ ઔદ૰ પારિ૰ આ ત્રિસંયોગી તથા બે ચતુઃસંયોગી ચારે ગતિમાં હોય તેથી ત્રણ વિકલ્પને ચાર ગતિવડે ગુણવાથી **૧૨+૩** કુલ **૧૫** ભાંગા ઘટે.

**चउचउ गइसु मीसग, परिणामुदएहिं चउ सखइएहिं ।**
**उवसमजुएहिं वा चउ, केवलि परिणामुदय खइए ॥६७॥**

**શબ્દાર્થ**

**मीसग** - મિશ્ર
**परिणामुदएहिं** - પારિણામિક અને ઔદયિક
**सखइएहिं** - ક્ષાયિક સાથે
**उवसमजुएहिं** - ઉપશમ યુક્ત
**परिणामुदयखइए** - પારિણામિક, ઔદયિક અને ક્ષાયિક ભાવમાં હોય છે

**ગાથાર્થ :-** ક્ષાયોપશમિક, પારિણામિક, અને ઔદયિક એમ ત્રિસંયોગી સાન્નિપાતિક ભાવ ચાર ગતિને આશ્રયી તથા ક્ષાયિક અથવા ઉપશમ સાથે તે ચતુઃસંયોગી પણ ચાર ગતિને આશ્રયી ચાર ચાર ભાંગા થાય છે તથા કેવલીભગવંતોને પારિણામિક, ઔદયિક અને ક્ષાયિક ભાવ હોય છે. (૬૭)

**વિવેચન :-** સાન્નિપાતિક ભાવના **૨૬** ભેદોમાંથી **છ** ભેદો જ સંભવે છે **ત્રિસંયોગી** ક્ષાયોપશમિક ઔદયિક, અને પારિણામિક ચારગતિને આશ્રયી સંભવી શકે છે. તેથી તેના ગતિ આશ્રયી ચાર ભાંગા થાય છે તે આ પ્રમાણે

**મનુષ્યગતિમાં :-** ક્ષાયોપશમ ભાવે ૩ અજ્ઞાન અથવા ૪ જ્ઞાન, ૩ દર્શન, સમ્યક્ત્વ વગેરે હોય છે. પારિણામિક ભાવે જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ હોય છે અને ઔદયિક ભાવે કષાય, લેશ્યા, મનુષ્યગતિ પણું વગેરે હોય છે. તેમજ

**દેવગતિ-નરકગતિ અને તિર્યંચગતિમાં** પણ આ પ્રમાણે જ હોય છે ફક્ત જ્ઞાન ત્રણ અને દેવગતિમાં દેવગતિપણું, તિર્યંચગતિમાં તિર્યંચગતિપણું વગેરે તફાવત જાણવો, આ ભાંગો મિથ્યાત્વી અને ક્ષાયોપશમ સમ્યક્ત્વવાળાને સાતમા ગુણસ્થાનક સુધી હોઈ શકે.

**ચતુઃસંયોગી :-** પહેલો ભાંગો ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક, અને ક્ષાયિક ચાર ગતિને આશ્રયી ચાર ભાંગા સંભવે. ચારે ગતિના જીવોને ક્ષાયિક સમ્યક્ત્વ હોય તેથી. તે આ પ્રમાણે

**મનુષ્યગતિમાં** :- ક્ષાયોપશમ ભાવે ૪ જ્ઞાન, દાનાદિ પાંચ લબ્ધિ વગેરે, ઔદયિકભાવે ગતિ, કષાય, લેશ્યા વગેરે, પારિણામિક-ભાવે જીવત્વ, ભવ્યત્વપણું હોય. ક્ષાયિકભાવે સમ્યક્ત્વ હોય છે.

આ પ્રમાણે ચારે ગતિમાં સંભવે, કારણકે ક્ષાયિક સમ્યક્ત્વ લઈને ચારે ગતિમાં જવાય. તિર્યંચમાં-યુગલિક તિર્યંચમાં દેવમાં-વૈમાનિક દેવલોક, નરકમાં-પહેલી ત્રણ નરક અને મનુષ્યમાં યુગ૦ અને દેવ-નરકમાંથી સંખ્યાત વર્ષવાળા મનુષ્યમાં તેથી ચારે ગતિમાં સંભવી શકે

**ચતુઃસંયોગી :-** ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક અને ઔપશમિકના પણ ચાર ગતિને આશ્રયી ચાર ભાંગા થાય છે. ક્ષાયોપશમ ભાવે જ્ઞાનાદિ, ઔદયિક ભાવે ગતિ, કષાય વગેરે પારિણામિક ભાવે જીવત્વ, ભવ્યત્વ અને ઉપશમ ભાવે નવું સમ્યક્ત્વ આ પ્રમાણે ચારે ગતિમાં સંભવે છે.

તથા **ત્રિસંયોગી :-** ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક ભાંગો મનુષ્યગતિમાં કેવલી ભગવંતને હોય છે. કારણકે કેવલી ભગવાનને તેરમા-ચૌદમા ગુણઠાણે ક્ષાયિકભાવે કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિક-દાનાદિ પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ અને ચારિત્ર હોય છે. ઔદયિક ભાવે મનુષ્યગતિ, અસિદ્ધત્વ આદિ હોય છે. અને પારિણામિક ભાવે જીવત્વ હોય છે. આ ભાંગો માત્ર ક્ષાયોપશમ વિનાનો હોવાથી શેષ ત્રણ ગતિમાં ઘટતો નથી, તેથી તેનો એક જ ભેદ ગણેલ છે.

**खयपरिणामि सिद्धा नराण पण जोगुवसम सेढीए ।**
**इय पन्नर सन्निवाइय, भेयावीसं असंभविणो ॥६८॥**

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| **पणजोग** | - પાંચ સંયોગીભાગો | **सन्निवाइय** | - સાન્નિપાતિકભાવ |
| **उवसमसेढीए** | - ઉપશમશ્રેણીમાં | **असंभविणो** | - અસંભવિત |

**ગાથાર્થ :-** સિદ્ધ પરમાત્માને ક્ષાયિક અને પારિણામિક ભાવ હોય છે મનુષ્યોને ઉપશમ શ્રેણીમાં (ક્ષાયિક સમ્યક્ત્વ હોય ત્યારે) પાંચે ભાવ હોય છે. આ પ્રમાણે સાન્નિપાતિક ભાવના પંદર ભેદો સંભવે છે બાકીના વીસ ભેદો સંભવતા નથી. (૬૮)

**વિવેચન :-** દ્વિસંયોગી ક્ષાયિક અને પારિણામિક ભાવ સિદ્ધાપરમાત્માને ઘટે છે, કારણકે સિદ્ધ પરમાત્માને કેવલજ્ઞાન કેવલદર્શન આદિ ૯ ગુણો ક્ષાયિકભાવે હોય છે. પારિણામિક ભાવે જીવત્વ હોય છે. સર્વ કર્મોનો મૂલથી ક્ષય થયેલો હોવાથી બાકીના

ઔપશમિક, ક્ષાયોપશમિક અને ઔદયિક ભાવો સંભવતા નથી.

તેમજ જે મનુષ્યો ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી પૂર્વ બદ્ધાયુ હોવાના કારણે ક્ષપકશ્રેણી માંડી શકતા નથી તેઓ જ્યારે ઉપશમશ્રેણી ચડે છે ત્યારે પાંચે ભાવોના સંયોગવાળો ભાંગો સંભવે છે. તે આ પ્રમાણે ક્ષાયિક ભાવે સમ્યક્ત્વ, ઉપશમશ્રેણી કરતો હોવાથી ૯મા-૧૦મા અને ૧૧મા ગુણઠાણે મોહનીયનો ઉપશમ થવાથી ઔપશમિક ભાવે ચારિત્ર, ક્ષયોપશમ ભાવે મતિજ્ઞાનાદિ જ્ઞાન, દર્શન તથા દાનાદિ લબ્ધિઓ, ઔદયિકભાવે મનુષ્યગતિ, લેશ્યા, અસિદ્ધત્વ વગેરે હોય છે. અને પારિણામિક ભાવે જીવત્વ, ભવ્યત્વ હોય છે.

આ પ્રમાણે ચાર ગતિને આશ્રયી ચાર-ચાર ભેદ જુદા ગણીએ ત્યારે ૧૫ ભાંગા સાન્નિપાતિક ભાવના સંભવે છે. અને મૂળ ગણીએ તો છ ભાંગા સંભવે છે સર્વ જીવો આ છ ભાંગામાં અંતર્ગત થઈ જાય છે. બાકીના ૨૦ ભાંગા કોઈ જીવોમાં સંભવતા નથી, માત્ર ભાંગા કરવાની રીતી નીતિ મુજબ થતા ભાંગા જણાવ્યા છે.

## આઠ કર્મો ઉપર તથા ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો ઉપર ભાવ

**मोहेवसमो मीसो चउघाइसु अट्ठकम्मसु य सेसा ।**
**धम्माइ पारिणमिय, भावे खंधा उदइएवि ॥६१॥**

### શબ્દાર્થ

**मोहेवसमो** - ઉપશમભાવ મોહનીય કર્મમાં જ

**मीसोचउ घाइसु** - ક્ષાયોપશમિકભાવ ચાર ઘાતી કર્મોનાં

**धम्माइ** - ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો

**खंधा** - પુદ્‌ગલના સ્કંધો

**पारिणामियभावे** - પારિણામિક ભાવે

**उदइएवि** - ઔદયિકભાવમાં પણ હોય છે.

**ગાથાર્થ :-** ઔપશમિક ભાવ મોહનીય કર્મમાં જ હોય છે.

ક્ષાયોપશમિક ભાવ ચાર ઘાતિકર્મોમાં હોય છે. શેષ ભાવો આઠે કર્મમાં હોય છે. તથા ધર્માસ્તિકાયાદિ પાંચે અજીવ દ્રવ્યો પારિણામિક ભાવે હોય છે. તથા પુદ્ગલાસ્તિકાયના કેટલાક સ્કંધો ઔદયિકભાવે પણ હોય છે. (૬૯)

**વિવેચન :-** પાંચે ભાવનું તથા તેનાથી થતા સાન્નિપાતિક ભાવના ભેદનું વર્ણન કરી હવે ક્યા ક્યા ભાવો ક્યા કર્મમાં હોય છે તે કહે છે. ઔપશમિક ભાવ એક મોહનીય કર્મમાં જ હોય છે કારણકે સર્વથા કર્મને ઉપશમાવવાનું કાર્ય માત્ર મોહનીય કર્મમાં જ થાય છે.

ચાર ઘાતી કર્મોમાં ક્ષાયોપશમ ભાવ હોય છે. ઉદયમાં આવેલા કર્મદલિકોને ભોગવવા તે **ક્ષય** અને ઉદયમાં ન આવેલા કેટલાક કર્મદલિકોને ઉદયને અયોગ્ય બનાવવા અને કેટલાક દલિકને મંદરસવાળા કરવા તે **ઉપશમ.** આ વ્યાખ્યા જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાયમાં લાગે છે. અને મોહનીય કર્મમાં તેર સર્વઘાતી પ્રકૃતિમાં સંભવે છે. તેમાં માત્ર પ્રદેશોદયથી વેદન છે અને શેષ મોહનીયની તેર પ્રકૃતિમાં રસથી વેદનરૂપ ક્ષય અને સત્તાના દલિકને મંદરસવાળા કરવા તે **ક્ષયોપશમ** હોય છે, અઘાતી કર્મમાં ક્ષયોપશમ ભાવ નથી.

ક્ષાયિક ઔદયિક અને પારિણામિક ભાવ આઠે કર્મોમાં હોય છે. કારણ કે ''જીવ જેમ જેમ ઉપરના ગુણસ્થાનકોમાં ક્ષપકશ્રેણીમાં ચડે તેમ તેમ ક્રમશઃ સર્વકર્મોનો ક્ષય કરે છે. તે **''ક્ષાયિકભાવ''** તેમજ **ઔદયિકભાવ** ''મિથ્યાત્વાદિ ગુણસ્થાનકોમાં યથાયોગ્ય આઠે કર્મોનો ઉદય તેનાથી થયેલ અવસ્થા તે ઔદયિક ભાવ.''

**પારિણામિક ભાવ :-** ''જ્ઞાનાવરણીયાદિ કર્મો સત્તામાં હોવાથી સંક્રમણાદિ જુદા જુદા કારણો પ્રમાણે અન્ય કર્મરૂપે પરિણામ પામે છે કાર્મણવર્ગણાઓનો આ સહજ સ્વભાવ હોવાથી પારિણામિકભાવ.'' આ અપેક્ષાએ કહેલ છે, આ પ્રમાણે શેષ ત્રણે ભાવો આઠેકર્મના હોય છે.

ઉપરની રીતે જોતા મોહનીયમાં **પાંચે ભાવો** હોય છે. તે આ પ્રમાણે મોહનીયકર્મનો ઉપશમ થવાથી ઉપશમ ભાવનું સમ્યક્ત્વ અને ચારિત્ર, મોહનીયકર્મનો ક્ષય થવાથી ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ અને ચારિત્ર, મોહનીકર્મનો ક્ષયોપશમ થવાથી ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ દેશવિરતિ સર્વવિરતિ, મોહનીયકર્મનો ઉદય થવાથી ઔદયિકભાવથી ક્રોધાદિ અસંયમ અવિરતિ આદિ જીવમાં મોહનીય કર્મરૂપે હોવું તે પારિણામિક ભાવ. આ પ્રમાણે મોહનીયમાં પાંચે ભાવો હોય છે.

મોહનીય વિના શેષ **ત્રણઘાતી** કર્મોમાં ઔપશમિક વિના **ચાર** ભાવ હોય છે. તે આ પ્રમાણે

જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અજ્ઞાનપણું, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવલજ્ઞાન, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન-ત્રણ અજ્ઞાન, જીવમાં મતિજ્ઞાનાવરણીય આદિ કર્મનું હોવા પણું તે પારિણામિકભાવ, દર્શનાવરણીય કર્મના ક્ષયથી કેવલદર્શન, દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ચક્ષુદર્શન-અચક્ષુદર્શન અવધિદર્શન, દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા, આંધળાપણું બહેરાપણું વગેરે, અંતરાય કર્મના ક્ષયથી દાનાદિ પાંચ ક્ષાયિકભાવની અનંત લબ્ધિ, અંતરાય કર્મના ક્ષયોપશમથી દાનાદિ પાંચ આંશિક લબ્ધિ અંતરાય કર્મના ઉદયથી દિનપણું, અભોગીપણું, હીનશક્તિવાળાપણું, પારિણામિક ભાવથી દર્શનાવરણીય અને અંતરાયમાં જ્ઞાનાવરણીયની જેમ જાણવું.

**શેષ અઘાતી** કર્મોમાં ઔપશમિક અને ક્ષાયોપશમ વિના **ત્રણ ભાવો** હોય છે. ક્ષાયિકભાવે અવ્યાબાધસુખ વગેરે ઔદયિકભાવે કર્મનો ઉદય અને પરિણામિક ભાવે કર્મપણું હોય છે.

**આ પ્રમાણે કર્મોમાં ભાવો સમજાવ્યાં હવે અજીવ દ્રવ્યોમાં ભાવો કહે છે.**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ અને પુદ્‌ગલાસ્તિકાય એ પાંચે દ્રવ્યો પોતાના સહજ સ્વભાવે અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે તેથી પાંચે દ્રવ્યો અનાદિ પારિણામિક

ભાવવાળા હોય છે. તેમજ પુદ્ગલાસ્તિકાયમાં નરકાવાસની પૃથ્વી, દેવના વિમાનો, જ્યોતિષના વિમાનો તથા શાશ્વતા કુટ, ચૈત્યો, પર્વતો વગેરે અનાદિ પારિણામિક ભાવના છે કારણકે પ્રતિ સમયે પૂરણગલન સ્વભાવવાળા હોવા છતાં જ સ્થાન અને આકૃતિને આશ્રયી શાશ્વત તે રૂપે પરિણામ પામેલ હતા. છે અને હશે તથા પરમાણું (દ્વયણુક) ત્ર્યણુક આદિ અનંત પરમાણુવાળા સ્કંધોમાં પૂરણગલન થવાથી નિયત સંખ્યાના પ્રદેશોવાળા સ્કંધો હંમેશાં રહે એમ નથી.

વધઘટ પણ થાય છે. તેથી સ્કંધરૂપે નિયત રહેતા નથી તેથી તેમાં સાદિ પારિણામિક ભાવ પણ સંભવે છે. તેમજ પુદ્ગલના કેટલાક સ્કંધો ઔદયિક ભાવે પણ હોય છે. કારણકે ઔદારિક-વૈક્રિય-આહારાદિ આઠે વર્ગણાઓના સ્કંધો જીવવડે કર્મના ઉદયથી ગ્રહણ કરાય છે. અને જીવવડે તે રૂપે પરિણામ પમાડાય છે. જોકે બધા કર્મોનો ઉદય તો જીવને જ છે છતાં જીવના સંયોગે ગ્રહણ કરેલા અનંતાનંત પરમાણુવાળા આઠે વર્ગણાના સ્કંધોમાં પણ કર્મના ઉદયથી તે તે સ્વરૂપ થાય છે તેથી પુદ્ગલના કેટલાક સ્કંધો ઔદયિક ભાવે પણ હોય છે આ રીતે પુદ્ગલદ્રવ્યમાં ઔદયિક અને પારિણામિક એમ બે ભાવ હોય છે.

## આઠે કર્મ ઉપર ભાવનું યંત્ર

| કર્મ | ઉપશમ | ક્ષાયિક | ક્ષાયોપ૦ | ઔદયિક | પારિણામિક | કુલ ભાવ |
|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૪ |
| દર્શનાવરણીય | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૪ |
| વેદનીય | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૩ |
| મોહનીય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| આયુષ્ય | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૩ |
| નામ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૩ |
| ગોત્ર | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૩ |
| અંતરાય | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૪ |
| કુલ કર્મના | ૧ | ૮ | ૪ | ૮ | ૮ | ૨૯ |

## છદ્રવ્ય ઉપર ભાવનું યંત્ર

| છદ્રવ્ય | ઉપશમ | ક્ષાયિક | ક્ષાયો૦ | ઔદયિક | પરિણામીક | કુલભાવ |
|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| અધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| આકાશાસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| પુદ્‌ગલાસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ |
| કાળ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| જીવાસ્તિકાય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |

## હવે એક જીવ તથા અનેકજીવ આશ્રયી ગુણસ્થાનકોમાં ભાવ

**सम्माइ चउसु तिगचउ भावाचउ पणुवसाम गुवसंते ।**
**चउ खीणापुव्वे तिन्नि सेसगुणठाणगेगजिए ॥७०॥**

### શબ્દાર્થ

**सम्माइचउसु** - સમ્યક્ત્વઆદિ ચાર ગુણસ્થાનકોમાં
**उवसामगुवसंते** - ઉપશમક અને ઉપશાંતને
**खीणापुव्वे** - ક્ષીણમોહે, અને અપૂર્વે
**चउ** - ચાર
**एगजिए** - એકજીવને આશ્રયી

**ગાથાર્થ :-** એક જીવ આશ્રયી અવિરત સમ્યક્ત્વાદિ ચાર ગુણસ્થાનકોમાં ત્રણ અથવા ચારભાવો હોય છે. ઉપશામક અને ઉપશાંતમોહગુણ૦માં ચાર અથવા પાંચ ભાવો હોય છે. ક્ષીણમોહે અને અપૂર્વકરણગુણ૦માં ચાર ભાવો હોય છે. બાકીના ગુણસ્થાનકોમાં માત્ર ત્રણભાવો હોય છે. (૭૦)

**વિવેચન :-** હવે ચૌદ ગુણસ્થાનકોમાં કયાકયા ગુણસ્થાનકે કેટલા ભાવો હોય છે તે કહે છે.

**અવિરત સમ્યગ્દૃષ્ટિથી અપ્રમત્ત** ગુણસ્થાનકમાં **ત્રણ અથવા ચાર** ભાવ હોય છે. તેમાં ત્રણભાવ આ પ્રમાણે છે.

આ ચારે ગુણઠાણે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જે જીવોને હોય તેઓને ક્ષાયિક અને ઉપશમ ભાવના સમ્યક્ત્વઆદિ ન હોય તેથી ત્રણ ભાવો હોય છે. તે આ રીતે ક્ષયોપશમભાવે જ્ઞાન, દર્શનાદિ તથા સમ્યક્ત્વ, ઔદયિક ભાવે દેવ-મનુષ્ય-તિર્યંચ નરકગતિપણું આદિ અને પારિણામિક ભાવે જીવત્વ અને ભવ્યત્વ-એમ ત્રણ ભાવો હોય છે. પરંતુ ક્ષાયિક સમકિતી અથવા ઔપશમિક સમ્યક્ત્વી જીવ હોય તો ક્ષાયિકભાવનું અથવા ઉપશમભાવનું સમ્યક્ત્વ, ક્ષયોપશમભાવે જ્ઞાન-દર્શનાદિ, ઔદયિકભાવે મનુષ્યગતિ આદિ અને પારિણામિક ભાવે જીવત્વ, ભવ્યત્વ આ પ્રમાણે ચાર ભાવ હોય છે.

ઉપશામક **૯-૧૦** ગુણસ્થાનક અને **૧૧મા** ઉપશાંત મોહને **ચાર** અથવા **પાંચ** ભાવો હોય છે. ઉપશમશ્રેણીમાં ચડતા જીવો મોહનીયનો ઉપશમ કરતાં હોવાથી ઉપશામક કહેવાય છે. અને અગ્યારમે ગુણઠાણે સર્વથા મોહનો ઉપશમ થઈ ગયો હોવાથી ઉપશાંતમોહ કહેવાય છે. જોકે આઠમાં ગુણઠાણે ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણીની શરૂઆત છે તો પણ આઠમે ચારિત્રમોહનીયકર્મની એકપણ પ્રકૃતિનો ક્ષય અથવા ઉપશમ કરતો નથી તેથી આઠમા ગુણઠાણાને નિશ્ચયનયથી ઉપશામક અથવા ક્ષપક કહેવાય નહિ. માટે **૯મા અને ૧૦મા** ગુણઠાણાવાળાને ઉપશામક કહ્યા છે. આ ત્રણ ગુણઠાણે ચાર અથવા પાંચભાવો હોય છે. તે આ પ્રમાણે

ઉપશમ સમકિતી ઉપશમશ્રેણી ચઢતો હોય તો તેને ઔપશમિક ભાવનું સમ્યક્ત્વ અને ચારિત્ર (બન્ને). ક્ષયોપશમભાવનું જ્ઞાનદર્શનાદિ, ઔદયિકભાવે મનુષ્યગતિઆદિ અને પારિણામિકભાવે જીવત્વ-ભવ્યત્વ. એમ ચાર ભાવ તથા ક્ષાયિક સમ્યક્ત્વવાળો આત્મા ઉપશમશ્રેણી ચઢતો હોય ત્યારે ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ ઔપશમિકભાવનું ચારિત્ર, ક્ષાયોપશમભાવે જ્ઞાનદર્શનાદિ, ઔદયિક ભાવે મનુષ્યગતિ વગેરે પારિણામિક ભાવે જીવત્વ-ભવ્યત્વ એમ પાંચ ભાવ હોય છે.

**આઠમા ગુણઠાણે** એક જીવને **ચાર ભાવ** જ હોય છે. તે આ પ્રમાણે ઉપશમશ્રેણીમાં ઉપશમ સમ્યક્ત્વીને ઔપશમિક ભાવે સમ્યક્ત્વ ક્ષાયોપશમ ભાવે જ્ઞાન, દર્શન, સર્વવિરતિ વગેરે, ઔદયિકભાવે મનુષ્યગતિ વગેરે અને પારિણામિકભાવે જીવત્વ, ભવ્યત્વ એમ ચાર ભાવ હોય છે. તથા ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણીમાં ક્ષાયિક સમ્યક્ત્વીને ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એમ ચાર ભાવ હોય છે. આઠમા ગુણઠાણામા ક્ષાયોપશમ ભાવનું જ ચારિત્ર જાણવું. પરંતુ ઉપશમ કે ક્ષાયિક ભાવનું આવ્યું ન હોય.

**બારમા ગુણઠાણે** રહેલા એક અથવા અનેક જીવને ક્ષાયિક ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એમ **ચાર ભાવ** હોય છે. તેમાં સમ્યક્ત્વ અને ચારિત્ર બન્ને ક્ષાયિકભાવનું જ હોય છે.

બાકીના ગુણસ્થાનક એટલે **૧થી ૩ ગુણસ્થાનકમાં** એક જીવને કે અનેક જીવને ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એમ **ત્રણભાવ** હોય છે. તેમાં ક્ષાયોપશમભાવે અજ્ઞાન, દર્શનાદિ ઔદયિક ભાવે ગતિ આદિ, પારિણામીકભાવે જીવત્વાદિ હોય છે.

તથા તેરમાં અને ચૌદમા ગુણઠાણે પણ ત્રણભાવ હોય છે ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એમ ત્રણભાવ જાણવા. તેમાં ક્ષાયિકભાવના કેવલજ્ઞાનાદિ ૯ ભેદ, ઔદયિકભાવના મનુષ્યગતિ વગેરે અને પારિણામિક ભાવે જીવત્વ હોય છે.

## અનેક જીવ આશ્રયી ગુણઠાણામાં મૂળભાવ

૧થી ૩ ગુણસ્થાનકોમાં ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એમ ત્રણ ભાવ જ હોય છે. આ ગુણસ્થાનકોમાં ક્ષાયિક અને ઔપશમિકભાવ ન હોય. ૪થી ૧૧ ગુણઠાણામાં પાંચ ભાવ હોય છે. કારણકે કોઈને ક્ષાયિક સમ્યકત્વ અને કોઈને ઉપશમ સમ્યક્ત્વ હોય. અને શેષ ત્રણ ભાવ તો છદ્મસ્થને હોય જ. બારમા ગુણઠાણે ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એમ ચાર ભાવ હોય છે. અહીં ઔપશમિક ભાવ હોય નહીં. ૧૩-૧૪માં ગુણઠાણે ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એમ ત્રણ ભાવ હોય છે.

## ગુણઠાણામાં ઔપશમિકાદિના ઉત્તરભેદ

**(૧) મિથ્યાદષ્ટિ ગુણસ્થાનક :-** મતિ અજ્ઞાનાદિ ત્રણ અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુ એમ બે દર્શન, દાનાદિ પાંચ લબ્ધિઓ એમ **ક્ષાયોપશમભાવના ૧૦** ભેદ હોય છે. ઔદયિક ભાવના **એકવીસ** ભેદ હોય છે. તથા પારિણામિક ભાવના ભવ્યત્વાદિ **ત્રણે** ભેદ હોય છે આ પ્રમાણે કુલ **મૂળ ૩** ભાવ અને તેના **૩૪ ઉત્તરભેદ** સંભવે. સિદ્ધાંતકારના મતે અવધિદર્શન પણ હોય તેથી ક્ષાયોપશમ ભાવના ૧૦ને બદલે ૧૧ ભેદ માનીએ તો કુલ **૩૫** ભેદ જાણવા.

**(૨) સાસ્વાદન ગુણસ્થાનક :-** ક્ષયોપશમભાવના ઉપરની જેમ **૧૦** ભેદ. ઔદયિક ભાવના મિથ્યાત્વ વિના **૨૦** ભેદ અને પારિણામિક ભાવના અભવ્યત્વવિના ભવ્યત્વ અને જીવત્વ એમ **૨** ભેદ આ પ્રમાણે **મૂળ ૩** ભાવ અને તેના **૩૨ ઉત્તરભેદ** હોય છે.

**(૩) મિશ્રગુણસ્થાનક :-** કર્મગ્રંથકારના મતે સાસ્વાદનની જેમ **૩૨** ભેદ સંભવે. છતાં સ્વોપજ્ઞટીકામાં **૩૩** બતાવ્યા છે. ત્યાં અવધિદર્શન અને મિશ્રનામનું સમ્યક્ત્વ આ ભેદ ક્ષાયોપશમભાવમાં કહ્યા છે. અને ઔદયિકભાવમાં અજ્ઞાનપણું ગણ્યું નથી તેથી **મૂળભાવ ૩** અને ક્ષાયોપશમના **૧૨** ઔદયિકના **૧૯** અને પારિણામિકના **૨** એમ **૩૩ ઉત્તરભેદ** જાણવા.

**(૪) અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે :-** ક્ષયોપશમભાવના ૩ જ્ઞાન, ૩ દર્શન પાંચ લબ્ધિ અને સમ્યક્ત્વ એમ **૧૨** ભેદ, ઔદયિકભાવના મિથ્યાત્વ અને અજ્ઞાન વિના **૧૯** ભેદ, પારિણામિકભાવના ભવ્યત્વ, જીવત્વ એમ **બે** ભેદ તથા ઔપશમિક સમ્યક્ત્વ અને ક્ષાયિકભાવનું **સમ્યક્ત્વ** એ પ્રમાણે સર્વજીવ આશ્રયી **મૂળભાવ પાંચ** અને ૧૨+૧૯+૨+૧+૧=**૩૫ ઉત્તરભેદો** સંભવી શકે.

**(૫) દેશવિરતિ ગુણસ્થાનકે :-** ક્ષયોપશમભાવના ૩ જ્ઞાન, ૩ દર્શન, પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ અને દેશવિરતિ ચારિત્ર પણ હોય એમ **૧૩** ભેદ, ઔદયિકભાવના દેવગતિ, અને નરકગતિ વિના ૨ ગતિ, ૪

કષાય, ૩ વેદ ૬ લેશ્યા, અસિદ્ધત્વ અને અસંયમ એમ **૧૭** ભેદ. પારિણામિકભાવના **૨** ઔપશમિક અને ક્ષાયિકભાવનું **સમ્યક્ત્વ** આ પ્રમાણે સર્વજીવ આશ્રયી **મૂળભેદ પાંચ** અને તેના ૧૩+૧૭+૨+૧+૧=**૩૪ ઉત્તરભેદ** હોય છે.

અહીં ચોથા ગુણ૦ની અપેક્ષાએ ઔદયિકભાવની ૨ ગતિ ન હોય અને ક્ષાયોપશમ ભાવનું દેશવિરતિપણું હોય.

**(૬) પ્રમત્તસંયત ગુણસ્થાનકે :-** ક્ષયોપશમભાવના મન:પર્યવજ્ઞાન સહિત ચાર જ્ઞાન, ૩ દર્શન, પાંચલબ્ધિ, સમ્યક્ત્વ અને દેશવિરતિને બદલે સર્વવિરતિ એમ **૧૪ ભેદ**. ઔદયિકભાવના મનુષ્યગતિ, ૪ કષાય, ૩ વેદ ૬ લેશ્યા અને અસિદ્ધત્વ એમ **૧૫ ભેદ** (અસંયમ ન હોય) પારિણામિકભાવે **૨** ઔપશમિક અને ક્ષાયિકભાવનું **સમ્યક્ત્વ** એ પ્રમાણે સર્વજીવ આશ્રયી **મૂળ ભાવ પાંચ** અને તેના ૧૪+૧૫+૨+૧+૧=**૩૩ ઉત્તરભેદ** હોય છે દેશવિરતિગુણ૦ની અપેક્ષાએ તિર્યંચગતિ અને અસંયમ ન હોય તથા મન:પર્યવજ્ઞાન હોય.

**(૭) અપ્રમત્ત સંયત ગુણસ્થાનકે :-** પ્રમત્તગુણસ્થાનકની જેમ જ જાણવું ફકત ઔદયિક ભાવમાં **૧૫** ભેદમાંથી પહેલી ત્રણ લેશ્યા ન હોય. જેથી સર્વજીવ આશ્રયી **મૂળભાવ પાંચ** અને તેના ૧૪+૧૨+૨+૧+૧=**૩૦ ઉત્તરભેદ હોય છે.**

**(૮) અપૂર્વકરણ ગુણસ્થાનકે :-** ક્ષાયોપશમભાવના ૪ જ્ઞાન, ૩ દર્શન, પાંચ લબ્ધિ અને સર્વવિરતિ એમ **૧૩ ભેદ** ઔદયિકભાવના મનુષ્યગતિ, ૪ કષાય, ૩ વેદ, શુક્લલેશ્યા, અને અસિદ્ધત્વ એમ **૧૦** ભેદ, પારિણામિકભાવના **૨,** ઔપશમિક અને ક્ષાયિકભાવનું **સમ્યક્ત્વ** આ પ્રમાણે સર્વજીવઆશ્રયી **મૂળભેદ ૫** અને તેના ૧૩+૧૦+૨+૧+૧=**૨૭ ઉત્તરભેદ** જાણવા. અહીં અપ્રમત્તાની અપેક્ષાએ બે લેશ્યા, અને ક્ષાયોપશમ સમ્યક્ત્વ વિના ભેદો જાણવા.

**(૯) અનિવૃત્તિ ગુણસ્થાનકે :-** અપૂર્વકરણ ગુણસ્થાનકની જેમ જાણવું પરંતુ આંશિક ઔપશમિક ભાવનું ચારિત્ર પણ ગણવાથી એક ભેદ વધારે હોવાથી **મૂળભાવ ૫** અને ૧૩+૧૦+૨+૨+૧=**૨૮**

**ઉત્તરભેદ** જાણવા.

**(૧૦) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે :-** ક્ષયોપશમભાવના ૪ જ્ઞાન, ૩ દર્શન, પાંચલબ્ધિ અને સર્વવિરતિ એમ **૧૩** ભેદ ઔદયિકભાવના મનુષ્યગતિ, સં૦ લોભકષાય, શુક્લલેશ્યા, અને અસિદ્ધત્વ એમ **૪** ભેદ પારિણામિકભાવના **૨,** ઔપશમિક ભાવના **૨** અને ક્ષાયિક ભાવે **સમ્યક્ત્વ** આ પ્રમાણે **મૂળભાવ પાંચ** અને ૧૩+૪+૨+૨+૧=**૨૨ ઉત્તરભેદ** હોય છે.

અહીં ત્રણવેદ અને ત્રણ કષાય ન હોય, તેથી અનિવૃત્તિની અપેક્ષાએ છ ભેદ ન્યુન જાણવા.

**(૧૧) ઉપશાંતમોહ ગુણસ્થાનકે :-** ક્ષયોપશમભાવના ૪ જ્ઞાન, ૩ દર્શન, પાંચલબ્ધિ એમ **૧૨** ભેદ, ઔદયિકભાવના મનુષ્યગતિ, શુક્લલેશ્યા અને અસિદ્ધત્વ એમ **૩** પારિણામિક ભાવના **૨** ઔપશમિકભાવના **સમ્યક્ત્વ** અને **સર્વવિરતિ** ચારિત્ર એમ **૨** અને ક્ષાયિકભાવે **સમ્યક્ત્વ** આ પ્રમાણે **મૂળભાવ પાંચ** અને ૧૨+૩+૨+૨+૧=**૨૦ ઉત્તરભેદ** સર્વજીવ આશ્રયી છે.

અહીં સૂક્ષ્મ સંપરાયની અપેક્ષાએ (૧) લોભ અને (૨) ક્ષયોપશમભાવનું ચારિત્ર ન હોય. તેથી બે ન્યુન છે.

**(૧૨) ક્ષીણમોહ ગુણસ્થાનકે :-** ઔપશમિકભાવ હોય નહિ. તેથી તેના વિના અને ક્ષાયોપશમભાવે ઉપરની જેમ **૧૨** ભેદ પારિણામિક ભાવે **૨** અને ક્ષાયિકભાવનું ચારિત્ર આવે તેથી તેના **૨** આ પ્રમાણે **મૂળ ભાવ કુલ ૪** અને તેના ૧૨+૩+૨+૨=**૧૯ ઉત્તરભેદ** હોય છે.

અહીં ઉપશમભાવ હોય જ નહીં.

**(૧૩) સયોગી ગુણસ્થાનકે :-** ક્ષયોપશમભાવ પણ હોય નહિ. તેથી તેના ૧૨ ભેદ ન જાણવા. ક્ષાયિકભાવના **૯ ભેદ,** ઔદયિકભાવના **૩** અને પારિણામિક ભાવના માત્ર **જીવત્વ** જ હોય છે. આ પ્રમાણે **મૂળભાવ** કુલ **૩** અને તેના ૯+૩+૧=**૧૩ ઉત્તરભેદ** હોય છે.

અહીં ભવ્યમાર્ગણામાં ગાથા ૧૯ પ્રમાણે સર્વગુણઠાણા કહ્યા હોવાથી તેરમે અને ચૌદમે ગુણઠાણે ભવ્યત્વ ભેદ કહેવો જોઈએ તો પણ મોક્ષ અત્યંત નજીક હોવાથી, નિયમા મુક્તિ થવાની હોવાથી ભવ્યત્વનો વ્યવહાર કરેલ નથી તેમજ શાસ્ત્રમાં, સ્વોપજ્ઞટીકામાં કેવલીભગવાનને "નો ભવ્વા નો અભવ્વા" કહ્યું છે. તેથી પણ અહીં ભવ્યત્વ ગણ્યું નથી.

**(૧૪) અયોગી ગુણઠાણે** :- ક્ષાયિકભાવના ૯ અને ઔદયિકભાવમાંથી શુક્લલેશ્યા વિના મનુષ્યગતિ અને અસિદ્ધત્વ એમ **બે**, પારિણામિકભાવે **જીવત્વ** આ પ્રમાણે કુલ **મૂળભાવ ૩** અને તેના ૯+૨+૧=**૧૨ ઉત્તરભેદ** હોય.

## ગુણસ્થાનકોમાં પાંચ ભાવના ઉત્તરભેદનું કોષ્ટક

| ક્રમ | ગુણસ્થાનક | એકજીવ આશ્રયી | સર્વજીવ આશ્રયી | ક્ષાયોપશમિક | ઔદયિક | પારિણામિક | ઔપશમિક | ક્ષાયિક | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | ૩ | ૩ | ૧૦-૧૧ | ૨૧ | ૩ | ૦ | ૦ | ૩૪-૩૫ |
| ૨ | સાસ્વાદન | ૩ | ૩ | ૧૦ | ૨૦ | ૨ | ૦ | ૦ | ૩૨ |
| ૩ | મિશ્ર | ૩ | ૩ | ૧૦-૧૨ | ૨૦-૧૯ | ૨ | ૦ | ૦ | ૩૨-૩૩ |
| ૪ | અવિરતસમ્ય. | ૩-૪ | ૫ | ૧૨ | ૧૯ | ૨ | ૧ | ૧ | ૩૫ |
| ૫ | દેશવિરતિ | ૩-૪ | ૫ | ૧૩ | ૧૭ | ૨ | ૧ | ૧ | ૩૪ |
| ૬ | પ્રમત્ત | ૩-૪ | ૫ | ૧૪ | ૧૫ | ૨ | ૧ | ૧ | ૩૩ |
| ૭ | અપ્રમત્ત | ૩-૪ | ૫ | ૧૪ | ૧૨ | ૨ | ૧ | ૧ | ૩૦ |
| ૮ | અપૂર્વકરણ | ૪ | ૫ | ૧૩ | ૧૦ | ૨ | ૧ | ૧ | ૨૭ |
| ૯ | અનિવૃત્તિ | ૪-૫ | ૫ | ૧૩ | ૧૦ | ૨ | ૨ | ૧ | ૨૮ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૪-૫ | ૫ | ૧૩ | ૪ | ૨ | ૨ | ૧ | ૨૨ |
| ૧૧ | ઉપશાંતમોહ | ૪-૫ | ૫ | ૧૨ | ૩ | ૨ | ૨ | ૧ | ૨૦ |
| ૧૨ | ક્ષીણમોહ | ૪ | ૪ | ૧૨ | ૩ | ૨ | ૦ | ૨ | ૧૯ |
| ૧૩ | સયોગી | ૩ | ૩ | ૦ | ૩ | ૧ | ૦ | ૯ | ૧૩ |
| ૧૪ | અયોગી | ૩ | ૩ | ૦ | ૨ | ૧ | ૦ | ૯ | ૧૨ |

**પાંચ ભાવનું વર્ણન સમાપ્ત**

## સંખ્યાતાદિનું સ્વરૂપ

**सखिज्जेगम संखं, परित्तजुत्तनियपय जुय तिविहं ।**
**एवमणंतंपि तिहा, जहन्न मज्झुक्कसा सव्वे ॥७१॥**

### શબ્દાર્થ

**असंखं** - અસંખ્યાતુ
**परित्तजुतनियपयजुयं**-પરિત્ત- યુક્ત અને નિજપદથીયુક્ત,
**एवमणंतंपि** - એ પ્રમાણે અનંતુ પણ
**जहन्नमज्झुक्कसा**- જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ

**ગાથાર્થ :-** સંખ્યાતુ એક પ્રકારનું છે. અસંખ્યાતુ પરિત્ત, યુક્ત અને નિજપદથી યુક્ત એમ ત્રણ પ્રકારનું છે. એ પ્રમાણે અનંતુ પણ ત્રણ પ્રકારનું છે તથા સર્વ ભેદો જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદે જાણવા. (૭૧)

**વિવેચન :-** જે સંખ્યા ગણી શકાય તે **સંખ્યાતુ કહેવાય.** તે એક જ પ્રકારનું છે. જે સંખ્યાગણી ન શકાય તે **અસંખ્યાતુ★ કહેવાય** તેના પરિત્ત, યુક્ત અને નિજપદ યુક્ત એમ ત્રણ ભેદ છે. અને જેનો અંત નથી તે **અનંત** પણ ત્રણ પ્રકારે છે. આ સાત ભેદના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ હોવાથી ૨૧ ભેદો થાય છે. તે આ પ્રમાણે.

(૧) જઘન્ય સંખ્યાતું
(૨) મધ્યમ સંખ્યાતુ
(૩) ઉત્કૃષ્ટ સંખ્યાતુ
(૪) જઘન્ય પરિત્ત અસંખ્યાતુ
(૫) મધ્યમ પરિત્ત અસંખ્યાતુ
(૬) ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ
(૭) જઘન્ય યુક્ત અસંખ્યાતુ
(૮) મધ્યમ યુક્ત અસંખ્યાતુ
(૯) ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતુ
(૧૦) જઘન્ય અસંખ્યાતુ અસંખ્યાતુ

★ જોકે ઉત્કૃષ્ટ સંખ્યાતામાં એક ઉમેરવાથી જઘન્ય અસંખ્યાતુ થાય એટલે જો સંખ્યાતુ ગણી શકાય તો તેમાં એક ઉમેરીએ તે પણ ગણી શકાય. એટલે ગણી શકાય તે સંખ્યાતુ અને ન ગણી શકાય તે અસંખ્યાતુ, તે શબ્દાર્થ સમજવો. વાસ્તવમાં અમુક સુધીની સંખ્યાને સંખ્યાતું કહ્યું, પછીની અમુક સુધીની સંખ્યાને અસંખ્યાતુ કહ્યું છે, અને તેની પછીની સંખ્યાને અનંતુ એમ ત્રણેનું ઉત્તરોત્તર બહુલપણું જણાવવા સંજ્ઞાઓ કહી છે.

| | |
|---|---|
| (૧૧) મધ્યમ અસંખ્યાતુ અસંખ્યાતુ | (૧૨) ઉત્કૃષ્ટ અસંખ્યાતુ અસંખ્યાતુ |
| (૧૩) જઘન્ય પરિત્ત અનંતુ | (૧૪) મધ્યમ પરિત્ત અનંતુ |
| (૧૫) ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ | (૧૬) જઘન્ય યુક્ત અનંતુ |
| (૧૭) મધ્યમ યુક્ત અનંતુ | (૧૮) ઉત્કૃષ્ટ યુક્ત અનંતુ |
| (૧૯) જઘન્ય અનંતુ અનંતુ | (૨૦) મધ્યમ અનંતુ અનંતુ |
| (૨૧) ઉત્કૃષ્ટ અનંતુ અનંતુ | (૨૧) ઉત્કૃષ્ટ અનંતુ અનંતુ |

**लहु संखिज्जं दुच्चिअ, अओ परं मज्झिमं तु जा गुरुअं ।**
**जंबुद्वीव पमाणय चउ पल्लपरूवणाइ इमं ॥७२॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **लहु** - જઘન્ય | **जंबुद्वीव** - જંબુદ્વીપના |
| **दुच्चिय** - બે જ | **चउपल्ल** - ચાર પ્યાલાની |
| **जा गुरुअं** - યાવત્ ઉત્કૃષ્ટ આવે | **परूवणाइ** - પ્રરૂપણા દ્વારા |

**ગાથાર્થ :-** બેની સંખ્યા એ જઘન્ય સંખ્યાતુ. એનાથી આગળ જ્યાં સુધી ઉત્કૃષ્ટ સંખ્યાતુ આવે નહિ ત્યાં સુધી મધ્યમસંખ્યાતુ. અને જંબુદ્વીપ ના માપવાળા ચાર પ્યાલાની પ્રરૂપણા વડે (હવે કહેવાતું) ઉત્કૃષ્ટ સંખ્યાતુ જાણવું. (૭૨)

**વિવેચન :-** સંખ્યાતુ ત્રણ પ્રકારનું છે જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ, **જઘન્ય સંખ્યાતુ :-** બેની સંખ્યાને, સર્વથી નાની હોવાથી જઘન્ય સંખ્યાતુ કહેવાય છે.

**પ્રશ્ન :-** બેની સંખ્યા કરતા એકની સંખ્યા નાની છે છતાં બેને શા માટે જઘન્ય સંખ્યાતુ કહ્યું ?

**જવાબ :-** નીચેના કારણોથી બેની સંખ્યાને જઘન્ય સંખ્યાતુ કહ્યું એકની ગણતરી સંખ્યામાં ગણાતી નથી એટલે કે ગણના રહિત હોય છે. જેનું ઉચ્ચારણ જરૂરી નથી, તેને સંખ્યા તરીકે વ્યવહારની જરૂર નથી, જેમ જ્યાં એક માણસ હોય ત્યાં માણસ છે એવું બોલાય છે પરંતુ આ એક

માણસ છે એવું બોલવું જરૂરી નથી માટે એકને સંખ્યામાં ગણેલ નથી.

કોઈપણ સંખ્યાને એક વડે ગમે તેટલીવાર ગુણો તો પણ વૃદ્ધિ રહિત છે, તેની તે જ સંખ્યા આવે.

એક એ અત્યંત નાની સંખ્યા છે, તેથી વ્યવહારનો વિષય નથી.

એકલા સંયમી અથવા એકલા ગૃહસ્થની વ્યવહારમાં વિશ્વસનીયતા નથી માટે આ કારણોએ બેની સંખ્યાને જ જઘન્ય સંખ્યાતુ કહેલ છે.

**મધ્યમ સંખ્યાતુ :-** ત્રણ-ચાર પાંચ ઈત્યાદિ સંખ્યાથી ઉત્કૃષ્ટ સંખ્યાતુ ન આવે ત્યાં સુધી મધ્યમ સંખ્યાતુ કહેવાય.

**ઉત્કૃષ્ટ સંખ્યાતુ :-** જંબુદ્વીપના માપવાળા ચાર પ્યાલાની પ્રરૂપણા વડે જે આવે તેમાંથી ૧ ન્યૂન તે ઉત્કૃષ્ટ સંખ્યાતુ. અથવા જ૦ પરિત્ત અસં૦માંથી એક ન્યૂન કરવાથી જે આવે તે.

**पल्लाणवट्ठियसलाग, पडिसलागमहासलागक्खा ।**
**जोयणसहसोगाढा, सवेइयंता ससिहभरिया ॥७३॥**

**तो दीवुदहिसु इक्किक्क, सरिसवं खिविय निट्ठिए पठमे ।**
**पठमं व तदंतं चिय, पुणभरिए तंमि तह खीणे ॥७४॥**

**खिप्पइ सलागपल्लेगु, सरिसवो इय सलागखवणेणं ।**
**पुन्नो बीओ अ तओ, पुव्विंपि व तंमि उद्धरिए ॥७५॥**

**खीणे सलाग तइए, एवं पठमेहिं बीययं भरसु ।**
**तेहिं तइअं तेहिअ, तुरियं जा किर फुडा चउरो ॥७६॥**

**पठमतिपल्लुद्धरिया, दीवुदही पल्लचउसरिसवाय ।**
**सव्वो वि एगरासी रुवूणो परमसंखिज्जं ॥७७॥**

### શબ્દાર્થ

**पल्ला**-પ્યાલા

**अणवट्ठिय**-અનવસ્થિત

**तदंतंचिय**-ત્યાં સુધીના દ્વિપસમુદ્રવાળો

**तंमि तह खीणे**-તે પ્યાલો તેવી જ રીતે

**महासलागक्खा**-મહાશલાકા નામનો

**जोयणसहसोगाढा**-હજાર યોજનાની ઉંડાઈવાળા

**सवेइयंता**-વેદિકાનાઅંત સહિત

**ससिहभरिया**-શિખાસહિત ભરવા

**तोदीवुदहिसु**-ત્યારબાદ દ્વીપ સમુદ્રને વિષે

**इक्किक्कसरिसवं**-એકએકસરસવ

**निट्ठिएपठमे**-પહેલો પ્યાલો ખાલી થયે છતે

**परमसंखिज्जं**-ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય છે.

**सलागखवणेणं**-શલાકામાં નાખવા વડે

**तओ पुव्वंपि**-ત્યારબાદ પૂર્વના પ્યાલાની જેમ

**उद्धरिए**-ઉદ્ધાર કરવો - ખાલી કરવો.

**पठमेहिं**-પહેલા અનવસ્થિત પ્યાલાઓ વડે

**बीययं**-બીજા શાલાકાને

**भरसु**-ભરો

**फुडाचउरो**-અત્યંત ભરેલા ચારે કરવા

**पठमतिमपल्लुद्धरिया**-પહેલા ત્રણપ્યાલા વડે ઉદ્ધરેલા

**ગાથાર્થ :-** અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા નામના ચારપ્યાલા એક હજાર યોજનની ઉંડાઈવાળા, વેદિકા સહિત શિખા સાથે (સરસવોથી) ભરવા. (તે આ પ્રમાણે) (૭૩)

ત્યારબાદ એકેક દ્વીપ સમુદ્રમાં એક એક સરસવનો દાણો નાખીને, પહેલો પ્યાલો ખાલી થાયે છતે જ્યાં ખાલી થયો હોય તે દ્વીપ કે સમુદ્રના અંતના માપવાળો પહેલા પ્યાલાની જેમ ફરીથી સરસવથી ભરવો, અને પૂર્વની જેમ પછીના દ્વીપ સમુદ્રમાં સરસવો નાખવા વડે તે પ્યાલો ખાલી થાય ત્યારે. (૭૪)

એક સાક્ષીરૂપ સરસવનો દાણો શલાકા પ્યાલામાં નખાય છે. એ પ્રમાણે શલાકામાં નાખવા વડે જ્યારે બીજો પ્યાલો પૂર્ણ ભરાય ત્યારે બીજા પ્યાલાને પૂર્વના પ્યાલાની જેમ ખાલી કરવો. (૭૫)

તે શલાકા ખાલી થાય ત્યારે, ત્રીજા પ્યાલામાં સાક્ષીદાણો નાખવો, આ રીતે પહેલા અનવસ્થિત પ્યાલા વડે બીજા શલાકાને ભરવો તે શલાકા વડે ત્રીજા પ્રતિશલાકા ભરવો અને ત્રીજા પ્રતિશલાકા વડે ચોથા મહાશલાકાને ભરવો, એ રીતે કરવાથી યાવત્ ચારે પ્યાલા શિખા સહિત સંપૂર્ણ ભરાયેલા થાય. (૭૬)

પ્રથમના ત્રણ પ્યાલાઓ વડે દ્વીપ સમુદ્રોમાં નખાયેલા દાણા અને ચાર પ્યાલાના ભરેલા દાણા એમ સર્વનો એક રાશિ (ઢગલો) કરવો તેમાંથી ૧ દાણો ઓછો કરીએ તો ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય છે. (૭૭)

## ઉત્કૃષ્ટ સંખ્યાતાનું વર્ણન

**વિવેચન :-** રત્નપ્રભા પૃથ્વી ઉપર અસંખ્યાત સર્વ દ્વીપ અને સમુદ્રો છે. તેમાં મધ્યમાં આવેલો જંબુવૃક્ષના નામ ઉપરથી "જંબુ" નામનો એક લાખ યોજન લાંબો અને પહોળો જેમાં આપણે રહીએ છીએ તે જંબુદ્વીપ નામનો દ્વીપ છે. તેવડા માપવાળા ચાર પ્યાલા કલ્પવા. એટલે આ ચારે પ્યાલા ૧ હજાર યોજનના ઉંડા અને આઠ યોજન ઊંચા તથા તેની ઉપર બે ગાઉ ઊંચી પદ્મવર વેદિકાયુક્ત એવી જગતી વડે શોભતા એવા કલ્પવા. હવે તે પ્યાલાને વેદિકાસહિત શિખા (સંગ) સાથે સરસવથી કલ્પનાથી ભરવા, આ ચાર પ્યાલાના નામ આ પ્રમાણે છે.

**(૧) અનવસ્થિત :-** આગળ આગળ વૃદ્ધિ પામવાના સ્વભાવવાળો હોવાથી, તેનું અવસ્થિત માપ ન રહેતું હોવાથી તેને અનવસ્થિત કહેવાય છે. જોકે પહેલો પ્યાલો જંબુદ્વીપના જેવો એક લાખ યોજનનો નિયત માપવાળો છે તેથી તેને અવસ્થિત કહેવાય, પરંતુ બીજી વગેરે વાર લંબાઈ-પહોળાઈમાં નિયત માપ ન રહેતું હોવાથી તે પ્યાલાનું જ અનવસ્થિત એવું નામ આપવામાં આવે છે.

**(૨) શલાકા :-** અનવસ્થિત પ્યાલાના સાક્ષીરૂપ એક એક એક દાણા વડે ભરવાનો પ્યાલો તે શલાકા એવું નામ આપેલ છે.

**(૩) પ્રતિશલાકા :-** શલાકા પ્યાલાના સાક્ષીરૂપ દાણા વડે ભરવાનો પ્યાલો તે.

**(૪) મહાશલાકા :-** પ્રતિશલાકા પ્યાલાના સાક્ષીરૂપ દાણાવડે ભરવા યોગ્ય પ્યાલો તે મહાશલાકા આ ત્રણે પ્યાલા પ્રથમના અવસ્થિતપ્યાલાની જેમ જંબુદ્વીપના માપના જાણવા.

હવે સૌ પ્રથમ પહેલા અવસ્થિત પ્યાલાને સરસવથી શિખા સાથે એવી રીતે ભરવો કે એક પણ દાણો તેમાં મૂકી શકાય નહિ, એટલે મુકવા જતા બીજા દાણા પડી જાય, ત્યારબાદ પ્યાલો કોઈ દેવ કે માણસની કલ્પના કરી તે તેના જંમણા હાથમાં તે પ્યાલો ઉપાડીને એકએક દાણો ડાબા હાથે જંબુદ્વીપથી પ્રારંભીને આગળના દ્વીપ સમુદ્રમાં અનુક્રમે નાંખવો એટલે કે પહેલો દાણો જંબુદ્વીપમાં, બીજો દાણો લવણસમુદ્રમાં, ત્રીજો દાણો ધાતકીખંડમાં, ચોથો દાણો કાલોદધિમાં, આ પ્રમાણે એક દ્વીપ અને એક સમુદ્રમાં એકેક દાણો નાંખતાં જ્યારે આ પ્યાલો, જ્યાં ખાલી થાય **ત્યારે** જે દ્વીપ કે સમુદ્રમાં ખાલી થયો હોય તે દ્વીપ સમુદ્રના અંત સુધીના માપવાળો અનવસ્થિત પ્યાલો કલ્પવો. જોકે આ પ્યાલો ક્યાં ખાલી થાય તે આપણા જેવા અલ્પજ્ઞાની માનવવડે કહેવું કે કલ્પવું પણ અશક્ય છે. છતાં જ્યાં ખાલી થયો હોય તે દ્વીપ સમુદ્રના અંત સુધીના માપવાળો લાંબો, પહોળો અને વેદિકા સહિત આઠ યોજન ઊંચો પ્યાલો ફરી કલ્પવો.

તે પહેલા પ્યાલાની જેમ સરસવથી વેદિકા સહિત શિખા સાથે ભરવો અને પહેલો અવસ્થિત જ્યાં ખાલી થયો. હોય તે પછીના આગળના દ્વીપ સમુદ્રમાં એકએક દાણો નાખવો, એટલે કે અસત્ કલ્પનાએ પહેલો પ્યાલો ૧૦૦માં દ્વીપ કે સમુદ્રમાં ખાલી થયો હોય તો તે ૧૦૦ મા દ્વીપ કે સમુદ્ર જેટલી લંબાઈ પહોળાઈવાળો અનવસ્થિત પ્યાલો કલ્પી ભરી ૧૦૧માં દ્વીપકે સમુદ્રથી એક એક દાણો નાખવો એમ કરતા અનવસ્થિત પ્યાલો જ્યારે ખાલી થાય ત્યારે તેની સાક્ષી તરીકે એકએક દાણો શલાકા નામના બીજા પ્યાલામાં નાખવો.

જોકે શલાકા પ્યાલામાં અનવસ્થિતના જ સાક્ષીરૂપ દાણા નાખવાના છે. માટે પ્રથમ પ્યાલો અવસ્થિત ખાલી કર્યો ત્યારે તેનો સાક્ષી દાણો શલાકામાં મુકવાનો નથી આવો કરણવિધિ છે.

જે અનુદ્વારની વૃત્તિમાં પાઠ પણ છે.

અહીં સાક્ષીરૂપ દાણો પૂર્વના ભરેલા પ્યાલાનો હોય કે બહારનો નવો હોય ? તેમાં બે મત છે. તેમાં (૧) પ્રથમ કર્મગ્રંથકારની ગાથામાં 'खीणे' એટલે ખાલી થયે છતે, તેથી આ પ્યાલાને સંપૂર્ણપણે ખાલી કરવાનો કહ્યો છે. એટલે સાક્ષી દાણો અનવસ્થિતમાંથી ન લેવો એવું સ્પષ્ટ ટીકામાં પણ કહ્યું છે. તે પાઠ આ પ્રમાણે.

ટીકાના શબ્દો છે. (ગા૦ ૭૫ની વૃત્તિ) नानावस्थितपल्यसत्कः किन्त्वन्य एवेत्यवसीयते ''पुण भरिएतंमितहखीणे'' इति सूत्रावयवस्य सामस्त्यरिकतीकरणं प्रतिपादनात्

(૨) પરંતુ કેટલાક આચાર્યો તે સાક્ષીરૂપ દાણો અનવસ્થિત-માંથી લેવો. આ રીતે મતાંતર છે. એ વિષયમાં 'तत्त्वं तु केवलिगम्यं' તત્ત્વ તો કેવલી ભગવાન જાણે.

જો સાક્ષી રૂપ દાણો અનવસ્થિતાદિનો મૂકશો. એમ માનવામાં આવે તો આગળના અનવસ્થિત પ્યાલાનું માપ નાનું થઈ જાય.

તેથી ઉત્કૃષ્ટ સંખ્યાતુ વગેરેની સંખ્યા પણ તે મત પ્રમાણે નાની થાય.

છતાં આ ઉત્કૃષ્ટ સંખ્યાતુ વગેરે સંખ્યા આપણા જેવા અલપજ્ઞાનવાળાથી ન ગણાય તેવી હોવાથી કયા મતથી તે સંખ્યા છે. તે આપણે કહી શકીએ નહી. માટે तत्त्वम् केवलिगम्यम् કહ્યું છે.

જો સાક્ષીદાણો અનવસ્થિતમાંથી લેવામાં આવેતો નવા ભરવાના અનવસ્થિત પ્યાલાનું માપ નાનુ થાય અને બહારનો દાણો લેવામાં આવે તો અનવસ્થિત પ્યાલાનું માપ તેના કરતાં દ્વિગુણ થાય છે.

આ પ્રમાણે અનવસ્થિત પ્યાલો ધારો કે ૨૦૦૦માં દ્વીપ કે સમુદ્રમાં ખાલી થયો અને તેનો સાક્ષીદાણો શલાકામાં નાખ્યો. ત્યારબાદ

૨૦૦૦માં દ્વીપ કે સમુદ્ર જેવડો ફરી અનવસ્થિત પ્યાલો કલ્પવો અને પહેલાંની જેમ સરસવથી શિખા સહિત ભરવો.

ત્યાર બાદ તેને ઉપાડી આગળના (૨૦૦૧થી) દ્વીપ સમુદ્રથી એક એક દાણો નાખવો એમ કરતા બીજો અનવસ્થિત પ્યાલો જ્યારે ખાલી થાય ત્યારે સાક્ષીરૂપ દાણો શલાકા નામના બીજા પ્યાલામાં નાખવો. અત્યારે અનવસ્થિત ખાલી છે અને શલાકામાં બે દાણા છે. અને કલ્પનાથી ૩૦૦૦માં દ્વીપ-સમુદ્રમાં છેલ્લો દાણો નાખ્યો છે.

હવે જ્યાં અનવસ્થિત ખાલી થયો તે દ્વીપ સમુદ્રના માપ જેવડો અનવસ્થિત પ્યાલો કલ્પી ફરી સરસવથી પહેલાંની જેમ ભરવો. અને આગળના દ્વીપ સમુદ્રમાં એક એક દાણો નાખવો. ખાલી થાય ત્યારે એક દાણો શલાકામાં નાખવો. આ પ્રમાણે વારંવાર અનવસ્થિત ભરવા અને ખાલી કરવા તથા સાક્ષીરૂપ દાણા વડે શલાકા નામનો બીજો પ્યાલો જ્યારે સંપૂર્ણ ભરાઈ જાય. એકપણ દાણો સમાય તેમ નથી ત્યારે છેલ્લો સાક્ષી દાણો શલાકામાં નાખ્યો તે દ્વીપ સમુદ્રના માપ જેવડો અનવસ્થિત પ્યાલો ભરીને રાખવો.

અત્યારે અસત્‌કલ્પનાએ એક લાખમા દ્વીપે ઊભા છીએ. તેવડો અનવસ્થિત પ્યાલો ભર્યો. એટલે

શલાકા અને અનવસ્થિત બન્ને ભરેલા છે, જો અનવસ્થિત ખાલી કરીએ તો સાક્ષીરૂપ દાણો શલાકામાં નાખવાની જગ્યા નથી, તેથી હવે શલાકા પ્યાલો ઉપાડવો અને તે પછીના આગળના દ્વીપ સમુદ્રમાં એકેક દાણો નાખવો. જ્યારે શલાકા ખાલી થાય ત્યારે તેનો સાક્ષીરૂપ એક બહારનો દાણો પ્રતિશલાકા નામના ત્રીજા પ્યાલામાં નાખવો.

અત્યારે પરિસ્થિતિ અનવસ્થિત ભરેલો છે શલાકા ખાલી છે અને પ્રતિશલાકામાં એક દાણો છે.

હવે અનવસ્થિત ઉપાડવો અને આગળના દ્વીપ સમુદ્રમાં એકેક દાણો નાખવો. ખાલી થાય ત્યારે સાક્ષીરૂપ દાણો શલાકામાં નાખવો. જ્યાં ખાલી થયો હોય તે દ્વીપ-સમુદ્રના માપ જેવડો ફરી અનવસ્થિત કલ્પી સરસવથી ભરી આગળના દ્વીપ સમુદ્રમાં એકેક દાણો નાખવો.

ખાલી થાય ત્યારે સાક્ષી રૂપ દાણો શલાકામાં નાખવો. આ પ્રમાણે વારંવાર અનવસ્થિત ભરવા અને ખાલી કરવા અને સાક્ષીરૂપ દાણા વડે બીજીવાર શલાકા પ્યાલો ભરાય ત્યારે પૂર્વની જેમ અનવસ્થિત ભરી શલાકા ઉપાડી, ખાલી કરી, પ્રતિશલાકામાં સાક્ષીરૂપ બીજો દાણો નાખવો. આ પ્રમાણે અનવસ્થિતને ભરવા અને ખાલી કરવા દ્વારા શલાકાને અને શલાકાને ભરવા અને ખાલી કરવા દ્વારા પ્રતિશલાકા જ્યારે સંપૂર્ણ ભરાય ત્યારે શલાકા અને અનવસ્થિતને ભરેલો રાખવો. કારણકે હવે શલાકાનો સાક્ષીરૂપ દાણો પ્રતિશલાકામાં આવે તેમ નથી તેથી પ્રતિશલાકાને ઉપાડી આગળના દ્વીપ સમુદ્રમાં એકએક દાણો નાખવો. જ્યારે પ્રતિશલાકા સંપૂર્ણ ખાલી થાય ત્યારે તેનો સાક્ષીરૂપ બહારનો દાણો મહાશલાકા નામના ચોથા પ્યાલામાં નાખવો.

અત્યારે પરિસ્થિતિ અનવસ્થિત અને શલાકા ભરેલા છે. પ્રતિશલાકા ખાલી કર્યો છે અને મહાશલાકામાં એક દાણો નાખ્યો છે. એટલે મહાશલાકામાં એક દાણો છે.

હવે શલાકાને ઉપાડી આગળના દ્વીપસમુદ્રમાં એકેક દાણો નાખવો અને ખાલી કરવો અને સાક્ષીરૂપ દાણો પ્રતિશલાકામાં નાખવો. ત્યારબાદ અનવસ્થિત ઉપાડી આગળના દ્વીપ સમુદ્રમાં એકેક દાણો નાખી ખાલી થાય ત્યારે તેનો સાક્ષીરૂપ દાણો શલાકામાં નાખવો. (પણ પ્રતિશલાકામાં ન નાખવો.)

અહીં સાક્ષીદાણા મૂકવાની જગ્યા થવાથી શલાકા અને અનવસ્થિત ખાલી કર્યા.

હવે મહાશલાકામાં ૧, પ્રતિશલાકામાં ૧ અને શલાકમાં ૧ દાણો છે. અને અનવસ્થિત ખાલી છે. આ પ્રમાણે જે દ્વીપ કે સમુદ્રમાં અનવસ્થિત ખાલી થયો તેવડા મોટા દ્વીપ સમુદ્ર જેવો અનવસ્થિત કલ્પી પૂર્વની જેમ સરસવથી ભરવો. અને ખાલી કરવો. અને સાક્ષીરૂપ દાણો શલાકામાં જ નાખવો. એમ ફરી સાક્ષીરૂપ દાણા વડે જ્યારે શલાકા સંપૂર્ણ ભરાય ત્યારે અનવસ્થિત ભરીને રાખવો અને શલાકા ઉપાડી, ખાલી કરવો પ્રતિશલાકામાં એક દાણો નાખવો.

હવે અનવસ્થિતને અને તેને ખાલી કરવા દ્વારા શલાકાને ભરવો અને શલાકાને ભરી ખાલી કરવા દ્વારા પ્રતિશલાકા સંપૂર્ણ ભરાય ત્યારે પૂર્વની જેમ શલાકા અને અનવસ્થિતને ભરી રાખવો. પ્રતિશલાકા ઉપાડી એકેક દાણો આગળના દ્વીપ સમુદ્રમાં નાખવો. ખાલી થાય ત્યારે સાક્ષીરૂપ બીજો દાણો મહાશલાકામાં નાખવો.

આ પ્રમાણે અનવસ્થિત વડે શલાકા, શલાકા વડે પ્રતિશલાકા અને પ્રતિશલાકા વડે મહાશલાકા જ્યારે સંપૂર્ણ ભરાય.

અત્યારે પરિસ્થિતિ શલાકા અને અનવસ્થિત સંપૂર્ણ ભરેલ છે. પ્રતિશલાકા ખાલી છે અને મહાશલાકા સંપૂર્ણ ભરાઈ ગયો છે. તેથી મહાશલાકાને ભરેલો એમને એમ રહેવા દેવો, ખાલી કરવો નહિ. કારણકે તેનો સાક્ષીરૂપ દાણો નાખવાનું સ્થાન નથી. પછી શલાકા પ્યાલો ઉપાડી આગળના દ્વીપ સમુદ્રમાં એકેક દાણાં નાખવો. ખાલી કરવો અને સાક્ષીરૂપ દાણો પ્રતિશલાકામાં નાખવો. પછી અનવસ્થિત ઉપાડી ખાલી કરી સાક્ષીરૂપ દાણો શલાકામાં નાખવો. આ પ્રમાણે વારંવાર અનવસ્થિતને ભરવા અને ખાલી કરવા દ્વારા શલાકા ભરાય અને વારંવાર શલાકાને ભરવા અને ખાલી કરવા દ્વારા પ્રતિશલાકા જ્યારે સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે તેને ભરેલો રહેવા દેવો. કારણકે તેનો સાક્ષીદાણો મહાશલાકામાં મૂકવાની જગ્યા નથી.

અત્યારે પરિસ્થિતિ અનવસ્થિત ભરેલો છે. શલાકા ખાલી છે. પ્રતિશલાકા અને મહાશલાકા સંપૂર્ણ ભરેલા છે.

ફરી અનવસ્થિતને ભરવા અને ખાલી કરવા વડે જ્યારે શલાકા સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે છેલ્લે અનવસ્થિત જ્યાં ખાલી થયો તે માપના દ્વીપ અથવા સમુદ્ર જેવડો-તેના માપનો અનવસ્થિત કલ્પવો. સરસવથી સંપૂર્ણ ભરવો.

આ પ્રમાણે જ્યારે ચારે પ્યાલા સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે અસત્ કલ્પનાએ કોઈક એક મોટા દ્વીપમાં આ ચારે પ્યાલાના ભરેલા દાણાઓ એકઠા કરવા એટલે મોટો ઢગલો કરવો. અને પહેલાં ભરી ભરીને

ખાલી કરેલા પ્રથમના ત્રણ પ્યાલાના જંબુદ્વીપથી માંડીને અહીં સુધીના દ્વીપસમુદ્રોમાં નખાયેલા તમામ દાણા લાવી આ ચારે પ્યાલાના દાણા સાથે એકઠા કરવા.

આ પ્રમાણે ચાર પ્યાલાના ભરેલા દાણા અને ત્રણ પ્યાલા દ્વારા દ્વીપ સમુદ્રમાં નંખાયેલા દાણા આ સર્વનો એક રાશિ કરવાથી જે સંખ્યા આવે તેના કરતા ૧ દાણો ન્યૂન કરવાથી **ઉત્કૃષ્ટ સંખ્યાતુ** થાય છે.

સરસવથી ચારે પ્યાલાને ભરવાનું અને વારંવાર ખાલી કરવાનું આવું કામ કોઈએ કર્યું નથી અને કોઈ કરવાનું પણ નથી પરંતુ ઉત્કૃષ્ટ સંખ્યાતુ સમજાવવા માટે જ્ઞાની ભગવંતોએ જ્ઞાનથી જોઈ ઉપમા વડે આપણા જેવા બાળ અજ્ઞાની જીવો સમજી શકે માટે કલ્પનાથી સમજાવ્યું છે.

આ એકઠા કરેલો રાશિ તે **જ૦પરિત્ત અસંખ્યાતુ** કહેવાય.

આ વર્ણન અનુયોગ દ્વાર સૂત્રમાં વિસ્તારથી આપેલ છે. તથા પૂજ્ય હરિભદ્રસૂરિજી મ૦સા૦ની ટીકા તેમજ લોકપ્રકાશમાં પણ છે. વિશેષાર્થીએ તે ગ્રંથો જોવા.

અહીં મતાન્તર પૂ૦ જીવવિજયજી મ.સા. કૃત ટબામાં આ પ્રમાણે છે.

અહીં શલાકા પ્યાલો ઉપાડતાં પહેલાં અનવસ્થિતનો છેલ્લો દાણો શલાકામાં નાખવો. અનવસ્થિત ખાલી રાખવો. પછી

શલાકામાં દાણો મૂકવાની જગ્યા ન હોવાથી તે ઉપાડી આગળ દ્વીપ-સમુદ્રમાં એક-એક દાણો નાખવા વડે ખાલી કરવો. તે શલાકા પ્યાલો **જ્યાં ખાલી થાય તે દ્વીપ જેવડો અનવસ્થિત પ્યાલો ભરવો.**

આ પ્રમાણે પ્રતિશલાકા ભરાઈ જાય એટલે **અનવસ્થિત, અને શલાકા ખાલી રાખવા. અને જ્યાં પ્રતિશલાકા ખાલી થાય. તેવડો અનવસ્થિત પ્યાલો ભરવો.** એમ આગળ પણ મતાન્તરે સમજવું.

**ઉત્કૃષ્ટ સંખ્યાતુ :-** આ પ્રમાણે ચાર પ્યાલાની પ્રરૂપણા વડે જે સંખ્યા આવે તેમાંથી ૧ ન્યૂન **તે ઉત્કૃષ્ટ સંખ્યાતુ** છે. બેની સંખ્યા એ

જઘન્ય સંખ્યાતુ છે અને બન્નેની વચ્ચેની સંખ્યા તે મધ્યમ સંખ્યાતુ છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ સંખ્યાતુ ફકત એક જ પ્રકારનું છે. જ્યારે મધ્યમ સંખ્યાતુ સંખ્યાતા ભેદવાળું અનેક પ્રકારનું છે શાસ્ત્રમાં જ્યાં જ્યાં સંખ્યાતુ કહેવામાં આવે ત્યાં ત્યાં સર્વત્ર મધ્યમ સંખ્યાતુ સમજવું. પરંતુ મધ્યમનો કયો પ્રકાર લેવો, તે કેવલીભગવંત જ જાણે.

**रुवजुअं तु परित्ता संखं लहु अस्स रासि अब्भासे ।**
**जुत्ता संखिज्जं लहु आवलिआ समय परिमाणं ॥७८॥**

**શબ્દાર્થ**

**रुवजुअं** - ઓછો કરેલો દાણો યુક્ત કરીએ તો

**रासि अब्भासे** - રાશિ અભ્યાસ કરવાથી

**परित्तासंखं** - પરિત્ત અસંખ્યાતુ

**जुत्तासंखिज्जं** - યુક્ત અસંખ્યાતુ

**आवलिया** - આવલિકાના

**ગાથાર્થ :-** ન્યૂન કરેલો દાણો ઉમેરતા જઘન્ય પરિત્ત અસંખ્યાતુ થાય છે તેનો રાશી અભ્યાસ કરવાથી જઘન્ય યુક્ત અસંખ્યાતુ થાય છે જે એક આવલિકાના સમય પ્રમાણ છે. (૭૮)

**વિવેચન :-** જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનું સંખ્યાતુ કહ્યું હવે નવ અસંખ્યાતા અને નવ અનંતાનું વર્ણન આ પ્રમાણે છે.

**(૧) જઘન્ય પરિત્ત અસંખ્યાતુ :-** ચાર પ્યાલાના સંપૂર્ણ ભરેલા દાણા અને આજ સુધીના જંબુદ્વીપથી માંડીને સર્વદ્વીપ સમુદ્રોમાં નંખાયેલા સરસવ એમ સર્વનો એક ઢગલો કરવામાં આવે અર્થાત્ ચાર પ્યાલાની પ્રરૂપણા દ્વારા જે સંખ્યા આવે તે **પ્રથમ જઘન્ય પરિત્ત અસંખ્યાતુ** અથવા ઉ૦ સંખ્યાતામાં એક ઉમેરવાથી આવે તે.

**(૨) મધ્યમ પરિત્ત અસંખ્યાતુ :-** જઘન્ય પરિત્ત અસંખ્યાતામાં એક બે-ત્રણ વગેરે નાખતાં યાવત્ ઉત્કૃષ્ટ ન થાય ત્યાં સુધીનું બધું **મધ્યમ પરિત્ત અસંખ્યાતુ.**

**(૩) ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ :-** જઘન્ય પરિત્ત અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરી એક ન્યૂન કરીએ તે **અથવા** જઘન્ય યુક્ત અસંખ્યાતામાંથી એક ન્યૂન કરીએ તે **ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ.**

**(૪) જઘન્ય યુક્ત અસંખ્યાતુ :-** જઘન્ય પરિત્ત અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી **અથવા** ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતામાં એક ઉમેરવાથી જે સંખ્યા આવે તે **જઘન્યયુક્ત અસંખ્યાતુ**

આવલિકાના સમયો જઘન્ય યુક્ત અસંખ્યાતા જેટલા છે.

**પ્રશ્ન :-** રાશિ અભ્યાસ એટલે શું ? અને તે કેવી રીતે થાય ?

**જવાબ :-** જે સંખ્યાનો રાશિ અભ્યાસ કરવો હોય **તેના તેટલા અને તેવડા ઢગલા કરી પરસ્પર ગુણવાથી** જે સંખ્યા આવે તેને **રાશિ અભ્યાસ** કહેવાય છે. અથવા કોઈપણ વિવક્ષિત રાશિને તે જ રાશિવડે તેના કરતા ૧ વાર ન્યૂન પણે ગુણવાથી જે સંખ્યા આવે તેને રાશિ અભ્યાસ કહેવાય છે. જેમકે ત્રણનો રાશિ અભ્યાસ. ત્રણને ત્રણવાર લખીને પરસ્પર ગુણાકાર કરવો ૩×૩×૩=૨૭ની સંખ્યા એ ત્રણનો રાશિ અભ્યાસ કહેવાય એ રીતે ૪×૪×૪×૪=૨૫૬ એ ચારની સંખ્યાનો રાશિ અભ્યાસ કહેવાય.

આવલિકાના કાળને સમજવા માટે નીચેનું કોષ્ટક સમજવું.

૧ મુહૂર્તમાં ૧,૬૭,૭૭૨૧૬ આવલિકા થાય.

તેથી આવલિકા એટલે એકમુહૂર્તનો ૧,૬૭,૭૭,૨૧૬મો ભાગ

એક શ્વાસોશ્વાસનો ૪૪૪૬મો ભાગ (અંદાજે)

એક સેકન્ડનો ૫૮૨૫મો ભાગ. એક આવલિકા = અસંખ્ય સમય, ૨૫૬ આવલિકા-સૂક્ષ્મ એકેન્દ્રિયાદિનો ક્ષુલ્લકભવ (નાનામાં નાનો ભવ)

**बितिचउ पंचमगुणणे, कमासगासंख पठमचउसत्ता ।**
**णंताते रूवजुआ मज्झा रूवूण गुरुपच्छा ॥७९॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| **गुणणे** - રાશિ અભ્યાસ કરવાથી | **मज्झा** - તે તે મધ્યમ થાય છે |
| **सगासंख** - સાતમું અસંખ્યાતુ | **रूवूण** - એક દાણો ઓછો કરતા |
| **ते** - તે ત્રણે અનંતામાં | **गुरू** - ઉત્કૃષ્ટ |
| **रूवजुआ** - એકદાણો ઉમેરતા | **पच्छा** - પાછળના થાય છે |

**ગાથાર્થ :-** બીજીવાર, ત્રીજીવાર, ચોથીવાર અને પાંચમીવાર રાશિ અભ્યાસ કરવાથી અનુક્રમે સાતમું અસંખ્યાતુ, પહેલું ચોથું અને સાતમું અનંતુ થાય છે તેમાં એક વગેરે ઉમેરતા તે તે મધ્યમ થાય છે અને એક ઓછો કરતા પાછળનું ઉત્કૃષ્ટ થાય છે. (૭૯)

**વિવેચન :-** અહીં જઘન્ય પરિત્ત અસંખ્યાતા પછી જઘન્ય યુક્ત અસંખ્યાતુ, જઘન્ય અસંખ્ય અસંખ્યાતુ, જઘન્યપરિત્ત અનંતુ, જઘન્યયુક્ત અનંતુ, જઘન્ય અનંતાઅનંતુ લાવવા પૂર્વની જઘન્ય સંખ્યાનો રાશિ અભ્યાસ કરવાથી આવે, અને તેમાં એક વગેરે ઉમેરવાથી યાવત્ ઉત્કૃષ્ટ ન થાય ત્યાં સુધીનું જઘન્ય અને ઉત્કૃષ્ટ વચ્ચેનું પોતાનું મધ્યમ જાણવું.

ત્રણ મધ્યમ અસંખ્યાતાના અસંખ્યાતાભેદ છે અને ત્રણે મધ્યમ અનંતાના અનંતા ભેદ છે. તેમજ કોઈપણ જઘન્યમાંથી એક ન્યૂન કરવાથી પાછળનું ઉત્કૃષ્ટ થાય, જેમ જઘન્યયુક્ત અસંખ્યાતામાંથી એક ન્યૂન કરવાથી ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ થાય, દરેકના જઘન્ય અને ઉત્કૃષ્ટનો એક (ભેદ) પ્રકાર જ હોય મધ્યમ અનેકભેદે હોય.

**इय सुत्तुतं अन्ने, वग्गिअमिक्कसि चउत्थयमसंखं ।**
**होइ असंखासंखं, लहु रूवजुयं तु तं मज्झं ॥८०॥**

### શબ્દાર્થ

**सुत्ततं** - અનુયોગ દ્વાર સૂત્રમાં કહ્યા મુજબ

**वग्गिमिक्कसि** - એકવાર વર્ગ કરવાથી

**चउत्तयमसंखं** - ચોથું અસંખ્યાતાનો

**ગાથાર્થ :-** આ પ્રમાણે અનુયોગ દ્વાર સૂત્રમાં કહ્યા મુજબ અહીં કહ્યું છે, પરંતુ અન્ય આચાર્યો ચોથા જઘન્ય યુક્ત અસંખ્યાતાનો એકવાર વર્ગ કરવાથી જઘન્ય અસંખ્યાતુ અસંખ્યાતુ થાય છે. તેમાં એક વગેરે સહિત કરવાથી તે મધ્યમ થાય છે. (૮૦)

**વિવેચન :-** અનુયોગ દ્વાર સૂત્રમાં કહ્યા મુજબ ગ્રંથકારે સંખ્યાતા વગેરેનું સ્વરૂપ કહ્યું. પરંતુ કેટલાક આચાર્યો બીજી રીતે કહે છે. તેમાં સંખ્યાતાના ત્રણભેદ અને અસંખ્યાતાના પ્રથમના પરિત્ત અસંખ્યાતાના ત્રણભેદ તથા જઘન્ય યુક્ત અસંખ્યાતુ એમ કુલ સાત ભેદ સુધીનું સ્વરૂપ સમાન છે. તેમાં કોઈ (મતાન્તર-) તફાવત નથી પરંતુ જઘન્ય યુક્ત અસંખ્યાત પછી પાંચમા મધ્યમ યુક્ત અસંખ્યાતાથી વર્ણન ભિન્ન પ્રકારે છે તે આ પ્રમાણે.

અનુયોગ દ્વાર સૂત્રને આધારે જઘન્યયુક્ત અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી જઘન્ય અસંખ્ય અસંખ્યાતુ થાય, જ્યારે અન્ય આચાર્યોના મતે જઘન્યયુક્ત અસંખ્યાતાનો એકવાર વર્ગ કરવા માત્રથી **જઘન્ય અસંખ્ય અસંખ્યાતુ** થાય છે.

રાશિ અભ્યાસ કરવાથી ઘણી મોટી સંખ્યા જઘન્ય અસંખ્ય અસંખ્યાતામાં થાય અને વર્ગ કરવાથી જઘન્ય અસંખ્યતા અસંખ્યાતાની ઘણી નાની સંખ્યા થાય. અને તેના કારણે ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતામાં રાશિ અભ્યાસવાળાના મતે મોટી સંખ્યા હોય અને વર્ગ કરનારના મતે ઉત્કૃષ્ટયુક્ત અસંખ્યાતાની તે અપેક્ષાએ નાની સંખ્યા હોય.

તે પ્રમાણે મધ્યમ યુક્ત અસંખ્યાતામાં આંતરાની સંખ્યા રાશિ અભ્યાસના મતે ઘણા મોટી અંતરવાળી હોય અને વર્ગ કરનારના મતે થોડા નાના અંતરવાળી હોય.

અહીં ''तत्त्वं केवलीगम्यम्.''

**रूवूण माइमं गुरू, तिविग्गिउं तत्थिमे दसक्खेवे ।**
**लोगागासपएसा, धम्माधम्मेगजिअ देसा ॥८१॥**

**ठिइबंधज्झवसाया, अणुभागा जोगच्छेअपलिभागा ।**
**दुण्हय समाण समया, पत्तेअ निगोअए खिवसु ॥८२॥**

**पुणतंमि तिवग्गिअए, परित्तणंत लहुतस्स रासीणं ।**
**अब्भासे लहु जुत्ताणंतं अभव्वजिअमाणं ॥८३॥**

## શબ્દાર્થ

**तिवग्गिउं** - ત્રણવાર વર્ગ કરવાથી
**दसक्खेवे** - ૧૦ વસ્તુઓ નાખો
**धम्माधम्मेगजिय देसा**-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને એક જીવના પ્રદેશો
**जोगच्छेअपलिभागा** - યોગના અવિભાગ પલિચ્છેદો

**ગાથાર્થ :-** એકરૂપ ઓછું કરવાથી પાછળનું ઉત્કૃષ્ટ થાય છે. તથા તેનો ત્રણવાર વર્ગ કરી હવે આ દશ વસ્તુઓ નાખો (૧) લોકાકાશના પ્રદેશો (૨) ધર્માસ્તિકાયના પ્રદેશો (૩) અધર્માસ્તિકાયના પ્રદેશો (૪) એક જીવના પ્રદેશો (૫) સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો (૬) રસબંધના અધ્યવસાય સ્થાનો (૭) યોગના અવિભાગ પલિચ્છેદો (૮) બે કાળના સમયો (૯) પ્રત્યેક જીવો અને (૧૦) સાધારણના શરીરો એમ કુલ દસ અસંખ્યાતી વસ્તુ નાખી ફરીથી પણ તેનો ત્રણવાર વર્ગ કરીએ, ત્યારે જઘન્ય પરિત્ત અનંતુ થાય છે, તેનો રાશિ અભ્યાસ કરવાથી જઘન્યયુક્ત અનંતુ થાય છે તેટલું અભવ્ય જીવોનું પ્રમાણ છે. (૮૧, ૮૨, ૮૩)

**વિવેચન :-** જઘન્ય યુક્ત અસંખ્યાતાનો એકવાર **વર્ગ કરવાથી** સાતમું **જઘન્ય અસંખ્યાતુ અસંખ્યાતુ** આવે છે તેમાંથી એક ન્યૂન કરવાથી પાછળનું ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતુ થાય છે આ પ્રમાણે આગળના અસંખ્યાતા અને અનંતાના ભેદોમાં પણ સર્વ ઠેકાણે ૧ વગેરે ઉમેરવાથી મધ્યમ થાય અને ૧ ન્યૂન કરવાથી પાછળનું ઉત્કૃષ્ટ થાય. તે

બાબત સર્વત્ર સમાન છે. માટે સ્વયં જાણી લેવું.

**જઘન્ય પરિત્ત અનંતુ :-** જઘન્ય અસંખ્ય અસંખ્યાતાનો ત્રણવાર વર્ગ કરવો. ત્રણવાર વર્ગ એટલે ત્રણવાર જવાબને જવાબ વડે ગુણવા. એટલે કે ધારો કે પાંચનો ત્રણવાર વર્ગ કરવો હોય તો ૫×૫=૨૫ એ પ્રથમવર્ગ ૨૫×૨૫=૬૨૫ એ બીજો વર્ગ અને ૬૨૫ × ૬૨૫ = ૩૨૮૧૨૫ એ ત્રીજો વર્ગ થયો, આ પ્રમાણે જઘન્ય અસંખ્યાત અસંખ્યાતામાં જો પાંચની સંખ્યા હોય તો તેનો ત્રણવાર વર્ગ કરવાથી ૩૨૮૧૨૫ સંખ્યા થાય પછી તેમાં ૧૦ અસંખ્યાતી વસ્તુ ઉમેરવી,

(૧) લોકાકાશના પ્રદેશો અસંખ્યાતા

(૨) ધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતા

(૩) અધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતા

(૪) એક જીવના પ્રદેશો અસંખ્યાતા

| આ ચાર સંખ્યાથી પરસ્પર સમાન સંખ્યાવાળી છે

(૫) સ્થિતિબંધના કારણભૂત કષાયના અધ્યવસાય સ્થાનો (અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે)

(૬) રસબંધના કારણભૂત લેશ્યા સહિત કષાય જન્ય અધ્યવસાય સ્થાનો (અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ)

(૭) કરણવીર્ય રૂપ યોગના અવિભાગ પલિચ્છેદો (અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ)

(૮) ઉત્સર્પિણી અવસર્પિણી એમ બે કાળના સમયો (અસંખ્યાતા)

(૯) પૃથ્વીકાયાદિ સર્વ પ્રત્યેક શરીરવાળા જીવો (અસંખ્યાતા)

(૧૦) સાધારણ વનસ્પતિકાયના માત્ર શરીરો (અસંખ્યાતા)

કષાયના ઉદયથી જે પરિણામ ઉત્પન્ન થાય તેને **સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો** કહે છે. તે આ પ્રમાણે નાનામાં નાની (અંતમુહૂર્ત) સ્થિતિ એ પહેલું સ્થિતિસ્થાન, સમયાધિક અધિક સ્થિતિ તે બીજું સ્થિતિસ્થાન, બે સમયાધિક અધિક સ્થિતિ તે ત્રીજું સ્થિતિસ્થાન, આ પ્રમાણે જઘન્ય સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી જેટલા સમયો તેટલા સ્થિતિ સ્થાનો કહેવાય, એટલે કે અંતર્મુહૂર્તથી માંડીને ૭૦ કોડાકોડી જેટલી

ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીના જેટલા સમય તેટલા સ્થિતિ સ્થાનો-એટલેકે અસંખ્યાતા હોય છે. અને એક એક સ્થિતિસ્થાનના કારણભૂત કષાયોદયથી ઉત્પન્ન થયેલ અધ્યવસાયસ્થાનો અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા હોય છે. એટલે કુલ સ્થિતિબંધ અધ્યવસાયસ્થાનો (કષાયોદયના સ્થાનો) પણ અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે.

તેમજ રસબંધના કારણભૂત કષાયના ઉદયસહિત લેશ્યાથી જે પરિણામ ઉત્પન્ન થાય તેને **રસબંધના અધ્યવસાયસ્થાનો કહે છે.**

જઘન્ય સ્થિતિસ્થાનના અધ્યવસાયો કરતા બીજા સ્થિતિસ્થાનના અધ્યવસાયસ્થાનો વિશેષાધિક હોય છે. એક સ્થિતિસ્થાનના અધ્યવસાયમાં કષાયસહિત લેશ્યાથી ઉત્પન્ન થયેલ ભિન્ન ભિન્ન અધ્યવસાયો અસંખ્યગુણા એટલે સ્થિતિબંધનો એક અધ્યવસાય હોય તેમાં રસબંધના અધ્યવસાયસ્થાનો અસંખ્યાતા હોય છે. તેથી સ્થિતિ બંધના અધ્યવસાયસ્થાનોથી રસબંધના અધ્યવસાયસ્થાનો અસંખ્યગુણા અને અસંખ્યાતા લોકાકાશના આકાશ પ્રદેશ જેટલા છે.

**યોગના અવિભાગ પલિચ્છેદ :-** મન વચન અને કાયા વડે આત્મ પ્રદેશોમાં પ્રવર્તતો વ્યાપાર, તે વ્યાપારના કેવલિ પરમાત્માના જ્ઞાન વડે વિભાગ કરાય તો સૂક્ષ્મનિગોદના ઉત્પત્તિના પ્રથમ સમયે એક એક આત્મપ્રદેશમાં અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અવિભાગ અંશ-અવિભાગ પલિચ્છેદ રૂપ વીર્યના વિભાગ થાય, તેવા સર્વજીવોના ભિન્નભિન્ન યોગ વ્યાપારના વિભાગ પણ ઘણા અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય. તે સંખ્યા પણ અહીં ઉમેરવી.

ત્યારબાદ **એક ઉત્સર્પિણી** અને એક **અવસર્પિણી** એમ **બન્ને કાળના** જેટલા **સમયો** થાય તેટલી સંખ્યા ઉમેરવી. તથા પ્રત્યેક જીવો એટલે પૃથ્વીકાયાદિ ચારે ગતિના પંચેન્દ્રિય સુધીના એમ (સાધારણ વનસ્પતિકાય સિવાયના) **સર્વસંસારી જીવોની** સંખ્યા ઉમેરવી.

તેમજ સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ તથા બાદર એમ બન્ને પ્રકારની **નિગોદના જીવોના માત્ર શરીરો** ઉમેરો. (જીવો નહિં કારણ કે તે અનંતા છે અને શરીર અસંખ્યાતા છે.)

આ પ્રમાણે આ દશ વસ્તુઓ અસંખ્યાતી છે તે ઉમેર્યા બાદ જે સંખ્યા આવે તેનો ફરી ત્રણવાર વર્ગ કરવાથી જે સંખ્યા આવે તે **જઘન્ય પરિત્ત અનંતુ** થાય છે.

જઘન્ય પરિત્ત અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી **ચોથું જઘન્ય યુક્ત અનંતુ થાય** છે. આ ચોથા અનંતા જેટલા **અભવ્ય જીવો** આ સંસારમાં છે.

**तव्वगे पुण जायइ, णंताणंतं लहु तंच तिक्खुतो ।**
**वग्गसु तहवि न तं होइ, णंत खेवे खिवसु छ इमे ॥८४॥**

**सिद्धा निगोअजीवा, वणस्सई काल पुग्गलाचेव ।**
**सव्वमलोगनहं पुण, तिवग्गिउं केवलदुगंमि ॥८५॥**

**खित्ते णंताणंतं हवइ, जिट्ठं तु ववहरइ मज्झं ।**
**इय सुहमत्थविआरो, लिहिओ देविंद सूरीहिं ॥८६॥**

**શબ્દાર્થ**

**नतं होइ** - તે ઉત્કૃષ્ટ અનંત અનંતુ થતું નથી

**अलोगनहं** - અલોકાકાશના પ્રદેશો

**खित्ते** - નાખવાથી

**लिहिओ** - લખ્યો છે

**णंतखेवे** - અનંતની સંખ્યાવાળી નાખવા યોગ્ય

**काल** - ત્રણે કાલના પુદ્ગલો

**केवलदुगंमि** - કેવલદ્વિકના પર્યાયો

**सुहमत्थविआरो** - સૂક્ષ્મ અર્થના વિચારવાળો

**ગાથાર્થ :-** જ૰ યુક્ત અનંતાનો વર્ગ કરવાથી જઘન્ય અનંત અનંતુ થાય છે. તેનો ત્રણવાર વર્ગ કરીએ તો પણ **ઉત્કૃષ્ટ અનંતાનંત** થતું નથી, માટે તેમાં અનંતની સંખ્યાવાળી છ વસ્તુઓ ઉમેરો (૧) સિદ્ધનાજીવો (૨) નિગોદના જીવો (૩) વનસ્પતિકાયના જીવો (૪) ભૂત-ભવિષ્ય વર્તમાન એ ત્રણે કાળના સમયો (૫) સર્વપુદ્ગલના પ્રદેશો (૬) સર્વ અલોકાકાશના પ્રદેશો. એમ છ વસ્તુ ઉમેર્યા પછી

ફરીથી ત્રણવાર વર્ગ કરી કેવલદ્વિકના પર્યાયો નાખવાથી **ઉત્કૃષ્ટ અનંતાનંતુ** થાય છે પરંતુ વ્યવહારમાં તો મધ્યમનો જ ઉપયોગ છે. આ પ્રમાણે સૂક્ષ્મ અર્થના વિચારવાળો આ ચોથો કર્મગ્રંથ દેવેન્દ્રસૂરિજીએ લખ્યો છે. (૮૪-૮૫-૮૬).

જઘન્ય યુક્ત અનંતનામના ચોથા અનંતાનો ફક્ત એક જ વાર વર્ગ કરીએ તો જઘન્ય અનંતાનંત નામનું સાતમું અનંતુ આવે છે. ત્યારબાદ તે સાતમા જઘન્ય અનંતાનંતનો ત્રણવાર કરીએ તો પણ નવમું (છેલ્લું) ઉત્કૃષ્ટ અનંતાનંત થતું નથી. તેથી ત્રણવાર વર્ગ કરાયેલા તે સંખ્યામાં અનંતાનંતની સંખ્યાવાળી નાખવા યોગ્ય આ છ વસ્તુ નાખવી.

**(૧) સિદ્ધના જીવો :-** નાશ કર્યો છે સર્વ કર્મો જેઓએ તે સિદ્ધ પરમાત્મા, તે અનાદિકાળથી મુક્તિ માર્ગ ચાલુ હોવાથી (પાંચમા) અનંતા જેટલા છે સંસારમાં રહેલા અભવ્ય જીવો કરતા સિદ્ધના જીવો અનંતગુણા છે, તે સર્વસિદ્ધની સર્વ સંખ્યા ઉમેરવી.

**(૨) નિગોદના જીવો :-** સૂક્ષ્મ અને બાદર એમ બન્ને પ્રકારના જે સાધારણ વનસ્પતિકાય છે તેમાં રહેલા સર્વ જીવોની સંખ્યા ઉમેરવી.

**(૩) વનસ્પતિકાયના જીવો :-** પ્રત્યેક અને સૂક્ષ્મ તથા બાદર સાધારણ વનસ્પતિકાય એમ તમામ પ્રકારના વનસ્પતિકાય લેવા. તેમાં રહેલા જીવોની સંખ્યા ઉમેરવી.

અહીં જો કે નિગોદના જીવો કહ્યા અને અહીં વનસ્પતિના જીવો પણ કહ્યા એમ બે વાર કેમ ? તો તેનો પ્રત્યુત્તર એ છે કે આપણે ઉત્કૃષ્ટાનંતાનંત જાણવું છે. નિગોદ અને વનસ્પતિમાં તફાવત એ છે કે વનસ્પતિમાં પ્રત્યેક વનસ્પતિકાય પણ આવે. માટે બે વાર જીવોની સંખ્યા ઉમેરવાથી આ અનંતુ બને માટે.

**(૪) સર્વકાળના સમયો :-** જેટલો ભૂતકાળ ગયો અને જેટલો ભવિષ્યકાળ છે તે સર્વકાળની અનંતાનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો.

**(૫) સર્વ પુદ્‌ગલ પરમાણું :-** પાંચમા કર્મગ્રંથમાં કહેલ છે એવી આઠ ગ્રહણ યોગ્ય અને આઠ અગ્રહણ યોગ્ય અને બીજી દશવર્ગણાઓના જે જે પુદ્‌ગલસ્કંધો છે તે તમામ સ્કંધોના પરમાણુંઓની સંખ્યા ઉમેરવી.

**(૬) સર્વ લોકાલોકના આકાશપ્રદેશો :-** જોકે અહીં મૂલગાથામાં अलोगनहं અલોકાકાશના જ પ્રદેશો કહ્યા છે. તો પણ આ અલોકાકાશનું વિધાન ઉપલક્ષણ સ્વરૂપ હોવાથી લોકાકાશ અને અલોકાકાશ એમ બન્નેના પ્રદેશોની સંખ્યા ઉમેરો. અલોકાકાશના અનંતા પ્રદેશોમાં લોકાકાશ પ્રદેશો અલ્પમાત્ર છે. તેથી ઉપલક્ષણથી તે પણ અલોકાકાશથી ગ્રહણ કરી ઉમેરવા.

सर्व समस्त लोकनभोऽलोकाकाशमित्युपलक्षणत्वात् सर्वोऽपि लोकालोकप्रदेशराशिः (સ્વોપજ્ઞટીકા)

આ છ અનંતી વસ્તુની સંખ્યા નાખ્યા પછી જે સરવાળો થાય તેનો ફરીથી ત્રણવાર વર્ગ કરવો તો પણ ઉત્કૃષ્ટ અનંતાનંતુ આવતું નથી. તેથી તેમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનના પર્યાયો ઉમેરવા.

પર્યાયો એટલે ભાવો કેવલજ્ઞાન વડે સર્વ દ્રવ્યોના સર્વભાવો જોઈ શકાય તે જ્ઞેપ પર્યાયો કહેવાય. કેવલજ્ઞાનના વિષયમાં કોઈ અજ્ઞેય પર્યાયો નથી તેથી કેવલજ્ઞાનના પર્યાયો અને કેવલદર્શનથી પણ દશ્યપર્યાયો અનંતાનંત હોવાથી કેવલદર્શનના પર્યાયો અનંતાનંત કહેવાય છે. જગતમાં રહેલા જાણવા યોગ્ય સર્વ પર્યાયો કેવલજ્ઞાન અને કેવલદર્શનથી જાણી શકાય છે.

એટલે કે સર્વદ્રવ્યોના સર્વ પર્યાયો ઉમેરવા ત્યારપછી ઉત્કૃષ્ટઅનંતાનંત નામનું નવમું અનંતુ થાય છે. પરંતુ સંસારમાં હંમેશા મધ્યમ અનંતાનંતનો જ વ્યવહાર (ઉપયોગ) છે કારણ **નવમા અનંતાથી મપાય એવી કોઈ એક વસ્તુ નથી** તેથી સંસારમાં રહેલી સમસ્ત અનંત સંખ્યાવાળી વસ્તુઓ આઠમા અનંતે જ છે. નવમા અનંતાથી મપાય એવી કોઈ એક વસ્તુ પણ નથી, આ કારણથી જ સૂત્રમાં નવમું અનંતુ

નથી એમ જ કહ્યું છે.

વળી ગ્રંથકારનો આશય એ છે કે ત્રણવાર વર્ગ કરી છ અનંતી વસ્તુનો પ્રક્ષેપી પુનઃ ત્રણવાર વર્ગ કરીએ, ત્યારબાદ કેવલદ્વિકના પર્યાયો નાખીએ તો ઉત્કૃષ્ટ અનંતાનંત થાય, પરંતુ તે માપથી મપાય એવું કંઈ નથી એમ સમજીને જ અનુયોગદ્વારાદિ સૂત્રોમાં નવમું અનંત કહ્યું નથી. ફક્ત આઠમા અનંત સુધીનું જ વર્ણન કરેલ છે.

## ૨૧ ભેદવાળા સંખ્યાતાદિની મતાન્તર સહિત વ્યાખ્યાઓ.

**(૧) જઘન્ય સંખ્યાતુ :-** બેની સંખ્યા તે સૌથી નાની છે માટે જઘન્ય સંખ્યાતુ એક પ્રકારે.

**(૨) મધ્યમ સંખ્યાતુ :-** ત્રણથી પ્રારંભીને યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાતુ ન થાય ત્યાં સુધીનું. સંખ્યાતા ભેદવાળું.

**(૩) ઉત્કૃષ્ટ સંખ્યાતુ :-** ચાર પ્યાલાની પ્રરૂપણા વડે જે સંખ્યા આવે તેમાંથી ૧ ન્યૂન.

**અથવા :-** જઘન્ય પરિત્ત અસંખ્યાતામાંથી એક ન્યૂન કરવાથી (એક પ્રકારે).

એમ દરેક જઘન્ય અને ઉત્કૃષ્ટમાં એક જ પ્રકાર (ભેદ) જાણવો.

**(૪) જઘન્ય પરિત્ત અસંખ્યાતુ :-** ચાર પ્યાલાની પ્રરૂપણા વડે કરવાથી જે સંખ્યા આવે તે.

**અથવા :-** ઉત્કૃષ્ટ સંખ્યાતામાં ૧ અધિક (સહિત) કરવાથી.

**(૫) મધ્યમ પરિત્ત અસંખ્યાતુ :-** જઘન્ય પરિત્ત અસંખ્યાતામાં ૧ વગેરે સહિત કરતા યાવત્ ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ ન થાય ત્યાં સુધીનું સર્વ.

**(૬) ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ :-** જઘન્ય પરિત્ત અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરી ૧ ન્યૂન કરવાથી.

**અથવા :-** જઘન્ય યુક્ત અસંખ્યાતામાંથી એક ન્યૂન કરવાથી.

**(૭) જઘન્ય યુક્ત અસંખ્યાતુ :-** જઘન્ય પરિત્ત અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી જે સંખ્યા આવે તે.

**અથવા :-** ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતામાં ૧ સહિત કરવાથી.

**(૮) મધ્યમ યુક્ત અસંખ્યાતુ :-** જઘન્ય યુક્ત અસંખ્યાતામાં ૧ વગેરે સહિત કરતા યાવત્ ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતુ ન થાય ત્યાં સુધીનું સર્વે.

**(૯) ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતુ :-** જઘન્ય યુક્ત અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરી ૧ ન્યૂન કરવાથી.

**અથવા :-** જઘન્ય અસંખ્યાતા અસંખ્યાતામાંથી એક ન્યૂન કરવાથી.

**મતાંતરે :-** જઘન્ય યુક્ત અસંખ્યાતાનો વર્ગ કરી એક ન્યૂન કરવાથી.

**(૧૦) જઘન્ય અસંખ્યાતુ અસંખ્યાતુ :-** જઘન્ય યુક્ત અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરી જે સંખ્યા આવે તે.

**અથવા :-** ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતામાં ૧ સહિત કરવાથી.

**મતાંતર :-** જઘન્ય યુક્ત અસંખ્યાતાનો એકવાર વર્ગ કરવાથી.

**(૧૧) મધ્યમ અસંખ્યાતુ અસંખ્યાતુ :-** જઘન્ય અસંખ્ય અસંખ્યાતામાં ૧ વગેરે સહિત કરતા યાવત્ ઉત્કૃષ્ટ અસંખ્ય અસંખ્યાતા ન થાય ત્યાં સુધીનું સર્વ.

**(૧૨) ઉત્કૃષ્ટ અસંખ્યાતુ અસંખ્યાતુ :-** જઘન્ય અસંખ્ય અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરી ૧ ન્યૂન કરવાથી.

**અથવા :-** જઘન્ય પરિત્ત અનંતામાંથી એક ન્યૂન કરવાથી.

**મતાંતર :-** જઘન્ય અસંખ્યાતા અસંખ્યતાનો ત્રણવાર વર્ગ કરી ૧૦ અસંખ્યાતી વસ્તુ નાખી ફરી ત્રણવાર વર્ગ કરવાથી જે આવે તેમાંથી એક ન્યૂન કરવાથી.

**(૧૩) જઘન્ય પરિત્ત અનંતુ :-** જઘન્ય અસંખ્ય અસંખ્યાતાનો

રાશિ અભ્યાસ કરવાથી.

**અથવા :-** ઉત્કૃષ્ટ અસંખ્ય અસંખ્યાતામાં ૧ સહિત કરવાથી.

**મતાંતર :-** જઘન્ય અસંખ્ય અસંખ્યાતાનો ત્રણવાર વર્ગ કરી ૧૦ અસંખ્યાતી વસ્તુ નાંખી ફરી ત્રણવાર વર્ગ કરવાથી.

**(૧૪) મધ્યમ પરિત્ત અનંતુ :-** જઘન્ય પરિત્ત અનંતામાં ૧ વગેરે સહિત કરતા યાવત્ ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ ન થાય ત્યાં સુધીનું સર્વે.

**(૧૫) ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ :-** જઘન્ય પરિત્ત અનંતાનો રાશિ અભ્યાસ કરી ૧ ન્યૂન કરવાથી.

**અથવા :-** જઘન્ય યુક્ત અનંતામાંથી એક ન્યૂન કરવાથી

**મતાંતર :-** મૂળ મતની જેમ.

**(૧૬) જઘન્ય યુક્ત અનંતુ :-** જઘન્ય પરિત્ત અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી.

**અથવા :-** ઉત્કૃષ્ટ પરિત્ત અનંતામાં ૧ સહિત કરવાથી.

**મતાંતર :-** જઘન્ય પરિત્ત અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી (મૂલ મતની જેમ).

**(૧૭) મધ્યમ યુક્ત અનંતુ :-** જઘન્ય યુક્ત અનંતામાં ૧ વગેરે સહિત કરતા યાવત્ ઉત્કૃષ્ટ યુક્ત અનંતુ ન થાય ત્યાં સુધીનું સર્વે.

**(૧૮) ઉત્કૃષ્ટ યુક્ત અનંતુ :-** જઘન્ય યુક્ત અનંતાનો રાશિ અભ્યાસ કરી ૧ ન્યૂન કરવાથી.

**અથવા :-** જઘન્ય અનંત અનંતામાંથી ૧ ન્યૂન કરવાથી.

**મતાંતર :-** જઘન્ય યુક્ત અનંતાનો એકવાર વર્ગ કરી એક ન્યૂન કરવાથી.

**(૧૯) જઘન્ય અનંત અનંતુ :-** જઘન્ય યુક્ત અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી.

**અથવા :-** ઉત્કૃષ્ટ યુક્ત અનંતામાં ૧ સહિત કરવાથી.

**મતાંતર :-** જઘન્ય યુક્ત અનંતાનો એકવાર વર્ગ કરવાથી.

**(૨૦) મધ્યમ અનંતા અનંતુ :-** જઘન્ય અનંતા અનંતામાં ૧ વગેરે સહિત કરતા યાવત્ ઉત્કૃષ્ટ અનંત અનંતુ ન થાય ત્યાં સુધીનું સર્વે.

**(૨૧) ઉત્કૃષ્ટ અનંત અનંતુ :-** કોઈપણ ગુણાકાર કે રાશિ અભ્યાસ કરવા છતાં ઉત્કૃષ્ટ અનંતઅનંતુ થતું નથી.

**મતાંતર :-** જઘન્ય અનંતાનંતાનો ત્રણવાર વર્ગ કરી છ અનંતી વસ્તુઓ ઉમેરી ફરી ત્રણવાર વર્ગ કરી કેવલજ્ઞાન અને કેવલદર્શનના પર્યાયો નાખવાથી.

આ વર્ણન અનુયોગદ્વાર આદિ આગમસૂત્રમાં કહેલ છે. પરંતુ ઉત્કૃષ્ટ અનંતાઅનંત થતું નથી.

આ પ્રમાણે અનુયોગ દ્વાર સૂત્ર પ્રમાણે આ ૨૧ ભેદો ગ્રંથકારે સમજાવ્યા છે પરંતુ કેટલાક આચાર્યો ચોથા અસંખ્યાતા પછી વર્ણન અન્ય રીતે કહે છે અને છેલ્લું ઉત્કૃષ્ટ અનંતાનંતુ પણ થાય છે તે મતનું વર્ણન આગળ ગાથાઓમાં કહેલ છે. જે બન્ને મત પ્રમાણે અહીં વ્યાખ્યાઓ લખી છે.

આ ગ્રંથના વર્ણન કરવામાં જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિદુક્કડં સાથે વાચકવર્ગને અશુદ્ધિ તરફ ધ્યાન દોરવા વિનંતિ છે.

**सुज्ञेषु किं बहुना**

# ઉપશમ સમ્યક્ત્વી

| ગુણસ્થાનક વાળા | ક્યાંથી આવે | | ક્યાં જાય | |
|---|---|---|---|---|
| | કાળક્ષયે | ભવક્ષયે | કાળક્ષયે | ભવક્ષયે |
| ૧ | ૨,૪,૫,૬થી | -------- | ૪,૫,૬,૭ | -------- |
| ૨ | ૪,૫,૬ થી | ૪ થી ૬ | ૧ | ૧ |
| ૩ | ૪, ૬ થી | -------- | ------- | ------- |
| ૪ | ૧,૫,૬ થી | ૫,૬,૭,૮,૯, ૧૦,૧૧ થી | ૧,૨,૩ | ૨ |
| ૫ | ૧,૬ થી | -------- | ૪ | ૪ દેવમાં |
| ૬ | ૧,૭ થી | -------- | ૪,૫,૭ | ૪ દેવમાં |
| ૭ | ૧,૬,૮ થી | -------- | ૬,૮ | ૪ દેવમાં |
| ૮ | ૭,૯ થી | -------- | ૭,૯ | ૪ દેવમાં |
| ૯ | ૮,૧૦ થી | -------- | ૮,૧૦ | ૪ દેવમાં |
| ૧૦ | ૯,૧૧ થી | -------- | ૯,૧૧ | ૪ દેવમાં |
| ૧૧ | ૧૦ થી | -------- | ૧૦ | ૪ દેવમાં |

# ક્ષાયોપશમ સમ્યક્ત્વી

| ગુણસ્થાનક વાળા | ક્યાંથી આવે | | ક્યાં જાય | |
|---|---|---|---|---|
| | કાળક્ષયે | ભવક્ષયે | કાળક્ષયે | ભવક્ષયે |
| ૧ | ૪,૫,૬ થી | -------- | ૪,૫,૬,૭ | ---- |
| ૨ | -------- | -------- | -------- | ---- |
| ૩ | ૪ થી | -------- | ૧,૪ | ---- |
| ૪ | ૩,૫,૬ થી | ૪,૫,૬,૭ થી | ૧,૫,૬,૭ | ૪ |
| ૫ | ૪,૬ થી | -------- | ૧,૪,૬,૭ | ૪ |
| ૬ | ૫,૭ થી | -------- | ૧,૫,૭ | ૪ |
| ૭ | ૬ થી | -------- | ૬ | ૪ |

# ક્ષાયિક સમ્યક્ત્વી

| ગુણસ્થાનક વાળા | ક્યાંથી આવે | | ક્યાં જાય | |
|---|---|---|---|---|
| | કાળક્ષયેં | ભવક્ષયે | કાળક્ષયે | ભધક્ષયે |
| ૪ | ૫,૬ થી | ૫ થી ૧૧ | ૫,૬,૭ | ૪ |
| ૫ | ૪,૬ થી | ------ | ૪,૬,૭ | ૪ |
| ૬ | ૪,૫,૭ થી | ------ | ૪,૫,૭ | ૪ |
| ૭ | ૪,૫,૬,૮ થી | ------ | ૬,૮ | ૪ |
| ૮ | ૭,૯ થી | ------ | ૭,૯ | ૪ |
| ૯ | ૮,૧૦ થી | ------ | ૮,૧૦ | ૪ |
| ૧૦ | ૯,૧૧ થી | ------ | ૯,૧૧ | ૪ |
| ૧૧ | ૧૦ થી | ------ | ૧૦ | ૪ |
| ૧૨ | ૧૦ થી | ------ | ૧૩ | ---- |
| ૧૩ | ૧૨ થી | ------ | ૧૪ | ---- |
| ૧૪ | ૧૩ થી | ------ | મોક્ષમાં | ---- |

# મિથ્યાત્વાદિ ગુણ સ્થાનકવાળા

| | ક્યાંથી આવે | | ક્યાં જાય | |
|---|---|---|---|---|
| ગુણસ્થાનક | કાળક્ષયે | ભવક્ષયે | કાળક્ષયે | ભવક્ષયે |
| ૧ | ૨,૩,૪,૫,૬થી | ----------- | ૩,૪,૫,૬,૭ | ---- |
| ૨ | ૪,૫,૬ થી | ૪,૫,૬ | ૧ | ---- |
| ૩ | ૪,૫,૬ થી | ----------- | ૧,૪ | ---- |
| ૪ | ૧,૩,૫,૬ થી | ૫,૬,૭,૮,૯,. | | |
| | | ૧૦,૧૧ થી | ૧,૨,૩,૫,૬,૭ | ૨,૪ |
| ૫ | ૧,૪,૬ થી | ----------- | ૧,૪,૬,૭ | ૨,૪ |
| ૬ | ૧,૪,૫,૭ થી | ----------- | ૧,૪,૫,૭ | ૨,૪ |
| ૭ | ૧,૪,૫,૬,૮ થી | ----------- | ૬,૮ | ૪ |
| ૮ | ૭,૯ થી | ----------- | ૭,૯ | ૪ |
| ૯ | ૮,૧૦ થી | ----------- | ૮,૧૦ | ૪ |
| ૧૦ | ૯,૧૧ થી | ----------- | ૯,૧૧ | ૪ |
| ૧૧ | ૧૦ થી | ----------- | ૧૦ | ----- |
| ૧૨ | ૧૦ થી | ----------- | ૧૩ | ----- |
| ૧૩ | ૧૨ થી | ----------- | ૧૪ | ----- |
| ૧૪ | ૧૩ થી | ----------- | મોક્ષમાં | ----- |

## ગુણસ્થાનક ઉપર આરોહ-અવરોહની વિગત

**ઉપશમ સમ્યક્ત્વી :- આરોહ-**

(૧) નવું ઉપશમ સમ્યક્ત્વ. મિથ્યાત્વથી પામી કોઈ જીવ ૪થું, ૫મું કોઈ જીવ ૬ઠ્ઠું કે ૭મું પણ પામે પરંતુ તે શ્રેણી ચડે નહી.

(૨) શ્રેણીનું ઉપશમ સમ્યક્ત્વ ૬-૭ ગુણમાં પામી અનુક્રમે ૮,૯,૧૦,૧૧ મા ગુણ૦ ને પામે.

**પતન :-**

(૧) નવું ઉપશમ પામેલ જીવ ૪ થી ૭ ગુણ૦માં રહેલો ૭માથી ૬ઠ્ઠે આવી ૪-૫-૬થી શુદ્ધ-અર્ધશુદ્ધ-અશુદ્ધ પુંજ ઉદયમાં આવે તે પ્રમાણે ૪થે ક્ષાયો૦ ૩, ૧લે જાય. મિથ્યાત્વે જનાર કોઈ ૨ જા ગુણ૦ થઈ મિથ્યાત્વે જાય.

(૨) શ્રેણીના ઉપશમ સમ્યક્ત્વથી કાળક્ષયે પડતો અનુક્રમે ૧૦-૯-૮-૭ થઈ ૬ આવે.

(૩) પતિત પરિણામી હોય તો અનુક્રમે પડતો ૫,૪,૩,૨ અને ૧લે (નવા સમ્યક્ત્વની) આવે.

(૪) ભવક્ષયે પડે તો ૧૧-૧૦-૯-૮-૭-૬-૫-૪ માંથી જ્યાં આયુષ્ય પુરુ થાય ત્યાંથી ક્ષાયો૦ પામે દેવપણામાં ૪થું ગુણ૦ પામે.

(૫) સિદ્ધાન્તના મતે ઉપ૦ સમ્યક્ત્વ અને ૪થા ગુણ૦ સહિત દેવપણું પામે.

**ક્ષાયોપશમ સમ્યક્ત્વ :-**

(૧) એકવાર ઉપશમ સમ્યક્ત્વ પામી - ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયે ગુણ૦ માં હોય ત્યાં જ ક્ષાયો૦ પામે એટલે ૪ થી ૭ ગુણ૦માં વર્તતો ઉપશમ સમ્યક્ત્વી ક્ષાયોપશમ સમ્યક્ત્વ પામે.

(૨) ક્ષાયોપશમ સમ્યકત્વવાળા ૪ થી ૬ માં વર્તતો ૫માથી ૭ સુધી જઈ શકે.

(૩) મિથ્યાત્વ અથવા મિશ્રમાં રહેલો ક્ષાયો૦ સહિત ૪ થી ૭ ગુણ૦ પામી શકે.

**ક્ષાયિક સમ્યક્ત્વ :-**

(૧) ચારથી સાત ગુણ૦માં દર્શન સપ્તકનો ક્ષય કરી ક્ષાયિક સમ્યકત્વ પામી અનુક્રમે બદ્ધાયુ હોય તો ઉપશમશ્રેણીમાં ૬ થી ૧૧ ગુણ૦માં ચડે.

(૨) ઉપશમશ્રેણી ન ચડે તો બદ્ધાયુ ૪ થી ૭માના કોઈપણ ગુણ૦ પામી શકે.

(૩) અબદ્ધાયુઃ ક્ષાયિક સમ્યકત્વ પામે તે અંતર્મુહૂર્તમાં ક્ષપકશ્રેણી ચડી અનુક્રમે ૭-૮-૯-૧૦-૧૨-૧૩ ગુણ૦ પામે, આયુઃ પૂર્ણ થયે ૧૩ થી ૧૪ ગુણ૦ પામી નિર્વાણ પામે.

**પતન :-**

(૧) ક્ષાયિક સમ્યકત્વી બદ્ધાયુઃ ઉપશમ શ્રેણી ચડે તે અનુક્રમે ૧૧ થી ૧૦-૯-૮-૭-૬ સુધી આવે. કોઈ ૫મું, ૪થું પણ પામે.

(૨) શ્રેણીમાં આયુષ્ય પૂર્ણ થયે ૧૧ થી ૬ ગુણ૦ માંથી ૪ ગુણ૦ સહિત વૈમાનિક દેવપણું પામે.

## મુખ્યપૃષ્ટના
## ચિત્રનો પરિચય

સંખ્યાતાદિનું સ્વરૂપ સમજાવવા ચાર પ્યાલાની કલ્પના.

રત્નપ્રભા પૃથ્વી ઉપર જંબુદ્વીપથી અસંખ્યાતા દ્વીપનું ચિત્ર.

ચાર પ્યાલા શિખા સહિત સરસવ વડે ભરેલા.

ચાર પ્યાલા (૧) અવસ્થિત-અનવસ્થિત (૨) શલાકા (૩) પ્રતિશલાકા (૪) મહાશલાકા.

આ દ્રષ્ટાન્તથી સંખ્યાતા
અસંખ્યાતા અને
અનંતાનું સ્વરૂપ.

## ચિત્ર પરિચય (પાછળનું ટાઈટલ પૃષ્ટ) આરોહ

પાછળના ટાઈટલ પૃષ્ટ ઉપર આપેલ ચિત્રમાં આરોહ (ચડવા)નો ક્રમ બતાવેલ છે તે આ પ્રમાણે...

(૧) ૧ લા ગુણસ્થાનકથી ઉપશમસમ્યક્ત્વ પામી સાધો ૪ થું, ૫ મું, ૬ ઠ્ઠું અથવા ૭મું ગુણસ્થાનક પામી શકે છે તે **કાળી લીટીથી** બતાવેલ છે.

(૨) ૧લા ગુણસ્થાનકથી મોહનીયની ૨૮ અથવા ૨૭ પ્રકૃતિની સત્તાવાળો ૩જું ગુણસ્થાનક પામે તે પણ **કાળી લીટીથી** બતાવેલ છે.

(૩) ૧ લા ગુણસ્થાનકથી મોહ. ૨૮ની સત્તાવાળો ક્ષાયોપશમ સમ્યક્ત્વ પામી ૪થું ગુણસ્થાનક પામી શકે છે. પછી ૪થા ગુણસ્થાનકથી અનુક્રમે અને સીધો ૫મું, ૬ઠ્ઠું અને ૭મું ગુણસ્થાનક પામે તે **લાલ લીટીથી** બતાવેલ છે.

(૪) ૩જા ગુણસ્થાનકથી મોહનીયની ૨૮ની સત્તાવાળો ૪થું ગુણસ્થાનક પામી શકે છે તે **બ્લુ લીટીથી** બતાવેલ છે.

(૫) ૫મા ગુણ. થી સીધો ૭મું પામે તે **કાળી લીટીથી** બતાવેલ છે.

(૬) સાતમા ગુણસ્થાનકથી ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિવાલો અનુક્રમે ૮ મું, ૯ મું અને ૧૦ મું ગુણસ્થાનક પામે. તે **લાલ લીટીથી** બતાવેલ છે.

(૭) ૧૦મા ગુણસ્થાનકથી ઉપશમશ્રેણિવાલો ૧૧મું ગુણસ્થાનક પામે તે **બ્લુ લીટીથી** બતાવેલ છે.

(૮) ૧૦મા ગુણસ્થાનકથી ક્ષપકશ્રેણિવાળો અનુક્રમે ૧૨-૧૩-૧૪મું ગુણસ્થાનક પામી મોક્ષ પામે તે **લાલ લીટીથી** બતાવેલ છે.

## ચિત્ર પરિચય (પાછળનું પૃષ્ટ) અવરોહ

(૧) ૧૨-૧૩-૧૪મા ગુણસ્થાનકથી પડે નહીં તેથી ચિત્રમાં અવરોહની લીટી બતાવેલ નથી.

(૨) ૧૧મા ગુણસ્થાનકથી કાળક્ષયે પડીને અનુક્રમે ૧૦મે-૯મે-૮મે અને ૭મે અને ૬ઠ્ઠે ગુણસ્થાનકે આવે છે. અને પતિત પિરણામી હોય તો ૫મે અને ૪થે ગુણસ્થાનકે આવે છે. તે **લાલ લીટીથી** બતાવેલ છે.

(૩) જો ભવક્ષયે પડે તો ૧૧-૧૦-૯-૮-૭-૬માંના કોઈપણ ગુણ૦ થી પડી સીધો ૪થું ગુણસ્થાન' દેવલોકમાં પામે છે તે **કાળી લીટીથી** બતાવેલ છે.

(૪) ઉપશમસમ્યક્ત્વી ૪થા ગુણસ્થાનકથી ૨ જે આવી શકે છે તે **કાળી લીટીથી** બતાવેલ છે.

(૫) ૪થા ગુણસ્થાનકથી સીધો ઉપ. કે ક્ષાયો. સમ્ય૦થી ૧લું ગુણસ્થાનક પણ પામી શકે છે તે પણ **કાળી લીટીથી** બતાવેલ છે. ૩જા ગુણ૦ થી ૧ લે પણ આવી શકે છે તે કાળી લીટીથી બતાવેલ છે.

(૬) ૪થા ગુણસ્થાનકથી ૩જે આવી શકે છે તે **બ્લુ લીટીથી** બતાવેલ છે.

(૭) ૬ઠ્ઠા-૫મા-૪થા તથા ૨જા ગુણસ્થાનક થી ૧ લા ગુણસ્થાનકને સીધો પામે છે. તે **બ્લુ લીટીથી** બતાવેલ છે.

# ગુણસ્થાનકે આરોહાવરોહ




BHARAT GRAPHICS
Ph. : 079-22134176, 2124723